SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
BL
Call 1335
.C3P2 GT. 3360

Donated by
Shri Rangildas Kapadia
Gandevi.

પૂ. મુનિશ્રી ચિત્રભાનુ

# જીવનસૌરભ

લેખિકા
પ્રભાબહેન પરીખ

પ્રકાશક
પ્રભાબહેન પરીખ

૧૩૭, જ્યોતિ સદન
મરીન ડ્રાઈવ, મુંબઇ-૨૦.

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૫ શ્રાવણ સુદ ૨
૧૫ ઑગસ્ટ ૧૯૬૯

S. L. Kapadia
GIFT 22/5/77
B.T.B

મૂલ્ય ત્રણ રૂપિયા

GT3360
Rs 3=00

BL
1335
.C3P2

મુદ્રક :
રતિલાલ બી. દેસાઇ
રમકડું મુદ્રણાલય
૨૧૧-૧૯, ડીમેલો રોડ
મુંબઈ-૧

જૅકેટ અને આર્ટ પ્લેઇટ્સ
વકીલ ઍન્ડ સન્સ પ્રા. લિમિટેડ
૧૮ બેલાર્ડ એસ્ટેટ
મુંબઈ-૧

પ્રાપ્તિસ્થાન:
મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજી ચાલ
પાયધુની, મુંબઇ-૨



ચેતન ચતુર થઇ ચૂકયોના ગાયક.
સાધુશિરોમણિ પૂ. મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજી—મર્ચન્ટ સોસાયટી, અમદાવાદ, ૧૯૫૮

સંસારમાં જળકમળવત્ રહી પ્રેમનાં પાન કરાવી,

સંસ્કારનાં અમી સીંચ્યા

જેમણે

પુષ્પનું

સર્જન કર્યું, ધર્મદીપ પ્રગટાવ્યો

તેવા

પ્રાતઃસ્મરણીય, શાંત તપોમૂર્તિ

પિતા-ગુરુ

**મુનિશ્રી ચન્દ્રકાન્ત સાગરજી**

ના

પવિત્ર હસ્તામ્બુજમાં

**જીવનસૌરભ**

કોટિ કોટિ વંદન સહ

અર્પણ કરતાં કૃતકૃત્યતા

અનુભવું છું.

**પ્રભાબહેન પરીખ**

તું માનવોની મનોમૃત્તિકામાં
સ્વપ્નો કેરાં વાવતો થી અનેરાં.

—ઉમાશંકર

# અનોખું સ્વપ્ન

માનવ માત્રને એકાદ સોહામણું સ્વપ્ન લાધે છે. એ સ્વપ્ન મૃગજળ જેવો ભ્રમ નથી પણ ચેતનામાંથી પ્રગટેલ સત્યનું જ પ્રતિબિમ્બ છે.

મારું પણ એક સ્વપ્ન હતું કે મારા પૂ. ગુરુદેવમાં મેં જે જ્ઞાનની વિશિષ્ટતા જોઈ, મેં જે સમતાનો સાગર અને અધ્યાત્મનો પ્રકાશ નિહાળ્યો, તેને જીવન ચરિત્રમાં આલેખું. પણ પાછું જ્યારે હું મારી શક્તિ અને આવડતનો વિચાર કરતી, ત્યારે લાગતું કે આ તો બાહુબળથી મહાસાગર તરવા જેવી કઠિન વાત છે.

એક તો હું લેખિકા નહિ, પરદેશમાં ઘણાં વર્ષો કાઢયાં એટલે ગુજરાતી પર પણ સારો કાબૂ નહિ.

હું કેમ લખી શકીશ! ત્યાં સાગરમાં દ્વીપ દેખાય તેમ પૂજ્યશ્રીના એક આરબ ભકતે લખેલ Half hours with a Jain muni મારા મન સમક્ષ આવ્યું, અને મને પ્રેરણા મળી. એ લખે તો હું મારી ભાંગી તૂટી ભાષામાં કેમ ન લખી શકું? એમાં એક મહત્ત્વની શક્તિનો ઉમેરો થયો :- અનેક ભકતોની અંતરતમ ઇચ્છા કે ગુરુદેવનું સમગ્ર જીવનચરિત્ર ગુજરાતીમાં વાંચવા મળે.

સૌની ઇચ્છાશક્તિએ મારામાં જન્મ લીધો, અને ૨૦૨૪ના પોષ વદ દશમે મેં લખાણનો પ્રારંભ કર્યો. સામાન્ય માણસે સેવેલું અસામાન્ય સ્વપ્ન કિંચિત્ સાચું પડે તોય સામાન્યને મન અસામાન્ય જ છે.

પૂજ્યશ્રીની પ્રાસાદિક વાણી અને ઓજસ ભરેલા વિચારો હું દશ દશ વર્ષથી સતત ઝીલતી આવી છું. મારા મનમાં સતત એમના શબ્દો ગુંજ્યા કરે છે. તેની સરખામણીમાં મારું આ લખાણ કેવું તુચ્છ લાગે! છતાં ગુરુદેવ પ્રતિના આત્મનિવેદનથી મને જે પ્રકાશ દોરી રહ્યો છે તેને આધારે આ મેં લખ્યું છે. આ શુભ કાર્યનો યશ ભક્તોનો છે, ત્રુટિઓ મારી છે.

મારી ભાષા અને લખાણને શ્રી ફુલચંદભાઈ મહુવાકરે અનન્ય શ્રદ્ધા અને નિષ્ઠાથી સંસ્કાર્યાં છે, રાત દિવસ જોયા વિના પ્રૂફો તપાસ્યાં છે અને આ પુસ્તક સુંદર બનાવવામાં શક્ય એટલો સહકાર અને સમય આપ્યો છે, તેમનો આભાર કયા શબ્દોમાં માનું?

**પ્રભાબેન પરીખ**

૬૩૭, જ્યોતિસદન
મરીનડ્રાઇવ, મુંબઇ–૨૦
તા. ૧૫–૮–૬૯

# ભાવનાનાં પુષ્પો

પૂર્વ આફ્રિકા–મોમ્બાસાના મિત્રોની સૂચનાથી મહાન ચિંતક તત્ત્વવેત્તા મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની પરિચય–પત્રિકા 'જીવન જ્યોત' હું તૈયાર કરતો હતો. કેટલાક પ્રસંગોની વિગતો દિવ્ય દીપમાંથી લેવાની હતી. હુ શ્રીમતી પ્રભાબહેન પરીખને તે માટે મળ્યો. વાતવાતમાં તેમણે પોતાની ભાવના મને કહી, 'ભાઇ! તમે પરિચય પત્રિકા તૈયાર ભલે કરો પણ જે પૂ. ગુરુદેવ પાસેથી હું અધ્યાત્મ દૃષ્ટિ અને ધર્મની સાચી સમજ પામી છું, તેઓશ્રીની વાણીના જાદુ મેં જોયા છે, અને મારા પોતાના કેટલાક પ્રસંગોમાં મે તેઓશ્રીનાં જે દિવ્ય દર્શન કર્યાં છે, તેને શબ્દોમાં સાકાર કરવાં છે. હું લેખિકા નથી જ પણ મે ભાવનાનાં પુષ્પો સંચિત કર્યાં, તમે તેમનું સંયોજન કરી આપો તો સુંદર માળા થાય.'

'હા, પણ મારી ભાવના ૨૦૨૫ ના શ્રાવણ શુદ ૨, ૧૫ ઓગસ્ટ **૧૯૬૯** ના પૂજ્યશ્રીના ૪૮ મા મગળ જન્મ દિવસે તેઓશ્રીના ચરણે સમર્પણ કરવાની છે.' સમય ઘણો થોડો હતો. પણ શ્રી પ્રભાબહેનનો ઉત્સાહ અદમ્ય હતો. મને તો તેમના લખાણના ૬૦૦ જેટલાં પૃષ્ઠો જોઇ ભારે આશ્ચર્ય થયું. નહિ લેખન શક્તિ, નહિ સાહિત્ય દૃષ્ટિ તેમ છતાં **ત્વદ્ ભક્તિરેવ મુખરી કુરુતે બલાન્મ મ્**—તમારી ભક્તિ જ મને જબરદસ્તીથી વાચાલ બનાવે છે તે ઉક્તિ અહિં સાચી પડતી દેખાઇ. પવઇની 'સૌરભ' કુટીરમાં જીવનસૌરભ લખાઈ એટલું જ નહિ પણ અતિશ્રમથી મુનિશ્રીના જન્મ સ્થાનનો ફોટો, તેમની સંસારી અવસ્થાનો ફોટો અને કેટલાએ બીજા પ્રસંગોના ફોટા મેળવ્યા. અને અનેક વ્યક્તિઓને મળી પ્રસંગો અને સ્થળોનાં નામ ઠામ ભેગાં કર્યાં. તેમની ભક્તિ અને અંતરની ભાવના કેવી જવલંત છે તેની પ્રતીતિ થઇ

મેં તો મુનિશ્રીને વંદન કરી સંમાર્જન શરુ કર્યું અને મને આનંદ છે કે મુનિશ્રીની જીવનસૌરભનું સંયોજન કરવાનો મને લાભ મળ્યો, શ્રી પ્રભાબહેનનું સ્વપ્ન સાકાર બન્યું. આ જીવનસૌરભ ઘરઘરમાં સૌરભ પ્રસરાવી હજારો વાચકોને નવું દર્શન આપી જીવનને મધમધતું કરે એ જ અભ્યર્થના.

**ફુલચંદ હરિચંદ દોશી 'મહુવાકર'**
માનદ મંત્રી : શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ

# અનુક્રમણિકા


| ક્રમાંક | | પૃષ્ઠ |
|---|---|---|
| | અનોખું સ્વપ્ન | |
| | ભાવનાના પુષ્પો | |
| ૧ | પવિત્ર ભૂમિ રાજસ્થાન | ૧ |
| ૨ | બીજનો ,ચન્દ્ર | ૫ |
| ૩ | માતાનો વિરહ | ૧૧ |
| ૪ | પિતાનો મહાન ત્યાગ | ૧૪ |
| ૫ | બાળપણના રંગરાગ | ૧૯ |
| ૬ | રૂપની બુધ્ધિ પ્રભા | ૨૩ |
| ૭ | કૂદરતની ક્રુરતા | ૨૬ |
| ૮ | ધૂતારાના ફંદામાં | ૩૦ |
| ૯ | સંતોનો સંપર્ક અને અનુભવ | ૩૫ |
| ૧૦ | માંદગીમાં મંથન | ૩૯ |
| ૧૧ | નવ જાગૃતિ-પુનર્જન્મ | ૪૪ |
| ૧૨ | ભાવિનું અગમ્ય દર્શન | ૪૯ |
| ૧૩ | ભાવનાનાં પુષ્પો | ૫૪ |
| ૧૪ | જીવન ઘડતર | ૫૮ |
| ૧૫ | શ્રધ્ધાનું ડોલન | ૬૧ |
| ૧૬ | રૂપની જ્ઞાન પિપાસા | ૬૪ |
| ૧૭ | દેશ પ્રેમનો દાવાનળ | ૬૮ |
| ૧૮ | યાતના અને અડોળતા | ૭૨ |
| ૧૯ | મનોમન્થન | ૭૭ |
| ૨૦ | પાવાપુરીમાં દિવ્ય દર્શન | ૮૧ |
| ૨૧ | પ્રતિબોધ | ૮૫ |
| ૨૨ | પુણ્ય પંથનો પથિક | ૮૮ |
| ૨૩ | રૂપનો ચંદ્ર | ૯૨ |
| ૨૪ | ચાતુર્માસ-રણમાંવીરડી | ૯૫ |

| ક્રમાંક | | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૫ | વિહારના પ્રેરક પ્રસંગો | ૧૦૩ |
| ૨૬ | લૂંટારાઓનું પરિવર્તન | ૧૦૮ |
| ૨૭ | અંતર જ્યોત | ૧૧૧ |
| ૨૮ | વિષધરનું નમન | ૧૧૮ |
| ૨૯ | શ્રધ્ધાનો દીપ | ૧૨૧ |
| ૩૦ | પર્યુષણબાદ | ૧૨૪ |
| ૩૧ | જીવા રેવાલની કાયા પલટ | ૧૨૭ |
| ૩૨ | ધરતી હસી ઊઠી | ૧૩૨ |
| ૩૪ | સૌરભની અર્ચના | ૧૩૯ |
| ૩૫ | બોટાદમાં ધર્મભાવના | ૧૪૪ |
| ૩૬ | સરિતા અને સંત | ૧૪૭ |
| ૩૭ | રાજનગરનાં વધામણાં | ૧૫૦ |
| ૩૮ | ભાવનામાં ભરતી | ૧૫૭ |
| ૩૯ | અમમવાણી | ૧૬૦ |
| ૪૦ | મંત્રાધિરાજની આરાધના | ૧૬૨ |
| ૪૧ | સાહિત્યકારોને સુધાપાન | ૧૬૭ |
| ૪૨ | જન્મભૂમિનો સાદ | ૧૭૦ |
| ૪૩ | વડલો ઢળી પડ્યો | ૧૭૪ |
| ૪૪ | મહેલમાંથી ગમાણમાં | ૧૮૧ |
| ૪૫ | સ્નેહ સરવાણીનું અમૃતબિંદુ | ૧૮૩ |
| ૪૬ | અભયનો આનંદ | ૧૮૭ |
| ૪૭ | પર્વનો સદેશ | ૧૯૫ |
| ૪૮ | માંદગીમાં મનન | ૨૦૦ |
| ૪૯ | પ્રવચન કલ્યાણ યાત્રા | ૨૦૨ |
| ૫૦ | દિવ્ય દર્શનના પ્રસંગો | ૨૦૫ |
| ૫૧ | જે દૂર છે તે નજીક છે. | ૨૦૭ |
| ૫૨ | તનનો તાપ ટળ્યો | ૨૧૧ |

| ક્રમાંક | | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૩ | આનંદની અનુભૂતિ. | ૨૧૩ |
| ૫૪ | સેવાનાં સંભારણા | ૨૧૫ |
| ૫૫ | તત્ત્વાર્થનું અમૃત | ૨૧૯ |
| ૫૬ | ઋણ મુક્તિ | ૨૨૧ |
| ૫૭ | વિશ્વશાંતિનો દૂત | ૨૨૪ |
| ૫૮ | સંસ્કૃતિનાં રખવાળ | ૨૨૬ |
| ૫૯ | મંગળ આર્શીવાદ | ૨૨૮ |
| ૬૦ | ગુરુદેવની કૃપાવર્ષા | ૨૨૯ |
| ૬૧ | પથ પ્રદર્શક પરિવ્રાજક | ૨૩૧ |
| ૬૨ | અભયનાં મંડળ મંડાણ | ૨૩૪ |
| ૬૩ | ભક્તિની ભાવના | ૨૩૯ |
| ૬૪ | મોતીની ખેતી | ૨૪૨ |
| ૬૫ | સંસ્કારનાં સિંચન | ૨૪૭ |
| ૬૬ | ભક્તિમાં અનુભૂતિ | ૨૪૯ |
| ૬૭ | તનમનનું આરોગ્ય | ૨૫૨ |
| ૬૮ | જ્ઞાનયાત્રા | ૨૫૪ |
| ૬૯ | વિદ્યાનો પ્રકાશ | ૨૫૯ |
| ૭૦ | વિશ્વના પ્રવાસીઓ | ૨૬૨ |
| ૭૧ | સાગર તટે જન્મોત્સવ | ૨૬૫ |
| ૭૨ | ચાતુર્માસ પ્રવેશ | ૨૬૮ |
| ૭૩ | અભયનો ઢંઢેરો | ૨૭૦ |
| ૭૪ | ત્રિવેણી સંગમ | ૨૭૪ |
| ૭૫ | સર્વે સુખિન: સન્તુ | ૨૭૬ |
| ૭૬ | તીર્થરક્ષા | ૨૭૮ |
| ૭૭ | આંગણાં અજવાળ્યાં | ૨૮૦ |
| ૭૮ | જીવન પાથેય | ૨૮૩ |
| ૭૯ | ગણેશ મહિમા | ૨૮૬ |

ક્રમાંક | | પૃષ્ઠ


| | | |
|---|---|---|
| ૮૦ | જીવનમાં સૌરભ | ૨૮૮ |
| ૮૧ | ગૌરક્ષા | ૨૯૦ |
| ૮૨ | વિહાર અને વિદાય | ૨૯૨ |
| ૮૩ | દિવ્ય જ્ઞાન સંઘ | ૨૯૪ |
| ૮૪ | ટેલિવીઝન પર જૈન દર્શન | ૨૯૫ |
| ૮૫ | જીવન માધુર્ય | ૨૯૭ |
| ૮૬ | સર્વોદયનો સંદેશ | ૩૦૦ |
| ૮૭ | માનવતાનાં મૂલ્ય | ૩૦૩ |
| ૮૮ | સંયમને માર્ગે | ૩૦૬ |
| ૮૯ | ઉદ્‌ઘાટન સમારંભ | ૩૦૯ |
| ૯૦ | અહિંસા મૂર્તિનો જન્મોત્સવ | ૩૧૨ |
| ૯૧ | અંતરખોજ | ૩૧૮ |
| ૯૨ | અહિંસાનો પેગામ | ૩૨૦ |
| ૯૩ | શ્રદ્ધાનું તેજ | ૩૨૫ |
| ૯૪ | અપરિગ્રહનો આનંદ | ૩૨૬ |
| ૯૫ | તિમિરમાં તેજ | ૩૩૦ |
| ૯૬ | સત્રનો મર્મ | ૩૩૩ |
| ૯૭ | પ્રજાનો પોકાર | ૩૩૪ |
| ૯૮ | વિશ્વશાંતિ પરિષદ | ૩૩૬ |
| ૯૯ | વિદ્વાન સર્વત્ર પૂજ્યતે | ૩૩૮ |
| ૧૦૦ | ભાવનાની જ્યોત | ૩૪૦ |
| ૧૦૧ | શ્રદ્ધાંજલિ | ૩૪૪ |
| ૧૦૨ | કાન્તા ને કનકનું દાન | ૩૪૫ |
| ૧૦૩ | વિદેશીઓનો વિસામો | ૩૪૭ |
| ૧૦૪ | જન્મોત્સવનાં સ્મરણો | ૩૫૦ |


★

## પવિત્ર ભૂમિ રાજસ્થાન – ૧

જે ભૂમિએ અનેક સિદ્ધો, સંતો, ત્યાગીઓ, શૂરાઓ, ધનાઢયો, મહામંત્રીઓ અને કલાવિદોને જન્મ આપ્યો છે એવી એ રાજસ્થાનની પવિત્ર ભૂમિ ભારતમાં અનોખી ગણાય છે.

શૌર્ય અને શાંતિ, સમૃદ્ધિ અને સાદાઇ, કળા અને કરુણા જ્યાં જોડકાં રૂપે જન્મે છે. એ આ ભૂમિની વિશિષ્ટતા છે.

ગિરિરાજોની નૈસર્ગિક હારમાળા અને તેની ગોદમાં ખળ ખળ વહેતાં ઝરણાં, જોતાં જોતાં મન મત્ત બની જાય. કેવું સૌંદર્યભર્યું નૈસર્ગિક દૃશ્ય ?

રાજસ્થાનની ભૂમિમાં શૌર્યનો એક ભવ્ય ઈતિહાસ સર્જાયેલો છે. એની રજકણમાં સતીઓ અને સંતોના જીવનનો ધબકાર છે.

આવા ગિરિરાજની છાયા ઓઢે, પાદર પર આવેલા વિશાળ વડલાઓની ઘેઘૂર છાયામાં પથિક અને પશુ-પક્ષીઓ વિસામો લે છે.

જ્યાં નૈસર્ગિક સૌંદર્ય અને જ્ઞાનની મસ્તીનું મિલન થાય છે એવી રાજસ્થાનની ભૂમિ માનવની વિકાસ યાત્રામાં પ્રેરણાના દીપ રૂપે ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરે છે.

આવી આ પવિત્ર ધરતી ઉગમકાળથી થોડા થોડા યુગના આંતરે દૂર દૂરથી મહા પુરુષોના આગમનની પ્રતીક્ષા કરે છે. સાધના આવા રમણીય સ્થાનમાં સોળે કળાએ ખીલી ઉઠે છે.

સૈકાઓ પહેલાં રાજસ્થાન તરફ મીટ માંડતા દૃષ્ટિ સમક્ષ પદ્મિની જેવી સતીઓ, ભક્તિમાં તલ્લીન બનેલી મીરાં બાઇ, શૌર્ય મૂર્તિ રાણા પ્રતાપ, સમૃદ્ધિની સૂક્ષ્મ જાળમાં ન વીંટળાતા, સમૃદ્ધિને છૂટે હાથે વેરનાર દાનવીર ભામાશા, જયમલ રાઠોડ અને ત્યાગના પ્રતીક સમા સંતો ખડા થાય છે. જીવનને ઊર્ધ્વગામીત્વ તરફ લઇ જનારા પ્રકાશ વર્તુળો અને ટેક રાજસ્થાનના જીવનમાં દર્શન દે છે.

આજે પણ ઉદેપુરના જૈન મંદિરમાં આવતી ચોવીશીમાં તીર્થંકર થનારા પ્રથમ પ્રભુ શ્રી પદ્મનાભ સ્વામીની મૂર્તિ બિરાજમાન છે.

આ પ્રથમ પ્રભુ શ્રી પદ્મનાભ એ મહારાજા શ્રેણિકનો આત્મા છે.

કલમ અને કટારનો સમન્વય નવું સર્જન કરી શકે છે. આજે પણ ઉદેપુર અને જયપુર કારીગરી અને ચિત્રકળા માટે મશહૂર છે.

અરવલ્લી પર્વતોની ગોદમાં આવેલું ગગનચુંબી દેદીપ્યમાન રાણકપુરનું જિનાલય તો સૌને મુગ્ધ કરી નાખે છે.



માનવીની બુદ્ધિ ઘડીભર સ્તબ્ધ થઈ જાય છે. જ્યાં સર્જન પાછળ ભાવના અને ભકિતનાં બળો પડયાં છે.

મંદિરમાં ૧૪૪૪ સ્થંભો હોવા છતાં પ્રત્યેક બાજુથી પ્રભુ પ્રતિમાનાં દર્શન થતાં ભકત તો ઘડીભર ચકિત થઈ જાય છે. તેની પાછળ કોઇ ચમત્કાર લાગે તે સ્વાભાવિક છે. જ્યાં સર્જનહારના દિલની લગની છે, ભકિતનો ઉલ્લાસ છે, અને ચેતનાનો ઊર્ધ્વગામી ભાવ પડયો છે, ત્યાં ઈજનેરીનું જ્ઞાન એ પ્રથમ પગથિયું બને છે.

આબુનાં ભવ્ય મંદિરો અને એની સુંદર કારીગરી તો દુનિયાની અજાયબીઓ કરતાં પણ અધિક છે. આજે પણ પાશ્ચાત્ય દેશના કળારસિકો, કળાવિદો આ મંદિરોનું અવલોકન કરતાં કરતાં મુગ્ધ બની જાય છે.

આ મનોહર ભૂમિનું કેવું લોહચુંબક જેવું આકર્ષણ હશે કે શ્રી માઈકલ ટૉડ જેવા વિદેશીને પોતાનો દેશ છોડી મહિનાઓ સુધી રાજસ્થાનની સમૃદ્ધ ભૂમિ ખૂંદી વળવાનું મન થયું હશે?

રાજસ્થાનની પ્રજા ધનાઢય છે. પણ અહીં ધનનો દુર્વ્યય નથી. પોતાને માટે કરકસર કરી જાણે છે અને સુંદર મંદિરોનું સર્જન કરી અમર પણ થઈ જાણે છે. પ્રભુ પ્રતિમાની સ્થાપના કરી જીવનને ઊર્ધ્વગામી બનાવવાની ઉચ્ચ ભાવના પડી છે.

નૈસર્ગિક સૌંદર્યથી ભરપૂર એવી આ ભૂમિની મહત્તા કાંઈ અનોખી છે. માનવનાં સ્વપ્નો સિદ્ધ કરતા થોડા થોડા

સમયને અંતરે સંતોના આગમનથી આ ભૂમિ ધર્મના રંગે રંગાતી રહી છે. ધર્મનો રંગ અનોખો છે. એ રંગ માત્ર આંખને નહિ, પણ અંતરને ઠારે છે.

તો શું લાંબો કાળ જતાં, ધર્મના રંગ વગર નિરસ બની જતાં, આત્માની ક્ષુધા ઉગ્ર બનતાં, આ ભૂમિના પિપાસુઓએ પરમ ચેતનાને પ્રાર્થના નહિ કરી હોય કે, "હે દયાસિંધુ વિભો! તું એવા બાળનું સર્જન કર કે જેની પુનિત પગલીઓ અમારા સહુનો આધાર બની રહે, જે તિમિરમાંથી તેજ તરફ લઇ જનાર ભોમિયો બની રહે."

★

**સાધના**

ક્રોધના અગ્નિને શાંત કરવા સમતાની સહાય લો; માનના પર્વતને ભેદવા નમ્રતાનો સહારો લો; માયાની ઝાડીને કાપવા સરળતાનું સાધન લો; લોભના ખાડાને પૂરવા સંતોષની સલાહ લો.

## બીજનો ચંદ્ર-૨

રાજસ્થાનની ભૂમિમાં જોધપુર રાજ્યમાં નાનું છતાંયે સમૃદ્ધિથી ભરેલું તખતગઢ ગામ છે, જેમાં શ્રી છોગાલાલજી નામે વીસા પોરવાડ જ્ઞાતિના સાકરિયા ગોત્રના સજ્જન રહે. વંશપરંપરાથી પૂર્વજોની ખાનદાની, ધાર્મિકતા અને ધનવૈભવમાં મોખરે ઊભું રહે તેવું હતું છોગાલાલજીનું કુટુંબ. અહીં જૈનોની ૮૦૦ ઘરની વસ્તી હતી. છ જૈન મંદિરો હતાં હમણાં એક નવું મંદિર બંધાયું છે.

છોગાલાલજીનું જીવન સંસારની હરીભરી સમૃદ્ધિમાં ય સાદું, સરળ અને સુચારિત્ર્યથી શોભતું હતું. છોગાલાલનાં ગૃહલક્ષ્મીસમાં ધર્મપત્ની ચુનિબાઈ પણ એવાં જ સાદા, સરળ, સદ્‌ગુણાનુરાગી તેમજ ત્યાગ અને તપમાં પતિદેવના પૂરક બની રહે તેવાં સૌમ્યમૂર્તિ હતાં.

પતિપત્ની બન્નેના જીવન ન્યાય-નીતિ અને સુખ સંતોષથી હર્યાંભર્યાં હતાં. વેપારમાંય છોગાલાલજીની પ્રતિષ્ઠા સંમાન્ય હતી. કેમકે તેમના જીવનના સિદ્ધાંતો ધર્મસૂત્રો જેવા હતા.

સુખ સમૃદ્ધિમાં પણ બન્નેનો સંસાર ધર્મ રંગે રંગાયેલો અને આનંદથી છલકતો હતો. ભરયુવાની, દોમદોમ સાહ્યબી અને ભર્યા ભર્યા રૂપથી શોભતું દામ્પત્ય-જીવન-

હોવા છતાંય પતિ પત્નીના મનના ઉંડાણમાં ત્યાગ સભર આધ્યાત્મિકતાનો રંગ છવાયેલો હતો.

આઠ આઠ વર્ષના પ્રસન્ન દામ્પત્યને વિધિએ નવ પલ્લવિત કરવા ધાર્યું હતું. આ ધર્મની ભૂમિકા પર આધ્યાત્મ પૂર્ણ સંસારની માંડણી કરવાનું ભાગ્યે નિરધાર્યું હતું. અનેક ભોળા ભાવિક ગ્રામજનોની મનોર્મિ આ દંપતીમાં સાકાર બની રહે એવું હતું વિધિનું નિર્માણ.

સંતની તિતિક્ષા કરી રાહ જોતા માનવ હૃદયને આવી મહાન વિભૂતિના આગમનથી જ સાન્તવન મળે છે. સાચા અંતરથી કરેલી પ્રાર્થના કદી અફળ જાય છે શું? શું આત્માને પરમાત્મા પાસેથી જ પ્રત્યુત્તર નથી મળતો? અનાધારના આધાર બની આ ધરતીને પાવન કરવા ઉતરેલ બાળના આગમનની રાહ જોનાર માટે તો યુગોનાયુગોની કાળગણના પણ ઓછી પડે છે. નૈસર્ગિક સૌંદર્ય આંખને રમણીય લાગે છે, પણ જ્યારે તે સ્થળમાં ભાવિમાં પ્રેરણાદાયક બનનાર બાળ જન્મ લે છે ત્યારે તે સ્થળ અને સમય નવું જ દર્શન આપે છે. આવા આત્માનું આવાગમન સાધક માનવ આત્માઓની મુસાફરીમાં પ્રકાશની કેડી બની રહે છે.

શ્રાવણ માસની એક ઉગતી ઉષાના પ્રાત: સમયમાં સૂર્યદેવે પધરામણી કરી પરંતુ આ અણમોલ દિવસે માનવહૃદયમાં નવી જ ઊર્મિ છવાઈ હોય તેવો મધુર આનંદ અને શીતળતા વ્યાપી ગયાં અને હર્ષનાદ સાથે વધામણી થઈ.



રવિરાજ! તમે અને ચંદ્ર તો સમયની મર્યાદા પ્રમાણે આવો છો અને જાઓ છો પણ આ હર્ષનાદ સાથે રાજસ્થાનની ગોદમાં એક એવો ચંદ્ર ઊતરી આવવાનો છે જેનો ઇતિહાસ રાજસ્થાનમાં જ નહિ પણ સમગ્ર વિશ્વમાં સુવર્ણાક્ષરે લખાશે.

રવિ અને ચંદ્ર તો આવે અને જાય છે પણ સંતનું આગમન તો માનવજાતને જગાડીને સાથે લઈ જવા માટે થાય છે.

કોઈ અણમોલ ઘડીમાં પુનિત પગલાં થાય, આવા ભાવિના સંત, જ્ઞાની પુરુષનું સ્વરૂપ બાળ લઇને જન્મે ત્યારે કુદરત પણ સર્વાંગી બહારમાં ખીલી ઊઠે છે.

જ્યારે વિધાતા આવા અણમોલ બાળ પુષ્પનો ઘાટ સરજે છે ત્યારે તેને પ્રતીતિ હોય છે કે આ આત્મા માનવ જીવનમાં અમૃતનું સિંચન કરવા જાય છે.

આવા બાળનો જન્મ એટલે જ માનવ હૈયાના સુખની વીરડી–જે જીવનની શુષ્કતામાંથી નવપલ્લવિત કરવા માટેનું વહેતું ઝરણું.

આવા વિરાટની કૃતિનો ભેદ તો શાંત તપશ્ચર્યાથી કોઈ નવું જ સર્જન કરવાના સંકેતથી હોય છે. આવા આગમન પાછળનો ભેદ ક્ષિતિજ પર પ્રકાશ પાડવા માટે છે. પછી એનું પરિણામ સંસારમાં જણાય કે ત્યાગના સિદ્ધાંતોમાં.

આવા બાળકને સરજીને કુદરતે ધરતીના સૌંદર્યમાં ઉમેરો કર્યો છે. એમની છાયા માણસના જીવનમાં પડછાયા રૂપે સંગિની બની રહેશે.


એક મંગળ પ્રભાતે તખતગઢના પ્રાંગણે ગુલાબની પાંદડીઓ વેરાઈ. સં. ૧૯૭૮ના શ્રાવણ શુદ બીજ, સને ૧૯૨૨ જુલાઇની ૨૬મી તારીખના મંગળ દિને મહાભાગ માતા ચુનિબાઈએ અજવાળા સાથે શીતળતા આપે એવા આધ્યાત્મિક પેઢીના વારસદાર સ્મિતમુખી બાળને જન્મ આપ્યો.

રાજસ્થાનમાં રાજગ્રહો ધરાવનાર રાજકુંવર જેવા બાળનો જન્મ કુટુંબીજનો માટે આનંદ અને ઉલ્લાસનો પ્રસંગ બની ગયો.

રાજસ્થાનની વીરભૂમિમાં તખતગઢના માનવીઓએ અંતરના અવાજથી પ્રાર્થના કરી હશે ત્યારે જ આવા બાળનું આગમન થયું હશે. આવો બાળયોગી તો સૌનો વીસામો બની રહેવા માટે તેમજ આ ધરતીને પાવન કરવા માટે અવતરે છે.

આપણામાં પ્રથા છે કે નિરભ્ર આકાશમાં બીજનો ચંદ્ર જોવા સૌ કોઇ દૃષ્ટિ માંડે, અરે, વૃદ્ધજન પણ આંખે હાથ ધરીને છાજલી કરતાં કહે: બીજનો ચંદ્ર બતાવોને ભાઇ! અને ઝાંખો પાતળો બીજનો ચંદ્ર જુએ કે મોઢા પર સંતોષના ભાવ આલેખાય.

પણ રાજસ્થાનમાં તખતગઢને આંગણે આ બીજ જોનારા પુણ્યશાળી આત્માઓને કયાંથી ખબર હશે કે અમારી



જે ઘરમાં રૂપ પારણે ઝૂલ્યો એ.
તખતગઢ. જન્મ: તા. ૨૬-૭-૨૨

માતૃભૂમિમાં આ આછો, ઝાંખો સમયની મર્યાદા સાથે આવેલો શશી નથી કે જે આવીને પાછો અદ્રશ્ય થઈ જાય, પણ આ બાલચંદ્ર તો ઇતિહાસના પાને અમર થશે. આ શુભ શ્રાવણની બીજ સોળે કળાએ ખીલી રહેશે. પ્રકૃતિનું સૌંદર્ય કદાપી અર્થહીન હોતું નથી. તેમ આ શ્રાવણી બીજ પણ હંમેશને માટે માનવ જીવનને જાગૃત કરી નવું સર્જન કરવા ઊગી છે.

મધ્યાહને આંખો આંજી નાખે તેવો પ્રતાપી સૂર્ય પ્રભાતમાં કેવો મધુરો હોય છે તેમ આ સુંદર, સોહામણો, મનને પુલકિત કરે એવો બાળ શૈશવમાં આવ્યો ત્યારે એમજ બન્યું. 'પુત્રનાં લક્ષણ પારણામાં' એ ઉક્તિ આ બાળ માટે યથાર્થ બની રહી.

રાજસ્થાનમાં રાજગ્રહો સાથે જન્મેલા રાજકુંવરનું શુભનામ 'રૂપરાજેન્દ્ર' પાડવામાં આવ્યું. લાડનું નામ થયું 'રૂપરાજ.' આ સુંદરનામ આપણને વિચારોની ગહનતામાં મૂકી દે છે. શું આટલાં વર્ષ પહેલાં પણ માણસો કોઈ નવી વિચારશ્રેણિથી નામ પાડતા હશે? શું નામ આપનાર વ્યકિતને કાંઇ દૈવીપ્રેરણા થઈ હશે? શું આ બાળ આત્માનો પ્રકાશ અને તેનું રૂપ જોઇ નામ આપ્યું હશે? જેવું દેદિપ્યમાન, સુંદર, તેજસ્વી રૂપ તેવું જ નામ અને જેવું નામ તેવા ગુણો.

જેમ સૂર્યપ્રભાતમાં નવજીવન આપનારો હોય છે. તેમ આ બાળના સંબંધમાં પણ બન્યું. રૂપના સ્વરૂપથી

અને રૂપની બાળક્રીડાઓથી માતાપિતા ઘેલાઘેલાં બની જતાં. દોમદોમ સાહ્યબી તો હતી જ અને એ સમૃદ્ધિને ભોગવનારા રાજકુંવર સમા રૂપને નિહાળતાં માતા પિતાના આનંદને અવધિ ન રહી. કાળાભમ્મર વાંકડિયા સુંવાળાવાળ, ગૌરવર્ણ, સૌંદર્યશાસ્ત્રોમાં વર્ણવી છે તેવી સીધી નાસિકા, ચમકદાર તેજસ્વી આંખડીઓ, આત્મવિશ્વાસથી ભરપૂર છતાં જાણે હમણાં જ ફૂલ ઝરશે એવી પ્રતીતિ કરાવતા ઓષ્ઠદ્વય અને વિશાળ પ્રતિભાની આભા ધરાવતું લલાટ, આવું સુરૂપ ધરાવતો રૂપ સૌ કોઇનો લાડીલો બન્યો.

રૂપ ત્રણ વર્ષનો થયો અને તેને રાજકુંવરી જેવી બહેન મળી.

માતા પિતા તો હવે દિવસે ન વધે એટલાં રાતે વધે અને રાતે ન વધે તેટલાં દિવસે વધે એવાં તનય-તનયાને નિરખીને આનંદની પરિસીમા અનુભવતા હતા. સ્વર્ગનું સુખ માણતા હતા. પરંતુ જ્યાં બધું જ સુખ એકત્રિત થાય ત્યાં કુદરતને ઈર્ષ્યાભરી નજર નાખવાની વૃત્તિ શું જાગૃત થાય છે શું ?

★

### પશુ અને માનવ

પશુ અને માનવમાં ફેર માત્ર આટલો જ છે; દંડના ભયથી પ્રેરિત થઇને કાર્ય કરે તે પશુ, અને કર્તવ્યની પ્રેરણાથી પ્રેરિત થઇને કામ કરે તે માનવ.

## માતાનો વિરહ–૩

ભાઈ–બહેનની જોડલી જોઇને માતાની મીઠી નજર અમી વરસાવતી હતી પણ એ વાત્સલ્ય–ઝરણ અલ્પજીવી જ નીવડયું. રૂપની વય ચાર વર્ષની થઇ ત્યાં તો ક્રૂર કાળ દ્વારા માની ગોદ છીનવાઈ ગઇ. બાળ રૂપ રડતો રહ્યો અને માતા અજાણે પંથે પડી–ચિરશાંતિમાં પોઢી ગઇ. રૂપે માતાનો પ્રેમ ચાર વર્ષની કુમળી વયે ગુમાવ્યો હતો એટલે મા વિષે ખાસ કાંઇ યાદ નથી પણ તેઓ સ્વભાવનાં બહુ ભદ્રિક અને પ્રેમાળ હતાં.

મારી મા કયાં ગઇ ? કયારે આવશે ? મને એકલો મૂકીને કેમ ગઇ ? બાળ ઉમર માટે શું આ બધા પ્રશ્નો ગંભીરતા અને આત્મ પ્રકાશની જાગૃતિના સૂચક નથી ?

ચોકલેટ કે રમકડાં મળતાં કોઈપણ બાળક રમતમાં વળી જાય, પરંતુ ના, રૂપની બાળબુદ્ધિ એવી તીવ્ર હતી કે તેણે તો ઘરમાં સહુને પૂછપરછ કરવા માંડી. રૂપના એક વયોવૃદ્ધ કાકા જેનો રૂપ લાડીલો હતો, જેમણે અશ્રુભીની આંખે રૂપના અશ્રુભર્યા પ્રશ્નોના ઉત્તર આપી તેને પ્રેમથી સમજાવવા પ્રયત્ન આદર્યા. 'બેટા રૂપ ! તારી મા આકાશમાં સુંદર તારાઓમાં બેઠી છે. જેનું જીવન સુંદર હોય તેને ત્યાં જગ્યા મળે છે.' રૂપ કહે, તો મા મને

કેમ ન લઇ ગઈ? કાકાએ કહ્યું, તું ડાહ્યો થઇશ તો જરૂર પરી આવીને તને ત્યાં લઈ જશે.

રૂપ માની મીઠી પ્રેમાળ હૂંફાળી ગોદની પ્રતિક્ષા કરતો જ રહ્યો. 'હવે હું ખૂબ ડાહ્યો થઇ ગયો છું, એટલે મા આવવી જ જોઇએ!' બાળમન વિચારતું અને મા આવે ત્યારે મા પાસે લાડ કરવાના સ્વપ્નમાં મશગૂલ બનતું મારી મા આવશે ત્યારે પહેલાં તો હું તેની સાથે બોલીશ નહિ, તેની ગોદમાં નહિ બેસું ને! પછી મા મને કારણ પૂછશે ત્યારે કહીશ કે તું તો મને મૂકીને ચાલી લઈ હતી, પછી હું શા માટે બોલું? મા મને ગોદમાં લેવા જશે કે હું ભાગી જઇશ એટલે મા મને પકડવા આવશે ને હું તો પકડાઇશ જ નહિ ને! પછી મા રડીને માફી માગશે અને મને ગોદમાં લઇને વહાલ કરશે. હવે કદીય એમ મને છોડીને નહિ જવાનું વચન લઈ લઇશ! આંસુ ધોયા મુખ પર આ દિવાસ્વપ્ન સ્મિતની સુરખી રેલાવતું બાળમન મા માટે અધીર બનતું. દિન પર દિન વીતી જાય પણ મા ન આવે ને બાળ મન ભાંગી પડે છે. ડૂસકાં ભરતું બધાને પૂછવા લાગે 'મા ક્યારે આવશે?' મા માટે ઝૂરતાં આ બાળરૂપને પિતા ગોદમાં લે અને પિતાના વ્હાલમાં અને અનેકવિધ લોભાવનારી રમતોમાં રૂપ માની યાદને વિસારે પાડે.

પણ આવા અનુપમ બાળને છોડી જતાં માતાના મનમાં કેટકેટલી વેદના જાગી હશે? રૂપ અને મગી પુત્રીને જોઇને એ માતાએ કેવી કેવી આશાના મિનારા બાંધ્યા હશે? બાળકોના ભાવિ સુખની કલ્પના અને અદીઠ આકાંક્ષાઓ રૂપી છોળો માતાના હૈયામાં કેવી લહેરાઈ હશે?



એ માતાને ખ્યાલ પણ ક્યાંથી હોય કે એનો લાડકડો રૂપ તો મારજીત બનીને અનેકોના જીવનને ઉજાળનારો અને હજારો દુઃખી હૈયાને ઠારનારો બનશે?

એ પુણ્યશાળી માતાને ક્યાં ખબર હતી કે તે તો જગતની કહેવત પૂરવાર કરવાની હતી–સાચી પાડવાની હતી.

"જનની જણ તો ભકતજન, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર."

એ ભાગ્યશાળી જનની એના લાલની તેજસ્વિતા, ત્યાગ અને જ્ઞાનની પરાકાષ્ટા માણવા કે જોવા ન રહી. મદાલસાની માફક હાલરડું ગાતાં ગાતાં શું એણે પણ રૂપ ને આધ્યાત્મિક સંસ્કારનું સિંચન નહિ કર્યું હોય?

એ સમય અને એ સ્થળમાં સ્કૂલો અને કોલેજોનું જ્ઞાન 'મા'ને ન હતું. પણ વારસામાં સરળતા, સંસ્કાર અને ધર્મ મળ્યા હતા. 'મા! તું યુવાન વયે ચાલી ગઇ પણ તારી કુખને ધન્ય કરતી ગઇ! આર્યભૂમિને તેં એક એવું રત્ન આપ્યું જે આજે હજારો માનવોના તારણહાર પથ પ્રદર્શક બની રહેલ છે. તારા રત્નનું તેજ આજે ઘણા ઘણાના અંધકારમય જીવનમાં પ્રકાશ પાથરી રહ્યું છે.'

તારા જીવનની ટૂંકી પળો, દિવસો અને વર્ષોએ યુગો પાછળ રહેલા સર્જનનો ભાવ પૂર્ણ કર્યો છે. તું ગમે ત્યાં હોઇશ પણ 'મા' તારા યશોગાન સહુ માનવ મુખેથી ઝરે છે. 'મા' તું આજે તારા રૂપની કીર્તિના શિખરની કલગી માણવા નથી રહી પણ આ યશોગાનની કલગી યુગો સુધી અમર રહેવાની છે.

★

## પિતાનો મહાન ત્યાગ–૪

રૂપના પિતાશ્રી છોગાલાલજીનો ઉલ્લેખ કરતાં પહેલાં જ હૃદય તેઓશ્રીના ચરણ કમળમાં નમી પડે છે. માનવ માત્રનું શિર જો નમી શકતું હોય તો ત્યાગીના ચરણોમાં.

શ્રી છોગાલાલજી સંસારમાં હતા, પાંત્રીશ વર્ષની યુવાન ઉમરે પત્નીના મૃત્યુનો વજ્ર જેવો કારમો ઘા શિરે આવી પડયો હતો, છતાં પણ તે દિલથી વૈરાગી હતા. એટલે સ્મશાન વૈરાગ ન આવ્યો પણ સંસારની અસારતા સાચી રીતે સમજાઇ.

ભર્યું ભર્યું રૂપ, યુવાની, સાધન અને સંપત્તિ હોવા છતાં કુટુંબીજનો ને સ્નેહીજનોના આગ્રહને નકારી બીજા લગ્ન તરફ મન જરા પણ ન વાળ્યું, તેઓ સંસારમાં જોડાયેલા હતા ત્યારે પણ સંસારના રંગરાગમાં તેમનું મન જળકમળની માફક વિરકત હતું. વિરકત મન આ સુંદર તક મળતાં ત્યાગ અને સંયમના પંથે વળી ગયું.

રૂપના પિતાશ્રીના ધર્મપત્ની ચુનિબાઇનું અવસાન થયું ત્યારે શ્રી છોગાલાલજીને થયું કે અડધું ચક્ર પૂરું થયું. હવે તો અડધું ચક્ર જ છે. હવે ગૃહસ્થાશ્રમ પૂરો થયો. તેમના મનમાં વારંવાર એક જ વિચાર આવતો કે 'શું હું



આ સંસારના વમળમાં જ મારું જીવન વેડફી નાખીશ? એક સુંદર વાકય 'ચેતન ચતુર થઈ ચૂકયો' એ તેમના જીવનનું ધ્રુવ વાકય બની ગયું હતું. અને હરતાં ફરતાં એ વાકયનું મનમાં રટણ રહેતું અને સાંજે દુકાનેથી ઘેર આવે ત્યારે એનું રટણ કરતાં કરતાં સૂવા જાય. જીવનને ત્યાગ માર્ગે લઇ જવા તેમનું મન તલસાટ અનુભવી રહ્યું હતું.

તેમની એક જ ઇચ્છા કે રૂપ મોટો થઈ જાય, એટલે આ દુકાન-ઘર-સંપત્તિ વગેરે તેને સોંપી હું નિવૃત્ત થઈ જાઉં અને સાધના કરું, પત્નીના મૃત્યુ વખતે રૂપના પિતાશ્રીએ અગ્નિ-શિખા પાસે પ્રતિજ્ઞા લીધી હતી : હું આજથી પ્યારાં બાળકો રૂપ અને મગીની 'મા' બની રહીશ. અને તેઓ કર્મણા મનસા અને વાચાથી પવિત્ર રહીને રૂપ અને મગીના સાચા 'મા' બની રહ્યા. આ સમયે તેમની ઉંમર ૩૪ વર્ષની હતી. સંપત્તિ હતી. દુકાન ધમધોકાર ચાલતી હતી. રૂપ અને યૌવન પણ હતું તેમ છતાં કદી કોઇપણ સ્ત્રી સામે ઊંચી આંખ કરીને પણ જોયું નહોતું. આ ભીષ્મ પ્રતિજ્ઞા ૭૦ વર્ષ સુધી પાળી ધન્ય બની ગયા.

પત્નીના મૃત્યુનો આઘાત અસહ્ય હતો. અને બન્ને નાનાં બાલુડાઓના ઉછેરની જવાબદારી શિર પર આવી પડી હતી. ધર્મના અને ત્યાગના રંગથી રંગાયેલા પિતાએ માત્ર પિતા બની રહેવાને બદલે માતા અને પિતા બન્નેનું સ્થાન ફરજ તરીકે સ્વીકારી લીધું.


પિતા જતાં માતા તો બાળકો પ્રત્યેની ફરજ સમજીને બાળકો પ્રત્યે પિતાની ખોટ પૂરી કરે છે. બન્નેનો પાઠ પ્રેમથી ભજવે છે. પણ આવા પિતા તો જવલ્લે જ જોવા મળે.

ત્યાગ પ્રત્યેની અભિલાષા હોવા છતાં બાળકો પ્રત્યેની ફરજ અને પ્રેમને શ્રી છોગાલાલજીએ જીવનમાં અગ્ર સ્થાન આપ્યું. અંતરમાં ભરેલા વૈરાગ્યના રંગને અમલમાં મૂકવાની અમોલી તક સાંપડી છે, એમ વિચારી બીજા, લગ્નની કલ્પના પણ ન કરી.

જીવનના સુખદુ:ખની ભાગિયણ ભલે છોડી ગઈ પણ પાછળ જીવન સખ્યના સંભારણાં સમાં બે બાળપુષ્પો આપી ગઈ હતી. વસમા વિયોગની વેદનાને છોગાલાલજીએ હૈયાના ઊંડાણમાં ભંડારીને બાળકોને વાત્સલ્ય અને સંસ્કાર આપી રહ્યા. બાળકોના પિતા તો હતા પણ હવે માતા પણ બન્યા.

ધર્મમાં શ્રદ્ધા ધરાવનારને વૈરાગ્ય ભણી મન વાળતાં વાર શી? બાળકો પૂરતી સંસારની માયા રાખી સંસારમાં જળકમળવત રહેવાની સાધના સાધી. તક મળતાં જ સંયમ પંથનું પ્યાસી મન ત્યાગ તરફ વળી ગયું. બાળકો પ્રત્યેની પ્રેમ અને ફરજની ભાવના ઓતપ્રોત બની ગઇ. માતાનું કોમળ વાત્સલ્ય અને પિતાનું સમજભર્યું વહાલ ધરાવતા પિતા જાણે અર્ધ નારીશ્વરનું રૂપ ધારણ કરી રહ્યા.

છોગાલાલજીના મનમાં વૈરાગ્ય છવાયો હતો પણ બાળકો પ્રત્યેનો મોહપાશ હજુ તૂટયો ન હતો. ધમધોકાર



સંસ્કારસિંચક પિતાએ માને ભુલાવી દીધી.
શાહ છોગાલાલ કાનાજી—૧૯૪૦

ચાલતી પેઢીના માલિકના મનમાં બન્ને બાળકોને વૈભવમાં ઉછેરીને સંસારમાં પ્રતિષ્ઠિત કરવાની આકાંક્ષા ડોકિયાં કરતી હતી. બન્ને બાળકોને ઠરીઠામ કર્યા પછી નિરાંતે વૈરાગ્યનો આશરો લેવાનો અભિલાષ સળવળી રહ્યો હતો.

દિન પર દિન વીતવા લાગ્યા. રૂપ અને મગી 'મા કેવી હતી ને કેવી નહી' એય વીસરવા લાગ્યા. ભાઈ–બહેનની જોડલી પિતા પાસે માતાનું વાત્સલ્ય પામતી લાડકોડમાં ઊછરવા લાગી.

રૂપના દાદા કાનાજી અને કાનાજીના ભાઈઓ નેમાજી અને રૂગનાથજી વ્યાપાર ખેડવા રાજસ્થાનથી કર્ણાટક પ્રદેશમાં ટુમકુર ગયા હતા.

રૂપના પિતા છોગાલાલજી હજારીમલ જવાનમલ સાથે ભાગીદારીમાં બેંગ્લોરમાં કાપડનો વ્યાપાર કરતા હતા. આ પેઢી કાપડના વ્યાપારી તરીકે પ્રખ્યાત હતી. શ્રી છોગાલાલજીના ભાઈ ચમનલાલજી સ્વતંત્ર વ્યાપાર કરવામાં માનતા હોવાથી શ્રી છોગાલાલજીને કહ્યું કે આપણે સ્વતંત્ર દુકાન કરીએ, ભાગીદારી શા માટે?

એટલે શ્રી છોગાલાલજીએ બેંગ્લોરની ભાગીદારી સમેટી શ્રી ચમનલાલ સાથે ટુમકુરમાં કાપડની દુકાન કરી.

કાપડનો વ્યાપાર તો હતો પણ ઉનની ટોપીઓ બનાવવાનો ઉદ્યોગ પણ વધારેના ધંધા તરીકે ચાલતો હતો. આ ટોપીઓ નજીકના ગામડાઓમાં વસતી ખ્રિસ્તી છોકરીઓ ગુંથતી.

ઉન આપવામાં આવે અને છોકરીઓ ટોપી બનાવે. આ છોકરીઓ હલકી કોમની હોવાથી અને ગરીબાઇને લીધે ચારિત્ર્યનાં મૂલ્યો એને બહુ નહિ. શ્રી છોગાલાલજીની દુકાનની પ્રતિષ્ઠા ઉંચી હતી. છોકરીઓ કામ કરવા આવે ત્યારે કન્નડ ભાષામાં શ્રી છોગાલાલજી છોકરીઓને કહે : 'નગ બેડરી' એટલે હસો નહિ, કામ કરો. શ્રી છોગાલાલજીની દુકાને ગમે તે છોકરી ગમે ત્યારે જાય પણ કશો ભય નહિ. એમની દુકાન એટલે નીતિ અને શીલધર્મની મર્યાદા.

★

## ગરીબી અને અમીરી

બીજાને સુખી જોઈ જો તમે દુ:ખી થતા હો તો તમે સ્થિતિએ શ્રીમન્ત હોવા છતાં તમારું દિલ ગરીબ છે; પણ જો બીજાને સુખી જોઇ તમે ખુશી થતા હો તો તમે સ્થિતિએ ગરીબ હોવા છતાં તમારું દિલ શ્રીમન્ત છે.

## બાળપણના રંગરાગ-૫

તખતગઢથી છોગાલાલજી કર્ણાટકમાં ટુમકુર ગામે વેપાર અર્થે આવ્યા હતા. અહીં કાપડની દુકાન શરૂ કરી. સંસ્કારી ધર્મપ્રેમી પિતાએ ભાઈ બહેનને ટુમકુરમાં નિશાળે મૂકયાં. ટુમકુરમાં નાનકડી નિશાળ. મોટા ભાઈ રૂપની છાયામાં શાંત મગી તો નિશાળમાં કક્ષાની કામગીરીમાં કયાંય લપાઈ ગઈ, પણ રૂપની મેધા એમ છૂપે તેમ નહોતી. તોફાનમાં તો કહે એક્કો. ગોઠિયાઓનો આગેવાન બનીને બધે જ મોખરે ઘૂમતો હોય, વધુમાં વધુ સમય રમવા મળે એ માટે તરકીબની બુદ્ધિશાળી રૂપ શોધ કર્યા કરે. વર્ગમાં તો તલ્લીન બનીને કહો કે સમાધિ લગાવીને કહો, શિક્ષકના શબ્દેશબ્દને સ્મૃતિની સ્લેટ પર કોતરી રાખવાનો. બસ પછી ન ઘેર વાંચવાની કડાકૂટ કે ન બીજી કોઇની બૂમાબૂમ સાંભળવાની ઠપકાકૂટ. રૂપે ગોઠિયાઓને ભેગા કરીને કહી દીધું 'ખબરદાર જો વર્ગમાં મને બોલાવ્યો છે કે મારું ધ્યાન ચળાવ્યું છે તો.' અને અનુપમ શરીર સૌષ્ઠવ ધરાવનાર રૂપની આ ધમકીને તેના મિત્રો બરાબર સમજતા હતા. કોની મગદૂર છે કે આ હુકમનો અનાદર કરે. રૂપને થઇ ગઈ મજા. ચોપડીનું પાનું ય ખોલ્યા વગર વર્ગમાં આવે પ્રથમ. અને આવા તેજસ્વી વિદ્યાર્થી માટે કયા શિક્ષકને પક્ષપાત ન હોય !

એકવાર ટુમકુરમાં શાળાએથી અભ્યાસ કરી રૂપ ઘેર આવ્યા.. અભ્યાસ કરતાં કરતાં સૂઈ ગયા. પાઠ થઈ શક્યો નહિ. વાંચતાં વાચતાં સૂઇ ગયા ત્યારે ૩–૩૦ થયેલા. સ્વપ્નમાં વાંચ્યું. પાઠ થઇ ગયો. ઊઠ્યા ત્યારે પાંચ વાગેલા. વિચાર આવ્યો કે પાઠ તો આવડી ગયો એટલે ફરીથી શું વાંચવું ! આ તો સ્વપ્નમાં પાઠ આવી ગયો. પણ ખરું પૂછો તો પાઠ તો આવડતો નથી, તો આ પાઠ કર્યો કોણે? શું થયું ? ઊંઘે છે કોણ અને પાઠ કરે છે કોણ ?

આથી વિચાર આવ્યો કે આ રહસ્ય વિષે વધુ જાણવું જોઈએ. આથી, પિતાની ક્રિયા વિષે અભિરુચી જાગી. સજ્જન પિતા તો આખો દિવસ ધંધાના કામકાજમાં પરોવાયેલા હોય, પણ બાળકોની માતા થવાનું વીસરાય નહિ. એ બન્ને બાળકોની સતત કાળજી રાખવાની ને !

રૂપના ફઇબા ગજરાબહેન છોગાલાલજીના બહેન ભાઈની મૂંઝવણ પિછાણીને તેણે બાળકોની માતા બનવાનું નક્કી કર્યું. ગજરાફોઇ જાજરમાન વિધવા હતાં. બન્ને બાળકોના ઊછેરમાં તે પ્રેમાળ માતા બની ગયાં. પણ આ પ્રેમાળ ગજરાફોઇ સ્વભાવે કડક હતાં, ગુસ્સે થાય ત્યારે જોરથી ચૂંટી ખણે કે બાળકો ચીસ પાડી ઊઠે. પણ પાછા વહાલથી નવરાવે પણ ખરાં. ફઈબાના હેતમાં નહાતાં નહાતાં બન્ને બાળકો મોટાં થવાં લાગ્યાં. રૂપાળો ને અડપલો રૂપ હતો ફઈબાનો માનીતો દીકરો. ફઈબા ઘરને ખૂબ કરકસર અને વ્યવસ્થાપૂર્વક ચલાવતાં હતાં. ઘરની વ્યવસ્થા



માટે શ્રી છોગાલાલજી નિશ્ચિંત રહેતા. રૂપ અને બહેનના ઊછેરમાં ફઈબાનો મોટો ફાળો હતો.

રૂપના લોહીમાં એક ગુણ ગુંથાઇ ગયેલો અને તે સ્વચ્છતા. પહેલેથી સ્વચ્છતા માટે રૂપ ઘણો આગ્રહ રાખતો.

ટુમકુર જેવા નાના ગામમાં શ્રી છોગાલાલજી શ્રીમંત અને પ્રતિષ્ઠિત હતા. રૂપે તો બાળપણથી સાહ્યબી જોયેલી. રહેવાનું ઘર પણ સુંદર, અને બાજુમાં સુંદર એવો નાનકડો બગીચો, નહાવાનું સ્નાનગૃહ (બાથરૂમ) ઘરની બહાર હોવાથી સ્નાન કર્યા પછી સ્વાભાવિક રીતે પગ તો બહાર મૂકવા પડે અને સ્વચ્છતાના આગ્રહી રૂપને એ શે ગમે? બાળપણમાં પણ સ્વચ્છતા જાળવવા રૂપને ગંદા થવું પસંદ કેમ પડે ?

'Cleanliness is next to Godliness' શારીરિક સ્વચ્છતા આંતરિક સ્વચ્છતા તરફ દોરે છે. શું આંતરિક શુદ્ધિ માટે બાહ્ય શુદ્ધિ આવશ્યક નથી ?

એક દિવસ રૂપે સ્નાન કરી શરીરને સ્વચ્છ બનાવ્યું. જ્યાં બહાર પગ મૂકવા જાય છે, ત્યાં મનમાં વિચાર ઉદ્‌ભવ્યો. આટલી મહેનત અને સુંદર સ્નાન પછી પગને ગંદા કેમ થવા દઉં ? ત્યાં સામેથી ફઈબા આવતાં હતાં. રૂપને વ્હાલથી બોલાવ્યો. બેટા રૂપ ! નાહીને કેવો સુંદર બની ગયો મારો લાડલો ! આવી જા જલ્દી જલ્દી આવી જા, પણ રૂપ તો ધોળા ધોળા બનેલા પોતાના પગને જમીન પર માંડવાની ના પાડે. ઊંહું, જમીનની ધૂળ પગે

લાગે ને મારા ધોયેલા ધોળા પગ બગડી જાય. જમીન પર તો પગ મૂકું જ નહિ. આ બાળહઠ જોઇને ફઇબા હસી પડયાં, અને પોતાનો પાલવ પાથરીને રૂપને પાલવ પર ચાલવા કહે: હા, રૂપને સાથે શીખ પણ મળે. 'બેટા રૂપ! તું આજે જેમ પગ પર ધૂળ ન ચોટે એની કાળજી રાખે છે. તેમ મોટો થયા પછી તારા જીવનને કયાંય ધૂળ–મલિનતા સ્પર્શી ન જાય, શુભ્ર જીવન ઉપર કાળું બિંદુ લાગી ન જાય એનું ખાસ ધ્યાન રાખજે. બેટા રૂપ, પગે લાગેલી ધૂળ તો પાણીથી દૂર થશે પણ જીવનમાં લાગેલો ધૂળનો ડાઘ દૂર કરતાં વર્ષો લાગશે. રૂપ બેટા! ત્યાગની સરિતામાંથી જ્ઞાનરૂપી નીર અને સંયમરૂપી સાબુ વડે તારા મનને સદા એવું સ્વચ્છ રાખજે કે કયાંયે ધૂળ કે કર્મની રજ સ્પર્શી ન જાય!' નાનકડો રૂપ એ વખતે આ વાકયોનો અર્થ તો નહિ સમજ્યો હોય પણ એ ફઇબાનું વાકય તો એના બાળ માનસમાં ઘૂંટાઇ ઘૂંટાઇને હૈયામાં કોતરાઇ ગયું.

★

### ચિંતનની કવિતા

વાસનાની વાણીમાંથી જન્મેલી કવિતા, સર્જન પહેલાં જ મૃત્યુ પામે છે; ક્ષણિક આવેશમાંથી ઉદ્‌ભવેલી કવિતા જન્મીને મૃત્યુ પામે છે; સંયમભર્યા દીર્ઘ ચિંતનમાંથી પ્રભવેલી કવિતા જ ચિરંતન રહે છે.

## રૂપની બુધ્ધિ પ્રભા–૬

તીવ્ર બુદ્ધિપ્રભાવાળા રૂપના બાળમાનસમાં અનેક પ્રશ્નો, તર્કવિતર્કો ઊભા થતા અને નવું નવું જાણવાની જિજ્ઞાસા શિક્ષકોને આશ્ચર્ય પમાડી દેતી. પૂર્વ ભવના કોઇ કર્મના ક્ષયથી કે પછી પૂર્વ ભવમાં કરેલી જ્ઞાનની આરાધનાથી રૂપને ઘણી સુંદર યાદશકિત પ્રાપ્ત થયેલી જેને લીધે શાળાના પાઠો કરવા માટે ખાસ સમય વ્યતીત કરવો પડતો નહિ. પણ વધુ ને વધુ ભણવાની ઉત્કંઠામાંથી ઉદ્‌ભવેલા પ્રશ્નોથી શિક્ષકો પણ થાકી જતા.

સાધનોની વિપુલતા, માતાની ગેરહાજરી, પિતા, ફઇબા અને અન્ય વડીલોના પ્રેમનું પાત્ર બનતો રૂપ કોઇ કોઇ વખત તોફાની ને નિરંકુશ બની જતો હોય એવી ભ્રાંતિ થતી.

નાનપણમાં રૂપને ધર્મ ગમે જ નહિ. ન ગમવાનું કારણ એક જ હતું કે પિતાશ્રી ધોંચ પરોણા કરે અને કહે કે જા, દહેરાસર; એટલે રૂપને પરાણે જવું પડે. મનમાં એમ પણ થાય કે ભગવાન જ ન હોય તો કેવું સારું! ધર્મ પ્રત્યે ધિક્કાર કે તિરસ્કાર નહિ પણ કંટાળો, ઉપેક્ષા Indifference એટલે શરૂ શરૂમાં નાસ્તિકતા, પણ જેમ જેમ તેનું વાંચન વધવા લાગ્યું અને જૈન ધર્મ વિષે જ્ઞાન પ્રાપ્ત થતું ગયું તેમ તેના વિચારો ધર્મ પ્રત્યે વળતા ગયા.

તુમકુર કર્ણાટકમાં હોવાથી ત્યાં હિંદુધર્મનો ખૂબ પ્રચાર હતો. એટલે સહજ રીતે રૂપના મનમાં હિંદુ ધર્મનાં તત્ત્વો તરફ પહેલી અભિરુચિ જાગી. પિતાને જૈન ધર્મ વિષે ખ્યાલ ખરો, પણ વિશેષ નહિ. જૈન સાધુઓનું આવાગમન પણ ભાગ્યે જ. એ ઘર દેરાસર હતું જે રૂપના પિતાશ્રીનું જ સર્જન હતું.

એટલે બાળપણમાં રૂપનું ભણતર હિન્દુ ધર્મનું હતું અને સંસ્કાર વૈષ્ણવ ધર્મના હતા. જૈન ધર્મ વિષે ઘણું ઓછું જાણતા. આચાર્યશ્રી વિજય ભક્તિ સૂરીશ્વરજીને મળ્યા પછી જૈન ધર્મ પ્રત્યે આકર્ષણ વધ્યું.

શાળાના ગોઠિયાઓ અને ઘરના સહુ, રૂપનાં તોફાનો અને પરાક્રમોથી કોઈ અજાણ ન હતું. રમત ગમતનો શોખીન હોવાથી શરીર તો કસરતબાજ હતું જ. જે ગોઠિયાઓ રૂપનું કહ્યું ન માને તેને મારી લેતાં ય રૂપ અચકાતો નહિ. જો કે એવું જવલ્લે જ બનતું, કેમ કે બુદ્ધિશાળી અને રમતગમતનો એક્કો રૂપ બધાનો માનીતો નેતા હતો.

કુશાગ્રબુદ્ધિ ધરાવતો રૂપ શિક્ષકોના અને વડીલોના વચનોને તુરત જ માની લેતો નહિ. એને તો દરેક આદેશનું પ્રામાણ્ય જોઈએ જ. એની બાળબુદ્ધિ તર્કવિતર્કો કરતી અને પોતાની બુદ્ધિને ગ્રાહ્ય બને તો જ તે વડીલોની વાતને સ્વીકારતો. આથી જ તે કેટલાક શિક્ષકોનો માનીતો અને કેટલાકનો અણમાનીતો વિદ્યાર્થી પણ બનતો.



પણ સ્વતંત્ર માનસ ધરાવનાર રૂપને તો એવી અપ્રિયતાની પડી જ શાની હોય! એ તો બુદ્ધિબળે નવનવી રમતો શોધી કાઢીને મિત્રોને બતાવતો. કેટલીકવાર વર્ગને રમતગમતનું મેદાન બનાવી મૂકતો, આથી જ મિત્રો રૂપ પર ખુશ ખુશ હતા તો! માત્ર રમતો જ શા માટે! નવું નવું જાણવું, અવનવી વાર્તાઓ અને કથાઓ વાંચવી અને મિત્રોને કહેવી એ ય હતો રૂપનો પ્રિય વ્યાસંગ.

બુદ્ધિ ચાતુર્યથી હાજરજવાબી બનેલ રૂપ અડપલાં કરવામાં એક્કો હતો, પણ એ અડપલાં તો બાળવયની નિર્દોષ મસ્તી હતી. અડપલાંનો ભોગ બનનાર પર રૂપ ખડખડાટ હસતો પણ બીજાઓની મુશ્કેલીઓ અને દુઃખદર્દ જોતાં જ રૂપ પીગળી જતો. અને પ્રેમભરી સહાયતા આપવા ય દોડી જતો.

પિતા છોગાલાલજીએ રૂપ અને મગીની ઇચ્છાઓ પૂરી કરવામાં કાંઈ બાકી ન રાખ્યું. રાજવૈભવ જેવો વૈભવ બન્નેને પૂરો પાડયો. બન્ને બાળકોનાં ભાવિ સ્વપ્નાંઓની કલ્પના કરતાં હોવા છતાં ધર્મ ધ્યાનમાં મન પરોવી જીવન સુંદર રીતે પસાર કરી રહ્યા હતા.

★

### સાચો વિજય

સમરાંગણનો વિજયી એ સાચો વિજેતા નથી, પણ ઇન્દ્રિયો પર વિજય મેળવનાર જ સાચો વિજેતા છે. દુનિયાને જીતવી સાવ સહેલી છે, ઇન્દ્રિયોને જીતવી જ કઠિન છે.

## કુદરતની ક્રૂરતા-૭

પિતાની શીતળ છાંયડીમાં રૂપ અને મગી ઘણું મેળવી રહ્યાં હતાં, પિતા છોગાલાલજી તો લાડકડાં પુત્ર-પુત્રી માટે આશાસ્પદ ભાવિનાં સ્વપ્નાં સેવી રહ્યા છે. ભાઈ બહેન પ્રેમભરી મસ્તીમાં એકબીજાની હરીફાઇ કરી રહ્યાં છે. બન્ને ભાંડરડાં કલ્લોલ કરી રહ્યાં છે. પણ ક્રુર વિધાતાને આ મંજૂર નહોતું. તેની ક્રૂર નજર જોડલીને ખંડિત કરી ગઇ. મગી તખતગઢ ગઇ હતી. ત્યાં અચાનક બિમાર થઇ ગઈ. પિતા તખતગઢ પહોંચી શકયા નહિ ત્યાં તો મગીના મૃત્યુના સમાચાર આવ્યા અને ક્રૂર કાળે પિતા-પુત્રના દિલ પર કારમો ઘા કર્યો. ટૂંકી માંદગી ભોગવી મગી સહુ પાસેથી છીનવાઈ ગઈ. પિતાની છેલ્લી ઘડીએ પ્યારી પુત્રીની સેવા કરવાની ભાવના પણ વીલીન થઇ ગઇ.

આ કારમો ઘા વજ્ર કરતાં પણ વસમો થઈ પડયો. પરંતુ પૂર્વજન્મના વૈરાગ્યના સંસ્કારે જીવનને નવો વળાંક આપ્યો. મૃત્યુની પાછળ, વિખૂટા પડવા પાછળ શોક-રૂદન કે આર્તધ્યાનને બદલે પિતાએ અઠ્ઠમનો તપ કર્યો. ત્યાર-બાદ બેસણાં શરૂ કર્યાં અને દીક્ષાના દોઢ વર્ષ પહેલાં એકાસણા શરૂ કર્યા અને તે લગભગ કાળધર્મ પામ્યા ત્યાં સુધી એકાસણા ચાલુ રાખ્યાં. એવા તો તે ઉગ્ર તપસ્વી હતા. વિચાર કરતાં એમને મૃત્યુની અનિવાર્યતા અને મોહ



પાછળ રહેલ દુઃખનું કારણ સમજાયું. સંસારનો મોહ ત્યાગમાં પરિણમ્યો.

મગીના મૃત્યુનો આઘાત વધુ લાગ્યો કારણ કે મૃત્યુ સમયે મગી તખતગઢ ગઈ હતી અને ત્યાંથી અણ-ધાર્યા સમાચારે સૌને ગમગીન કરી મૂકયા. જે લાડલી પ્રિય પુત્રી મગી પર પિતા અને વ્હાલા ભાઇએ પ્રેમ ઠાલવ્યો હતો, જેના નાના નાના દુઃખદર્દમાં સહભાગી થવાની સ્વપ્ન સૃષ્ટિ ખડી કરી હતી એ જ મગીના જીવનની છેલ્લી ઘડીયે બેમાંથી એક પણ હાજર ન રહી શકયું કે તેની સેવાસુશ્રુષા કરવા કોઈ ન રહ્યું. પણ કુદરતી સંકેતભર્યા આ બનાવે પિતા પુત્રના દિલને વૈરાગ્ય તરફ વાળ્યાં અને પૂર્વભવની ત્યાગવેલ નવપલ્લિત બની.

માતા અને બ્હેનના મૃત્યુએ સંસાર તરફ ઘૃણા ઉત્પન્ન કરી અને અંતરના ત્યાગના ભાવોએ બળવાન રૂપ ધારણ કર્યું. નવ વર્ષના કુમળા ફૂલને વિધાતાએ છીનવી લીધું ત્યારે રૂપની ઉમર માત્ર ૧૨ વર્ષની હતી શું સ્વજનનો વિયોગ સંસાર ત્યાગમાં નિમિત્ત રૂપ નથી બનતો ?

પિતા પુત્રને સ્વજનોના મૃત્યુમાંથી મિલન પછી વિયોગ, જીવન પછી મૃત્યુનું દર્શન થયું. દેહ પરનું મમત્વ અજ્ઞાનના આવરણને લીધે છે. ક્ષણભર આ બાળ આત્માના હૃદયપટ પરથી અજ્ઞાન દૂર થયું અને દિવ્ય પ્રકાશની ઝાંખી થઇ. દેહ તો નાશવંત છે અને આત્મા અજરામર છે એવી પ્રતીતિ થઇ.

પૂર્વજન્મના ઊંડા સંસ્કાર, પુણ્યનું બળ અને સાધના-માંથી વિખૂટો પડેલ આ આત્મા યોગભ્રષ્ટ હોવો જોઈએ, નહિતર બાર વર્ષની કુમળી વયમાં આવા ઉચ્ચ પવિત્ર વિચારો ક્યાંથી ઉદ્ભવે !

રૂપ નૈસર્ગિક સૌંદર્યમાંથી આશ્વાસન મેળવવા લાગ્યો. રૂપને કુદરતી સૌંદર્ય હંમેશાં આકર્ષતુ તો હતું જ. હવે તે સૌંદર્યમાં તેને શાંતિની ઝાંખી થવા લાગી–પ્રિય બેનડીના મૃત્યુએ તેને મૃત્યુ પરત્વે વિચાર કરતો કરી મૂકયો. હવે એ પહેલાંનો રમતગમતનો શોખીન કે મશ્કરો રૂપ ન રહ્યો. તેનું મન હવે સદાય પ્રકૃતિની ગોદમાં વિહરવા માટે તલસી રહ્યું. શાળાનો સમય પૂરો થાય કે રૂપ રખડવા નીકળી પડે. શાળામાં રજા પડે કે રૂપ ટેકરીઓ પરના જંગલોની કેડીઓ ખૂંદવા દોડી જાય. જેમ જેમ તે આ સૌમ્ય, મધુર વાતાવરણમાં ભમવા લાગ્યો તેમ તેમ તે વાસ્તવિકતા ભૂલીને સમયનું બંધન વિસરીને પ્રભુની લીલામાં મગ્ન થઈ જવા લાગ્યો. બોબે ને બોબે વેરેલી આ અવર્ણનીય રમણીયતામાં મૃત્યુના પરિચયે અશાંત બનેલું રૂપનું મન સાંત્વના મેળવી રહ્યું. રંગબેરંગી પક્ષીઓના મંજુલ મીઠાં ગાન, ફૂલથી લચી પડતાં હરિયાળાં ઉદ્યાનો, અને કલરવ કરતાં અને ખળખળ વહેતાં ઝરણાંઓમાં રૂપને શાંતિ સાંપડી.

સિદ્ધક્ષેત્ર પાલીતાણા જવાની તક મળી. તીર્થાધિરાજ શત્રુંજય અને તીર્થંપતિ શ્રી આદીશ્વર ભગવાનની



ચમત્કારી અલૌકિક મૂર્તિ તથા પર્વત પરની નિવૃત્તિ રૂપને આકર્ષી રહી. જગતની અસારતાનો અનુભવ વાગોળતાં આ મુગ્ધ કિશોરને આ સાધુસંતોનો સમાગમ આકર્ષી રહ્યો. શત્રુંજયના ઉત્તુંગ ગિરિરાજની તપોવન સમી શાંતિમાં આચાર્ય ભક્તિસૂરિનો સત્સંગ મળ્યો. રૂપનું મન આ મિલન અને વિયોગના દ્વન્દ્વથી પર એવા માર્ગે જવા આતુર બન્યું. અંતરમાં ઊભા થતા મંથનને વધુ ઉત્સાહ પ્રાપ્ત થયો અને ચારિત્ર્યનો પંથ કઠિન હોવા છતાં આત્મસાધના માટે આ જ ઉત્તમ માર્ગ છે તે જાણવાની ઉત્સુકતા વધવા લાગી.

સંસારચક્રમાં સહુ ગતિ ફરી રહ્યાં છે તેના કરતાં નવો જ માર્ગ પ્રાપ્ત કરી જીવનનું સાચું દર્શન મેળવવાની ઉચ્ચ ભાવના જાગી ઊઠી.

★

### સેવક ને નેતા

ઓછું બોલે ને વધારે કાર્ય કરે તે સેવક; અને વધારે બોલે ને ઓછું કાર્ય કરે તે નેતા. એનો અર્થ એ જ કે જેની જીભ નાની તેનું કામ મોટું અને જેની જીભ મોટી તેનું કામ નાનું.

## ધૂતારાના ફંદામાં–૮

પિતા અને ફોઈ પાસેથી ધર્મની આસ્તિકતા મેળવનાર રૂપને સાધુ સંતો પ્રત્યે જરા આકર્ષણ અને આદરભાવ હતાં, પણ મંદિરમાં રહેલ મૂર્તિની પૂજા કરવાનું ન ગમે.

સાધુ સંતો પ્રત્યેના આદર ભાવ પાછળ ચમત્કારો અને જાદુ પ્રત્યેનો મુગ્ધ ભાવ હોય તે સ્વાભાવિક છે. રૂપ પણ જાતજાતના અખતરા અને પ્રયોગો કરતો અને જાદુ–ચમત્કારોની વાતો માનતો અને મનાવતો.

દુનિયાદારીથી અજાણ અને ચમત્કારોના અદ્ભૂત રસની ભૂરકીથી ભરમાયેલા આ કિશોરને આ ચમત્કારોને નામે થતાં ઠગ વેડાનોય અનુભવ થઈ ગયો. એક વાર એક ધૂતારો રૂપનેય ભેટી ગયો. તેણે સોનાને બે ગણું કરી આપવાની વાત રૂપને ગળે ઉતારી દીધી. અને પ્રયોગો કરવા માટે હમેશાં તૈયાર રહેતો રૂપ તો આ ચમત્કાર જાણવા પણ તત્પર બની ગયો. શૈશવ કાળમાં રૂપ માતાનાં સ્વપ્નો જોતો, કુમાર અવસ્થામાં દસ વર્ષ સુધીમાં રમવું–લડવું અને તોફાન કરવું. કિશોર અવસ્થામાં પંદરથી સત્તર વર્ષની વયમાં રૂપને સારા પ્રત્યે અભિરુચી હતી. એટલે સારું મળે તે મેળવવું અને એમાં ઘણી વાર સારાજોડે ખોટું પણ આવી જાય–આ વય સારા નરસાનો વિવેક કરવા જેટલી પરિપકવ તો ન જ હોય.



સાધુના વેશમાં જાદુગર પણ મળી જાય, મૈત્રીના નામે ખરાબ મિત્રો પણ મળી જાય અને ધર્મના નામે દગાબાજ પણ મળી જાય પણ રૂપના મનમાં સારાની શોધ હતી–સારાની પ્યાસ હતી. સારું જોવા માટે અંતરમાં જીજ્ઞાસા હતી.

રૂપને નાનપણથી જ હાથચાલાકી અને ચમત્કાર વિષે જાણવાનો શોખ હતો. ટુમકુરમાં એક ફૂટાપ્પા કરીને ધૂતારો હતો. જ્યારે રૂપની ઉમર ૧૪ વર્ષની હતી ત્યારે તે ધૂતારાએ રૂપને હાથચાલાકીથી એક રૂપિયાના બે કરી બતાવ્યા.

આ જોઇને રૂપ ચકિત થઈ ગયો. ધૂતારાએ રૂપને ભરમાવ્યો કે તું દાગીના લાવી દે તો એકના ડબલ કરી આપું.

એક દિવસ પિતા સામાયિકમાં બીજા ઓરડામાં હતા એટલે રૂપે ચૂપચાપ કબાટમાંથી દાગીનાની પોટલી કાઢી લીધી. ટુમકુરમાં એમને ત્યાં કેટલાક માણસો દાગીનાં ગિરવી મૂકીને રૂપિયા વ્યાજે લઈ જતા.

આ દાગીના લઇને રૂપને ગામની બહાર સ્મશાન પાસે સીતાફળના ઝાડ નીચે આવવા કહ્યું. રૂપ દાગીના લઇને આવ્યો. પેલા ધૂતારાએ એ દાગીના એક જગ્યાએ દાટી આવવા રૂપને કહ્યું. રૂપ તો લાભેલોભે તે દાગીના દાટી આવ્યો અને પછી દાગીના બમણા કરવા માટે વિધિ કરવાના ઢોંગ કર્યા. પણ એ તો ચાલાકીથી તે દાગીના ખાડામાંથી

કાઢીને છૂ થઇ ગયો. ઝાડ નીચે જઇને રૂપે ખોદ્યું તો ત્યાં કંઇ ન મળે. આ જાણીને રૂપને ફાળ પડી. ગભરામણ પણ થઇ. હવે પિતાને શું જવાબ આપવો ? મોઢું કેવી રીતે બતાવવું ?

એટલે રૂપ તો બારોબાર બેંગ્લોર ચાલી ગયો. અહીં રૂપને ન જેવાથી પિતાશ્રીએ તપાસ કરી. એટલે કોઈએ કહ્યું કે રૂપ બેંગ્લોર ચાલ્યો ગયો છે. પિતા બેંગ્લોર ગયા. પિતાને ઘરેણા કે તેના વિષે કશી ગંધ નહોતી. બેંગ્લોરમાં રૂપને તુમકુર આવવા ખૂબ સમજાવ્યું. બેંગ્લોર ચાલ્યા આવવાનું કારણ પૂછ્યું ત્યારે રૂપે દાગીના અને પેલા ધૂતારાની વાત કરી દીધી. રૂપને સાચું કહી દેવાનો ગુણ પહેલેથી હતો.

રૂપના પિતાશ્રીને આ ચોરીથી ઘણો આઘાત થયો આખરે તો સવાલ હતો જે વ્યકિતએ દાગીના ગિરવી મૂકેલા એ દાગીના આશરે રૂા. ૭૦૦)ના હતા અને એ વ્યકિતએ અંગ ઉધાર રૂા. ૧૦૦૦) રોકડા વધારાના લીધા હતા.

એટલે જો દાગીના પેલો પાછા માગે તો શું કરવું એટલે શ્રી છોગાલાલજીએ એવા જ દાગીના કરાવી કબાટમાં મૂકયા. દાગીના માટે સામી વ્યકિત આવીજ નહિ એટલે જે હજાર રૂપિયા રોકડા માગતા નીકળતા હતા તે પણ ન માગ્યા, આમ ત્રણ વર્ષ વીતી ગયાં. અને વ્યાજ વગેરે ચઢી જતાં વ્યકિત દાગીના છોડવવા ન આવી. અંતે રૂપના પિતાને આને લીધે ઘણું નુકસાન થયું. હજાર રૂપિયા



જતા કર્યા, વ્યાજ જતું કર્યું ૭૦૦ના દાગીના પણ ગુમાવ્યા આ બનાવથી રૂપે પિતાને ઘણું દુઃખ પહોંચાડયું.

રૂપમાં સત્ય પ્રત્યેની નિષ્ઠા અને અસત્ય પ્રત્યેની પાપભીરૂતા ઘણી ઊંડી હતી. કોઇથી છુપાવવું કે બીજા ઉપર દોષારોપણ કરી પોતે મુકત થવું કે પછી કરેલી ભૂલને વાકચાતુર્યથી સત્ય તરીકે સિદ્ધ કરવી એવી ખોટી સમજ રૂપના મનમાં નહોતી.

બાળમાનસના મનમાં એક જ ભાવ હતો કે જો આ ચમત્કાર આવડી જાય તો પિતાશ્રીને વગર મહેનતે અઢળક સંપત્તિ એકઠી કરી આપું. પછી પિતાપુત્ર આરામથી સુખી જીવન વ્યતીત કરી શકે. પણ વગર મહેનતે કશું મળે ખરું ! પુણ્યના ઉદયે કદાચ કાંઇક મળે પણ કેટલી વાર ? પુણ્ય પરવારી જાય તો બધું જ ચાલ્યું જાય.

પિતાશ્રી પાસે નિખાલસપણે સાચી વાત કરી ભૂલના એકરાર કર્યો–પિતાએ મીઠો ઠપકો આપ્યો અને શ્રમથી સંપત્તિ મળે તે જ સાચી સંપત્તિ, એ સમજાવ્યું.

રૂપ તો ચકોર, આ નાના–શા બનાવે જીવનમાં જાગૃતિ આણી. એવા મિત્રોના સંગમાંથી મુકત થયો.

પૂર્વજન્મના સંસ્કાર અહીં કામ લાગે છે. પૂર્વજન્મના સંસ્કારો ગુણને લાવે છે અને એક ગુણ બીજા ગુણોને દોરી લાવે છે. પૂર્વજન્મના સંસ્કાર હોય, તેમાં પિતા તરફથી પ્રેરણાનું માર્ગદર્શન મળે તો શું એ સુસંસ્કારોરૂપી બીજ મહાન વૃક્ષ ન બને ? પૂર્વજન્મના સંસ્કાર અને પુરુષાર્થનું મિલન ત્યાં જ માનવીની પ્રગતિ.

તર્કવિતર્કવાળું બાળક બન્ને દિશામાં આગળ વધે છે. ઉદ્દામ બને ત્યારે એને કેળવવું પડે અને ઊર્ધ્વગામી બનતું હોય ત્યારે પ્રેરણા આપવી પડે.

તેથી જ બાળકોના માનસશાસ્ત્રીઓએ કહ્યું છે કે વધુ પડતા ચાલાક બાળક પાસેથી માબાપે ખૂબ સાવચેતીપૂર્વક અને જાગૃતિસહિત કામ લેવું જોઇએ. તેમનામાં પ્રગતિ પણ આવે, પડતી પણ આવે અને આવે ત્યારે ખૂબ જોશ અને જોરથી આવે.

નૈસર્ગિક વાતાવરણથી રૂપની આધ્યાત્મિક દૃષ્ટિ અને શકિત વધુને વધુ વિકાસ પામતી ગઇ. કુદરતી સૌંદર્યનો તો એ રસિયો હતો. પ્રકૃતિ તેને બહુ જ પ્રિય હતી. કુદરતી સૌંદર્ય નિહાળતાં રૂપનું અંતર થનગની ઉઠતું અને ઉમરની પરિપકવતા ન હોવા છતાં રૂપને વિવિધ અનુભૂતિઓ થતી. સૌમ્ય, મધુર અને પ્રેરણાદાયક વાતાવરણમાં પોતે કયાં છે, શું સમય છે, તેનું પણ ભાન ન રહેતું. ચોતરફ ખુલ્લા વાતાવરણમાં રૂપ જીવનનો મુકત આનંદ અનુભવતો.

પ્રભુની અપાર લીલા, રમણીયતાના વિચારે તે મુગ્ધ થઈ જતો. રંગબેરંગી પક્ષીઓનાં મીઠાં મધુરાં ગાન, ફળ અને ફુલોથી લચી પડતાં હરિયાળાં ઉદ્યાનોનાં મનોહર દશ્યો રૂપના હૃદયને આનંદથી છલકાવી દેતાં હતાં, હૃદય પુલકિત બની જતું.

આવા હૃદયંગમ કુદરતી દશ્યો જોતાં અને એના ઉપર વિચાર અને મનન કરતાં રૂપનું મન પરમાત્માની મહત્તા અને શકિતથી વિસ્મિત થઇને ઉદાત્ત વિચારોમાં તલ્લીન થઇ જતું. રૂપનો શૈશવ કાળ ધીમે ધીમે વ્યતીત થતાં યુવાની તરફ પ્રયાણ કર્યું.

★

## સંતોનો સંપર્ક અને અનુભવ—૯

ટુમકુરનો અભ્યાસ પૂરો કર્યા બાદ વધુ અભ્યાસ માટે અને જ્ઞાન પ્રાપ્તિ માટે રૂપને પિતાશ્રીએ બેંગ્લોર મૂકયા. પિતાશ્રીની ઇચ્છા હતી કે રૂપ ઉચ્ચકોટિનું જ્ઞાન મેળવે. રૂપના કાકા બેંગ્લોરમાં રહેતા હતા. રૂપને કાકાના હાથમાં સોંપી તેમના પિતા ટુમકુર પાછા વળ્યા.

રૂપનો અભ્યાસ ચાલુ હતો. પણ રજાઓમાં જ્યારે બીજા મિત્રો ફરવામાં અને રખડવામાં જીવનનો કિંમતી સમય પસાર કરતા હતા ત્યારે રૂપના મનમાં જુદા જ વિચારો રમી રહ્યા હતા.

નાની વયમાં જ તેમને સર્વ ધર્મોનાં રહસ્યો જાણવાની જિજ્ઞાસા હતી. કયો ધર્મ અંગીકાર કરવો તેના કરતાં ધર્મ ધ્યેયની પ્રાપ્તિ માટે છે અને બધા ધર્મો એક જ ધ્યેય તરફ પહોંચાડે છે. એ વિષે રૂપને જિજ્ઞાસા હતી. રૂપના મનમાં ભિન્ન ભિન્ન સંપ્રદાયોના સમાગમમાં આવવા માટેની ઊંડી તાલાવેલી હતી. ગામના એક ભાઇ પોંડીચેરી જતા હતા એટલે ત્યાં જવાનું થયું. ત્યારબાદ રમણ મહર્ષિ પાસે ગયા. ધીમે ધીમે જિજ્ઞાસા વધતી ગઇ.

રજાઓમાં એકવાર તેઓ શ્રી અરવિંદના દર્શને પોંડીચેરી ગયા. બાળપણથી રૂપને પિતાશ્રી પાસેથી જૈન

ધર્મના સંસ્કારનું સિંચન મળતું હતું અને પાલિતાણામાં આચાર્યશ્રી વિજયભકિતસૂરીશ્વરજીના સમાગમથી જૈનધર્મ વિષે થોડુઘણું જાણવા મળ્યું હતું તેમ છતાં રૂપના મનમાં કોઇ એક જ ધર્મ સાચો અને બીજા ધર્મ ખોટા એવા પક્ષપાતની દીવાલ ઊભી થઈ નહોતી. તેઓ સૌ પાસે નિખાલસ ભાવે જતા અને સૌના દૃષ્ટિબિંદુઓ નિખાલસ હૃદયે સમજવા પ્રયત્ન કરતા હતા.

આ ભાવનાના બળે પોંડીચેરી ગયા. અહીં તેમને જીવનનું ઘડતર અને વાતાવરણ આંગ્લ સંસ્કાર ધરાવનારું લાગ્યું. શ્રી અરવિંદનું જીવનદર્શન જુદું જ લાગ્યું. "દરેક માનવે પોતાના પ્રયત્નથી અતિમાનસને ઉતારવું" એક દૃષ્ટા અતિમાનસને ઉતારવાનો પ્રયત્ન કરે. પોતાનામાં ઉતારે અને તેનો લાભ નિષ્ક્રિય માણસોને મળે તે કરતાં પ્રત્યેક મનુષ્ય સાધના અને પુરુષાર્થ દ્વારા અતિમાનસની અનુભૂતિ કરે એ વિચાર રૂપને વધુ પ્રિય લાગ્યો.

પોંડીચેરીમાં ત્યાગ અને તપને બદલે અનોખું વાતાવરણ જોવા મળ્યું. રૂપની માન્યતા જુદી જ હતી. માણસનું ઊર્ધ્વીકરણ થવું જોઇએ અને તે માટે આધ્યાત્મિક પંથના પ્રવાસીએ પ્રથમ પરમેશ્વરની નજીક જવાનું છે. માણસ પુરૂષાર્થના બળે અને પંથના નિયમોનું પાલન કરી અતિમાનસને પોતાનામાં લાવી શકે. જગતમાં પ્રત્યેક સ્થળ પ્રભુથી સભર છે. એ તો દીન દરિદ્રની ઝૂંપડીમાં છે–ઘટઘટમાં વ્યાપેલો છે–માનવ માત્રના અંતઃકરણમાં રહેલો છે.



માનવમાત્ર અતિમાનસ બની શકે છે–એવા વિચારો રૂપના મનમાં રૂઢ થતાં ગયાં પરંતુ શ્રી અરવિંદના વિચારો અને તેઓશ્રીનું તત્ત્વજ્ઞાન જાણી લીધું.

રજાઓએ આધ્યાત્મિક જ્ઞાન મેળવી આત્માને સભર કરવા માટેનો સુંદર અવસર હતો. એકવાર શ્રી રમણ મહર્ષિના આશ્રમ તરફ પગ વળ્યા. અહીંનું વાતાવરણ તેમને ઘણું પ્રિય લાગ્યું. શ્રી રમણ મહર્ષિના જીવનની સરળતા, અપરિગ્રહ અને પ્રેમાળ સ્વભાવે રૂપનું મન જીતી લીધું. રૂપને મહર્ષિ પ્રત્યે આકર્ષણ થાય એ તો સહજ છે પરંતુ મહર્ષિને આવી પ્રતિભા ધરાવનાર યુવાન તરફ આકર્ષણ થયું. આ પ્રતિભાશાળી યુવાનમાં ભાવી પ્રકાશની ઝાંખી મહર્ષિને થઇ અને મહર્ષિએ તેમને આશ્રમમાં રહી સાધના કરવા આશીર્વાદ આપ્યા. સહુ ભકતો કરતાં રૂપને મહર્ષિ પાસે રહેવાનો વધુ સમય મળતો. રૂપ તેમનો પ્રિય પાત્ર બની ગયો. રૂપે મહર્ષિમાં ત્રણ વસ્તુઓ જોઈ–વિરકિત, શાંતિ અને મૌન. મહર્ષિ દિવસમાં દસથી પંદર વાકયો જ તામિલ ભાષામાં બોલે. ભકત કે દર્શનાર્થી ત્રીશ મિનિટ બોલે ત્યારે મહર્ષિ એક વાકયમાં પ્રત્યુત્તર આપે.

રૂપના મન ઉપર રમણ મહર્ષિની ઘેરી છાપ પડી. મહર્ષિ ટૂંકુ કપડું વીંટે, કશો ઝાકઝમાળ નહિ, દર્શન માટે સૌ જઇ શકે. કોઇની સાથે ખાનગી વાત નહિ. રૂપ જ્યાંથી આવ્યો હતો ત્યાં તો વિલાસથી મઘમઘતું વાતાવરણ. આ બે રાગ અને વિરાગના પ્રત્યક્ષ દૃષ્ટાંત બની રહ્યાં.

માણુસ માત્રના જીવનમાં અમુક ઉમરે વિવિધ પ્રકારના ભાવો, વિચારો અને પરિવર્તનો જાગે છે. બાલ્યાવસ્થા અને શૈશવના સંસ્કારોની મૂડી યૌવનમાં પ્રતિબિંબિત થાય છે અને યૌવનમાં પ્રાપ્ત કરેલું ધન પ્રૌઢતા અને વૃદ્ધાવસ્થામાં મદદગાર બને છે.

રૂપ ને શાળામાં અભ્યાસ કરતી એક કિશોરીનો પરિચય થયો. પ્રણય ભાવ જાગ્યો ન જાગ્યો અને તેના પિતા નિવૃત્ત થઇને પોતાને ગામ ચાલ્યા ગયા પણ જ્યારે રૂપે સાંભળ્યું કે તે બાળા થોડા જ દિવસની માંદગીમાં મૃત્યુ પામી ત્યારે રૂપને આઘાત થયો. સંસારની અસારતાના અનુભવમાં આ પ્રસંગે એક વધુ દર્શન કરાવ્યું. રૂપને દેહનું નશ્વરપણું અને આત્માની અમરતાનું સ્પષ્ટીકરણ થયું. ત્યાગના પંથે પ્રયાણ કરવા મન વિશેષ કેન્દ્રિત થયું.

★

## શાંતિનો પરિમલ

અગરબત્તીનો સંયોગ અગ્નિ સાથે થાય તો જ એમાંથી સુવાસ ભરેલું વાતાવરણ સરજાય છે; વાણીનો સંયોગ પણ જો આમ વર્તન સાથે થાય તો જ એમાંથી શાન્તિનો પરિમલ પ્રગટે.

## માંદગીમાં મંથન-૧૦

રૂપની નાની વયમાં પોતા પૂર્વજોનાં ધર્મના સંસ્કારોની પ્રણાલિકાનો પ્રારંભ દેખાતો હતો. ભારતના સંતોના વારસદાર એવા રૂપમાં ભૂતકાળના આદર્શોનું દર્શન દેખાવા લાગ્યું અને શું એ સૌ કોઈ માટે ગૌરવ લેવા જેવી વાત નથી?

કુમળી વયમાં રૂપની દૃષ્ટિ જીવનની સમસ્યાઓ ઉકેલવામાં આધુનિક હતી. રૂપની વાણીમાં સંગીતની લહેર હતી, વિચારોમાં જીવનદર્શનની સૌરભ હતી અને સમગ્ર માનવ જીવનમાં વિદ્યુતના પ્રવાહ જેવી ઝણઝણાટી પ્રસરાવવાના ભાવો હતા. શાળામાં રજાઓ હતી ફઇબા અને પિતાને મળવા અને બન્નેનો હૃદયંગમ પ્રેમ મેળવવા રૂપ ડુમકુર આવ્યો. મિત્રોને મળ્યો, ફઇબાએ વહાલ ભરી રીતે નવી નવી વાનગીઓ બનાવીને રૂપને તાજો માજો કરવા વિચાર્યું ત્યાં તો એક સંધ્યાએ ફરીને આવેલા રૂપને આખે શરીરે ભારે કળતર થવા માંડ્યું. ફઇબાએ પથારી પાથરી આપી. રૂપ તો જાણે અવાચક બની ગયો. પિતા છોગાલાલજી દુકાનેથી દોડી આવ્યા. આ બિમારી માત્ર તનની નહિ પણ મનનો સંઘર્ષ પરાકાષ્ટાએ પહોંચ્યાની નિશાની હતી. તન અચેત થયું અને મન તો અગોચર પ્રદેશમાં પ્રવાસ કરી રહ્યું. બાહ્યજગતનો લોપ થયો અન આંતર જગતમાં આનંદના સ્રોત વહ્યો.


થોડી પળો બાદ વિચારોનું સામર્થ્ય અને લાગણીના

ઉંડાણ, જગતના ખેંચાણ અને અધૂરી સાધનાના સંસ્કાર વચ્ચે મંથન જામ્યું, બુદ્ધિ અને હૃદય વચ્ચેનો વિગ્રહ ચરમ કક્ષાએ પહોંચ્યો અને તનની અચેતન અવસ્થા ઉગ્ર બની, શરીર જડવત્ થયું, દેહની સર્વ પ્રક્રિયાઓ શાંત બની ગઇ, અને મનની સર્વ પ્રક્રિયાઓ સચેત બની ઊઠી. બેભાન અવસ્થામાં રૂપનું માનસ અણજાણ અનુભવો અને અનુભૂતિઓમાં રમી રહ્યું. શા હતા આ અનુભવો ?

રૂપને કોઈ દૂરદૂરથી અવાજ આપી રહ્યું હોય તેમ ભાસ થવા લાગ્યો. પીળો સર્પ દેખાય અને સાથે સાથે ચાંદીના ઢગલા નજર સામે દેખાતા, તેને ખૂબ 'ઈડલી' અને ખૂબ સૂપ પીવાની ઇચ્છા થતી. આ બધા વિવિધ પ્રકારના અનુભવો તેની બેભાન અવસ્થામાં તેના મનની આજુબાજુ ફરી વળ્યા.

આવી પ્રલોભનભરી પળોમાં તેને દૂરદૂરથી કોઇ ગેબી અવાજ સંભળાતો હોય અને કોઇ ચેતવણી આપતું હોય તેમ ભાસ થતો હતો, 'મારે ખાતર બધું છોડી દે, છોડી દે, છોડી જ દે. આ પ્રલોભનની માયાજાળમાં ફસાઈ ન જતો. તારા જીવનનો માર્ગ ઊર્ધ્વગામી છે. અનંતના પ્રવાસી ! તું તો આ ધરતી ઉપર કાંઇ નવું જ સર્જન કરવા આવ્યો છે. આ પ્રકાશપંથ તારા આવાગમનને માટે આતુર નયને મીટ માંડી રહેલ છે.'

આ ઝેરી તાવની મૂર્ચ્છામાં રૂપને એક બાજુથી લાલચ



માગ્યું તે મળ્યું, ધાર્યું તે કર્યું.
સોળમા વર્ષે—૧૯૩૮

થાય કે આ ખાઇ લઉં, તે ભોગવી લઉં, બીજી બાજુ ઊંડાણમાં આધ્યાત્મિક સંસ્કારો હોવાથી વિચાર આવે કે આ લાલચમાં પડીશ તો મરી જઇશ.

ભય અન પ્રલોભનનું મંથન ચાલતું હતું. ભય શાનો? કે મરી જઇશ અને પ્રલોભન થાય કે ભોગવી લઉં. માનસિક અવસ્થા છેક આત્મહત્યા સુધી થઇ ગઇ. ઊઠી શકાય નહિ, પિતાજી પાસે જ હોય પણ થાય કે આવું પરાધીન જીવન નથી જીવવું.

ભય, પ્રલોભન અને આત્મહત્યાના વિચારો આ દશામાં એના મન ઉપર સતત આવ્યા કરતા. ત્યારે આત્માનો અવાજ આવ્યો "તું આ નિર્બળ વિચારોમાંથી છૂટી જા," ફરી ફરીને કોઇ કહેતું કે "આમાં નિરાશ થવાની જરૂર નથી. હિંમત રાખ. આગળ આવી શકીશ."

આ માંદગી ભયંકર હતી. રૂપને થયું કે આ માંદગી પછી અપંગ થઇ જીવન વીતાવવું પડશે તે કરતાં મરવું શું ખોટું? માંદગીને લીધે સ્મરણશકિત ઉપર થોડી અસર થઇ અને એ સમયના અમુક બનાવો આજે પણ તેમને બરાબર યાદ નથી

આ જીવલેણ માંદગી વખતે રૂપે મનમાં નિશ્ચય કર્યો કે જો આ માંદગીમાંથી બચી જાઉં તો સારું જીવન જીવું, સારા માર્ગે જઇશ અને એમાં પિતાશ્રીએ પણ પ્રોત્સાહન આપ્યું.

દેહ પર જ્વર વધતો ગયો પણ સાથે સાથે આદર્શોથી

છલકાતી મૂર્તિઓ-ચિત્રોનાં દર્શનથી રૂપનું અંતર કોઇ અનોખી શાંતિ અનુભવી રહ્યું હતું.

બેભાન અવસ્થામાંથી સભાન અવસ્થામાં આવતાં, જીવનની જાગૃતિ મેળવતાં આ શું બની ગયું! કેવું સ્વપ્ન આવ્યું! કઇ દુનિયામાંથી પાછો આવ્યો! શું ગેબી અવાજ સંભળાયો! આ બધા નવાનવા વિચારોમાં રૂપ અટવાઈ પડયો. બેભાન અવસ્થાનાં સંસ્મરણોને યાદ કરવા પ્રયત્ન આદર્યો.

ચિત્તની નિર્મળતા અને એકાગ્રતાનાં પરિણામે જ આવી બિમારીમાં અનુભવેલી દશાનો અર્થ સમજાય છે. ચિત્તની આવી ધન્ય દશા કોઇક વિરલ વ્યકિત જ અનુભવી શકે છે. બાળવયમાં આ બધું ભાવિની પ્રતીતિ કરાવતું હોય છે.

રૂપના સમાગમમાં આવતી વ્યકિતઓ તેનામાં છુપાયેલ વ્યકિતત્વ અને શકિતઓની ઝાંખી કરી શકતા હતા. રૂપમાં આવેશ-જોમ અને અથાગ શકિત ભર્યાં હતાં. ચર્ચામાં કોઇ ઉતરે તો ચર્ચાના વિષયોની ખોટ ન હતી.

આવી નાની વયમાં પણ અભ્યાસ કરતાં રૂપનું વાંચન અને વિચારસરણી અત્યંત મૌલિક અને રસ ભરી હતી.

આજ્ઞાનું પાલન એ મહાન કાર્ય કરતાં પણ પહેલાની પ્રથમ આવશ્યક ભૂમિકા છે. એમ રૂપનું માનવું હતું.

તનની બિમારીમાંથી સ્વસ્થ થયા બાદ યૌવનની ગંભીરતા તરફ વિચારોનું અને ભાવનાનું ખેંચાણ શરૂ થયું.



તેની દ્રષ્ટિમાં એક બીજાથી જુદી પડે એવી બે વિચારશ્રેણી ઊભી થઈ. એકમાં સુખચેન, એશઆરામ, વિલાસ અને ઈંદ્રિયજન્ય આનંદોથી ભરેલી સંપત્તિ, સત્તા અને કીર્તિ હતાં. આ હતો સંસારનો સાર. બીજી તરફ ત્યાગ, સંયમ, તપ અને અકિંચનત્વ. અનાયાસે જે મળે તે ખાઇને રહેવું, આકાશ તળે કે વૃક્ષો અને ગુફાઓની આસપાસ કુદરતને ખોળે જીવવું એવો પરિવ્રાજકનો માર્ગ દ્રષ્ટિ સમક્ષ તરવરતો.

ત્યાગ અને ભોગની ભાવનાઓમાંથી કઇ ભાવના જીવનમાં ઉતારવી તે માટે નિર્ણય કરવાનો હતો. પરંતુ માંદગી પછી એ ઉપર વધુ વિચારણા કરતાં ત્યાગની મૂર્તિ વધુ ને વધુ દ્રષ્ટિગોચર થતી ગઈ. અને તે તરફનું ખેંચાણ વધતાં સાંસારિક ચિત્ર ઝાંખું થતું ગયું.

અનેક મંથનો અને હૃદયને વલોવી નાખે એવા વિચારોની હારમાળાનો સામનો કરવા મન અને બુદ્ધિ તૈયાર હતાં. આ સમયે રૂપના માનસિક ઇતિહાસનો કટોકટીભર્યા તબક્કાનો પ્રારંભ થયો. આત્મજ્ઞાનના પ્રશ્ન પ્રત્યે અભિમુખ થતો ગયો અને એમાંજ ભાવિ વ્યકિતત્વનો પાયો નંખાતો ગયો.

રૂપની સ્મરણશકિત ઉપર માંદગીની સારી એવી અસર થઇ. ભૂતકાળ ઉપર વિસ્મૃતિનો પડદો પડી ગયો. ભૂતકાળને યાદ કરવા અથાગ પ્રયત્નો કરવા પડતા.

★

## નવજાગૃતિ-પુનર્જન્મ-૧૧

દૃશ્ય પલટાયું. આદર્શોથી છલકતી મૂર્તિઓ અને આધ્યાત્મિકતાને વેગ આપતાં ચિત્રો નજર સમક્ષ ઊઠવાં લાગ્યાં. પ્રલોભન વિલાયું અને ત્યાગની આભા ઝળહળી રહી. ધીમેધીમે મન પર શાંતિ છવાવા લાગી અને મનોમંથન શમવા લાગ્યું. અંતરમાં અગોચર શીતળતાની સાંત્વના ફરી વળી. દેહનો તાપ તો વધી રહ્યો હતો પણ હવે જ્વરમાં જોર નહોતું, કેમકે મનની વ્યથા વિરમી ગઈ હતી.

મન જ દેહનું સંચાલક છે ને! જ્વર ધીમેધીમે ઘટવા લાગ્યો. તન-અચેતનાવસ્થા ઘટવા લાગી. અને ધીમે ધીમે જાગૃતિ આવવા લાગી. પણ ના, આ પુનઃ જાગૃતિ નહોતી, આ તો નવજાગૃતિ હતી, પુનર્જન્મ હતો. પણ ગતજન્મનું એ દ્વિધાવસ્થાનું મંથન પણ વાદળ છાયા દિને દેખાતી ધૂંધળી ક્ષિતિજ જેમ મનમાં ઉપસી રહ્યું હતું; અને મન પ્રશ્ન કરી ઉઠતું, શું સાચું ? હું ક્યાં હતો ? ક્યાં આવ્યો છું ? કોણ છે આ પડછાયા સમા મને વીંટળાઈ વળેલા માનવીઓ ?

દિવસોની બેભાન અવસ્થા બાદ રૂપને ભાનમાં આવેલો જોતાંજ પિતાનું હૈયું આનંદથી નાચી ઉઠયું. પ્રિય પત્નીની એંધાણી સમી બાળકીને બચાવી ન શકયાનો ખટકો તો



મનમાં હતોજ. અતુલ શરીર સ્વાસ્થ્ય મેળવનાર એકના એક પુત્ર માટે પિતાને ગૌરવ હતું. પત્નીના એક સ્મરણને જીવની જેમ જાળવ્યું હતું અને મૃત્યુય હારી જાય એવું સ્વાસ્થ્ય પણ મેળવ્યું હતું તેની પિતાને આજદિન સુધી મગરૂરી હતી. પણ રે, એક દિન એ સર્વ ગૌરવ અને મગરૂરીને વરાળના બાચકા સમ ઊડી જતી નિહાળી અસહાય માનવીની જેમ પિતાનું મન આક્રંદ કરી ઉઠયું. જિનેશ્વર સમક્ષ ધા નાખી અને મૃત્યુને પાછું વાળવા, પ્રિય પુત્રને ગોદથી અળગો થતો અટકાવવા, પિતા કટિબધ્ધ બન્યા. પુરૂષાર્થ અને માનવભાવના સંયુકત બન્યાં અને નિયતિ સામે વિગ્રહ મંડાયો.

છોગાલાલજીના જીવનમાં જાણે આસ્તિકતાની અંતિમ પળ આવીને ખડી થઈ. સમસ્ત જીવન શ્રધ્ધા અને તન મનના ટુકડા સમી બાળકીના દેહ વિલયને ઇશ્વર પરની શ્રધ્ધાને જોરે વિસારે પાડયો હતો. અર્ધાંગિની પ્રિય પત્નીના વિયોગનેય એજ શ્રધ્ધાને જોરે ખમી લીધો હતો અને જીવન સંયમમાં વિતાવતા હતા. વહાલી દીકરી મગીના અકાળ મૃત્યુ સાથે સરી જતી શ્રધ્ધાના તાંતણાને સંસ્કાર બળે પકડી રાખ્યું હતું. અને હવે આજે હવે એજ શ્રધ્ધા તંતુ પર વિધિ સાથે બાખડવાનું હતું. પુરૂષાર્થનો પરાજય તો નિરખી લીધો હતો. હવે તો વિધિની વક્રતાને શ્રધ્ધાની શકિતથી જ પરાસ્ત કરવાની હતી.

આખરે શ્રધ્ધાની શકિત વિજયી બની અને મૃત્યુ સંગે ડગ માંડીને પુત્ર, મૃત્યુને હાથતાળી દઇ પાછો

આવ્યો. પિતા છોગાલાલજીનું હૈયું પલ્લવિત થયું. પણ પુત્ર રૂપ કોઇને ઓળખતો ન હતો, ખાવા પીવાનું ભાન નહોતું, ન બોલે, ન હસે, ન કશું સમજે. શૂન્યમનસ્ક જેવા રૂપની આ દશા જોઈ પિતા ચિંતાતુર રહેતા, કયાં એ પહેલાંનો શકિતથી તરવરતો રૂપ અને કયાં આ રૂપની છાયા સમો પુત્ર? પિતૃહૃદયના સર્વ અરમાનો ઓસરતા દેખાયાં. પુત્ર માટેની સર્વ આશાઓ કરમાતી દેખાઇ. છતાં મમતા બોલી ઊઠી, ગમે તેમ પણ પુત્ર જીવતો રહ્યો એ પણ અહોભાગ્ય. ઘરમાં બધાને આજ્ઞા અપાઇ ગઇ, રૂપની ઇચ્છા વિરૂધ્ધ કંઇજ ન થવું જોઇએ.

રૂપનું મન તો હજુય એ સ્વપ્નસમ બનેલા અગોચર પ્રદેશમાં ઘૂમી રહ્યું હતું. કારમી બિમારીમાં તન અને મન, દેહ અને ચેતન વચ્ચેનો ભેદ સ્પષ્ટ થઇ ગયો હતો. હજુ ય તે એ નિરવધિ આનંદની અનુભૂતિ વાગોળી રહ્યો હતો. એ આનંદ સાગરમાંથી બહાર આવવા જ માગતો નહોતો, આથી જ દુન્યવી દષ્ટિએ રૂપ અન્યમનસ્ક લાગતો.

ધીરે ધીરે પિતાનો અસીમ પ્રેમ અને ફઇબાની મમતા, મિત્રોનો સ્નેહ અને પ્રિયજનોની સહાનુભૂતિ તેને આ સંસારમાં પાછો લાવી રહ્યા.

ધીરે ધીરે રૂપ ફરી બધા વચ્ચે હસતો અને બધા સાથે બોલતો થયો. ફરી રૂપના વિચારો અને એની ભાવનાઓ આંતરિક વિરલ વ્યકિતત્વને રજૂ કરી રહ્યાં.



વાતો ને ચર્ચાઓમાં રૂપની પ્રતિભા ફરી ઝળકવા લાગી. અનેકવિધ વિષય પર તેની વાણી અસ્ખલિત વહેવા લાગી, તેના ચિંતનમાંથી ઉદ્ભવેલા મૌલિક વિચારો અન્યને આંજી નાખતા. હા, રૂપની વય નાની પણ તેનું વિશાળ વાંચન, તેનું જ્ઞાન અગાધ હતાં. વિચારોને વાણીમાં વ્યકત કરવાની રૂપની શૈલી રસભરી હતી.

કયો માર્ગ અપનાવવો? અચેતન અવસ્થામાં તો મનનો નિર્ણય વ્યકત થઈ ગયો હતો. દૈવી સંદેશ પણ એ હતો કે ત્યાગ માર્ગ એજ જીવન ઉજાળનાર બનશે. પણ હવે પિતાની માયા અને સંસારની છાયા મનમાં દ્વિધા ઉત્પન્ન કરી રહી હતી. પિતા પ્રત્યે નજર કરતાં જ એ માયા બોલી ઉઠતી, ત્યાગનો માર્ગ જ ઉત્તમ છે એ વાત સાચી, પણ અનેક દુઃખ સહીને, અનેક આઘાતો વેઠીને પિતાએ તારા સુખ સગવડ સાચવ્યા, એ પિતા પ્રત્યેનું ઋણ તો ખરું જ ને? ત્યાગના માર્ગે આત્મ કલ્યાણ હતું ખરું, પણ એ માર્ગ પર પ્રયાણ કરવાનો નિર્ણય સ્વાર્થ ન ગણાય? પિતાને મારી પાસેથી કંઇ જ મેળવવાનો અધિકાર નહીં? મેં તો પિતા પાસેથી આજ સુધી માત્ર મેળવ્યા જ કર્યું છે, તો એમની આકાંક્ષાઓ પૂર્ણ કરવાની મારી જવાબદારીનું શું? એમના સંતોષ માટે કંઇક કરી છૂટવાની મારી ફરજ નથી શું? અને રૂપનો તો એ સિધ્ધાંત હતો ને કે મહાન કાર્ય કરવા પહેલાં આજ્ઞા પાલન કરવાની તૈયારી હોવી જોઇએ. સંયમ ધન પિતાએ મારા જ

કલ્યાણ માટે ઝંખના સેવી છે. મને મૃત્યુના મુખમાંથી બચાવવા માટે જાત નીચોવી દીધી છે. એ પિતાને, હવે આ સંસાર ભાર પુત્રના કંધા પર ઠેસવીને ધ્યાન ભજન દ્વારા આત્મ કલ્યાણ સાધવાનો અવકાશ મેળવવાનો હક્ક નથી? એ પિતાને જ ત્યાગ ધર્મ પર ડગ માંડવાનો પ્રથમ અધિકાર નહીં?

હું તો જુવાન છું, મારી પાસે તો જુવાનીનું જોમ છે. સંસારનો ભાર સહેવાની શકિત છે. ત્યારે એ ભાર ફગાવીને બ્રહ્મજ્ઞાનમાં લીન થઇ જાઉં એ યોગ્ય ગણાય ખરૂં? પિતાને સંતોષ અને શાંતિ આપીને, સંસારની ધુરા યથાશકિત વરીને, પછી ત્યાગ માર્ગ કયાં નથી અપનાવાતો? અને મારી વૃત્તિ સાચી જ હોય તો ભોગ અને ત્યાગનો સમન્વય જ જીવનમાં ન સાધું! બાહ્ય ભોગોની વચ્ચે આંતરિક ત્યાગ વૃત્તિ કેળવી ને જીવન ન જીવી શકું?

માંદગીમાંથી ઉઠવા છતાંય રૂપમાં આ બન્નેમાંથી કોઇ પણ માર્ગ લેવાનો અને એ માર્ગે અવિરામ ચાલ્યા જવાનો સંકલ્પ તો હતો, અરે બન્નેનો સમન્વય સાધવાનું સામર્થ્ય પણ હતું. પણ છતાંય જેમ જેમ તે આ વિષે વિચારતો, જેમ જેમ આ વિચારોમાં ઊંડો ઉતરતો તેમ તેમ તેમ તેની સમક્ષ ત્યાગની મહત્તા વધુને વધુ સ્પષ્ટ થતી.

યૌવનને ઉંબરે આવીને ઉભેલા રૂપના જીવનની આ કટોકટીભરી પળ હતી. તેના ભાવિ વ્યકિતત્વનો પાયો જ જાણે કે આ મંથન દ્વારા ઊંડો જઇ રહ્યો હતો, જેના પર ભાવિ આધ્યાત્મિક પ્રતિભાની ઇમારત મજબૂત બનીને ખડી થવાની હતી.

★

## ભાવિનું અગમ્ય દર્શન-૧૨

આમ રૂપ આત્મજ્ઞાન પ્રાપ્તિના માર્ગે અભિમુખ થઈ રહ્યો હતો. આધ્યાત્મિકતાની ખોજ જાગૃત થઈ હતી. કિશોરપણાની પ્રયોગશીલતા ય મનમાં પડી તો હતી જ. આધુનિક પ્રવાહોનો પરિચય વિજ્ઞાનની સિદ્ધિને સમજવામાં સહાયક બનતો જતો હતો; અને ત્યાગ તથા ભોગનો સમન્વય સાધવાની આકાંક્ષા સેવનાર રૂપ અધ્યાત્મ અને વિજ્ઞાનના સહયોગ દ્વારા માનવીનું કલ્યાણ સાધવાનાં અરમાન પણ સેવતો હતો.

રૂપે જોયું હતું કે આત્મજ્ઞાનનાં ઊંડા રહસ્ય શોધવા પાછળ પૂર્વના જ્યોતિર્ધરોએ જીવન વીતાવ્યાં છે, તો ભૌતિક નિયમોના સંશોધન પાછળ પાશ્ચમના વિજ્ઞાનવીરોએ જિંદગી ન્યોછાવર કરી છે. વળી ભારત દેશ તો સાધુ-સંતો અને અવતારોની જન્મદાત્રી પુણ્યભૂમિ છે, જેણે જગત સમક્ષ ત્રણ મહા ધર્મો મૂકયા છે: હિન્દુ, જૈન અને બૌધ. એટલે કે આંતરિક ક્ષેત્રે આ આર્યભૂમિનું સંશોધન તો છે જ. તો હવે આ જ ભૂમિમાં બાહ્ય ક્ષેત્રે પણ વિકાસ સાધવો જોઇએ.

સમાજ જીવનમાં જ્યાં જ્યાં ઊણપ છે. ત્યાં સુધારા કરવાની જરૂર છે. એ સુધારાઓ કરવા માટે આપણે કટિબધ્ધ થવું જોઇશે. વર્ણ-ધર્મ-જાતિ અને જ્ઞાતિના

પ્રશ્નોમાં પરિવર્તનશીલ દૃષ્ટિબિંદુ ગ્રહણ કરવું જોઈએ. સ્ત્રીઓની સમુન્નતિ સાધવા તરફ પણ રૂપનું લક્ષ્ય ખેંચાવા લાગ્યું. આધુનિક યુગની ગતિ અને પ્રાચીન યુગની રીતિનો સુમેળ સાધીને નવનિર્માણ કરવાની ભાવનાથી એક યુવક મંડળની સ્થાપના કરી.

વિજ્ઞાનની મહત્તા સ્વીકારવા છતાં રૂપ જડવાદી વિચારોનું ઊર્ધ્વીકરણ કરવાના હિમાયતી હતા. નૂતન રચના કરવા માટે પુરૂષાર્થનું સિંચન કરવાનો આદર્શ યુવાન રૂપમાં થનગની રહ્યો હતો.

ભારતનું તત્કાલીન વાતાવરણ રૂપને ચકળાવી રહ્યું હતું. આંતરિક વિખવાદોને કારણે આર્ય સંસ્કૃતિની અમોલી ખોજ સમી આધ્યાત્મિક સંસ્કારિતા વિકૃત થતી જાય છે. ધર્મ, અધર્મી ઇજારવાદીઓના હાથે દબાઈ જવા લાગ્યો છે. અને ભૌતિક સુખોપભોગની આંજી નાખતી સિદ્ધિઓ યુવાનોને આકર્ષી રહી છે. ભારતના આધ્યાત્મિક આદર્શો ઓસરવા લાગ્યા છે અને તેની જગ્યાએ ભૌતિક સુખ સગવડોથી લાલસા ઊભરાઈ રહી છે. પરિણામે યુવાનો પશ્ચિમના અનુકરણ પાછળ આંધળી દોટ મૂકી રહ્યા છે. માનવ કલ્યાણના આદર્શને જીવનમાં સર્વોપરિ સ્થાન આપનાર રૂપના મનમાં આ સમયે એક જ વિચાર ઘૂમરી ખાતો હતો. તમામ ધર્મોમાં રહેલાં શાશ્વત સત્યોને જીવનમાં પ્રગટ કરીને, ધર્મના વાડાઓ અને સંપ્રદાયો વચ્ચેના મતભેદો અને સંકુચિતતાઓનું વિસર્જન કરવું. સર્વ પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતાની ભાવનાઓનો પ્રચાર અને પ્રસાદ



કરીને વિશ્વબંધુત્વની ભાવના આ મંડળદ્વારા સાકાર કરી બતાવવી.

આ મંડળમાં ધર્મ અને આધ્યાત્મિકતા; જીવન અને પ્રેમ એનાં પ્રાણતત્ત્વ હતાં.

એક બાજુ સંસારનું કલ્યાણ કરવાની તમન્ના જાગતી હતી, બીજી બાજુ આત્મકલ્યાણની ઊર્મિ પ્રબળતર બનતી જતી હતી. ધાર્મિક પ્રસંગોની ચર્ચા વિચારણામાં કે સંગીતની ધૂનમાં રૂપનો ઉમળકો અદમ્ય બની જતો અને ચિત્ત સંસારનું ભાન ભૂલીને માંદગી દરમ્યાન અનુભવેલ પરમ શાંતિની ખોજમાં રમમાણ થતું હતું.

આવા ઉમળકાઓના પ્રસંગો મન પર સ્થાયી અસર મૂકી જવા લાગ્યા. રૂપનું મન અનેક વાર પોતાની જાતને પ્રશ્નો કરી ઊઠતું. 'આ શાળા કૉલેજનું ભણતર મને ધર્મદૃષ્ટિ આપી શકશે ખરું?' 'સા વિદ્યા યા વિમુકતયે' જે મુકિત આપે તે જ સાચી વિદ્યા. શાળા કૉલેજોની વિદ્યા શું મને ધર્મપરાયણ અને પ્રભુમય બનવાની શક્તિ આપશે ખરી? આ જ્ઞાન વડે હું મોહભર્યા સંસારમાંથી મનને વાળીને મુક્તિને માર્ગે વિહરણ કરવાની દૃષ્ટિ મેળવી શકીશ ખરો? આ અજ્ઞાનરૂપી અંધકારમાં જ્ઞાનરૂપી પ્રકાશના માર્ગે ડગ માંડતાં શીખી શકીશ ખરો?' રૂપના મનમાં એક વાત નિત્યનું સ્થાન જમાવી બેસી ગઇ હતી કે એવું જ્ઞાન પ્રાપ્ત કરું જે મારા અંતરને અજવાળે. અસત્ય, ને દંભ, મોહ અને અહંકારનાં જાળાંઓને ભેદી પ્રકાશને પ્રેરે.

આમ અનેકવિધ ઊર્મિઓ અને ભાવનાઓ; આદર્શો અને આકાંક્ષાઓ યુવાન રૂપના મનમાં તરંગોની માફક ઊઠતી અને શમતી. બહારથી શાંત બની રહેલા રૂપના મનમાં વિચારોનો સમુદ્ર ખળભળતો હતો. રૂપના સાગર સમા હૈયે કેટલા તરંગો અદીઠા ઊઠતા, કેટલા અદીઠા શમતા, તે કોણ કહી શકે! સંસાર સુધારક યુવાન રૂપ સંસારને પલટાવી નાખવા માટે તરવરતો હતો. બીજી તરફ ધર્મના સંસ્કારોથી ઊછળતો યુવાન આધ્યાત્મિકતાના અનંત ઉદધિમાં પેસી જવા માટે તલસતો હતો. ધર્મની આંટીઘુંટીઓ, વિધિનિષેધો, ક્રિયાકાંડો અને પાખંડોમાં તેને જરાય રસ ન હોતો.

આ ભરયુવાન વયે રૂપની આવી વાતો સાંભળી પિતાનું હૈયું ભાંગી પડતું. સંસાર પ્રત્યેની રૂપની વિરક્તિ જોઈને પિતા ચિંતિત થતા. ઘરમાં અખૂટ વૈભવ અને સમૃદ્ધિ છતાં ય છલકાતી યુવાનીમાંય વૈભવનો વારસ ત્યાગની વાતો કરતો અને આવી સમૃદ્ધિમાં ભોંય પથારી અને ત્યાગની આદત કેળવવા મથતો. પિતા તો ઇચ્છતા કે પુત્રને સંસારી બનાવી. તેને સુખ-શાંતિથી મ્હાલતો નિહાળીને જિનેશ્વરનું શરણ લઉં. પણ ત્યાં તો પુત્ર પિતા કરતાંય પહેલાં આત્માને માર્ગે જવાની વાત કરતો, અને પિતા નિસાસો નાખતા, આ વૈભવ અને આ સમૃદ્ધિ; આ યુવાની અને આ શક્તિ, આ બુદ્ધિપ્રતિભા અને આ બત્રીસ લક્ષણા પુત્રના ગુણો, સર્વ અફળ જ જશે શું!

જે જે રૂપના સંપર્કમાં આવતા એ સૌ છોગાલાલજીને



કહેતા. "ખરા નસીબદાર છો, એક પુત્ર છે, પણ "એકે હજારો જેવો છે. ઇકોતેર પેઢી ઉજાળી દેશે." ને પિતા છોગાલાલ તો મનની વ્યથાને મનમાં જ શમાવતા. હા, ત્યાગનો મહિમા તો તેઓ પણ જાણતા હતા. પણ પુત્ર પ્રત્યેની આસક્તિ છૂટતી નહોતી. હજુ તો હોઠ પરનું દૂધ પણ સૂકાયું નહોતું, એવા આ લાડીલા પુત્રને બોડેલા માથે, સફેદ કપડામાં ઢંકાઇને ઉઘાડા પગે કાંટા કાંકરામાં ચાલતો જોવાની કલ્પના ય એમને માટે અસહ્ય બની જતી. પણ ઉપાય શો?

આ વિશ્વમાં મહાસાગરના તરંગોની પેઠે જીવનનો ઉદ્‌ભવ અને લય થયા જ કરે છે. પણ જ્યારે જગતમાં ભૌતિકવાદ વધી જાય છે, લોકોમાં આધ્યાત્મિકતાને સ્થાને દંભ, ડોળ, આડંબર અને જૂઠનો પ્રચાર શરૂ થઇ જાય છે, ત્યારે જગતને પરમ ચૈતન્યનું સ્વરૂપ સમજાવવા માટે આવી જ વિભૂતિનું આગમન થાય છે. તેની શક્તિને કોઈ જ રોકી શકતું નથી. જીવન સંકેત અને પ્રભુનો સંદેશ જ આવા મહામાનવના જન્મનું કારણ હોય છે.

★

## જતાં જતાં

જવું જ છે? તો જાઓ. પણ જતાં જતાં સ્વાર્થની દુર્ગંધને બદલે સ્નેહ, સેવા, સદાચાર અને સૌજન્યની સુરભિ મૂકતા જાઓ કે જેથી અમે પણ એ સુરભિની પુણ્યસ્મૃતિ પર બે સાચાં આંસુ તો પાડીએ.

## ભાવનાનાં પુષ્પો–૧૩

રૂપના પૂર્વજન્મના સંસ્કારો તેમને બીજી દિશામાં દોરી રહ્યા હતા, તેથી જીવનમાં એક પ્રકારની દ્વિધા ઊભી થવા લાગી. સુધારક યુવાન રૂપના જીવનમાં ધર્મના સંસ્કારો ખૂબ રેડાયા હોવા છતાં ધર્મના દેખાવો, ક્રિયાકાંડો અને સંપ્રદાયના વાડાઓમાં જરા પણ રસ નહોતો. તેમને કોઇ માર્ગદર્શકની જરૂર હતી. તેની શોધ માટે ઊંડી વ્યાકુળતા અને તત્પરતા હતી, અને સંસાર પ્રત્યેની વિરક્તિ વધતી જતી હતી.

રૂપના મનમાં કોઈ કોઇવાર પ્રશ્ન ઊભો થતો કે ઇશ્વર જેવું કોઇ તત્ત્વ છે ખરું? કે પછી એ બધી કલ્પનાઓ અને હવાઈ કિલ્લા બાંધવા જેવી વાત છે! પરંતુ અનેક સંતો અને વિભૂતિઓના જીવનચરિત્રોનાં વાંચનમાંથી મેળવેલી પ્રેરણા હ્રદયમાં ઝળકી જતી અને પિતાના ધર્મના સંસ્કારો જીવનમાં બળ આપતા અને આવી શંકાઓ ઘડીભર દૂર થઇ જતી.

છલકાતી યુવાની, ઘરનો વૈભવ અને આસપાસનું વાતાવરણ તેના મન ઉપર વંટોળિયાની માફક ચકરાવો લેતું હતું.

દેહની માંદગી તો આવી ને ગઈ પરંતુ તે માંદગીમાંથી ઊભું થયેલું મનોમંથનનું નિદાન રૂપે પોતે જ



શોધી કાઢયું. તેમને જે જે અનુભવો થયા તેની પાછળ ઈશ્વરનો પ્રેમ કામ કરી રહ્યો હતો એવો તેમને પ્રતિભાસ થયો હતો.

રૂપ દેહના દુઃખથી પીડાતા ત્યારે તેમને લાગ્યું કે કરુણાસાગર, નિરંજન, નિરાકાર ઈશ્વર તેમની પાસે જ છે. અને જીવનમાં કોઇ નવો માર્ગ અપનાવવા માટે તેમને આંગળી ચીંધી રહેલ છે.

પોતાના જન્મનો હેતુ સંસારના રંગરાગમાં લપટાવા માટે નથી પરંતુ ઊર્ધ્વગામીત્વ પ્રાપ્ત કરી પ્રાણીમાત્રના કલ્યાણ માટે જ છે.

જેના આવાગમન પાછળ દૈવી સંકેત છે. પ્રભુનો સંદેશો ઝીલી સામાન્ય જનસમાજ સુધી પહોંચાડવા માટે જેને કુદરતે આટલી શકિતઓ બક્ષી છે. આધ્યાત્મિક ઇતિહાસમાં શું આ સત્ય નથી પૂરવાર થયું?

મહાસાગરના પરપોટાની પેઠે પદાર્થોનો ઉદ્દભવ અને લય થાય છે, પરંતુ પરમ ચૈતન્યનું શાશ્વત સ્વરૂપ સમજાવવા આવા જ્ઞાની પુરુષની રાહ જોવાય છે. ધાર્મિક દૃષ્ટિ, તપશ્ચર્યા, ત્યાગ અને આધ્યાત્મિક અનુભવોથી સભર એવા પ્રાચીન ભારતવર્ષમાં અનેક સંતો થયા છે અને આ આર્યભૂમિને નવપલ્લવિત કરવા અનેક આવે છે અને આવશે.

પ્રત્યક્ષ પ્રમાણ વિના ધર્મના વિચારોને અંધશ્રદ્ધાથી સ્વીકારવા રૂપનું મન તૈયાર ન હતું. પરંતુ તેનું હાર્દ સમજવા મન અત્યંત ઉત્સુક રહેતું. રૂપનું ચિત્ત આધુનિક સંશયોથી ભરેલું હતું.

આ સાપેક્ષ જગતમાં બુદ્ધિ આત્મસાધના માટે શ્રેષ્ઠ સાધન છે પણ એનાથી પર એવા આત્મ તત્ત્વનો અનુભવ આ સાધના દ્વારા થશે કે કેમ? એવો સંશય રૂપના મનમાં ઊભો થયા કરતો હતો.

રૂપમાં તીવ્ર બુદ્ધિ અને આત્માના ચિંતનશીલ સ્વભાવનો સંયોગ હતો. તપ અને ત્યાગની ભાવનામાં સેવાનો ઉચ્ચ આદર્શ સમાયેલો હતો. આ બે પ્રવાહોના સમન્વયમાંથી જ નવીન રૂપ પ્રગટવાનું હતું.

બાહ્યજગતની દૃષ્ટિએ રૂપમાં વિરોધાભાસ દેખાતો. પરંતુ એમની આંખો, એમના અંતર્મુખ ચિત્તની સાક્ષી પૂરતી હતી. મિત્રોમાં એ અસામાન્ય લાગતા કારણકે એમનું ચિત્ત અંતરના ઉંડાણમાં કાંઈક શોધી રહ્યું હતું.

આધ્યાત્મિક વિચારોની અસર હોવા છતાં નાની વયને લીધે રૂપના મનમાં નવા વાતાવરણની જુદીજુદી છાપ પડતી. તેમનું મન અને વિચારો જૂની પ્રણાલિકાઓને નષ્ટ કરવા માટે બળવો કરી રહ્યું હતું. હૃદયનું વલોણું ચાલુ જ હતું. ઊર્ધ્વગામી અને બળવાન વિચારો રૂપને જુદી દિશા તરફ લઇ જતા હતા. રૂપની માન્યતા અનોખી હતી. "મંદિરોમાં જવાથી અને ભેટો ધરવાથી ઈશ્વર પ્રસન્ન નહિ થાય, પણ પ્રાણી માત્ર પ્રત્યે અનુકંપા અને પ્રેમ વરસાવવાથી પ્રભુ રાજી થશે. ધર્મ ક્રિયાકાંડ અને માત્ર અનુષ્ઠાનમાં નથી પણ સેવા અને સ્વાર્થત્યાગમાં છે.

પણ મમતાના પાશમાં બંધાયેલા પિતાને જાણ નહોતી કે એક દિવસ આજ રૂપ બુદ્ધિ અને કરુણાનો સમન્વય કરવાનો છે. ચિંતન અને કર્મનો સહયોગ



સાધવાનો છે અને તપ તથા ત્યાગમાં સેવાનો આદર્શ ઓતપ્રોત કરીને જગત સમક્ષ રજૂ કરવાનો છે.

કોઇ અદૃશ્ય બળ રૂપને આત્મિક ક્ષેત્રમાં નવનવાં સર્જન અને નવનવાં પ્રસ્થાન કરવા અને જીવનમાં નવો પ્રકાશ પાથરવા પ્રેરણા આપી રહ્યું હતું. આથી રૂપનું મન આત્માની ખોજ તરફ અને પ્રેમ માર્ગ તરફ ખેંચાતું ગયું.

"બધું છોડ, આત્મ કલ્યાણ અને સર્વોદયની કલ્યાણ યાત્રા માટે જીવન સમર્પણ કરી દે," આ સંદેશ હૃદયના અંતઃસ્તલને અપરિગ્રહના પથિક બનવા પ્રેરણાનાં પીયૂષ પાઇ ગયો.

રૂપના જીવનના દરેક પ્રસંગો રહસ્યમય ભાવિનું દર્શન કરાવતા હતા. રૂપને હવે પ્રતીતિ થઇ હતી કે દુન્યવી પ્રેમ જેમાં મિલનના આનંદ પછી વિયોગનાં આંસુ સારવાના છે તે કરતાં કદી નિરાશ ન કરે એવો આત્મા પ્રત્યેનો પ્રેમ અખંડ છે.

અશ્રુઓ જો આત્મા માટે સારું તો શું આત્માનાં દુર્લભ દર્શન સુલભ નહિ થાય? સંસાર સાગરમાં જીવન વિતાવવા કરતાં ધર્મ તરફ વધુ સચોટતા અને ધીરજ રાખીને ધર્મની અનુભૂતિ કરવાની છે.

પ્રિય માતા, લાડલી બેનડી અને નિર્દોષ કુમારિકાના મૃત્યુએ અને ગંભીર માંદગીમાં થયેલાં અલૌકિક દર્શનથી રૂપને જીવનમાં ક્રાંતિનાં દર્શન થયાં.

★

## જીવનઘડતર-૧૪

રૂપનું બળવાખોર માનસ જોઇને બાળપણથી પિતાશ્રીએ રૂપના મનમાં ધર્મના ઊંડા સંસ્કારો રેડયા હતા. એટલે મૂર્તિપૂજા એ આધ્યાત્મિક ધ્યેયને પહોંચવા માટેનો માર્ગ છે તે રૂપને સમજાવ્યું હતું. છતાં પ્રત્યક્ષ પૂરાવા વિના તે કોઈપણ વસ્તુમાં અંધશ્રધ્ધાથી ઝંપલાવવા તૈયાર નહોતો.

રૂપની યુવાવસ્થાનું ઘડતર ચાર પ્રકારે થયું છે: કૌટુમ્બિક ધર્મના સંસ્કારો, લોહીની સગાઇનો વિયોગ, પૂર્વભવનો તીવ્ર ક્ષયોપસમ અને બહુમુખી અધ્યયન અને વિશાળ વાંચન.

રૂપના જીવનમાં નિરાભિમાનતા હતી. સાથે આત્મામાં કરુણા, પોતાની ફરજનું સાચું ભાન, સત્યનિષ્ઠા, બીજાઓનું બૂરું ઈચ્છવાના વિચાર માત્રનો અભાવ, સ્વયં પ્રેરણાથી જાતને સુધારવાની તાલાવેલી-આ બધાં લક્ષણો તેને જીવનના ઊંચા સ્થાને લઇ જનારાં હતાં. તેના ભાવિની આગાહી કરતાં હતાં-પિતાનું ઉચ્ચ ચારિત્ર અને પિતા તરફની ભકિતએ રૂપમાં જાગૃતિ આણી હતી.

સ્વ-જાગૃતિમાંથી સમગ્ર માનવ જાતને સંતોષને શાંતિ અર્પવાની ભાવના પ્રગટી-સત્યનિષ્ઠામાંથી સત્યની શોધ જન્મી. અન્યનું બૂરું ન ઇચ્છવામાંથી અહિંસાનો પ્રારંભ થયો.



રૂપના દરેક વિચાર પાછળ સ્વાનુભવનું બળ દેખાતું હતું, એમનું ચિંતન વ્યાપક અને હમદર્દીવાળું હતું, તેમજ તલસ્પર્શી અને વાસ્તવદર્શી હતું. અને પ્રત્યેક ચિંતન પાછળ જીવંત તત્ત્વ હતું. હઠાગ્રહ ન હતો. બીજાની વાત ખરી લાગે તો સ્વીકારવાની ખેલદિલી હતી. નાની ઉમરથી જ તેમની વાણીનો પમરાટ સહુ કોઇને પ્રફુલ્લિત અને પ્લાવિત કરે તેવો હતો.

રૂપને થતું ઈશ્વર બુદ્ધિ ગમ્ય નહિ, પરંતુ અનુભવ ગમ્ય છે.

ઇશ્વર, સત્ય-પ્રેમ આ બધાય પર્યાયવાચી શબ્દો છે. ઇશ્વર એટલે સત્ય, સત્ય એટલે પવિત્રતા, પવિત્રતા એટલે નિર્ભયતા. નિર્ભયતા એ ગુણોનું ઉદ્ગમ સ્થાન છે. ચૈતન્ય સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. અવિનાશી અને અવિકારી છે.

માનવ સેવા જ નહીં પણ પ્રાણી માત્ર પ્રત્યે અહિંસા અને દયા વહાવવાની છે.

રૂપના જીવનમાં આવા વિચારો ઘોળાયા કરતાં હતા. આ બધા વિચારોને મૂર્ત સ્વરૂપ આપવા શું કરવું તેની વિમાસણ ચાલતી હતી ત્યારે તેમના પિતાશ્રીએ તેને તીર્થ યાત્રાએ લઇ જવાનો નિર્ણય કર્યો.

પુત્ર પિતાના આધ્યાત્મિક વિચારોનો વારસદાર બને એનાથી અધિક સારું શું હોઈ શકે? દુન્યવી વસ્તુઓ અને દુન્યવી વિચારો તો બધા મા બાપ વારસામાં આપી જાય છે, પણ જે પિતાના મનમાં ત્યાગ વસી ગયો હતો

એ પિતાનો પુત્ર પણ એ પંથે નીકળી પડવા માટેના અભિલાષ ધરાવે એ અંતરનો ઉલ્લાસ શબ્દોમાં કેમ મૂકી શકાય?

રૂપ તેના જીવનનો કોઈ માર્ગ ગ્રહણ કરે તે પહેલાં બધાં તીર્થસ્થાનો અને સંતોના સમાગમમાં લાવવા માટે રૂપના પિતાશ્રીએ પ્રબંધ કર્યો.

જીવનમાં ઘણીવાર માનવીની પ્રબળ અને પ્રખર ઈચ્છા હોવા છતાં, કર્મને લીધે અમુક બનાવો બને છે અને જીવન એક નવો જ વળાંક લે છે–તેમ છતાં અંતરમાં વવાયેલું બીજ મોડું વહેલું પણ ફણગો બનીને બહાર આવે જ છે.

રૂપના જીવનમાં પણ એમ જ બન્યું. પાલીતાણા તીર્થયાત્રા માટે પિતાજી સાથે ગયા ત્યારે પૂ. આચાર્યશ્રી વિજયભક્તિસૂરીશ્વરજીનો સમાગમ થયો અને જૈન ધર્મનું જ્ઞાન મેળવ્યું. પૂર્વભવના ધાર્મિક સંસ્કારો જીવનને નવો આકાર આપી રહ્યા હતા. દીક્ષા અંગીકાર કરવાનો વિચાર પણ ઉદ્ભવ્યો હતો. આ બધું હોવા છતાં એક બે નાના બનાવોએ રૂપને વિચાર કરતો કરી મૂકયો. ત્યાગ ભાવના જરા ઢીલી પડી.

★

### મહાન કોણ

કોઈએ કરેલા ઉપકારની કદર કરે એ સજ્જન છે; અપરિચિત ઉપર ઉપકાર કરે એ અતિસજ્જન છે; પણ અપકાર ઉપર ઉપકાર કરે એ સજ્જન નહિ, અતિસજ્જન નહિ, પણ મહાન છે.

## શ્રદ્ધાનું દોલન–૧૫

રૂપ અને તેના પિતાશ્રી યાત્રા કરતાં કરતાં બિહાર શરીફ પહોંચ્યા. રૂપને બિહાર શરીફ આવતાં તાવ આવ્યો ત્યાં શ્રી લક્ષ્મીચંદજી શુચન્તીને ખબર પડી કે આ પિતાપુત્ર બન્ને ખૂબ ધર્મનિષ્ઠ છે. દીક્ષાની ભાવનાવાળા છે, સાધર્મિક તરીકે તેમનો ભાવ તો હતો જ એથી પિતાપુત્રને સારી જગ્યાએ ઉતારો આપ્યો. શ્રી લક્ષ્મીચંદજીએ તેમને માટે દવાની વ્યવસ્થા કરી. તેમની પુત્રી સોહાગકુમારી જે રૂપથી બે પાંચ વર્ષે મોટાં હતાં તેમને રૂપની સેવા કરવા માટે શ્રી લક્ષ્મીચંદજીએ આજ્ઞા આપી. મોટાંબહેન જેવાં સોહાગકુમારી રૂપની સેવામાં રોકાઈ ગયાં. રૂપને વિશેષ તાવ હોવાથી બરફની કોથળી મૂકવી, દવા–ચા–કોફી મોસંબીનો રસ વગેરે બધી વ્યવસ્થા અને સેવા સુશ્રૂષા બહેન કરતાં. આ તાવ લગભગ એક અઠવાડિયું ચાલ્યો. રૂપને તાવ ઊતરી ગયો–પિતાને શાંતિ થઈ. સોહાગકુમારીની સેવા ફળી. શ્રી લક્ષ્મીચંદજીને વિશેષ આનંદ થયો. રૂપને હવે સારું હતું. શક્તિ ધીમે ધીમે આવતી હતી ત્યારે એક દિવસ વાતવાતમાં સોહાગકુમારીએ રૂપને સમજાવ્યું કે ભાઈ રૂપ! આ સાધુઓની દુનિયા તમે માનો છો તેવી સારી નથી. આ લોકો સ્વાર્થી હોય છે. તમે ભોળા ભદ્રિક છો–તો આ યુવાન વયે દીક્ષા લઈને પછી પસ્તાવાનો વખત ન આવે. જો

વૈરાગ્ય કાચો હશે તો પાછા નહિ અવાય તે ખૂબ શાન્તિથી વિચારશો. આ બહેન સોહાગકુમારીની વાત રૂપને એ વખતે તો એટલી ન ગમી.

ગુણીયાજી ગામમાં ધર્મશાળામાં રહ્યા ત્યાં બીકાનેરના એક જતિ મળ્યા—રૂપે કાંડે ઘડિયાળ પહેરેલું એનો પટ્ટો સોનાનો લાગતો હતો. જ્યારે શિષ્યે પૂછ્યું કે આ પટ્ટો શાનો છે? ત્યારે રૂપે "ગમ્મત કરી. સાવ સોનાનો છે." પટ્ટો સોનાનો હતો નહિ. પેલા શિષ્યે ખાવા માટે રૂપને આગ્રાના પેંડાં મોકલ્યાં. રૂપે એ મીઠાઇ ખાધી અને રૂપને તાવ આવ્યો. રૂપના પિતાશ્રી સામાયિકમાં હતા. રૂપ તાવમાં સપડાયેલા અને થોડા તંદ્રામાં હતા, ત્યારે લાગ જોઇ શિષ્યે ચૂપકીથી આવી ઘડિયાળ કાઢી લીધું. રૂપને તેનો ખ્યાલ ન રહ્યો.

ભાનમાં આવતાં ઘડિયાળ ગુમ થયાની વાત જાણી અને પિતાશ્રીને એ વાત કરી પણ પિતાશ્રીને એમ કે રૂપને તાવ હોવાથી આવી ગાંડી વાત કરે છે. પણ હાથ ઉપર જોવાથી ખબર પડી કે ઘડિયાળ જરૂર ચોરાઇ ગયું છે. બીજે દિવસે જતિને પિતાશ્રીએ વાત કરી. એમણે ચેલાને બોલાવ્યો પણ તે તો કહે મને ખબર નથી. આ બધું જોઇ રૂપના મનમાં ઘૃણા થઇ આવી. જતિને રૂપે સાધુ માન્યા એટલે સાધુ પ્રત્યે ઘૃણા છૂટી.

એમાં સોહાગકુમારીએ કરેલી વાતને ટેકો મળ્યો. સંમેતશિખર અને વળતાં પાટણમાં પણ એવા જ બે કડવા અનુભવ થયા.



રૂપનો દીક્ષા લેવાનો ભાવ બદલાયો. પિતાશ્રીને કહી દીધું કે હવે મને દીક્ષાના ભાવ નથી. પિતાશ્રીનું મન તો વૈરાગ્ય તરફ વળી ગયું હતું એટલે પિતાશ્રીએ પાછા ટુમકુર જવાની ના કહી. તેઓ પાલીતાણા રહ્યા અને રૂપને બેંગ્લોર મોકલ્યા. ત્યાં રૂપના દૂરના કાકા હતા. કાકાને કાપડનો વેપાર હતો.

યાત્રામાં આચાર્ય પ્રવર પૂ. શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મળ્યા. તેમના સમાગમથી જૈન ધર્મ, જૈન તત્ત્વજ્ઞાન—જૈન સંસ્કૃતિ—જૈન ઇતિહાસ વિષે ઘણું ઘણું જાણવાનું મળ્યું—જૈન ધર્મના સિધ્ધાંતો વિશ્વશાંતિના પ્રેરક બળો છે. તે જ્યારે વિદ્વાન આચાર્યશ્રીએ દર્શાવ્યું ત્યારે આપણા રૂપનું મસ્તક તેમના ચરણોમાં નમી પડયું. તેઓશ્રીના પ્રત્યે અહોભાવ જાગ્યો પણ સત્વર દીક્ષાના ભાવ ન જાગ્યા.

પાટણમાં આચાર્યશ્રી વિજયભક્તિસૂરીશ્વરજીનો સમાગમ થયો. અહી પણ જ્ઞાનગોષ્ટિમાં ઘણું જાણવાનું મળ્યું પણ ભક્તિના નામે ભક્તોમાં જોયેલા કષાયોથી રૂપનું મન ભાંગી પડયું. દીક્ષાનો વિચાર મુલતવી રહ્યો.

★

### પ્રેમ–પ્રતિકાર

લોહીથી ખરડાયેલાં કપડાં લોહીથી નહિ, પણ પાણીથી શુધ્ધ થાય છે, તેમ તિરસ્કારનો પ્રતિકાર ક્રોધથી નહિ, પણ પ્રેમથી જ થાય.

## રૂપની જ્ઞાન પિપાસા–૧૬

રૂપને શાળા–કોલેજનાં પાઠ્યપુસ્તકો સિવાય સાહિત્યના પુસ્તકો વાંચવાનો જબરો શોખ હતો. રોમારોલા, કવિવર ટાગોર, કવિકાલીદાસ, જયદેવ, બર્નાડ શૉ, આઈન્સ્ટાઈન અને ટૉલસ્ટૉય જેવા મહાન વિચારકો–તત્વવેત્તાઓ અને વિજ્ઞાનવીરોનાં પુસ્તકો તેમને ખૂબ જ ગમતાં–એ ગ્રંથરત્નો-માંથી જીવનની પ્રેરણા મેળવતા–આ બધા સાહિત્ય સ્વામીઓ તરફ તેમને ખૂબ સન્માન હતું.

રૂપને નવલકથાઓ વાંચવાનો પણ શોખ હતો. ચિંતનાત્મક વિચારો ધરાવતાં પુસ્તકો તેઓ ખૂબ ભાવથી વાંચતા અને વિચારતા. લેખનકળા તો તેમણે શાળાના અભ્યાસ દરમિયાન ખીલવી હતી અને તેમના આજના ગ્રંથરત્નો ઉપરથી જોઈ શકાય છે કે તેઓશ્રી કેવા ઊંડા ચિંતક–વિચારક અને સાહિત્ય સર્જક છે.

શ્રી અરવિંદનું Life Divine કન્નડમાં થયેલું ભાષાંતર Count of Montecristo અને નોવેલ war & Peace ની રૂપના માનસ ઉપર ઘણી ઊંડી અસર થઈ હતી. રૂપને ગુજરાતી તો પહેલાં આવડતું નહોતું. દીક્ષા અંગીકાર કર્યા પછી ગુજરાતી ભાષાનો અભ્યાસ કર્યો તેમાં તેઓ કેવા યશસ્વી અને સાહિત્ય સ્વામી બની ગયા છે તે તેઓશ્રીના આજના મુગ્ધકર સુધાભર્યાં પ્રવચનોથી



સમજાય છે. હિન્દી ભાષા પણ તેમણે ખીલવી છે અને બન્ને ભાષા પર સારું પ્રભુત્વ મેળવ્યું છે. મહાત્મા જેમ્સ એલનના ચિંતનાત્મક પુસ્તકો As a man thinketh, cut from The hearty, Poverty to Powerની રૂપના મનપર ઘેરી અસર થઈ હતી.

૧૯૪૨ પછી ગુજરાતના સાહિત્ય સ્વામીઓ શ્રી ધૂમકેતુ, મુનશી, રમણલાલ દેસાઈ વગેરેનો સમાગમ થતાં ગુજરાતી સાહિત્ય તરફ તેમને ખૂબ પ્રેમ જાગ્યો. જુઓ, તેમના આજના ચિંતનાત્મક ગ્રંથ રત્નોની કેવી મધુર શૈલી છે! તેમની જ્ઞાન ગંગાનું પાન હજારો યુવાનહૃદયો ને વિદ્વાનો કરી રહ્યા છે. રૂપના જીવનમાં કવિવર ટાગોરનાં લખાણોએ ઘણી ઘેરી છાપ પાડી હતી.

મહાપુરુષોની સરખામણી ન હોઈ શકે પણ આજના આપણા ચરિત્ર નાયક મુનિશ્રી ચિત્રભાનુની પ્રતિભા એવી સોળે કળાએ ખીલી રહી છે કે કવિવર ટાગોર અને તેમના જીવનમાં, દેખાવમાં, માનસમાં, ઊર્મિતન્ત્રમાં, વકતૃત્વ કલામાં, ગ્રંથ રત્નના નવાનવા ચિંતનશીલ વિચારો અને ભાવોમાં ઘણી સામ્યતા જણાશે. કૌટુંબિક સમૃદ્ધિ–પૂર્વજોની પ્રતિષ્ઠા–સંગીત કલાત્મક દૃષ્ટિ–જન્મ અને ઊછેર બન્નેનો લગભગ સરખાં. રૂપને પણ પોતાના ઊછેરમાં શ્રી ટાગોર જેવી જ બધી સુખ સાહ્યબી મળી હતી. રૂપના પિતા પણ શ્રીટાગોરના પિતાની માફક તેમના ઊંચા

ચારિત્ર્ય અને આધ્યાત્મિક દૃષ્ટિ માટે મહર્ષિ તરીકે ઓળખાતા. શ્રી ટાગોરની માફક રૂપ પણ બાળપણથી જ ચિંતકતત્ત્વવેત્તા-પ્રસિધ્ધ વકતા, ક્રાન્તદૃષ્ટા અને મહામાનવ બનવા સર્જાયા હતા.

રૂપનું વાચન તો ખૂબ વિશાળ હતું. કેટલાય પુસ્તકોનું અવગાહન તેમણે નાનપણમાં જ કરી લીધું હતું. તેમને હિન્દી, કન્નડ, અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, બંગાલી, તેલુગુ ભાષા પર સારું પ્રભુત્વ મેળવ્યું છે.

ચિંતકો-લેખકો-કથાકારો-સંગીતજ્ઞો-વિદ્વાનો-પ્રોફેસરો વિજ્ઞાનીઓ - કોલેજના અભ્યાસીઓ- વકતાઓ-વિવેચકો બધાજ બધા તેઓશ્રીને પ્રિય અતિપ્રિય હતા. તે બધાની ઊંડી અસરને લીધે જ તો તેમની શૈલીમાં મધુરતા ચિન્તનમાં અદ્યતન દૃષ્ટિ છે કે શ્રોતાજનો મુગ્ધ થઇને સાંભળ્યા જ કરે, તેમની ચિંતનકણિકાઓ પ્રેરણાત્મક શકિત છે. તેમનાં પ્રવચનો જીવનનું સાચું દર્શન આપે છે. તેમના વાર્તાલાપો પ્રેમભર્યાં અને મનોરમ છે.

શ્રવણનું ચરિત્ર વાંચતાં હૃદયમાં માતાપિતાની સેવા કરવાની ભાવના જાગી ઊઠે છે અને શ્રવણે પોતાના અંધ માતાપિતાને કાવડમાં લઇ જઇને તીર્થયાત્રા કરાવી તે દૃશ્ય આંખ સામે ખડું થાય છે પણ આપણા ચરિત્ર નાયક તો આંધળાની માફક લક્ષ્મી—સત્તા—કીર્તિ અને મોહ માયા પાછળ દોટ મારતી માનવજાતને જ્ઞાન ચક્ષુ દ્વારા દિવ્ય પ્રકાશ તરફ દોરનાર મહા-



માનવ બનનાર છે. તેઓશ્રીની જ્ઞાન પિપાસા આજે પણ એવી જ અસ્ખલિત છે. તેઓના ગ્રન્થોનું ચિંતન-મનન-નિધિધ્યાસન હજારો હૈયાંને ઠારે છે. હજારોને હસાવે છે. હજારોને પુલકિત કરે છે. હજારોને રડાવે છે. હજારોને ચેતના આપી જાય છે. હજારોને પ્રેરણાનાં પીયૂષ પાય છે-હજારોનાં જીવનને નવું દર્શન આપે છે-હજારો દુઃખી દર્દીને સાંત્વન આપી જાય છે હજારોનાં જીવનની કાયાપલટ કરે છે.

★

## સ્વર્ગ અને નરક

અંતઃકરણમાં સદ્‌વિચાર હોય ત્યારે સમજવું કે તમે સ્વર્ગમાં છો, અને અંતઃકરણમાં અસદ્‌વિચાર હોય ત્યારે માનજો કે તમે નરકમાં છો, અંતઃકરણ ઉપર લાગેલો સદ્ કે અસદ્ વિચારોનો પટ જ અંતે માનવીને સ્વર્ગ અને નરકમાં લઇ જાય છે.

## દેશ પ્રેમનો દાવાનળ-૧૭

તીર્થયાત્રા કરી આવ્યા પછી પિતાશ્રીએ રૂપને ફરી બેંગ્લોર અભ્યાસ અને અનુભવ માટે મોકલ્યા. અને પિતા તો પાલીતાણા જઈને ધર્મ, ધ્યાન અને જ્ઞાન ગોષ્ઠિમાં સમય પસાર કરવા લાગ્યા.

રૂપના દૂરના કાકાની બેંગ્લોરમાં મોટી દુકાન હતી. તેમને રૂપનું ધ્યાન રાખવાની ભલામણ કરી પિતાશ્રીએ પોતાનું મન ધર્મ તરફ વધુને વધુ વાળવા માંડ્યું.

રાષ્ટ્રીય ચળવળ ૧૯૩૦ પછી પૂરજોશમાં ચાલી હતી. ૩૬-૩૭માં તો હજારો યુવાન યુવતીઓએ ઝંપલાવ્યું હતું. મહાત્માજીના યંગ ઇન્ડિઆ અને નવજીવન પર તવાઇ આવી હતી. જેલો ઊભરાવા લાગી હતી. ગાંધીજીના તાતાં તીર જેવાં ભાષણોએ ભારતભરમાં અજબ ચેતના લાવી દીધી હતી. દેશ સૈંકડો વર્ષોથી ગુલામીની જંજીરોમાં જકડાયો હોય ત્યારે યુવાનો જીવનના સોનેરી સમયને અર્થહીન પ્રવૃત્તિઓમાં વ્યતીત કરે અને દેશના સ્વાતંત્ર્યમાં સક્રિય સેવા અને સમર્પણ ન કરે તે રૂપના યુવાન તરંગી મનને ખટકતું. રૂપનું મન આ રાષ્ટ્રીય લડતમાં ઝંપલાવવા થનગની રહ્યું હતું.

રૂપના મનમાં માતૃભૂમિની સેવા કરવાની તમન્ના



લાગી હતી અને તેથી દેશનેતા અને દેશસેવકોના પરિચય માટે મન દોડવા લાગ્યું.

રૂપના માનસિક ઇતિહાસના કટોકટીભર્યા તબક્કાની આ પળો હતી. ઉદ્દામવાદી ટોળીમાં ફરતા ફરતા તેમનું મન રાષ્ટ્રીય ચળવળ તરફ વધુને વધુ દોરાવા લાગ્યું. કોન્ગ્રેસમાં જોડાયા તો ખરા પણ ધીમી ગતિ તેમને અકળાવી રહી. પછી તો બળવાખોર મિત્રોની સોબતમાં નવનવા પ્રયોગો શરૂ કરવા હિંમત કરી.

માતૃભૂમિની હાકલ પડે ત્યારે કયો નરવીર દોડી ન આવે ?

કરોડો હિંદીઓ ઉપર મુઠ્ઠી જેટલા અંગ્રેજો રાજ્ય કરે, કરોડોને અબજો રૂપિયા લૂંટીલૂંટી દેશભેગા કરે, ભારતીય સંસ્કૃતિ અને ધર્મ પર કુઠારા ઘાત કરે, અંગ્રેજી શિક્ષણને નામે પાશ્ચાત્ય સંસ્કૃતિ ઘરઘરમાં ફેશન બનીને પહોંચાડે-હિંદના ઉદ્યોગ-કળા કારીગરીનો કુનેહથી નાશ કરે અને દેશને માટે બળીબળી થઇ જનારને જેલ કે ફાંસી મળે આ બધા જુલમો યુવાન હૃદયોને અસહ્ય થઇ પડયા. મહાત્મા ગાંધીજીએ ભારત ભરના યુવાનો-સ્ત્રી પુરુષો-વિદ્યાર્થીઓ અને રાજદ્વારી પુરુષોને હાકલ કરી અને આખો દેશ આઝાદી માટે બલિદાન આપવા તૈયાર થઇ ગયો. કેટલાક બળવાખોર યુવાનો તો હિંસાથી સ્વતંત્રતા હાંસલ કરવા તલસી રહ્યા હતા.

રૂપ પણ અંતરથી બળવાખોર હતા. ઉંમર નાની પણ

આઝાદીની તમન્ના એટલી બધી બળવતી કે મોટી ઉંમરના બળવાખોર મિત્રોને મળી સક્રિય કાર્ય કરવા પોતાનું નામ પહેલા નોંધાવ્યું. એમાં વફાદારીથી કામ કરવાના શપથ લીધા. કેટલાક મિત્રો શાંતિના ઉપાસક હતા પણ બ્રિટિશ લોકોના અન્યાય-જુલમ અને સલ્તનતને નિભાવવાના અનેક દાવપેચ જોઈને યુવાનો ઉગ્ર બન્યા અને જેલ-દંડ-માર કે ફાંસીની પરવા કર્યા વિના બળવા માટે ઝંખી રહ્યા.

રૂપ ધીમે ધીમે માતૃભૂમિ કેવી રીતે પરતંત્ર બની અને આ ગુલામીની જંજીરો કેમ આવી પડી તે વાતોમાં રસ લેવા લાગ્યા.

રૂપના મનમાં તીવ્ર ભાવના હતી ક્યારે મારી માતૃભૂમિમાં વિગ્રહના સ્થાને શાંતિ, રાગદ્વેષને સ્થાને ભ્રાતૃભાવ, ઊંચનીચને સ્થાને સમાનતા, હિંસાને સ્થાને અહિંસા અને તિરસ્કારને સ્થાને પ્રેમ સ્થાપન લેશે?

રૂપની વય આ બધા વિચારો માટે નાની હતી પણ પૂર્વના સંસ્કારોના બળે તે પ્રાૈઢ યુવાન જેવા વિચારો કરી શકતા. કોઈ વસ્તુ નેતાએ કહી હોવાથી અપનાવવા કે માનવા તૈયાર નહોતા. તર્કસિધ્ધ હોય તો સ્વીકારવા પણ તૈયાર હતા.

રૂપને જીવન કરતાં સત્ય વધારે વહાલું હતું. આદર્શો વધારે પ્રિય હતા. કોઈની બળજબરી સ્વીકારે તેવા પણ નહોતા, તેમજ પોતાનું સ્વત્વ ભૂલી



મિત્રો નચાવે તેમ નાચવા તૈયાર નહોતા. પરંતુ મિત્રો, કુટુંબીજનો, સ્નેહીઓ અને વડીલોની પ્રેમ ભરી લાગણીઓને માન જરૂર આપતા.

પ્રેમ એ માનવજીવનનો ઉંચામાં ઉંચો અને એકમાત્ર કાનૂન છે. એનાથી કયો માનવી અપરિચિત છે! જગતના ખોટા શિક્ષણની રૂપના માનસ ઉપર અસર નહોતી તેથી તે અંતરના અવાજને અનુસરતા. જ્યાં પ્રેમનો કાનૂન નથી ત્યાં હિંસા સિવાય બીજો કયો કાનૂન હોય? કોઈપણ કાર્યથી નિરાશ ન બની બેસતા, પ્રત્યેક પળે તે આશાવાદી રહેતા. દેશની આઝાદીની જવલંત ભાવનાથી પ્રેરાઇ રૂપે દેશપ્રેમના દાવાનળમાં ઝંપલાવ્યું.

★

### સંતોષ

મહાલયને સુંદર કહેનારને લોભી ન માનતા; ઝૂંપડાને ભવ્ય કહેનારને સંતોષી ન કલ્પતા. સાચો સંતોષી તો એ છે જે મહાલય અને ઝૂંપડાના ભેદને ભૂલી સંતોષને શ્રેષ્ઠ અને અસંતોષને કનિષ્ઠ માને.

## યાતના અને અડોળતા–૧૮

ગાંધીજીનો સત્યાગ્રહ અહિંસક હતો પરંતુ ઉદ્દામવાદી યુવાનોને હિંસા દ્વારા ભાંગ ફોડ કરીને અંગ્રેજી સલ્તનતનો નાશ કરવો હતો. બોમ્બ બનાવવા, ભોંયપત્રિકાઓથી અને ભૂગર્ભ પ્રવૃત્તિઓ દ્વારા જનતાને જાગૃત રાખવી અને સલ્તનતને હેરાન પરેશાન કરવી એ કાર્યોમાં કેટલાક યુવાનો મગ્ન હતા. આ માટે માતૃભૂમિની આઝાદી ખાતર કારાવાસ સહન કરવામાં ગૌરવ સમજવું અને આ કારાવાસની યાતનાઓ ઉત્સાહ અને આવેશમાં સહન કરવાનું પ્રિય લાગતું હતું.

યુવાનોના માનસમાં એક બાજુ ગાંધીજી ત્યારે બીજી બાજુ જવાહર–સુભાષ બાદશાહ ખાનના ઉદ્દામ વિચારો ઘૂમી રહ્યા હતા. આંદોલન શરૂ કરવા તલસતા હતા. આ માટે ગમે તે ભોગ આપવા અને, ગમે તે સજા સહન કરવા કોઈ પાછી પાની ન કરે તેવો અફર નિર્ણય હતો.

દેશમાં કોન્ગ્રેસની ચળવળ ચાલતી હતી તે વખતે એક નવું જૂથ ઊભું થયું હતું. તે પણ અસ્થિર હતું. ત્રિપુરા કોન્ગ્રેસ વખતે મતભેદો વધી પડયા અને શ્રી સુભાષચંદ્ર બોઝે Forward Block સ્થાપ્યો, રૂપ આ બધામાં આગળ પડતો ભાગ નહોતા લેતા પણ તેમાં રસ જરૂર હતો.



ક્રાંતિકારી દળના કેટલાક યુવાનોએ સ્ફોટક પદાર્થો, રીવોલ્વર વગેરે એક ભૂગર્ભ જગ્યાએ સંતાડેલ. આ જગ્યાની જાણ C. I. D. ને પડી ગઈ પણ ચોકકસ વ્યકિત મળતી નહોતી. આસપાસ C. I. D. ની નજર ફર્યા કરતી. એ માલ બીજે ફેરવી નાખવાની જરૂર લાગી અને રૂપની ઉંમર નાની (સગીર) હોવાથી આ કામ તેને સોંપવામાં આવ્યું, તે કામ તેણે સ્વીકાર્યું અને કોઈનો પણ વિશ્વાસઘાત ન કરવા શપથ લીધા.

રૂપ એ જગ્યાથી બહાર નીકળતા C. I. D. ની ચુંગાલમાં પકડાઇ ગયા ખૂબ માર પડયો, ભાગવા ગયા તો જોરથી બેઓનેટ ખોસી દીધી. જમણા પગે અને ડાબા હાથે ત્રણ મોટા ઘા પડયા, તેના ઊઝરડા આજે પણ દેખાય છે. રૂપ પડી ગયા, લોહી વહેવા લાગ્યું અને બેભાન બની ગયા. પછીથી ભાન આવ્યું ત્યારે સુતા સુતા રૂપના મનમાં અનેક વિચારો ઉદ્દભવ્યા. કોનું નામ લઉં! પિતાનું નામ લઇશ તો બીજા બધા મારવાડી ભાઈઓ સગાંવહાલાં પકડાશે અને મારે લીધે બધાને હેરાન થવું પડશે. ભાન આવ્યું છતાં રૂપ ત્રણ દિવસ બેભાન અવસ્થા હોય તેમ આંખો બંધ કરીને સૂઇ જ રહેતા. પ્રશ્નો પૂછાય તો શું જવાબ આપવા તે વિચારવા આથી તેમને પૂરતો સમય મળી ગયો. રૂપે નકકી કર્યું કે કોઇનું પણ નામ લેવું નહિ, પછી પોતાનું ગમે તે થાય.

ભાન આવ્યા પછી પૂછયું. ત્યારે કહ્યું કે : મારા માબાપ

તો મરી ગયા છે, હું અનાથ થઇને ફર્યા કરું છું. જે કોઇ કામ આપે તે કામ કરું છું. પૈસા ખાતર મેં આ કામ માથે લીધું. મને ખબર નહોતી કે અંદર શું સામાન છે. સામાન લેવા ગયો ત્યાં તો તમને જોઇને ભાગ્યો. હું તો કોઇને જાણતો નથી. રૂપિયા આપનાર કોણ છે તે પણ મને ખબર નથી. શામ, દામ, દંડ, ભેદ બધા પ્રયોગો રૂપ પર અજમાવવામાં આવ્યા. CID ના માણસોએ તો લાલચ આપી કે તું ખરા માણસનું નામ આપે તો તું છૂટી જઇશ અને તને ખૂબ રૂપિયા મળશે. પણ રૂપે તો સ્પષ્ટ કહી દીધું કે હું કાંઇ જ જાણતો નથી. પોતે રાજસ્થાની છે એમ પણ ન કહ્યું.

પછી તો ૧૯ા દિવસ રેસક્યુ હોમમાં રાખવામાં આવ્યા. રેસક્યુ હોમમાંથી બહાર આવ્યા ત્યારે સાગરીતો રૂપનું ધ્યાન રાખતા હતા.

સત્યનો માર્ગ કઠીન છે. જીવનમાં સત્યને અપનાવવા જીવ આપવાની તૈયારી હોવી જોઇએ. પ્રહલાદનું દૃષ્ટાંત અગાઉ વાંચેલું પણ અનુભૂતિ એને આમ થવાની હતી. ઓગણીસ દિવસમાં ઘણી યાતનાઓ સહન કરવી પડી. આ દિવસો કપરા અને આકરા પણ લાગ્યા, કારણ કે કુટુંબથી દૂર રહેવાનો અને તે પણ એકલા એકલા આવી કોટડીમાં દિવસો વિતાવવાનો પ્રસંગ પહેલી જ વાર સાંપડયો, અને મન મુંઝાવા લાગ્યું.

શારીરિક દુઃખ તો શરીર સહન કરી રહ્યું હતું



પણ આ બનાવની જાણથી પિતાને કેવો આઘાત લાગશે એની ચિંતાથી મન અસ્વસ્થ બની ગયું. રાત્રિઓમાં પિતાની દુઃખભરી આકૃતિ નજર સમક્ષ ખડી થતી અને નિદ્રાને હણી જતી. રૂપને પિતા પ્રત્યે પ્રેમ-ભક્તિ અને અનન્ય આદર હતો. પિતા માટે મનમાં અપૂર્વ ગૌરવ હતું. પિતાને પણ રૂપની નીડરતા, સ્પષ્ટ વિચારો અને બુદ્ધિગમ્ય દલીલો કરવાની આવડતની જાણ હતી. રૂપને જગતમાં કોઇનો ભય નહોતો. પણ પિતાના ભાવમાં પ્રેમથી ભીંજાઇ ગયા હતા. પોતાના ઉદ્દામવાદી વિચારોમાં પણ પિતાનું મન સાચવવા પ્રયત્ન કરતા હતા.

એક રાત તો બહાર વીતાવવી પડી. બીજે દિવસે સાંજના સાડાસાતે અમુક ગાડીમાં હુબલી ચાલ્યા જવા સંકેત મળ્યો. આઠમા સ્ટેશને સંદેશો મળ્યો એ સંદેશો શ્રી હનુમંતૈયાનો શ્રી સતીશબાબુ પરનો હતો અને તેઓ શ્રી સુભાષબાબુને મેળવી આપશે તેમ જણાવ્યું. ખરચી માટે રૂા. ૧૫૦ આપેલ.

રૂપ કલકત્તા આવ્યા પણ અહીં શ્રી સુભાષ બાબુ પર Horniman Monument નો રાજદ્વારી કેસ ચાલતો હતો.

પછી એક દિવસ સુભાષબાબુના નિવાસે રૂપ તેમને મળ્યા. રૂપની ભાવના-દેશપ્રેમ અને ચતુરાઇ જોઇ સુભાષબાબુને તેના તરફ ભાવ જાગ્યો. સુભાષ બાબુ તેને પોતાના પુત્ર માનતા હતા. રૂપને કન્નડ ભાષામાં આવતાં ન્યુઝપેપર્સના રાજદ્વારી લેખોના કટિંગ્ઝનો અનુવાદ કરી સુભાષબાબુને

આપવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સુભાષ બાબુને ત્યાં રૂપ ૨૧ દિવસ રહ્યા પણ સુભાષબાબુને ગુપ્તસ્થળે જવાનું થયું. તેની ગંધ રૂપને પણ આવી ગઇ. કોઇ બીજું સુભાષબાબુને બદલે આવી જવાની વાત જાણી લીધી.

રૂપ ત્યાંથી નીકળી ચિંતામાં પડયા કે હવે કયાં જવું ? કલકત્તામાં કેનીંગ સ્ટ્રીટમાં જૈન મંદિર છે. ત્યાં રૂપ દર્શને ગયા. ત્યારે ઉપાશ્રયમાં ત્યાંના ધર્મનિષ્ઠ કાર્યકર્તા શ્રી લીલાધરભાઇ મળ્યા. તેમણે કહ્યું. તમારા પિતાશ્રી પાલીતાણા તમારી ચિંતા કરી રહ્યા છે. તેઓ તમારી શોધમાં ચિંતાતુર અને દુઃખી છે. રૂપને પિતાજીનો પ્રેમ સાંભરી આવ્યો તે ગદગદ થઇ ગયા. પિતાને મળવા પાલીતાણા જવા નિશ્ચય કર્યો. મનમાં ઘણી અશાંતિ હોવાથી પાવાપુરીનાં દર્શન કરીને જવાનું વિચાર્યું.

★

**ખુશામત**

માણસને રિઝવવા માટે કરવામાં આવતી ખુશામત તો મધુર દૂધમાં તેજાબ રેડવા બરાબર છે, એથી માણસ જામતો નથી, પણ ફાટે છે.

## મનોમન્થન-૧૯

રૂપના મનમાં નાનપણથી આધ્યાત્મિક ભાવોનું સિંચન કરવામાં આવેલું. આત્માની વાતમાં રૂપને રસ હતો. આત્મા વિષે વધુ ને વધુ જાણવાથી જીજ્ઞાસાથી તીર્થયાત્રા અને સંતોનો સમાગમ પણ મેળવ્યો હતો. તેમ છતાં રૂપને દેશની સ્વતંત્રતા ખાતર ચળવળમાં જોડાવાનું મન થયું હતું.

દેશની આઝાદી ખાતર સર્વસ્વ સમર્પણની ભાવના છતાંયે અંતરના ખૂણામાં વાવેલું આધ્યાત્મિક બીજ એનો સમય આવતાં ઊગી નીકળે છે. રાજકીય પ્રવૃત્તિમાં જોડાવા છતાં રૂપના વિચારો ઊર્ધ્વગામી હતા.

રૂપને સંપ્રદાય કરતાં માનવજાતના શાશ્વત અને સર્વવ્યાપી મૂલ્યોનો આગ્રહ વધારે હતો. ઇશ્વર કોઇ જગ્યાએ રહે છે, અગર તો આસ્માનનાં વાદળાઓમાં છૂપાયેલો છે અગર તો સ્વર્ગમાં કે પાતાળમાં બેઠો છે એવું ન માનતા, ઈશ્વર એક આંતર વૈભવ છે અને પ્રત્યેક આત્મા એ શક્તિને પુરુષાર્થ વડે બહાર લાવી શકે છે એમ માનતા.

રૂપનું પ્રત્યેક કાર્ય આત્માની શ્રધ્ધા પર નિર્ભર હતું. ખોડખાંપણવાળો માણસ જીવી શકે છે પણ આત્મશ્રધ્ધા વિહોણો માનવી જીવતાં જીવે મૃત્યુ અનુભવે

છે. શરીરને જેમ ખોરાકની જરૂર છે તેમ આત્માને પ્રાર્થનાની. પ્રાર્થના એ આત્માની ઝંખના છે. દિલ વગરની પ્રાર્થના એ તો માત્ર જડ શબ્દો છે. શ્રદ્ધાયુક્ત મૂક પ્રાર્થના એ જ સાચી પ્રાર્થના છે. પ્રાર્થના એ પ્રભાતનો પ્રારંભ અને સંધ્યાનો વિરામ છે. શ્રધ્ધા એ તો પ્રાર્થનાનો પ્રાણ છે. શ્રદ્ધા એ બુદ્ધિ કે તર્કથી અતીત છે. શ્રધ્ધા વિનાનું કાર્ય કે સાધના એ પાયા વિનાના પ્રાસાદ જેવું છે. શ્રધ્ધાએ કોઈ કુમળું ફૂલ નથી કે શંકાની જોરદાર હવા આવતાં ઉખડી જાય, એ તો અડોલ હિમાલય જેવો અચલ પર્વત છે, ગમે તેવા ઝંઝાવાતનો સામનો કરી શકે છે.

રૂપના મનમાં ભયને સ્થાન નહોતું. કારણ કે અંતર શ્રધ્ધાથી ભરપુર હતું. શ્રધ્ધાનો અભાવ ભયને જન્મ આપે છે. સત્ય અને શ્રધ્ધા તો મૃત્યુને પણ પડકારે છે.

રૂપના જીવન સિધ્ધાંતો સત્ય અને અહિંસા હતા. વિદ્યુતના Negative & Positive બે તારની માફક એના જીવનમાં વણાયેલા હતા. એક તાર છુટો પાડો તો પ્રકાશ અંધકારમાં ફેરવાઇ જાય છે. સત્યને અહિંસાથી છૂટું પાડતાં જીવન અંધકારમય બની જાય છે. સત્યને અહિંસા એક સિકકાની બે બાજુ છે. અવિભાજ્ય છે. પણ અહિંસા સાધન છે તો સત્ય સાધ્ય છે.

સત્ય અને અહિંસા એ રૂપના જીવનના બે મુખ્ય આધાર સ્થંભો હોવા છતાં જૈન ધર્મના મુખ્ય પાંચ વ્રતો



અહિંસા–સત્ય–અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પ્રત્યે પણ તેમનું દિલ લોહચુંબકની માફક ખેંચાતું લાગ્યું.

દુશ્મન તરફ પ્રેમ એ તેમનું ધ્યેય હતું. રૂપની દૃઢ માન્યતા હતી કે આત્મશ્રધ્ધાનું જોડાણ નિર્ભયતા સાથે છે. દુન્યવી ભય છોડવા કઠીન નથી પણ અંદરના શત્રુઓ–વિષયો, ક્રોધ, અહમ્, પરિગ્રહ વગેરેનો સામનો કરવો એમાં જ જીવનની મહત્તા છે. આ આંતરિક શત્રુઓને જીતી શકાય તે દિવસે બહારના શત્રુઓ તો આપોઆપ મહાત થઇ જવાના છે.

અપરિગ્રહ એટલે ખાદ્ય વસ્તુઓનો પણ સંગ્રહ નહિ અને તેના પ્રત્યે મોહ પણ નહિ. જૈન દર્શન ઘણું સૂક્ષ્મ છે. અપરિગ્રહ માત્ર વસ્તુઓથી નથી અટકતો, એ તો આગળ વધીને વિચારો સુધી પહોંચી જાય છે. જે વિચારો આપણને સત્યથી વિમુખ રાખે તે વિચારો આપણા નથી, આત્માના નથી. બહારના છે. એવા વિચારો નો ત્યાગ એ જ સાચા અર્થમાં અપરિગ્રહ છે. પરિગ્રહ એટલે ઇશ્વરમાં અવિશ્વાસ.

જો પક્ષી જેવું પક્ષી પણ આવતી કાલ માટે અનાજનો સંગ્રહ કરતું નથી અને સઘળું કુદરત ઉપર છોડી મુક્ત ગગનનો આનંદ માણી શકે છે. તો માનવને તો પાંચ ઇંદ્રિયો, અંગોની પટુતા મળી છે. તેમ છતાં એ શંકામાં પંગુ અને વામણો કેમ બની ગયો?

જેમ એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેમ પ્રેમ અને પરિગ્રહ કદી સાથે ન રહી શકે. રૂપ એમ પણ માનતા હતા કે આપણી સંસ્કૃતિ ત્યાગ પ્રધાન છે નહિ કે ભોગ પ્રધાન.

જેટલી માણસના જીવનમાં જરૂરિયાત ઓછી અને જેટલો એ અંતરથી ઉપાધિમુકત તેટલો જ તે જ્ઞાન–વાચન–મનન–ચિંતન અને પ્રાર્થનાનો આત્મિક આનંદ માણી શકે છે.

સામાન્યમાં સામાન્ય માનવી પણ સુંદર આદર્શો અને નિયમો દ્વારા પોતાના ધ્યેયને સાધ્ય કરી શકે છે.

આત્માના વિકાસ માટે સ્વતંત્ર વિચારો સાથે સત્યશીલતા અને પરિપકવ વિવેક હતો. અને આ વિવેકને લીધે જ પોતે નૈતિક નિયમોના સ્વામી બની શકયા હતા.

રૂપમાં ત્યાગ વૃત્તિ સહજ હતી પરંતુ એ રમૂજી અને આનંદી જીવનના ચાહક અને રસિયા તો પહેલેથી હતા જ.

કોઈપણ સંતને ગુરુપદે ધારણ કરતાં પહેલાં મનમાં ઊભી થતી અનેક શંકાઓનું નિવારણ જરૂરી હતું. મનમાં ચાલી રહેલા મંથનોનો અને હૃદયને વલોવતી યાતનાનો સામનો કરીને પણ અંતે વિજય પોતાનો જ છે. એ પ્રતીતિ રૂપને થતી હતી.

રૂપનું વ્યકિતત્વ અનેક વિલક્ષણતાઓથી ભરપુર હતું. વિનોદ ભર્યા હાસ્યમાં બાળક, સંગીતમાં કળાકાર, બૌદ્ધિક વિષયોના અધ્યયનમાં આચાર્ય સમા અને જીવન દૃષ્ટિમાં તત્ત્વવેત્તા જેવા રૂપ એક અનોખી પ્રતિભાના ધારક હતા.

★

## પાવાપુરીમાં દિવ્યદર્શન–૨૦

રૂપ કલકત્તા છોડીને પિતાશ્રીને મળવા નીકળી પડયા. પાલિતાણા પહોંચતાં પહેલાં જગત વત્સલ અહિંસા મૂર્તિ ભગવાન મહાવીર સ્વામીની પવિત્ર નિર્વાણ ભૂમિનાં દર્શન કરવાની ભાવના થઇ. આ બધી દોડધામ પછી લાવ, શાંતિ લઉં. મનમાં વિચારો આવતા કે રાજકારણ સારું કે સાધુત્વ સારું? દુનિયા માટે કરું કે આત્મા માટે? નેતા બનું કે સાધુ? આ વિચારોના મંથનમાં રૂપ પાવાપુરી આવી પહોંચ્યા.

આ પવિત્ર ભૂમિ જ્યાં ભગવાન મહાવીર સ્વામીએ જગતને છેલ્લી દેશના સંભળાવી, એનું વર્ણન કરવું તે સામાન્ય માનવી માટે અસામાન્ય જેવું જ છે.

આ પવિત્ર પાવાપુરી બિહાર શરીફ સ્ટેશનથી સાત માઈલ દૂર છે અને સુંદર રમણીય સરોવરની વચ્ચે આ દેદીપ્યમાન મંદિર છે.

રૂપાળી ચાંદની રાત્રિએ રૂપ આ મંદિરના દર્શને આવ્યા હતા. ચન્દ્રિકા પ્રકાશ પાથરી રહી હતી. આ રમણીય સરોવરનાં નીર, અર્ધવિકસિત કમળો, આરસનાં મંદિરનો ભવ્ય પડછાયો, આકાશમાં ઝગમગતા તારલિયા, નૈસર્ગિક સૌંદર્યમાં સુવાસ ભરતાં જળકમળો પ્રકૃતિનું

એક અવર્ણનીય હૃદયંગમ દશ્ય ઊભું કરતાં હતાં. રૂપને આ સૌન્દર્યભૂમિમાં ચિન્તનનો અપૂર્વ સમય સાંપડયો.

ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણની એ રાત્રિ રૂપના જ્ઞાન નયનો સમક્ષ જીવંત બની. એમનું ચિત્ત જીવનની લાંબી શોધ પછીની પ્રાપ્તિથી પરિતૃપ્તિ અનુભવી રહ્યું હતું.

રૂપના ચિત્તની સહજ અવસ્થામાંથી એક દશ્ય આવ્યું અને ગયું પણ અખંડ જ્યોત પ્રગટાવી ગયું. રૂપને વિચાર કરતો કરી મૂકયો. પ્રકાશ કયાંથી આવ્યો, આવો દિવ્ય અવાજ કોનો હશે? આ ધ્વનિમિશ્રિત પ્રકાશ પાછળ શું રહસ્ય હશે?

રૂપ તો આ અવર્ણનીય અદ્દભુત પ્રકાશ અને દિવ્ય અવાજ પાછળ શું સત્ય છે તે શોધવા અંદર ડૂબકી મારી ગયો. 'વેદકતા વેદક લહે, બીજા બેઠા વા ખાય.' આ દિવ્ય દર્શનનું વર્ણન ન હોય, માત્ર અનુભૂતિ જ કરવાની હોય.

રૂપને ચાંદી જેવી એ રૂપાળી રાત્રિએ પ્રભુના પવિત્ર ચરણકમળની પાદુકામાંથી—એક દિવ્ય રૂપેરી ઝગમગતો તેજ લિસોટો પ્રકાશ પાથરી ઉપર જતો દેખાયો. આ પ્રકાશ છૂપો—ઊંડો—પણ પ્રેરણાના કેન્દ્ર સુધી સંકેત કરી ગયો: પ્રવાસી! તારે આ દિવ્ય પ્રકાશની કેડીએ પ્રયાણ કરવાનું છે. જાગ, જાગ તારી કલ્યાણયાત્રા એમાં જ યશસ્વી બનનાર છે.

આ આધ્યાત્મિક પ્રકાશના તેજ લિસોટામાં બાહ્ય પ્રકૃતિનું સૌંદર્ય જાણે કે સાથ પૂરવા લાગ્યું. અત્યાર



સુધી રૂપના અંતરમાં છૂપાયેલી ભાવનાઓને સંપૂર્ણ રીતે પ્રગટ થવા માટેની પ્રેરણા મળી. ધીમે ધીમે આધ્યાત્મિક સાધનામાં ભરતી આવવા લાગી. રૂપના આત્માના ઉર્ધ્વયનને ગતિ મળી, વેગ મળ્યો.

પવિત્ર પાવાપુરીના મંદિરમાં મેળવેલા પ્રકાશે એનો બુદ્ધિવાદનો અવરોધ ગાળી નાખ્યો.

મનમાં – ચિત્તમાં – અંતરમાં શાંતિ વ્યાપી ગઇ. અંતરમાંથી નાદ નીકળ્યો, 'હે પ્રભુ! તારા સ્વરૂપની ઝાંખી માત્રથી નહિ ચાલે, તું મને તારા શુધ્ધ સ્વરૂપનું પૂર્ણ દર્શન કરાવ'. આ વિચારોમાં રૂપ એટલો બધો ઊંડો ઊતરતો ગયો કે દેહ અને સમયનું ભાન વિસ્મૃત થતું ગયું. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ ભિન્ન ભિન્ન પ્રકારની ઉચ્ચતર અનુભૂતિઓના અધિકારી બનતો ગયો.

રૂપના નિષ્ઠા ભર્યાં પુરૂષાર્થથી સત્ય અને પ્રકાશનો અનુભવ અવશ્ય થયો.

પ્રકાશની ઝાંખીથી દિવ્ય આનંદના ઓઘ ઊછળવા લાગ્યા. અંતરનું વાતાવરણ દિવ્યતાથી મઘમઘી રહ્યું. એ દિવ્ય પ્રકાશ અને દિવ્ય અવાજ પાછળ કોઇ દિવ્ય શકિત માર્ગ ચીંધી રહી હોય એવી અનુભૂતિ થઇ. રૂપના કાનમાં અદશ્ય સંગીતના મધુર સૂરો ગુંજી રહ્યા.

વિચારોની પરંપરા શરૂ થઇ અને મનમાં હર્ષ સાથે વાતચીત કરવા લાગ્યા. હે મન! તું અંધકારમાંથી પ્રકાશમાં આવ અને આ પરમ તત્ત્વને પામી લે. ભલે ષડદર્શનમાં ઘૂમી વળ, પણ આ પરમ તત્ત્વ ત્યાંથી નહિ મળે. સૂત્રો અને મંત્રોમાંથી પણ નહિ મળે. તું તને ઓળખ,

અને તારામાં તું સ્થિર થા. જે સુષુપ્ત છે તે જગાડ. બહાર શોધવા કરતાં અંદર શોધ. આ અનુભૂતિથી રૂપરાજેન્દ્ર દિવ્ય ભાવોથી ભાવિત થઈ ગયો.

આ માત્ર પ્રશ્નો અને ઉત્તર નથી પણ અનુભવની એરણ પર ચડવાનું છે. પોતાનામાં સ્વાનુભૂતિ કરવાની છે–સ્વમાં ડૂબકી મારવાની છે.

આ અનુભવ પછી પોતાનું સર્વસ્વ તેના ચરણોમાં સમર્પિત કરી ઓગળી જવાની ભાવના જાગી.

પૂર્ણ પૂર્ણિમાની ધવલ રાત્રિએ અને નૂતન પ્રભાતે રૂપને અદ્ભુત પ્રકાશ મળી ગયો.

રૂપના મનમાં આધ્યાત્મિક માર્ગે જવાની તાલાવેલી તો હતી જ પરંતુ આ પ્રકાશથી અંતરના દ્વાર ઊઘડી ગયાં, મનમાં સચોટ પ્રતીતિ થઇ કે સંસારના આ વર્તુળની અંદર પણ સદાચારનું આચરણ થઇ શકે છે, અને મનમાં ઉદ્ભવેલા પ્રશ્નોના નિરાકરણમાં એનો વિનિયોગ થઈ શકે છે. તેમ છતાં પણ જેને પરમ તત્વ સાધવું છે તેને તો આ બધામાંથી અલિપ્ત થઇ નવો જ માર્ગ ગ્રહણ કરવો જોઈએ.

પાવાપુરીમાં સ્પષ્ટ અનુભૂતિ થતા બસ, આ પળે, આ ઘડીએ રૂપે નક્કી કર્યું કે ભગવાન મને બોલાવે છે. એમની સાથે મારે એકતા છે. પૂ. આચાર્ય વિજયભકિત સૂરીશ્વરજીના સમાગમમાં આવતા દીક્ષા લેવાનો વિચાર જાગ્યો હતો તે પાવાપુરીમાં સંકલ્પાત્મક થયો.

★

## પ્રતિઘોષ–૨૧

ગીતા, ઉપનિષદો, મહાભારત, રામાયણ અને અનેક સંતોના જીવનચરિત્રો તેમજ પાશ્ચાત્ય દેશના વિદ્વાનોનાં લખાણોનું વિશાળ વાંચન તો રૂપે કર્યું હતું જ પણ સાથે શ્રમણ સંસ્કૃતિના સંસ્કારોનો વારસો પિતાશ્રી પાસેથી મળ્યો હતો અને જૈન ધર્મના તત્ત્વનો રસ આચાર્ય ભક્તિસૂરીશ્વરજીએ ચખાડયો હતો. પણ હવે તે અંગે વિશિષ્ટ વાચન ન હોવાથી તેનો અભ્યાસ કરવાની ભાવના જાગી. રૂપને એક જ ધૂન લાગી કે મારી પ્રત્યેક ક્રિયા જ્ઞાન સહિત હોવી જોઇએ.

રૂપ એકલા તત્ત્વજ્ઞાનીઓની ચર્ચાથી મુગ્ધ થાય તેમ ન હતો. બૌદ્ધિક સાથે આત્માના સ્રોત, અમૂર્ત પ્રેમની સર્વવ્યાપકતા અને પ્રાણીમાત્રનું કલ્યાણ જેમાં હોય તે પંથ લેવાની મનોકામના જાગી.

રૂપને માટે જગત એક છીપલામાં સમાય એવો મર્યાદિત સંપ્રદાય ન હતો, પણ મહાસાગરથી વિશાળ હતો. ધન વડે સાંસારિક ગરીબી ટાળવા કરતાં દિલની ગરીબી ટાળવાના કોડ જાગ્યાં. સાંસારિક ગરીબી તો કોઇ ધનવાન લખેશરી દાન કરીને ટાળી શકે પણ ઉત્તમ દાન તો ધર્મદાન છે. ધર્મદાન વડે ભયભીત અને પંગુ બનેલા આજના માનવીને ભયમુકત

બનાવવાનો સંકલ્પ કર્યો. આધ્યાત્મિક જ્ઞાન અને કરુણાદ્વારા ઇશ્વરરૂપી પ્રેમના સાગરમાં સહુને ડૂબકી મારતા શીખવવાની અભિલાષા જાગી.

આવા ઊર્ધ્વગામી વિચારોથી રૂપને રોમાંચક અનુભવ વારંવાર થતો.

અરીસો કદાપી એની સામે આવનાર વ્યક્તિની લાયકાતનો વિચાર કરે છે? ના, જે કોઇ તેની સામે આવે તેનું પ્રતિબિંબ જ દર્શાવે. તો શા માટે મારું જીવન અરીસા જેવું નિર્મળ ન બનાવું, જ્યાં લાયકાતના પ્રશ્નની ગૂંચવણમાં ન પડતાં મારો પ્રેમ માનવમાત્રમાં રહેલ પ્રેમનું પ્રતિબિંબ જ બની રહે?

રૂપના વિચારોમાં આત્મશ્રદ્ધાનો પાયો ઊંડો નંખાતો ગયો. બૌદ્ધિક અને આધ્યાત્મિક પ્રગતિ થવા લાગી.

કરુણાથી તરબોળ અને જીવનના ઊંડાણને પ્રતિબિંબિત કરતી આંખો તેજથી ઉભરાવવા લાગી. હૃદયના ભાવ જેમ જેમ બદલાય તેમ આંખોનો રંગ બદલાતો ગયો. કદીક સાવધાન ચિત્તનું પ્રતિબિંબ ઝીલાતું, કદીક એનામાં આનંદ અને ઉત્સાહની ઝલક દેખાઈ આવતી.

મુખ ઉપર સ્વની વિચારણાના ભાવો દર્શન દેવા લાગ્યા. શું સ્વમાં સર્વનો વિચાર નથી? અને સર્વથી વીંટળાવા છતાં મરજીવો સ્વમાં ડૂબકી નથી મારતો?

બીજા પ્રત્યે કોમળ છતાં પોતાના સિદ્ધાંતોના પાલનમાં કડક રહેવાનો નિર્ણય કર્યો.



વૈભવભર્યું વાતાવરણ, કૌટુંબિક પ્રેમ, મિત્રોમાં પ્રભુત્વ ધરાવતી પ્રતિભા અને પ્રેમથી ઉભરાતી આંખો–આ સાનુકૂળ વાતાવરણના ટેકા વડે પ્રખર રાજપુરુષ, તેજસ્વી ધારાશાસ્ત્રી, પ્રભાવશાળી વેપારી કે મહાન સુધારક ન બનતા દુઃખીનો બેલી અને ભાંગ્યાનો ભેરુ કેમ ન બનું? એવી ભાવના જાગી.

પ્રભુનું ચિંતન અને મનનમાં રૂપનું મન દિનપ્રતિદિન વધુને વધુ ગ્રસ્ત રહેવા લાગ્યું. જગતનાં સાધનો, સુખ અને સૌંદર્ય તૃણ સમાન લાગવા માંડયા.

આ લગની વિના પરમાત્મ ભક્તિ કે ત્યાગ સંભવિત છે? જ્યાં અનાસક્તિ આવી ત્યાં રંગરાગની આસક્તિ આપોઆપ દૂર હટી ગઇ. રૂપના હૃદયમાં ત્યાગ અને આધ્યાત્મિક અનુભવો માટેની વ્યાકુળતા વધતી ગઇ. પ્રભુમહાવીરના જીવન સત્યોને પોતાનાં કરી લેવા, પોતાના જીવનમાં ઉતારી લેવા આ સોનેરી અવસર મળ્યો છે તેમ પ્રતીતિ થવા લાગી.

પૂર્વજન્મની સાધનાનો દીપક પ્રોજ્જવલિત થયો.

★

**સંસ્કાર**

કુસંસ્કારોથી આત્મા ભારે થઇને અધોગામી બને છે; સુસંસ્કારોથી આત્મા હળવો બની ઊર્ધ્વગામી બને છે.

## પુણ્ય પંથનો પથિક–૨૨

પાવાપુરીમાં અદભુત દર્શન મેળવ્યા બાદ જીવનનું નવું અને દિવ્ય સ્વરૂપ જોયું અને પિતાના મિલન માટે અધીર મન તીર્થાધિરાજ શત્રુંજયમાં તપ અને ધર્મધ્યાન કરતા પૂજ્ય પિતા પાસે દોડી ગયું.

પાલિતણાનો ગિરિરાજ અનેક સિધ્ધો અને મુનિ ભગવંતો–સાધકો–ત્યાગી–તપસ્વીઓની પગલીઓથી પુનિત થયેલો છે. જેની રજેરજમાં પવિત્રતાના ભાવો છે. સિદ્ધાચળના ગગનચુંબી શિખરબંધી મંદિરો આ ગિરિરાજને દેદીપ્યમાન બનાવી રહ્યા છે. આ પવિત્ર ભૂમિમાં લાંબા સમય પછી પિતા–પુત્રનું મિલન હૃદયંગમ હતું.

રૂપને ઘણા સમયે મળવાથી પિતા તો હર્ષઘેલા બની ગયા. રૂપે પિતાના ચરણોમાં મસ્તક મૂકી અશ્રુબિંદુથી ચરણને પખાળ્યા–પિતાની આંખડીઓમાંથી અશ્રુઓની ધારા ચાલી. પિતાને આજ સુધી જે વિરહની વેદના આપી હતી તેની માફી માગી.

પણ રૂપ પાવાપુરી દર્શન કરી દિવ્ય સંદેશ મેળવી આવ્યો તેનાથી પિતાશ્રીને ખૂબ સંતોષ થયો અને જ્યારે રૂપે જણાવ્યું કે મારી દીક્ષા માટેની ભાવના મક્કમ છે ત્યારે પિતા છોગાલાલજીએ તેની કસોટી કરી. બે ત્રણ



વાર ફરી ફરી પૂછયું અને તેનો એક જ જવાબ મળ્યો. એટલે સગપણ માટે આવેલ અનેક માંગાઓને નમ્રતા પૂર્વક નકારી કાઢયાં.

પવિત્રભૂમિ માનવના અંતરમાં નવું મનોમંથન ઊભું કરે છે. જીવનમાં વલોણું થાય છે અને માનવી સામે કોઇ નવી જ વિચારસૃષ્ટિ ખડી થાય છે, ઊર્ધ્વગામી વિચારોની અનુભૂતિ થાય છે. પવિત્રભૂમિનાં દર્શન એ પણ જીવનનો એક અદ્દભુત લ્હાવો છે, એ તક ગુમાવવા જેવી નથી.

પિતાશ્રી તો ખૂબજ દૂરંદેશી હતા, તેઓ ભાવિની પરિપકવતામાં માનતા હતા.

રૂપ અને તેમના પિતાશ્રીને પૂ. આગમોધ્ધારક આચાર્યપ્રવર પૂ. શ્રી સાગરાનંદસૂરીશ્વરનો વિશેષ પરિચય થયો. તેમની વિદ્વતા અને સુધાભર્યા વાર્તાલાપથી રૂપનું મન પૂ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી પ્રત્યે અહોભાવથી નમી ગયું. એટલે પિતાશ્રીએ તેમના સમુદાયમાં દીક્ષા લેવાનું નકકી કર્યું.

રૂપને જૈનદર્શનના સિધ્ધાંતો જાણવાની ઉત્સુકતા હતી. તેથી જ પૂ. આચાર્ય આનંદસાગરસૂરીશ્વરજી પ્રત્યે એમનું આકર્ષણ વધ્યું. તેઓ આગમોના ઉધ્ધારક હતા. આગમોની વાચતા સાધુ સાધ્વીઓને આપીને પોતાના આગમના જ્ઞાનને એમણે સર્વ સમક્ષ કસોટીએ ચઢાવ્યું હતું. તેઓ શાસન દીપક અને ક્રિયા સાથે જ્ઞાનનો સમન્વય કરનાર હોવાથી તેમને ગુરુ તરીકે માની લીધા.

સૂરિજીને પણ રૂપ તરફ ભાવ જાગ્યો. રૂપની ઉચ્ચ ભાવનાઓ, ઉચ્ચ આદર્શો, જીવનનું દર્શન, મધુરી ભાષા, સ્પષ્ટ વકતવ્ય અને મનમોહક વ્યકિતત્વ જોઈને સૂરિજીએ પોતાના સમુદાયમાં દીક્ષા આપવા ઉત્સુકતા બતાવી.

પિતાપુત્રને આ નિર્ણયથી ખૂબ આનંદ થયો. સૂરિજીનું આગમોનું અગાધ જ્ઞાન અને જૈન દર્શનના વિશિષ્ઠતા સંપૂર્ણ જાણકારને જોતાં તેમનામાં સાચા ગુરૂનું દર્શન થયું.

પિતા-પુત્રની જોડી તો ઘણા સ્થળે જોવા મળે છે, પરંતુ આ અદ્ભુત જોડલી અજોડ હતી.

માતારૂપે પિતાનો અજોડ દાખલો, ગુરુરૂપે પિતાનો અજોડ સાથ, અને જ્ઞાનની પ્રાપ્તિમાં પિતાના અવર્ણનીય સંસ્કાર, આ ત્રણે વસ્તુઓનો વિચાર કરતાં કુદરતની કળા અને વિધિના ભીતરમાં રહેલા છૂપા ભેદ સમજાય છે.

રૂપના પિતાશ્રી તો ધર્મરત્ન અને ચારિત્રરત્ન હતા. તેમની શીતળ છાંયડીમાં જીવન-પ્રવાસ કરવામાં આનન્દ હતો.

કોઇ પૂર્વભવનું પુણ્યાનુબંધી પુણ્ય હોય તો જ આવા પુણ્યરાશિ પિતા મળે. પિતા તો સહુને હોય છે પણ આવા ધર્મપિતા તો કોઇકને જ મળે છે. જીવનની છેલ્લી પળ સુધી રૂપને પ્રેમભર્યો શીળો છાંયો આપ્યો, પ્રગતિમાં પ્રેરણા આપી અને આશીર્વાદથી એનો જીવન બગીચો લીલો બનાવ્યો. સંસારમાં તો પ્રેમભર્યો ઊછેર કર્યો પણ ત્યાગમાં પણ સાથ પૂર્યો.



રૂપ અને તેમના પિતાશ્રી શ્રી છોગાલાલજીએ દીક્ષા લેવાનું નક્કી કર્યું એટલે પિતા-પુત્ર સીધા મુંબઈ આવ્યા. શ્રી છોગાલાલજીના ભાઇઓને સંતાન ન હોવાથી રૂપના કાકીએ જીદ પકડી, રૂપને કહી દીધું કે તું અમારો એકનો એક કુળદીપક છો. તું દીક્ષા લે તો આપણો વંશ નાશ પામે. પેઢી આખી હમેશને માટે ઉપડી જાય-તું દીક્ષા લે તો હું પ્રાણ આપી દઇશ. પિતા-પુત્ર તો ખૂબ મક્કમ હતા. નિર્ણય અફર રહ્યો અને રૂપનાં કાકી એટલાં વિફર્યાં કે મરી ગયાં ત્યાં સુધી રૂપનું મોઢું ન જોયું તે ન જ જોયું.

આ દીક્ષા, કુટુમ્બીઓ અને ખાસ કરીને આ પ્રેમાળ કાકીને કલહનું કારણ ન થાય તે માટે મુંબઇથી સો માઇલ દૂર દરિયા કિનારે આવેલ બોરડીમાં પૂ. આચાર્ય આનન્દસાગરસૂરીશ્વરજીના વિદ્વાન શિષ્ય પૂ. પં. શ્રી ચન્દ્રસાગરજી ગણિ પાસે દીક્ષા લેવાનું નકકી કર્યું.

રૂપના પિતાશ્રી ખૂબ અનુભવી, દૂરંદેશી અને ભાવિની કલ્પનાનો વિચાર કરી આગળ વધે તેવા હતા. એટલે રૂપને પ્રથમ દીક્ષા આપવી, ત્યારબાદ દુકાન-ઘર વગેરેની વ્યવસ્થા કરી જે કાંઇ ધન આવે તેનો સાતક્ષેત્રમાં ધર્મમાર્ગે સદ્ઉપયોગ કરી પછી પોતે દીક્ષા લેવા નકકી કર્યું.

સુખ પછી દુઃખ, જીવન પછી મૃત્યુ, હર્ષ પછી અશ્રુ અને આશા પછી નિરાશાનો માર્ગ છોડી પિતાપુત્રની બડભાગી જોડી ત્યાગના પરમ પુણ્ય માર્ગે નીકળી પડી.

★

## રૂપનો ચંદ્ર-૨૩

મુંબઇમાં પિતા-પુત્રે ત્યાગ માર્ગે સંચરવાનો નિર્ણય તો કર્યો પણ દીક્ષાનું મુહૂર્ત ચાતુર્માસ પછી મહામાસમાં આવ્યું-દરમિયાન રૂપે જૈન દર્શન અને જૈન સિધ્ધાંતોનું અવગાહન શરૂ કર્યું.

દીક્ષા અંગીકાર કરવાનો નિશ્ચય થયાથી રૂપનું અંતર ઉલ્લાસથી છલકાઈ ગયું. પિતા પુત્ર મુંબઇ આવ્યા સુખનો સુંવાળો માર્ગ છોડી આકરો પણ અદ્દભુત જીવનનો માર્ગ અપનાવવાનો તબકકો શરૂ થયો.

દીક્ષાનું મુહૂર્ત લેવાઇ ગયું. ઓરડીને આંગણે મહા વદી પાંચમનું પ્રભાત ઉગ્યું-જૈન સંઘના આબાલવૃદ્ધનાં આનંદનો પાર નહોતો. રૂપરાજેન્દ્ર જેવો નવયુવાન, બુદ્ધિપ્રભાથી ચમકતો, વૈભવ-વિલાસ અને રંગરાગને છોડી ત્યાગ માર્ગનો મુસાફર બને છે તે જોવા જૈન. જૈનેતર ઉમટી આવ્યા.

પૂ. પં. શ્રી ચંદ્રસાગરજી મહારાજશ્રીએ સં. ૧૯૯૮ના મહા વદ પાંચમના પવિત્ર દિવસે તા. ૬-૨-૪૨ના રોજ વિધિવિધાનપૂર્વક ભાગવતી દીક્ષા આપી-જનતાએ બાળયોગીને વધાવ્યા-નૂતન મુનિનું નામ ચંદ્રપ્રભસાગર રાખવામાં આવ્યું. રૂપરાજેન્દ્ર ત્યાગમૂર્તિ ચંદ્રપ્રભસાગર બની ગયા.



ગુરુવર્યે નામ તેવા ગુણો લઇ જીવન ઉજ્જવળ કરી શાસનના દીપક બનવાના મંગળ આશીર્વાદ આપ્યા. આ નૂતન મુનિના આનંદનો પાર નહોતો. પિતાને પુત્ર વિયોગનું દુઃખ થયું પણ ત્યાગ માર્ગે પ્રયાણ કરનાર વીર પુત્ર ને હર્ષાશ્રુથી વધાવ્યા.

ભરયુવાન, તેજસ્વી, મનોહર, પ્રતિભાશાળી, લાડલા પુત્રને આવા કઠિન માર્ગને અગ્નિપરીક્ષાનો પથ સ્વીકારતા જોઇ સ્વજનો અને ઓરડીના સહૃદયી ભાઇ-બ્હેનો પણ હર્ષના અશ્રુઓથી નૂતન મુનિને પખાળવા લાગ્યા. નૂતન મુનિએ તો સાપ કાંચળી ઉતારે તેમ સુશોભિત અલંકારો, આભૂષણો, રેશમી વસ્ત્રો અને કાળાભમર જેવા વાંકડીયા વાળનો લોચ કરાવી આનંદની અનુભૂતિ કરતા પાછા ફર્યા અને ગુરુએ આપેલ ઓઘો સ્વીકાર્યો ત્યારે ઓરડીનો દીક્ષા મંડપ જયનાદોથી ગુંજી ઉઠયો.

રૂપને દીક્ષા આપી પિતાશ્રી ઘર અને દુકાનની વ્યવસ્થા કરવા ટુમકુર આવ્યા. જે ધન આવ્યું તેનો સાતક્ષેત્રમાં ઉપયોગ કરવા આપી દીધું. રાજસ્થાનના તખતગઢમાં જ્યાં રૂપનો જન્મ થયો હતો તે સ્થળે આજે પણ પેચકાની શેરીના નાકે આવેલ 'ભવ્ય' ઉપાશ્રય એમના જન્મસ્થાનની યાદના પ્રતીક રૂપે ઊભું છે. દીક્ષા પછી બે મહિને પિતાએ તેજ ગુરુ પં. ચંદ્રસાગરજી મહારાજની પાસે જોટાણામાં દીક્ષા અંગીકાર કરી. પિતા-પુત્રની વડી દીક્ષા પણ એક જ દિવસે સાથે થઇ. પિતાનું નામ મુનિ ચંદ્રકાન્ત સાગર રાખવામાં આવ્યું.

પિતા પુત્રની દીક્ષા અંગીકાર કરવામાં વચ્ચે વ્યતીત થયેલો સમય જૈન દર્શનનાં સિધ્ધાંતનું દર્શન કરાવે છે. પિતા કરતાં પુત્રે દીક્ષા પહેલી લીધી હોય છતાં વડીલ પિતા ગુરુ સ્થાને ગણાય. તેથી વડી દીક્ષા લંબાવીને પણ પિતાને વડીલ તરીકે સંબોધે છે. દીક્ષા પર્યાય વહેલો શરૂ થવા છતાં પિતાપુત્ર વચ્ચે ગુરુ શિષ્યના ભાવની મર્યાદા ખાતર આ વિવેક અને વિનય જીવનની સાધનામાં મુખ્ય ભાગ ભજવે છે.

આવા ઉચ્ચ વિચારો અને ભાવનાઓથી મુનિચંદ્ર પ્રભસાગરજી એમના ગુરુના પ્રિય બની બેઠા. જ્ઞાન–વિવેક-ભર્યું આચરણ અને તીવ્ર બુધ્ધિપ્રભા—આ ગુણો સહજ ભાવે સહુને આકર્ષે તેમ હતા.

સંસારીપિતા પૂ શ્રી ચંદ્રકાન્ત સાગરજી મહારાજ ખૂબ ક્રિયાચૂસ્ત હતા. તેઓ ત્યાગ અને તપને અધિક મહત્વ આપતા હતા અને વિચારોમાં થોડા પ્રાચીન પધ્ધતિના હતા છતાં પોતે પોતાના સંસારી પુત્ર મુનિ ચંદ્રપ્રભસાગરજીના જ્ઞાન–ચારિત્ર અને જીવનના આધ્યાત્મિક ધ્યેયથી ખૂબ ગૌરવ અનુભવતા.

ધીમે ધીમે મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીની જ્ઞાન કક્ષા વધવા લાગી. બાળપણથી વરેલી વકતૃત્વ શકિત અને જ્ઞાનભરી વાણીએ નવો જ પ્રકાશ અને પ્રભાવ પાથરવા માંડયો.

★

## ચાતુર્માસ : રણમાં વીરડી-૨૪

દીક્ષા અંગીકાર કર્યા પછી મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી અને (સંસારી પિતા) મુનિશ્રી ચંદ્રકાન્તસાગરજીએ ૧૯૪૨ નું પહેલું ચાતુર્માસ પરમ પૂ. ગુરુદેવ પં. શ્રી ચંદ્રસાગરજી સાથે અમદાવાદમાં નાગજી ભૂધરની પોળમાં કર્યું.

૧૯૪૨ ની સાલ હતી. ગાંધીજીએ Quit India, હિંદ છોડો અને 'કરેંગે યા મરેંગે' નો પેગામ આપ્યો હતો. નાગજી ભૂધરની પોળના યુવાનો પણ આ લડત માટે થનગની રહ્યા હતા. કેટલાકે તો લડતમાં ઝંપલાવ્યું પણ હતું. પણ આ લડતમાં યુવાનો તોડફોડ અને તોફાનો દ્વારા લડતને નુકશાન ન કરી બેસે તે દૃષ્ટિએ મુનિશ્રીએ યુવાનોને આ ચોમાસા દરમિયાન એવું માર્ગદર્શન આપ્યું કે યુવાનો લોહીયાળ ક્રાન્તિના માર્ગથી પાછા પડી ગયા. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરે સ્વતંત્રતાની સાચી સમજણ આપી. યુવાનો પણ મુનિશ્રીના નવીન વિચારો તરફ આકર્ષાઇ તેમના સમાગમમાં આવવા લાગ્યા. યુવાનોમાં તેમના પ્રેરક વાર્તાલાપોથી નવી ચેતના જાગી. નાગજીભૂધરની પોળનું આ ચાતુર્માસ ખૂબ શાંતિથી પૂર્ણ થયું. પ્રૌઢો–વૃધ્ધો–યુવાનો અને બહેનો મુનિશ્રીની પ્રેરણાત્મક સુધા ભરી વાણી સાંભળી જીવનનું નવું દર્શન મેળવવા લાગ્યાં. પર્યુષણપર્વ આનંદથી પૂર્ણ થયા. સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો.

માનવ સ્વભાવ મધુરવાણી અને પ્રેરણાનો ભૂખ્યો છે. અંતરમાં થતી વ્યથા દર્શાવવા માટે કોઇ સ્થાન શોધતો હોય છે. પોતાની મૂંઝવણો સંભળાવી હૃદય ખાલી કરવાં અને સહૃદય વાણીમાંથી શાંતિનુ પાન કરવા સજ્જનોનો સમાગમ વાંછે છે. જો સંતો મધુરવાણી દ્વારા ભૂલેલાને સાચો માર્ગ ન ચીંધે અને દોષો તરફ આંગળી જ ચીધે તો કદાચ થાકેલા અને વૃદ્ધો તો આવે પણ યુવાન વર્ગ તેમની ઉપેક્ષાજ સેવે. પરંતુ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી પ્રત્યે યુવાનોનું આકર્ષણ જુદુંજ હતું. બીજું ૧૯૪૩ નું ચાતુર્માસ પણ ગુરૂદેવ સાથે ખંભાતમાં શ્રી મૂળચંદ બુલાખીદાસના ઉપાશ્રયમાં કર્યું. પૂ. ગુરુદેવ પં. શ્રી ચન્દ્રસાગરજી ગણિના પ્રભાવથી ખંભાતમાં નવો જ રંગ જામ્યો. ધર્મારાધનામાં અસંખ્ય લોકો જોડાયા પણ મુનિશ્રીએ તો એક નવ પ્રયોગ કર્યો વિદ્યાર્થીઓ અને યુવકોને જૈન તત્વજ્ઞાનના મૂળ પાયા રૂપ જીવવિચાર અને નવતત્ત્વનું જ્ઞાન મળે તે દૃષ્ટિએ શનિ અને રવિવારના દિવસોમાં બબ્બે સામાયિક સાથે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ શરૂ કરાવ્યો. બધા હોંશે હોંશે આ જ્ઞાન મેળવવા આવવા લાગ્યા. જૈન દર્શન કેવું સૂક્ષ્મ, અગાધ અને ઉપયોગી છે તેનું દર્શન કરાવ્યું. અને તેનું પરિણામ એ આવ્યું કે ખંભાતના પર્યુષણમાં આ યુવાન વર્ગ ધર્મ આરાધનામાં સૌથી મોખરે ઊભો રહ્યો.

મુનિશ્રી તો ઘણા ઉદાર હૃદયના હતા. ખંભાતમાં એ પક્ષો જેવું ખરું. આચાર્યશ્રી ક્ષમાભદ્રસૂરિજી બીજા



ઉપાશ્રયમાં હતા. તેમને અને આપણા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરને મૈત્રીભાવ થયો. તેઓ બંને ગામના ધર્મસ્થાનોમાં તો ન મળી શકે એટલે ગામ બહાર સાગરના કિનારે સહૃદયતાથી વિચારવિનિમય અને મધુર વાર્તાલાપ કરતા. આ મિલન મૈત્રી ભર્યું હતું. વિચારભેદ કે મતભેદો તો હોય પણ મનભેદ શા માટે ! એવી ઉદાર વિચારસરણી મુનિશ્રીની હતી.

યુવાન મુનિની સર્વશકિત સૂત્રો શીખવામાં કેન્દ્રિત થતી ગઈ. એકલવ્ય માફક અભ્યાસ અને સ્વાધ્યાય પાછળ મગ્ન રહેતા. પૂ. ચંદ્રકાન્ત સાગરજી બધી દૈનિક ક્રિયાઓ પોતે કરી લઇ તેમને સ્વાધ્યાય, મનન અને અભ્યાસ માટે ખૂબ સમય આપતા.

વકતા તો નાનપણથી હતા. પણ હવે લેખનકળા હાથમાં લીધી. બાવીસ વર્ષની નાની વયમાં વાણી સાથે લેખન કળા ખીલવવા લાગ્યા.

અભ્યાસ દરમિયાન યોગ અને સાધના તરફ દૃષ્ટિ વળી.

મહાન વ્યકિતના જીવનપટને વણવાની પ્રક્રિયા સહુ સાથે રહેવા છતાં અદ્‌ભૂત અને અનોખી હોય છે. દિવસો સહુની સાથે વ્યતીત થતા જાય છે, પણ જીવનપટ ઉપર નવી જ ભાત પડતી જાય છે. જ્ઞાન અને અનુભવ એ દોરાનું કાર્ય બજાવે છે. અને બુદ્ધિની શાળ પર હૃદયના તાણાવાણાથી પોત બનતું જાય છે.

મુનિશ્રીનો જાગૃત આત્મા સહુમાં રહેવા છતાં સહુથી

જુદો હતો. અનોખી રીતે પોતાના વ્યક્તિત્વને ભાતીગળ બનાવતો ગયો. ગમે તેવા સંકુચિત વાતાવરણમાં પોતાની સાચી પ્રકૃતિ આધ્યાત્મિક છે એની સતત જાગૃતિ હતી.

ત્યાગી જીવનના પ્રારંભથી જ પાંચ મહાવ્રતોનું પાલન ખૂબ પ્રબળ હતું. આધ્યાત્મિક સાધનાની જનની સમી સર્જનાત્મક શક્તિનો સ્રોત સિધ્ધાંતોના આચરણમાંથી વહે છે. સાચું તત્ત્વજ્ઞાન પણ એ જ છે. માનવનું સમગ્ર જીવનઘડતર આ પાંચ વ્રતોથી થાય છે.

વડીલ ગુરુજનો સાથે વિહાર કરતાં કરતાં કલામય ભવ્ય મંદિરો, ગામડાનાં લોકોનો સંપર્ક અને નૈસર્ગિક વાતાવરણ તેમના મનમાં નવી જ ભૂમિકા સર્જતાં હતાં.

જે કોઈ વ્યક્તિ તેમના પરિચયમાં આવતી તે પ્રભાવિત થઈ વિચારતી કે આટલી નાની વયમાં આ મુનિશ્રીનાં જ્ઞાન અને અનુભવ કેવાં વિશાળ છે!

આ બધા વિહારો દરમિયાન જ્ઞાન સંપાદન કરવાની મુનિશ્રીની તાલાવેલી અજબ હતી. એક આસને દૃષ્ટિ મન એકાગ્ર કરી સંસ્કૃતનો અભ્યાસ સતત કરતા.

ભવ્ય ઇમારતને ઊંડો પાયો જોઈએ તેમ સંયમને જ્ઞાન જોઈએ.

મુનિશ્રી ત્યાગના માર્ગમાં પણ પોતાની નાની વય છતાં સૌથી વિશેષ આત્મશ્રધ્ધાવાળા હતા, સ્વતંત્ર વિચારો છતાંયે પ્રત્યેક વિચાર પાછળ દીર્ઘદૃષ્ટિ—વ્યવહાર અને શાંતિનું સિંચન હતું: સાથેસાથે સંયમી જીવનનો પ્રભાવ પણ હતો.





દીક્ષા પછીના બીજા જ વર્ષથી અમુક પ્રણાલિકા જે પોતાના વિચારોથી વિરોધી હતી અને આત્માના અવાજને રુંગળાવનારી હતી એટલે એ યુવાન મુનિએ અત્યંત વિનમ્રભાવે પોતાના પૂ. ગુરુદેવ પં. શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે પોતાના સ્વતંત્ર વિચારો મૂક્યા અને વિચાર તેવું જ આચરણ કરવા દૃઢતાપૂર્વક આજથી પચ્ચીસ વર્ષ પહેલાં આગ્રહ રાખ્યો. સૌથી પ્રથમ આત્માના અવાજને અનુસરવાનો નિર્ણય હતો. પાંચ મહાવ્રતોનો અંગીકાર પોતે સમજપૂર્વક સ્વીકાર્યો હતો, પણ તે જ્ઞાન સહિત ક્રિયા સિવાય ગતાનુગતિક પ્રવાહ રૂપે સ્વીકારવા તૈયાર ન હતા.

આ એક પ્રસંગ જે પ્રણાલિકા બદલવાનો હતો તેમાં મુનિશ્રીની દૃઢ ભાવના તેમ જ તેમના પૂજ્ય ગુરુદેવની પરમ ઉદારતા અને પોતાના પ્રિય શિષ્ય પ્રત્યેનો પ્રેમભાવ દૃષ્ટિગોચર થાય છે.

મુનિશ્રીનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત હતો, નહિ કે દુઃખગર્ભિત યા મોહગર્ભિત. તેથી જ પોતે પોતાના વિચારો પ્રમાણેના આચરણમાં મક્કમ રહ્યા અને સંકુચિત સમાજ યા જૂનવાણી માનસની નિંદાઓની પરવા કર્યા વિના પોતાની પ્રગતિ સાધી શક્યા.

પૂ. પં. મહારાજશ્રી ચંદ્રસાગરજી (આચાર્ય) પોતાના સૌથી બાળ શિષ્યના આવા સ્વતંત્ર વિચારોમાં આડરૂપ ન થયા અને સમજ પૂર્વક આ ત્યાગના માર્ગમાં આગળ વધવા પ્રોત્સાહન આપતા રહ્યા.

તેઓશ્રીના મનમાં પ્રતીતિ હતી કે તેમના શિષ્ય મુનિ ચંદ્રપ્રભસાગરજીનું જ્ઞાન અને બુધ્ધિ માનવ માત્રને ઉપકારી થાય તેમ છે. અને ભાવિનું ઉજ્જવળ રૂપ આ શકિતમાં છુપાયેલું છે.

સૌ કોઇ મનમાં સમજવા છતાંએ લૌકિક નીતિથી આ મુનિશ્રીના વિચારોને અપનાવી લેવા સંકોચાતા હતા પણ એમની હિંમત અને શૌર્યની ભાવના એક દિવસ માનવ જાતને નવું જ માર્ગદર્શન આપી મુક્તિના પંથે વાળશે તેમ મનથી તે માનતા હતા.

મુનિશ્રી યુવાન હતા પણ પ્રતિભા અને વ્યવહાર દક્ષતા એક પ્રૌઢ વ્યક્તિ કરતાં ય વિશાળ હતી. નૈતિક ભાવનાની આંતર પ્રેરણા સાથે વ્યવહાર સાથે નિશ્ચયનો વિચાર તેમની દૃષ્ટિમાં પૂરેપૂરો હતો.

મુનિશ્રીમાં વિનમ્રતા જીવન સાથે ગુંથાયેલી હતી. તેથી તેઓ બાળ કે વૃધ્ધજનો પાસે જે કંઈ જાણવા જેવું હોય તેને માટે પોતાનાં હૃદયના દ્વાર ખુલ્લાં રાખતાં.

વડીલ ગુરુજનોની સાથે વિચરવા છતાં મુનિશ્રીના મનમાં ભારતીય દર્શનોમાં દેખાતો સંઘર્ષ, અર્થ વગરના જુદા જુદા વાડાઓ દુઃખ ઊભું કરતા હતા. એમને લાગતું કે શાસ્ત્રોમાં દેખાતા એક બીજા પ્રત્યેના વિરોધો અને ભેદો વચ્ચે એકતા સ્થાપવી જોઇએ. તેમની શ્રધ્ધા શાસ્ત્રોમાં હતી તેના કરતાં ય જીવોના સંવાદમય કલ્યાણ



પંથમાં વધારે હતી. આદર્શ શાસ્ત્રો અને આટલા આચાર્યો હોવા છતાં હજુ આમ કેમ હશે તે એમની ઊંડી વેદના હતી.

મુનિશ્રી પોતાના સંસ્કૃત અભ્યાસ પછી આગમ ગ્રંથોના અધ્યયનમાં ખૂબ રસપૂર્વક ઊંડાણમાં ઊતરવા લાગ્યા. આગમના મહાન જ્યોતિર્ધર પૂ આચાર્યપ્રવર શ્રી સાગરનંદસૂરીશ્વર તરફ વિશેષ પૂજ્ય ભાવ જાગ્યો.

મુનિશ્રી માનતા હતા કે આ આગમ શાસ્ત્રો અદ્‌ભુત છે. અને આજે નાસ્તિકવાદ તરફ વળેલા જગતને ભકિત અને યોગ દ્વારા પ્રભુતા તરફ વાળવા માટે આ શાસ્ત્રો દિવ્ય સાધન છે. શકિત ન આપે તો શાસ્ત્રો શા કામનાં? મુનિશ્રીને મનમાં એ પણ વિચાર ઘૂમતો હતો કે આમ તેમ ગુરુજનો સાથે ઘૂમ્યા કરતાં કોઇ શાંત સ્થળે સ્થિર થઇને ગુરુજી (પિતા)ની છાયામાં વધુ જ્ઞાનની આરાધના કરવી. શાસ્ત્રોનું ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શાંત વાતાવરણ અને એકાંત આવશ્યક છે તેમ મનમાં લાગતું. શાંત એકાંત સ્થળ, પવિત્ર વાતાવરણ, ગ્રામ પ્રદેશની આરોગ્યપ્રદ આબોહવા-પ્રકૃતિનું નવ દર્શન-થોડો સમય માનવ મેદનીથી દૂર રહી સાધના કરવાની ઉત્કટ ઇચ્છા હતી.

મુનિશ્રી હંમેશાં નિત્યક્રિયાથી પરવારી તેમનાં સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને સ્વાધ્યાયમાં મસ્ત રહેતા અને થોડો સમય યુવાન ભાઈઓની જોડે વાર્તાલાપમાં કે સાહિત્યની કે ધર્મની ચર્ચામાં પણ ગાળતા.

વિદ્યા અને તત્ત્વજ્ઞાન એમના શ્વાસોશ્વાસ હતાં.

મુનિશ્રી પાસે કોઇ અન્ય ધર્મી ભાઈ આવે અને ચર્ચામાં ઊતરે તો મુનિશ્રી તેને શાંતિથી રસપૂર્વક સાંભળી પછી જુદી જુદી રીતે ધર્મનાં સત્યો પર પ્રકાશ પાથરતા અને આગંતુક નવો પ્રકાશ મેળવી જતા અને સાધુતાના તેજસ્વી વ્યક્તિત્વનો પ્રભાવ લઇ જતા.

જુદાજુદા ધર્મોના સંતો મુનિશ્રી પાસે આવતા પરંતુ મુનિશ્રી સાથેની વાતચીત પરથી તેઓ સમજી જતા કે આ તો જ્ઞાનવારિધિ છે.

### સાચુ દાન

ધન હતું ત્યારે આપ્યુ એમાં નવું શું કર્યું ? લોટામાં પાણી ન સમાય ત્યારે વધારાનું પાણી સૌ કાઢી નાંખે. એ કાંઇ દાન છે? પણ જે પોતાના પીવાના પાણીમાંથી તરસ્યાને આપે છે, એનું નામ દાન છે.

## વિહારના પ્રેરક પ્રસંગો–૨૫

ગામે ગામે વિહાર કરતાં કરતાં એક દિવસ એક એવા ગામમાં આવી પહોંચ્યા જ્યાં એકપણ જૈનનું ઘર નહોતું. પછી ઉપાશ્રય તો હોય જ કયાંથી. ગામનો ચોરો એ ગ્રામજનોનું મિલન સ્થાન. જૈન સાધુઓને બીજા લોકો પણ જાણે ખરા. ચોરા પાસે આવતા મુનિઓને જોઇને એક વૃદ્ધ નીચે ઊતર્યા. મોટા મહારાજે કહ્યું, 'પટેલ! અમારે આજે અહીં સ્થિરતા કરવી છે, તો કોઇ ઉતરવાની જગ્યા મળશે ?

વૃદ્ધે ચોરાની બાજુમાં રહેલ એક ઓરડો બતાવ્યો. જગ્યા બતાવી. ત્યાં મુનિઓએ મુકામ કર્યો. ગોચરીને વખતે મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ગામમાં નીકળ્યા–ગામ લોકોને મુનિઓનો સમાગમ નહિ તેથી તેમના આચાર વિચારનો ખ્યાલ નહિ–રસ્તામાં આવતા એક પટેલને ઘેર પહોંચ્યાં. ધર્મલાભ કરી ઊભા રહ્યા.

યુવાન પ્રભાવશાળી મુનિને જોઈ પટલાણી સ્તબ્ધ બની ગયાં. ડોશીમાના મનમાં લાગણીઓ ઊભરાઈ આવી. મુનિને પૂછ્યું : બેટા! તને જોઇને મને મા જેવું વહાલ થાય છે. બેટા! આ યુવાની, આ રૂપ, છતાં સાધુનો વેશ કેમ લીધો? શું તારા માતા પિતા નથી! શું તને કાંઇ દુઃખ હતું. તારી માએ તને ન રોકયો!

મુનિએ હસીને કહ્યું : 'ડોશી મા ! મારી મા તો મને ચાર વર્ષનો મૂકી ચાલી ગઇ.'

આ સાંભળતાં ડોશીમાનું હૈયું દ્રવી ઊઠયું. બોલી ઊઠયા : 'બેટા ! અમે તો રહ્યા ખેડૂત, પંડ નીચોવીને મહેનત મજૂરી કરી ગુજરાન કરીએ. હું તને શું આપું ! પણ ઊભો રહે–તારી મા ભલે તને મૂકીને ગઈ. પણ હુંએ તારી મા છું. ઘી તો મેં સાચવીને રાખ્યું હતું વેપારીને આપવા–મારા દીકરાઓને પણ ઘી નથી આપતી. અમને તો છાશને રોટલા વ્હાલા.'પણ તને આપવા મારું મન ખેંચાય છે.'

વૃધ્ધ ડોશીમાના મનમાં મુનિનો ત્યાગ–તપ, આકરો સંયમ જોઈ અનેક ભાવો જાગૃત થયા. નમન ત્યાગને છે. માણસનું શિર સંપત્તિના ચરણોમાં નહિ પણ સંતોના ચરણોમાં ઝૂકે છે. ડોશીમાનું હૃદય ભરાઇ આવ્યું. નયનોમાં ઝળઝળિયાં આવી ગયાં. રોટલાને ઘી વહોરીને મુનિશ્રી તો ધર્મલાભ આપી ચાલી નીકળ્યા પણ આ વૃધ્ધ માજીના અંતરમાં સાધુતા અને ત્યાગની સુવાસ મૂકતા ગયા. મુનિશ્રી તો પોતાની મસ્તીમાં નીકળી પડયા પણ ડોશીમા તો આંખે હાથ દઇને ડેલીથી બહાર આવી દૂર દૂર સુધી મુનિને જતાં જોતાં જ રહ્યાં.

શબ્દો અને ઉપદેશ કરતાં ત્યાગીનું આચરણ, મનની સહજ સરળ વાણી, નાતજાતના ભેદ વિનાનું વર્તન સહુના ઉપર જુદો જ પ્રભાવ પાડે છે.



સત્ય સર્વમાં શોધ્યું કે સર્વમાં સત્યને?
જંગલની ઝાડીમાં વહેતા ઝરણાને કિનારે—૧૯૫૨

પાલિતાણામાં પૂ. આચાર્ય પ્રવર દાદાગુરુ શ્રીમદ સાગરાનંદ સૂરીશ્વરજી આગમ મંદિરની અંજન શલાકા તથા પ્રતિષ્ઠા ભવ્ય રીતે કરાવી હતી, તે દિવ્યતાનો અનુભવ કરી તેમની સાથે—કપડવંજ તરફ વિહાર કર્યો. તે વખતનો એક પ્રેરણાદાયક પ્રસંગ ઉલ્લેખનીય છે. મુનિશ્રી અને પિતાગુરુ ગુરુદેવોની સાથે હતા–અહીં કપડવંજમાં પૂ. દાદા ગુરુ આગમોધ્ધારક આચાર્ય પ્રવર શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની પવિત્ર છાયામાં સિધ્ધચક્ર આરાધક સમાજ તરફથી ઓળીની આરાધના થઇ હતી–તેમાં ઘણા ભાઇ બહેનો જોડાયાં હતાં–હંમેશાં પૂજા–પ્રભાવના, ભાવના થતાં હતાં–હજારો ભાઇબહેનો દર્શન–પૂજા–ભાવના માટે ઊમટી રહ્યાં હતાં. ધર્મ પ્રભાવના અપૂર્વ થઈ રહી હતી. દાદા ગુરુ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ આગમ મંદિરના સર્જનમાં ખૂબ શ્રમ લીધો હતો. આ દિવસોમાં આચાર્યશ્રીની તબિયત નરમ રહેતી હતી અને પ્રવાહી પદાર્થો લેવાનું વૈદોનું સૂચન હતું. મુનિશ્રી બપોરના ચા વહોરવા એક ગૃહસ્થને ત્યાં ગયા. ઘરનાં માણસો લગ્ન પ્રસંગમાં જવાની ઉતાવળમાં હતાં. મુનિશ્રી ચા વહોરી આવતા રહ્યા. ગુરુદેવને આપ્યો અને તેઓ વાપરી ગયા.

દશેક મિનિટ પૂરી ન થઇ અને એક બહેન ઉતાવળે પગે આવ્યાં–તે તો માફી માગવા લાગ્યાં, પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યાં. આ જોઈ મુનિશ્રી દિગ્મૂઢ બની ગયા. મુનિશ્રીએ પૂછયું 'બહેન! શું છે આ ધમાલ? અને માફી શાની?' 'કેમ સાહેબ! આપને ખબર નથી?

ચામાં ખાંડને બદલે, લગ્નમાં જવાની ઉતાવળમાં, ભૂલથી મીઠું ન ખાઈ ગયું છે તે?'

આ સાંભળી મુનિશ્રીને આચાર્યશ્રીની ગંભીરતા અને સ્વાદના વિજયનો વિચાર આવ્યો.

આચાર્યશ્રી તો કશું બોલ્યા નહિ. પ્રશાન્ત મુખ-પર એ જ સ્વસ્થતા.

બહેનને સાંત્વન આપી મુનિશ્રી આચાર્યશ્રી પાસે ગયા. ચામાં ખાંડને બદલે મીઠું હતું અને આપશ્રી બોલ્યા પણ નહિ.

ગુલાબી હાસ્ય કરી એમણે કહ્યું. 'રોજ ગળ્યો ચા, તો કોક દિવસ ખારો પણ હોય ને! આનાથી પેટ સાફ આવશે, ને ખરું પૂછે તો ખારું મીઠું આ જીભલડીને લાગે છે. પેટમાં તો બન્ને સરખાં જ છે. માલ ખરીદનાર વેપારી કરતાંય દલાલનું તોફાન વધારે હોય છે. પેટ તો માલ ખરીદનાર વેપારી છે. જીભ તો વચ્ચે દલાલ છે. એ જ વધારે તોફાની છે. એ તોફાનીના પંજામાં ફસાઈએ નહિ, ને એને જ કાબુમાં રાખી લઈએ એનું નામ જ સંયમ,

આ સાંભળી મુનિશ્રીના નયનો એ જિતેન્દ્રિય દાદા ગુરુને નમી પડયા.

સંયમની કેડીમાં નાના મોટા પરિસહ તો આવવાના જ. આ માર્ગમાં કાંટા છે. તો કાંટા સાથે ગુલાબ પણ છે. તેમ જ્યાં પરિસહો છે ત્યાં સંયમની સુવાસ પણ છે.

ગુલાબની સાથે કોઈ ફૂલ હરીફાઈ કરી શકે તેમ નથી. ગુલાબમાં સુંદરતા અને સુગંધનું મિલન છે.



શું ગુલાબનો આનંદ કાંટા સહન કરવામાં નથી! કાંટા વચ્ચે થઈને પણ ઉપર આવવું તેમાં ગુલાબનું રહસ્ય છૂપાયું છે.

સંસારનો માર્ગ સુંવાળો, સુખનો અને લપસણો છે. એ માર્ગ સામાન્ય છે. સહુ કોઈ જન્મે છે, ક્ષણિક આનંદ અનુભવે છે અને અંતે મૃત્યુને શરણે જાય છે. જન્મ પછી મૃત્યુ તેનો પડછાયો બને છે. હર્ષની પાછળ અશ્રુ ડોકિયું કરતાં જ હોય છે. પણ કોઈ વિરલ વિભૂતિ જ મૃત્યુને પડકારે છે

આવા ત્યાગી આત્માઓનું અંતર અખંડ આનંદથી ઊભરાય છે. તેઓને મેળવવાની ભાવના નથી, પણ સહુને આપવાની ભાવના છે. પોતાનું વિલોપન કરીને પણ બીજાનું કલ્યાણ ઇચ્છે છે. પોતાને મળેલ જ્ઞાનખજાનો લૂંટાવવા જ તેઓ બેઠા છે.

મુનિશ્રી વડીલ ગુરુજનો સાથે વિચરતા હતા. ત્યાગની કઠિન કેડી, લાંબા વિહારો, જ્ઞાનની ઉપાસના, સતત સ્વાધ્યાય અને પરિસહો છતાંએ મુખારવિંદનો પ્રકાશ એવો જ હતો.

★

## આત્મવંચના

આંખમાં આંસુ અને મુખ પર સ્મિત, હૈયામાં વેદના અને શબ્દોમાં આનંદ—આ રીતે આજે માનવીનું જીવન વહી રહ્યું છે. આ તો જાણે ચાંદની અંધકાર વરસાવી રહી છે!

## લૂંટારાઓનું પરિવર્તન—૨૬

જંગલમાં વિહાર જેમ જેમ વધતો ગયો તેમ તેમ નૈસર્ગિક વાતાવરણ વધુ ને વધુ આકર્ષિત બનતું ગયું. સમય અને થાકને ભૂલાવી દે એવા રમણીય નિસર્ગે નસોમાં નવું જોમ પૂર્યું. ગોધરાથી દાહોદ જતાં રસ્તામાં પંદર માઈલના વિહાર પછી જોયું તો વૃક્ષો ડાળીઓ પાથરી સંતોનો વિસામો બનવા માટે આતુરતાથી રાહ જોતા લાગ્યાં."

એવા એ ઘટાદાર વૃક્ષની છાયામાં મુનિરાજ પહોંચી ગયા, મુનિશ્રીના આનંદમાં વૃક્ષોની ઘટા, મુક્ત પંખીઓનો કલરવ, ખળખળ નાદ કરતાં ઝરણાં અને પ્રભાતનો પહોર અનેરો સાદ પૂરાવી રહ્યાં હતાં.

નૈસર્ગિક સૌંદર્યનો ભોક્તા આધ્યાત્મિક આનંદની નવી જ મસ્તી માણી રહ્યો હતો. બાળપણથી જ મુનિશ્રીને કુદરતની ગોદ પ્રિય હતી. એનું દર્શન થતાં આહ્લાદમાં અભિવૃદ્ધિ થઈ. એક ને જે સામાન્ય લાગે તે બીજાને અસામાન્ય લાગે. વાતાવરણ એક જ છે. પણ દૃષ્ટિ અને વિચારોમાં ફેર છે. સહુએ પંથ કાપ્યો ત્યારે મુનિશ્રીએ કુદરતનો આનંદ માણ્યો.

એક બાજુ કુદરતી સૌંદર્ય હતું તો બીજી બાજુ ભય હતો. આ પ્રદેશમાં લૂંટારાઓનો ભય હતો. પરિગ્રહ



છે ત્યાં ભય છે. પણ મુક્ત અને મહાન એવા ત્યાગીઓ પાસેથી શું લૂંટવાનું હોય!

નિર્જન સ્થળમાં કોણ વિચરે? સાધુ સંતો. અને કોણ વસે? લૂંટારાઓ.

થોડા જ સમયમાં ધીરે ચાલતા અન્ય વડીલ ગુરુઓ આવી પહોંચ્યા. આહાર પાણીથી ભક્તિ કરવા સાથે આવેલા ગ્રામજનો લૂંટપર નિર્વાહ કરતા ભીલો વિષે ખાસ સૂચના આપી વિદાય થયા. ગોચરી કરી આરામ કર્યો. બેફિકર આત્માઓને કોની ફિકર?

એટલામાં દૂરથી સાતઆઠ પડછંદ આકૃતિઓ આવતી જણાઈ. મુનિશ્રીની નજર પડી. તીરકામઠાંઓ દેખાયાં. જેના અંતરમાં કરુણા, દયા ઊભરાતી હોય તેની આંખોમાં આવકાર સિવાય બીજું શું હોય!

મુનિશ્રીએ આત્મા સાથે જાણે મૌનમાં વાત કરી લીધી. લૂંટારાઓના બળ અને ક્રૂરતા કરતાં તારો પ્રેમ વધારે બળવાન છે. શું પ્રેમનું શસ્ત્ર વધુ જોરદાર નથી? નદીનું પાણી પત્થરને ભીંજવે છે અને ઘસી ઘસીને કંકરમાંથી શંકર બનાવે છે, તો શું સંતોની પ્રેમાળ વાણી આ કઠોર હૃદયોને આર્દ્ર નહિ બનાવે?

બન્યું પણ એમ જ. મુનિશ્રીએ તો એ લૂટારાઓને આવકાર દીધો. લૂટારાઓ તો આ જોઈ ચકિત થયા. મુનિશ્રીની મીઠી મધુરી વાતો એક ચિત્તે સાંભળતા ગયા, વચ્ચે થોડું પૂછતા ગયા. અને એટલામાં સંધ્યા થવા

આવી. સવારે પાદર સુધી વળાવવા આવવાનું કહી ભીલો ચાલ્યા ગયા.

ભીલો જાણે મુનિરાજ સાથે આત્મિયતાના તારથી બંધાયા. તેમના ગયા પછી મુનિશ્રીના મનમાં અનેક વિચારો ઉદ્‌ભવ્યા. આત્મા ગુણોનો ભોક્તા છે, પણ એ આત્માને ગુણોનો ખ્યાલ આપનાર કે તે તરફ વાળનાર કોઈ નથી મળતો તો તે કેવો નીચે ઉતરી જાય છે!

પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં પેલા ભીલો મુનિઓના વળાવિયા થવા આવ્યા. મુનિના દેહના રક્ષક બનવા આવનારને ક્યાં ખબર હતી કે એમના આત્માના રક્ષક તો સામે જ છે!

ગાઢ જંગલમાંથી રસ્તો કાઢતાં કાઢતાં મુનિરાજને ભીલો પાસેથી ઘણું ઘણું જાણવા મળ્યું. મુનિશ્રીએ તેઓને વાતવાતમાં પુછ્યું કે, 'ભાઈઓ! તમે શા માટે આ લૂંટફાટના ધંધા કરો છો?' શું જવાબ મળ્યો? 'જે શાહુકારો ગરીબોને ગામમાં લૂંટે છે અમે તેમને જંગલમાં લૂંટીએ છીએ!

જ્યાં જંગલ પુરું થવા આવ્યું ત્યાં તો જાણે કઠોર પાષાણ સમા હૃદયમાં કોમળતાએ પ્રવેશ કર્યો. સંતના પગે પડયા. "આપને લૂટે તેને તો ભગવાન લૂટે....એનો ડર અમારે માથે છે." રામ રામ કહી છૂટા પડયા.

જ્યાં પ્રેમ અને શ્રદ્ધાનું મિલન છે ત્યાં શિર સહુના ઝૂકે છે, પછી એ રાજા હોય કે ડાકુ.

★

## અંતર જ્યોત–૨૭

મુનિશ્રીનો ખાનદેશ અને માળવાના વિહારનો એક બીજો પ્રસંગ પણ જાણવા જેવો છે.

ત્યાંનો પ્રદેશ જેટલો રમણીય છે એટલો જ વિહાર આકરો છે. પહાડી જગ્યામાં ગામો થોડાં અને તે પણ એક બીજાથી દૂર દૂર.

એક દિવસે વિહાર કરતાં કરતાં જે સ્થળે પહોંચવાનું હતું ત્યાં રસ્તો ચૂકાઇ ગયો અને ધારેલા સ્થળે ન પહોંચી શકયા. એટલામાં વીજળીના કડાકા થયા અને ચારે બાજુ અંધારું છવાઈ ગયું. માર્ગ સૂનો થઈ ગયો. સહુ રાતના વિસામા માટે સ્થાન શોધવા લાગ્યા.

મુનિશ્રીને દૂર દૂર ટગમગતો નાનો–શો દીવો–દેખાયો. જ્યાં પ્રકાશ દેખાય છે ત્યાં જરૂર કોઈ માનવ હશે એમ માની સહુએ એ પ્રકાશ પ્રતિ પ્રયાણ કર્યું. પ્રકાશની નજીક પહોંચ્યા તો એ એક ડાક બંગલો નીકળ્યો. અહીં એક બુઝર્ગ આદમી સ્થાન સંભાળી રહ્યો હતો. સહુ પહોંચ્યા. સંધ્યાની ક્રિયા પતાવી અને આરામ કર્યો. અંતરમાં આ પ્રકાશના ઝબકારાએ નવો જ પ્રકાશ પાથર્યો.

ક્ષણિક પ્રકાશે ચેતનાના પ્રકાશનું સ્વરૂપ ચિન્ધ્યું.

નાની શી જ્યોત, ભૂલેલા માનવીને કેડી બતાવે છે,

તો પરમાત્માએ બતાવેલ ચેતનાના ચિરાગ પ્રત્યે દૃષ્ટિ રાખી માણસ આગળ ધપે તો શાશ્વત સુખના સ્થાને ન પહોંચે?

નાનાશા દીપકે સંધ્યા કાળે સહાનુભૂતિ બતાવી તો હું આ પંથના પ્રવાસીઓ પ્રત્યે સહાનુભૂતિ કેમ ન બતાવું ?

દીપકે અંતરમાં પ્રેમનો દીપક પ્રગટાવ્યો. જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં આ જ ફેર છે. ડાક બંગલાના પગીના દીપકને નિહાળી જ્ઞાની વિશ્વ સામે શાશ્વત દીપક ધરવાના વિચાર કરે છે.

પ્રભાત થતાં સહુએ હાર ચાલુ કર્યો. વડીલ ગુરુજનો સાથે ઉજ્જૈન પધાર્યા. અહીં ચૈત્રી ઓળી ધામધૂમ પૂર્વક થઇ-ચૈત્રી પૂર્ણિમાને દિવસે નાતજાતના ભેદ વિના ભગવાનના દર્શને આવનાર સૌને પુરી શાકનું ભોજન આપવામાં આવ્યું-આ પ્રસંગે માનવ મહેરામણ ઊમટી આવ્યો - લગભગ ત્રીસેક હજાર માણસોએ આ ભોજનનો અને પરમાત્માના દર્શનનો લાભ લીધો હતો. ઉજ્જૈનના શ્રી સંઘમાં આનંદની લહેર લહેરાણી.

ઉજ્જૈનથી ઇંદોર-માંડવગઢ-ખાનદેશ તરફ વિહરી હવે મહારાષ્ટ્ર તરફ વિહાર કર્યો.

૧૯૪૪માં પૂ. ગુરુદેવ સાથે મુનિશ્રી ઘાટકોપર શ્રી જીરાવલા પાર્શ્વનાથ મંદિરના ઉપાશ્રયે પધાર્યા. શ્રી સંઘે ભાવભર્યું સ્વાગત કર્યું.



સ્નેહમાં નહિ, સત્યની શોધમાં.
બારડોલીમાં ચાતુર્માસ—૧૯૪૬

મુનિશ્રી સમદૃષ્ટિ સંત હતા. તેમની દૃષ્ટિમાં ધનાઢ્ય કે ગરીબ, સ્ત્રી કે પુરુષ, સુખી કે દુઃખી, પાપી કે ધર્મી સહુ પ્રત્યે એક સરીખો કરુણાભાવ વહેતો હતો.

'પ્રભુ મેરે અવગુણ ચિત્ત ન ધરો'

સુરદાસનું ભજન જાણે મુનિશ્રીના જીવનમાં ગુંજી રહ્યું હતું.

ઘાટકોપરના આગેવાનો શ્રી દેવજી ટોકરશી, શ્રી સીંગજી વિક્રમસી તથા શ્રી વાડીલાલ ચત્રભુજે મુંબઈથી આવનાર ભાઈઓ માટે ચારે માસ રસોડું ઉઘાડ્યું.

મુનિશ્રીએ ઘાટકોપરમાં અવધૂત યોગીરાજ શ્રી આનંદઘનનાં પદોના સમજાવટનો વર્ગ યોજ્યો. આનંદઘનનાં પદો તો ગુઢ તત્ત્વો અને અગાધ જ્ઞાનથી ભરેલાં છે. જ્યારે મુનિશ્રી આ પદોના અર્થ દર્શાવતા ત્યારે કોઈ નવું વાતાવરણ ખડું થઈ જતું. ઘડીભર પોતે જ આનંદઘન બની જતા. વિધ વિધ રાગોમાં આ પદો ગવાતાં અને શ્રોતા અભ્યાસીઓનાં મન ડોલી ઊઠતાં. અર્થોની સમજણથી તો નવી જ આધ્યાત્મિક દૃષ્ટિ ખીલી ઊઠતી અને આખું એ વાતાવરણ મઘમઘતું બની જતું. આ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા ભાવિકો ઉમટી આવતા.

શ્રીમદ્ રાયચંદના ભાણેજ શ્રી હેમચંદજીભાઈ ટોકરશી-ભાઈ કે જેણે શ્રીમદના ગ્રંથોનું અવગાહન અને પ્રકાશન કર્યું છે તે પણ આ જ્ઞાન યજ્ઞમાં આવતા અને તેમને આનંદઘનનાં પદોના અર્થો મુનિશ્રી પાસેથી સાંભળીને ભારે

આનંદ ઉલ્લાસ થયો હતો. ઘાટકોપરમાંનું આ ચાતુર્માસ સુખ શાંતિ પૂર્વક થયું. ઘણી ઘણી તપશ્ચર્યાઓ થઈ. પર્યુષણ પર્વ ખૂબ ઉલ્લાસથી ઉજવાતાં સંઘમાં આનંદ આનંદ પ્રગટી રહ્યો.

૧૯૪૪ નું ત્રીજું ચાતુર્માસ ગુરુદેવ સાથે ઘાટકોપરમાં પૂર્ણ કરી અંધેરી પધાર્યા.

૧૯૪૫ નું ચોથું ચાતુર્માસ ગુરુદેવની નિશ્રામાં અંધેરીમાં કર્યું.

આ ચાતુર્માસમાં યુવાન ભાઈઓ તો મુનિશ્રી પાસે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા આવતા પણ અંધેરીના આગેવાનો–શ્રીમંતો–ભાવિક બહેનો–પ્રૌઢો અને વૃધ્ધો પણ જ્ઞાનવાર્તાનો લાભ લેવા ચૂકતા નહિ.

ધર્મનિષ્ઠ વયોવૃધ્ધ સંઘવી શેઠ શ્રી નગીનદાસ કરમચંદ બહુ સરળ પ્રકૃતિના અને જ્ઞાન પિપાસુ હતા. મુનિશ્રી અને તેમની વચ્ચે વયનું મોટું અંતર હતું પણ જ્ઞાનનો પ્રકાશ મેળવવામાં અંતર રહેતું નથી.

તેઓ સંસ્કૃત શીખવા મુનિશ્રી પાસે આવતા અને નિર્દોષ બાળ વિદ્યાર્થીની જેમ પાઠો શીખતા મુનિશ્રીએ તેમને પૂ ઉમાસ્વાતિ મહારાજનો તત્ત્વ જ્ઞાનનો ઉત્તમ ગ્રંથ તત્ત્વાર્થસૂત્ર તથા તેનું ભાષ્ય સમજાવ્યું ત્યારે શ્રી નગીનદાસભાઈ આ યુવાન મુનિના જ્ઞાન અને ક્ષયોપશમથી અત્યંત પ્રભાવિત થયા.

અંધેરીમાં ગુરુદેવની નિશ્રામાં ચાતુર્માસ મંગલમય



રીતે પૂર્ણ થયું. પર્યુષણ પર્વ આનંદપૂર્વક થયાં તપશ્ચર્યા પણ ઘણી સારી થઈ. યુવાનોને જૈનદર્શનના સિધ્ધાંતો અને તેની વિશિષ્ટતાઓ સમજવાનો સોનેરી અવસર મળ્યો. સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો.

ઉદ્યોગપતિ જૈન સમાજના અગ્રગણ્ય નાગરિક શ્રીમાન શેઠ ભોગીલાલ લહેરચંદે પૂજ્યશ્રીને તેમને બંગલે પધારવા વિનંતિ કરી કે બાળકો–યુવાન પુત્રો–પુત્રવધુઓ–પુત્રીઓ બધાં જૈન ધર્મના સંસ્કાર પામે અને બધાને આપના પ્રગતિશીલ વિચારોનો લાભ મળે, મુનિશ્રી અને પંડયાસજી મહારાજ એક મહિનો ત્યાં રહ્યા. શ્રી ભોગીભાઈ તથા શ્રી ચંપાબહેને ભાવપૂર્વક મુનિરાજોની સુંદર ભકિત કરી.

૧૯૪૫નું ચોથું ચાતુર્માસ અંધેરીમાં પૂર્ણ કરી થોડો સમય મુંબઈ નગરીને લાભ આપી. ગુરુજનોની સાથે મુનિશ્રી તથા મોટા મહારાજશ્રીએ ગુજરાત તરફ વિહાર કર્યો ગામેગામ વિહાર કરતાં કરતાં બારડોલી પધાર્યા અને બારડોલીના સંઘે ભાવ ભર્યું સ્વાગત કર્યું. બારડોલી તો રાજકીય ક્ષેત્રે મોખરે હતું. યુવાનોનાં માનસ સત્યાગ્રહની લડત તરફ દોરાયાં હતાં અને ભાંગફોડ અને બળવા તરફ વિશેષ અને વિશેષ વલણ ધરાવતા હતા. બારડોલીના સંઘે ગુરુદેવ પૂ. પં. શ્રી ચંદ્રસાગરજીને વિનંતી કરી કે મુનિશ્રી ચંદ્રપ્રભસાગરને બારડોલીના ચાતુર્માસની આજ્ઞા આપો. યુવાન માનસને વાળવા તેમની જરૂર છે. ગુરુદેવે આજ્ઞા આપી. ગુરુદેવે સૂરત તરફ વિહાર કર્યો. પોતાને આંગણે આવેલા એક તેજસ્વી યુવાન મુનિના

સ્વતંત્ર અને પ્રગતિકારક નવીન વિચારો જાણી ધર્મના નામથી દૂર ભાગતા હતા તે જ યુવાનો ઉપાશ્રયમાં ઊભરાવા લાગ્યા. પ્રૌઢજનો અને વૃદ્ધો પણ મુનિશ્રીનાં મધુર વ્યાખ્યાનો સાંભળવા મળે તેથી પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. બહેનો પણ આ સુધા ભર્યાં વ્યાખ્યાનોનો લાભ લેવા આવવા લાગ્યા.

આ યુવાન મુનિશ્રીની ઉંમર માત્ર ત્રેવીસ વર્ષની હતી પણ ત્યાગ અને સંયમની ભાવનાથી તેમનો જુદો જ પ્રભાવ પડતો હતો. સંયમ અને ત્યાગ સાથે જ્ઞાનનું મિલન હતું એટલે તેઓશ્રીના સમાગમમાં આવનાર દરેકને નવું જ દર્શન મળતું હતું તેમ જ તેમની વિશિષ્ટતાનું દર્શન પણ ધીમે ધીમે થવા લાગ્યું હતું.

મુનિશ્રીને મનમાં થતું હતું કે આ યુગમાં માનવ ધર્મનો હ્રાસ થતો જાય છે અને જો આમ જ રહેશે તો માણસ માણસથી દૂર ભાગતો રહેશે અને ધર્મપ્રેમનું ઝરણું સૂકાઇ જશે. તેમની પાસે આવનાર દરેક વ્યકિતને પોતે પોતાના જીવન બગીચામાં જે સદ્‌ગુણોના પુષ્પો ભર્યાં હતાં તેમાંથી નવનવાં પુષ્પો દરેકને આપે જ જતા.

ભગવાન મહાવીરના સિધ્ધાંતોનો વારસો સંભાળનાર એક પછી એક જ્યોતિર્ધરો આવ્યા છે. સરખામણી ન હોય પણ આજના યુગમાં આ યુવાન મુનિશ્રી જે ગૌરવ ભર્યું સ્થાન ભોગવે છે, તે અદ્‌ભુત છે.

મુનિશ્રીના પરિચયમાં જે કોઇ આવે છે અને તેમનો નિકટ સંપર્ક સાધે છે તે તેમની તેજસ્વીતા અને પ્રેમાળ વ્યકિતત્વથી પ્રભાવિત થઇ જ જાય છે.



એ નૈતિક અને આધ્યાત્મિક સિદ્ધાંતો દ્વારા માનવને પ્રકાશ અને પ્રગતિ તરફ દોરનાર દેવદૂત હતા. મુનિશ્રીના પિતામુનિ સતત ધાર્મિક વિધિ વિધાનોમાં રસ લેતા અને લોકોને ખૂબ ખૂબ ધર્મમાં જોડતા. એમની પ્રેરણાથી બારડોલીમાં આષાઢ વદ ૫ થી પંચ મહામંગળ શ્રુત સ્કંધ શ્રી નવકાર મંત્રનો જાપ થયો અને તે નિમિત્તે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. ચંદનબાળાના અઠ્ઠમમાં ઘણી બહેનો જોડાઇ હતી અને અક્ષય વિધિ તપ પણ કરાવ્યો હતો. તપશ્ચર્યા નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ થયો હતો. સુરતના ગવૈયાઓએ વાતાવરણને સંગીતથી ભરી દીધું હતું. શ્રી છીતુભાઈ સમનાજીનાં ધર્મપત્ની જીવી બહેન તથા શ્રી વીરચંદભાઇ તેજાજીના તરફથી મુનિશ્રીએ ઉપધાન તપ કરાવ્યું તેમાં બહેન ભાઇઓની સંખ્યા સાઠની હતી. વરઘોડો સુંદર નીકળ્યો હતો. ચાર ભાઇઓએ મળી સ્વામીવાત્સલ્ય કર્યું હતું. બારડોલીમાં ધર્મ પ્રભાવના સારી થઈ. આ બધાં અનુષ્ઠાનોમાં મોટા મહારાજશ્રી ક્રિયા કરાવતા હતા તથા મુનિશ્રી હંમેશાં અનુષ્ઠાનોની મહત્તા પરપ્રવચનો આપતા હતા.

૧૯૪૬ નું પાંચમું ચાતુર્માસ બારડોલીમાં આનન્દસહ પૂર્ણ કરી પૂ. ગુરુદેવની સાથે શિરપુર તરફ વિહાર આદર્યો. મોટા મહારાજશ્રીની છત્રછાયામાં તેઓ હંમેશાં પોતાનો સમય સ્વાધ્યાયમાં ગાળતા અને તેમાં મગ્ન અને મસ્ત રહેતા.

★

## વિષધરનું નમન-૨૮

શિરપુર જતાં રસ્તામાં એવાં પણ સ્થળો આવે છે કે જ્યાં જૈનોની વસ્તી ન હોય. ઉપાશ્રય પણ ન હોય. એક ગામડામાં મુનિઓનો વાસ ગામના પાદરે આવેલ એક ઘટાદાર વૃક્ષની નીચે થયો. વિહાર પછીનો શ્રમ હતો. સૌ પોતપોતાના સંથારામાં પ્રગાઢ નિદ્રાને આધીન હતા. મુનિશ્રી ચંદ્રપ્રભસાગર પણ થાકથી ભરનિદ્રામાં હતા. ત્યાં એક ફણીધર આવી ચડયો-મુનિશ્રીની પાસે ગરમ કામળીની હૂંફમાં લપાઇ ગયો. થાક અને શ્રમને લીધે ભરનિદ્રામાં કશો ખ્યાલ ન આવ્યો. પણ સર્પ ઉપર થઈને પસાર થયો ત્યારે એના ભારથી એકદમ ઝબકી મુનિજીએ પોતાના પર ઓઢેલી કામળી ફેંકી અને સર્પ સામે જઈ પડયો.

ફણાકરી મુનિશ્રીની નજર સામે દૃષ્ટિ ફેંકતો સ્થિર રહ્યો. સાથેના બધા સાધુઓ ગભરાટથી જાગી ગયા. ચાંદની રાતના અજવાળામાં આ સર્પને જોઇને દોડાદોડ મચી ગઇ. પણ મુનિશ્રી તો પાર્શ્વનાથનું સ્મરણ કરતા પોતાના સંથારામાં જ બેસી રહ્યા. સતના રક્ષક તરીકે હમેશાં શાસનદેવો હાજર હોય જ.

મુનિશ્રીની આંખોમાં કરુણા અને હૃદયમાં પ્રેમ છે. આ ભાવ ફણીધરને પણ ઘડીભર સ્થિર કરી દે તેવો છે.



વેર સામે ઝેર વર્ષાવે છે પણ પ્રેમ સામે નમ્ર બની નમી પડે. સર્પ ફણા સંકેલી ચાલી નીકળ્યો.

સવારે વિહાર કરી સૌ શિરપુર પહોંચ્યા. ત્યાંના સંઘમાં આ વાત પ્રસરતાં લોકો આનંદ અને આશ્ચર્યથી ચકિત થયા. આનંદ આનંદ થઇ રહ્યો ચાતુર્માસ સરસ થયું. પર્યુષણ પર્વમાં તો એક ઇતિહાસ બની ગયો. તપશ્ચર્યા ઉપજ વગેરે પણ અપૂર્વ થઈ.

પૂ. ગુરુદેવ સાથે મુનિશ્રી જ્યારે શિરપુરમાં ચાતુર્માસ હતા ત્યારે બારડોલીના આગેવાનો તથા યુવક ભાઇઓ ગુરુદેવને વંદન કરવા આવ્યા. સૌએ વંદણા કરી-મુનિશ્રીએ ધર્મલાભ આપ્યો. આગેવાનોએ વિનંતી કરી કે, 'ગુરુદેવ! આપશ્રીના સુધાભર્યાં પ્રવચનો સાંભળવા બારડોલીના આબાલવૃદ્ધો ઉત્સુકતા ધરાવે છે. આપે પહેલા ચાતુર્માસમાં અમારા શ્રી સંઘને અને ખાસ કરીને યુવાન હૃદયોને જે પ્રેરણાનાં પાન કરાવ્યાં છે તેની તૃષા હજી છીપી નથી. આપશ્રી શિરપુર પછી ફરી એક વાર બારડોલી પધારો અને શ્રી સંઘની ભાવનાને પૂર્ણ કરો.'

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીને ગુરુજનોની સંમતિ મળી બારડોલીના સંઘને ચાતુર્માસ પૂર્ણ થયા પછી અવસરે લાભ આપવાનું વચન આપ્યું. આગેવાનોને તેઓશ્રીનાં વચનથી ખૂબ હર્ષ થયો.

શિરપુરનું ૧૯૪૭નું છઠ્ઠું ચાતુર્માસ સુંદર રીતે પૂર્ણ થયું. ચાલીસ ઘરમાં એક સો ને આઠ તો અઠ્ઠાઇઓ

થઈ. ચાતુર્માસ પૂર્ણ કરી બારડોલી પધારતાં સંઘે સુંદર સ્વાગત કર્યું. પ્રવચનમાં જૈનો કરતાં જૈનેત્તરોની સંખ્યા વધવા લાગી. મુનિશ્રી પ્રવચનો દ્વારા જૈન ધર્મના સિધ્ધાંતોની મહત્તા, સંયમ-તપ અને ત્યાગની વિશિષ્ટતાઓ અને જીવનનું કલ્યાણ કરી જવાની મંગળ ભાવનાઓ દર્શાવી શ્રોતાઓને પ્લાવિત કરતા રહ્યા. બારડોલીનું બીજું ચાતુર્માસ પણ સુખશાંતિથી પૂર્ણ થયું. શાસનસેવાનાં ઘણાં કાર્યો થયાં સંપ અને સંગઠનનું વાતાવરણ સર્જાયું.

★

**સત્યનું પાત્ર**

સત્ય સૌને ગમે છે, પણ એને કટુતાના પાત્રમાં પીરસશું તો કોઈ નહિ ઝીલે. તમારે જો સત્ય જ પીરસવું હોય તો પ્રિયતાના પાત્રમાં પીરસોને! એથી સત્યનો મહિમા ઘટશે નહિ, પણ વધશે.

## શ્રધ્ધાનો દીપ-૨૯

પવિત્ર ગંગા જમના ગામે ગામને પવિત્ર કરતી જેમ ખળખળ વહેતી રહે છે તેમજ શેષકાળમાં ગુરુજનો દરેક શહેર અને ગામડાંઓના માનવીઓને પોતાના જ્ઞાનવારિ અને કરુણાભરી દૃષ્ટિથી વિહારમાં પવિત્ર કરતા હોય છે.

ભગવાન મહાવીરના વારસદાર મુનિઓ ગ્રામ જનતાના ભોળાભલા અંતરને પ્રેમ અને કરુણાભારી મધુરી વાણીથી છલકાવી દે છે.

આ યુવાન ગુરુદેવની વાણીમાં આધ્યાત્મિક જ્ઞાનની ઊર્મિઓ ઊછળતી હતી અને ગ્રામ જનતાને એ માતૃભાવના વાત્સલ્યથી ભીંજવી જતી.

જ્યાં જ્યાં મુનિશ્રીના પગલાં થતાં તે ગામોના લોકોની ભાવનામાં મુનિશ્રીના પ્રેમભર્યા ધાર્મિક વાર્તાલાપોથી ઉલ્લાસ છલકાતો હતો. ગામની શેરીએ શેરીએ મુનિશ્રીની વાણી કલ્યાણભાવના જાગૃત કરી જતી હતી અને માનવ જીવનની સાર્થકતાની પ્રેરણા આપી જતી. આ પિતાપુત્રની બેલડી મુનિરાજોએ દસાડામાં ૨૦૦૫ના જેઠ વદી ૧૦ તા. ૨૧-૬-૪૯ના રોજ પ્રવેશ કર્યો. સંઘે સુંદર સન્માન કર્યું.

એક દિવસ દસાડાના જાણીતા કામદાર શ્રી મોહનલાલ

હરગોવિંદદાસ પાદરે ભેટયા. મુનિશ્રીને જોઈને પૂછયું. 'કયાં આવ્યા છો? વ્યાખ્યાન કરો છો!'

મુનિશ્રીએ હસીને જવાબ આપ્યો. તમારા ગામમાં આવ્યા છીએ. ઉપાશ્રયમાં ઉતર્યા છીએ. તમારા જેવા સજ્જનાનાં દર્શનં દુર્લભમ્। મુનિને સાંભળી ચકિત થયા. ઓહો! તમે સંસ્કૃત પણ જાણો છો ને શું! ભાઇ સંસ્કૃત જાણીએ છીએ પણ જાણવું એટલે માણવું–આ શબ્દો તથા મુનિશ્રીની પ્રતિભા અને પ્રેમભરી મધુર ભાષા સાંભળીને તેમને પણ ભાવ થઇ ગયો અને બીજે દિવસથી શ્રી મોહનભાઇ વ્યાખ્યાનમાં આવવા લાગ્યા. અને તેમને વ્યાખ્યાનમાં આવતા જોઇને ગામના દરબારશ્રી અને બ્રહ્મણ ભાઇઓ વ્યાખ્યાનમાં આવવા લાગ્યા અને ખૂબ ભીડ થવા લાગી.

ગામના આગેવાનોએ વિનંતિ કરી. અપૂર્વ લાભનું કારણ થશે માટે ચાતુર્માસ અહિં જ કરો.

ચાતુર્માસ સુંદર રીતે થયું. તપશ્ચર્યાઓ સારી થઇ. સંઘના આબાલ વૃદ્ધ મુનિશ્રીની સુધા ભરી વાણી સાંભળી પ્રભાવિત થતા હતા.

દસાડામાં ઉત્તરાધ્યન સૂત્ર અને સમરાદિત્ય કેળવી ચરિત્રનાં વ્યાખ્યાનો બધાંને ખૂબ પ્રિય થઇ પડયાં. તપશ્ચર્યા પણ ઘણી થઈ બે માસ ક્ષમણ, ચૌદ બહેનોએ, સોળ કર્યા.– સાત અઠ્ઠાઇ અને આડત્રીસ જણાએ પાંચ ઉપવાસ કર્યા.



શા. પોપટલાલ ડાહ્યાભાઇ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ થયો. પૂજા–પ્રભાવના થઇ. મંડપની રચના સુંદર હતી. અમદાવાદથી ગવૈયા હીરાલાલ દેવીદાસે પૂજા અને ભાવનામાં ભારે રંગ જમાવ્યો. આયંબિલની ઓળી પણ અહીં જ થઈ.

★

**વાણીનો જાદૂ**

માણસની વાણીમાં કેવો જાદૂ ભરેલો છે! એ અમૃતને ઝેર અને ઝેરને અમૃત બનાવી શકે છે; એ આનંદમાં શોકની હવા અને શોકમાં આનંદની હવા સર્જી શકે છે. માણસ આ જાદુઇ શક્તિ સમજી જાય તો સંસાર કેવો સુમધુર બની જાય!

## પર્યુષણ બાદ-૩૦

હંમેશના નિયમ પ્રમાણે વરઘોડો નીકળવાનો હતો. દસાડામાં અનેક વર્ષોથી એક પ્રણાલિકા થઈ પડી હતી કે આ વરઘોડો પાસે રહેલી કબર પાસેથી જવો ન જોઇએ. આ રિવાજ પાછળ જૂની પુરાણી રૂઢિ માત્ર હતી. એક જાતનો વહેમ પેસી ગયો હતો કે ત્યાં ઉપદ્રવ થાય. મુનિશ્રીએ સંઘના આગેવાનોને સમજાવ્યા: "આવી અંધશ્રદ્ધા" અને વહેમ માણસના જીવનમાં ભ્રાતૃભાવને બદલે ઝનૂન ઊભું કરે છે, જ્યાં ધર્મના નામે અનેક પ્રકારનાં છેદન ભેદન થાય છે, જ્યાં દીવાલો ઊભી થાય છે અને અંતે એક બીજા પ્રત્યે ઘૃણા જાગે છે." મુનિશ્રી આ અંધશ્રદ્ધાના મોટા વિરોધી હતા, અને આ નાનાશા ગામમાં એક બીજા પ્રત્યે ભાઈચારો વધે તે ભાવના સેવતા હતા. તેમણે તો આ વરઘોડો કબર પાસેથી જ લેવડાવ્યો. ત્યાં એક જણને જીન આવતું હતું. તે આ ઢોલ-ત્રાંસાનાં અવાજોથી ધૂણવા લાગ્યો. બધા ગભરાયા. પેલો તો ભાનમાં નહોતો પણ "મહારાજ પાસે ચાલો" તેમ વારંવાર બોલવા લાગ્યો. બધાને દહેશત લાગી કે આ જીન મુનિશ્રીને તો હેરાન નહિ કરે ને ? પણ મુનિશ્રીએ તો તેને પોતાની પાસે લાવવા કહ્યું. જેની પાસે સાધનાભર્યું નિર્ભીક હૃદય છે તેને જીન શું કરવાનું હતું. મુસલમાનો પેલા ઉકડ-કસાઇને



લઈ આવ્યા. એ તો આવતાંજ ઝનૂનથી ખૂબ ધૂણવા લાગ્યો. પૂ. મોટા મહારાજ શ્રી ચંદ્રકાન્ત સાગરજીએ ઉવસગ્ગહર નો જાપ કરી વાસક્ષેપ મંત્રીને નાખ્યો ને મંત્રેલું પાણી છાંટ્યું એટલે એકદમ ચૂપ થઇ ગયો. મહારાજશ્રીએ સાથેના માણસોને કહ્યું કે આ જીન હવે ગયું સમજો પણ ઉકડે કસાઇનો ધંધો છોડી દેવો અને આ જીવનમાં માંસભક્ષણ પણ નહિ. આ કસાઇ, મુનિશ્રીએ આપેલ પ્રતિજ્ઞા આજ સુધી પાળી રહ્યો છે. કર્મવિપાકને લીધે આવા કુળમાં જન્મ થાય, આવો અધમ ધંધો અને પેટ ભરવા માટે પાપ કરવું પડે છે પણ તેમના આત્મા અને આપણા આત્મામાં કશો જ ફેર નથી. મુનિશ્રી માનવ માત્રને આ દૃષ્ટિએ જુએ છે. એટલું જ નહિ પણ પ્રાણી માત્રમાં પણ આવો જ આત્મા રહેલો છે તેમ કહે છે. તેમનું એક સુંદર વાકય છે. 'તને નથી ગમતું તે દરેક આત્માને નથી ગમતુ' આ વાકય સૌ કોઇને લાગુ પડે છે. માટે હે માનવ! તું તારી જાતને એ કક્ષામાં મૂક. પછી કંઇ પણ કાર્ય કર. આવા ઉચ્ચ ભાવથી વર્ષો જૂની પ્રણાલિકા જે વહેમ કરી ગઇ હતી તે દસાડામાંથી નાબૂદ થઇ.

ચાતુર્માસ પૂર્ણ થયુ અને દસાડાના અગ્રગણ્ય આગેવાન શ્રી પોપટભાઇના ઘેર ચાતુર્માસ પરિવર્તન માટે ચતુર્વિધ સંઘ બજારમાંથી જુલુસ રૂપે પસાર થતો હતો.

ગુરુદેવના પૂજન માટે ગહુંલીઓ થતી હતી, દસાડાના જૈનેતર ભાઇ બહેનો આ દૃશ્ય જોવા ઉમટી આવ્યાં હતાં. રસ્તામાં પસાર થતાં દસાડાના દરબાર શ્રી મહમદખાનજી પોતાના મહેલની અટારીમાં ઊભા રહી આ જુલુસ જોતા

હતા. પૂ શ્રી ની નજર ઝરૂખામાં બેઠેલા મહમદખાનજી પર પડી અને આ પ્રેમભરી દૃષ્ટિએ મુસ્લીમ બિરાદરના અંતરમાં ભાવ જગાડયો.

શ્રી મહમદખાનજી નીચે આવ્યા. મુનિજીને વંદન પણ કર્યું, પણ તેમની આંખોમાંની વેદના મુનિશ્રી કળી ગયા. મુનિશ્રીએ તેમની ચિંતાનું કારણ પૂછયું. શ્રી મહમદખાનજી આ પ્રશ્નથી પ્રભાવિત થયા. ત્રણ ત્રણ પત્ની પછી એકનો એક વંશજ–તેમનો દસ વર્ષનો પુત્ર અસાધ્ય રોગથી પીડાતો હતો. તેમણે પુત્રની માંદગીની વાત કરી. મુનિશ્રીએ નમસ્કાર મહામંત્રથી મંત્રેલો વાસક્ષેપ' આપ્યો અને કહ્યું કે 'આ આશીર્વાદ છે અને તમારી શ્રધ્ધામાં મારો શુભ સંકલ્પ ભળે તો પ્રભુ કૃપાએ તે બાળકને બે દિવસમાં વળતાં પાણી થાય. અને એમ જ થયું. આ આશીર્વાદ ફળ્યા. શ્રી મહમદખાનજી તો આને ચમત્કાર માનવા લાગ્યા અને મુનિશ્રી કોઇ અલ્લાના ફીરસ્તા છે તેમ લાગ્યું.

અહીં માનવું પડે છે કે સાધના અને ત્યાગનું બળ અલૌકિક શક્તિનું દર્શન કરાવે છે. આ જાદુ નથી પણ સાધનાનું બળ છે. એ આધ્યાત્મિક પ્રતીક છે. શકિતના સ્વામી પાસે અખૂટ શકિત ભરેલી છે પણ એ શકિતના પરિણામ માટે ભકતની અખૂટ શ્રધ્ધા પણ જરૂરી છે.

મુનિશ્રી તો ચમત્કારોનો વિરોધ કરે છે પણ આ શકિત એવી છે કે શ્રધ્ધાળુના હૃદયને મંગળ આશીર્વાદથી ભરી દે છે.

આ બનાવથી એક મુસ્લીમ બિરાદરના અંતરમાં જૈન ધર્મના ગુરુ પ્રત્યે અત્યંત આદર વધ્યો અને સાથે સાથે અહિંસાની ભાવના ઉત્પન્ન થઈ.

★

## જીવા રેવાળની કાયા પલટ–૩૧

દસાડાનું ૧૯૪૯નું આઠમું ચાતુર્માસ પૂર્ણ કરી શેષ કાળમાં ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં શ્રી શંખેશ્વરની યાત્રા કરી પાછા એ ગામમાં પગલાં કર્યાં અને મુખીના આગ્રહથી ચોરામાં જાહેર વ્યાખ્યાન ગોઠવ્યું. ગ્રામજનો મુનિશ્રીની વાણી સાંભળવા દોડી આવ્યા.

મુનિશ્રીના જીવનની એક ખૂબી છે કે એ જે જે ગામમાં વિચરે ત્યાંના દરેક લોકો–ગરીબ, તવંગર, ખેડૂત, મજૂરો સૌને પોતાની વાણીનો લાભ આપવા ઇચ્છે અને મુનિશ્રીની સુધાભરી વાણી એકવાર સાંભળનાર જીવનમાં એ કદી ન ભૂલે

જીવો રેવાળ વીરમગામ તાલુકામાં બાહરવટીઆઓનો મુખી હતો. ગ્રામજનોના મનમાં જીવા રેવાળનું નામ ભય જગાડતું. તેનો દેખાવ પણ ભય ઉપજાવે તેવો પડછંડ હતો. મુનિશ્રીનું વ્યાખ્યાન ચાલતું હતું. લોકોની ભીડ જામી હતી દૂર દૂર સુધી રસ્તાઓ રૂંધીને પણ ગ્રામજનો મુનિશ્રીને સાંભળવા બેઠા હતા. જીવો રેવાળ પોતાના ઘોડા ઉપર સવાર થઇ એ જ રસ્તે આવી રહ્યો હતો. પણ રસ્તા બધા ચારે તરફથી ગ્રામજનોથી ઘેરાયેલા હોવાથી ઘોડા ઉપરથી ઉતરી થોડીવાર થોભ્યો. એ થોડા જ સમયમાં મુનિશ્રીના થોડાં વચનો કાને અથડાયાં. એ વખતે

તો પાછો ચાલ્યો ગયો પણ મનમાં ઉત્તાપ જાગ્યો અને બેચેન બની ગયો.

એક ઉગતી પ્રભાતે મુનિશ્રી તેમના નિત્ય નિયમોથી પરવારી ગામથી દૂર દૂર શાંત, મધુર વાતાવરણમાં પક્ષીઓના કલરવ અને પવનની મીઠી લહેરકી વચ્ચે એક ટેકરા પર બેઠા બેઠા કુદરતનાં દૃશ્યો માણી રહ્યા હતા અને આત્મચિન્તન કરી રહ્યા હતા. સમય થતાં તેઓ ટેકરા પરથી નીચે ઊતરતા હતા ત્યાં જીવો રેવાળ આવી મળ્યો. મુનિશ્રીએ સ્મિતભાવે 'ધર્મલાભ' આપ્યા. અને શાંત–મધુર અવાજે પૂછ્યું. ભાઇ! તમે કોણ છો? 'હું જીવો રેવાળ. તેણે જવાબ આપ્યો. મુનિશ્રીએ પાસેના વડના ઝાડ નીચે બેસી વાતો કરવા પ્રેમભરી વાણીથી કહ્યું: બાજુમાં વડલાની ઘટા જાણે શાંતિ પાથરી આવકારતી ન હોય તેમ લાગ્યું જ્યાં પ્રભાતનો સુગંધી પવન વીંઝણો કરતો હતો, ત્યાં આ 'સંત અને શેતાન' બેઠા. કેવું મિલન? એ પળો કેવી ધન્ય! મુનિશ્રીએ મીઠામધુરા શબ્દોથી જીવા રેવાળના મનને શાંત કર્યું. એ બે શબ્દો તેના અંતરમાં ઊતરી ગયા અને જીવો રેવાળ મુનિશ્રીના ચરણમાં નમી પડયો. પ્રભો! હું પાપી છું. આજ સુધીમાં ઘણાના મેં જાન લીધા છે, લૂંટયા છે, માર્યા છે, સતાવ્યા છે અને એક સિપાઇને વિરમગામમાં ધોળે દિવસે મારવાથી, પણ સાક્ષી ન મળવાથી દસ વર્ષની જેલ ભોગવીને આવ્યો છું, પણ ચોરી છૂટતી નથી. આપના બે વચનોએ મારા મનમાં ઉથલપાથલ જગાડી છે. મને તારો, મને બચાવો.



આપણે મન સંત અને શેતાન લાગે છે, પણ સંતને મન તો એ શેતાનમાં પણ સંત છે. એ કર્મને આધીન બધું કરી રહ્યો છે.

મુનિશ્રીના અમી ભરેલા અંતરમાંથી પ્રેમભાવના, આંખોમાંથી કરુણા અને વાણીમાંથી શીતળતા વહી રહી હતી. એમની મુખમુદ્રા જોતાં બહારવટિયા જીવા રેવાળના હૃદયમાં વધુ દુઃખના ઘા થવા લાગ્યા. તેને લાગ્યું કે આ જ જીવનનો વિસામો છે. જીવા રેવાળના હૃદયનું પરિવર્તન થવા લાગ્યું.

મુનિશ્રીએ તેના અંતરની વેદના જાણી જીવનમાં કયો માર્ગ સારો તે પ્રેમથી સમજાવ્યું. અને કહ્યું: માણસે એવું જીવન ન જીવવું જોઇએ કે એ જેલમાં હોય અને એનાં પત્ની, બાળક કે સ્વજનનો સદાને માટે ટળવળતાં વિયોગ થાય. આ સાંભળતાં એ એકદમ ગદગદિત થઈ ઊઠયો, તેની આંખમાંથી પશ્ચાત્તાપનાં અશ્રુઓ સરી પડયાં, એક બાળકની જેમ અશ્રુ લૂછતાં એણે કહ્યું: મહારાજ! તમે સાચા છો. હું જેલમાં હતો ત્યારે મેં મારો પાંચ વર્ષનો દીકરો ગુમાવ્યો. એ માંદો હતો; પણ હું એનું છેલ્લે મોં જોવા પણ ન પામ્યો. મહારાજ! હું આ બધુ છોડી દેવા ઇચ્છું છું પણ લોકો, સમાજ મને સ્વીકારશે? મુનિશ્રીએ તેને સાંત્વન આપ્યું. પશ્ચાત્તાપ હૃદયનો હોય તો કુદરત પણ માફ કરે. તમે બેફીકર રહો. કાલે તમે અમારા સ્થાને આવજો. બધાં રૂડાં વાનાં થશે. જીવો મુનિશ્રીના ચરણમાં મસ્તક નમાવી ધીરે પગે ચાલ્યો ગયો.

મુનિશ્રીએ ગામના દરબારશ્રીને બોલાવ્યા. જીવા રેવાળનાં પશ્ચાત્તાપ અને પરિવર્તનની વાત કરી અને તેને કાંઇ કામ અને આજીવિકા આપવા કહ્યું અને તેના વર્તન માટે પોતે ખાત્રી આપી. આજે એ ડાકૂ મટી દરબારનાં ખેતરોનાં રખેવાળાં કરે છે. ગુરુદેવ મુનિશ્રીના મહદ્ ઉપકારને ભૂલ્યા વિના મુનિશ્રીનું નામ સાંભળતાં માથું ઝૂકાવીને ઊભો રહે છે ને કહે છે કે મારા જેવા શેતાનને સાચી સાન આપી છે તો હું તે સંતનું ઋણ કેમ ભૂલું ? સંતની દૃષ્ટિ અને સામાન્ય દૃષ્ટિમાં આટલો જ તફાવત છે. આ તો એક જીવા રેવાળની કાયાપલટની વાત થઇ પણ મુનિશ્રીની વાણીના જાદુથી આવાં કેટકેટલાં માનવીનાં હૃદય પરિવર્તન થયાં હશે, તેની નોંધ કોણ લે ? એમની વાણી જીવનમાં વલોણું કરી તારવેલું નવનીત છે. એ મધુરા નવનીતથી અનેકના સંસારની ઝાળો અને વેદનાઓને મલમ પટ્ટો થાય છે.

બન્ને મુનિરાજો દસાડાથી વિહાર કરી વીરમગામ પધાર્યા. વીરમગામના સંઘના આનંદનો પાર નહોતો. આ વખતે દેશમાં અશાંતિ હતી. દુષ્કાળના ઓળા ઊતરવા લાગ્યા હતા. મુનિશ્રીએ સમૂહ આયંબિળની યોજના કરી. એ રેશનિંગનો જમાનો હતો. સંઘના આગેવાનો પણ અકળાયા. મુનિશ્રીએ નગર પાલિકાના અધિકારીઓ, પંચાયતના સભ્યો, પોલીસ ઇન્સ્પેકટર બધાને બોલાવ્યા. પહેલા તો તેમણે કહ્યું કે આપશ્રી તો કાળા બજારના વિરોધી છો. અત્યારે રેશનિંગ ચાલે છે અને ચારસો માણસોના ભોજનની



મંજૂરી કેમ આપી શકાય ? મુનિશ્રીએ પોતાની પ્રેમભરી વાણીમાં કહ્યું. આપ સૌને મારું આમંત્રણ છે. તમે તે દિવસે જરૂર જરૂર આવશો. તમને અમારા આયંબિલનો ખ્યાલ આવશે અને બન્યું પણ તેમજ. ચારસો આયંબિલ થયાં. અધિકારીઓ આવ્યા. બધા આ જોઇ ચકિત થઇ ગયા. કોઇપણ રેશનીંગની ચીજ સિવાયનું લૂખું ભોજન. તેમાં રસનાનો ત્યાગ, એક ટંક છોડવાનું, કાળા બજાર નહિ અને આરોગ્ય માટે લાભદાયક. આ પ્રસંગ યાદગાર બની ગયો.

વીરમગામમાં રવિવારે જાહેર વ્યાખ્યાનો થતાં. 'હવે તો જાગો ' તેઓશ્રીએ ત્યાં આપેલ પ્રવચન આજે તો પુસ્તિકા રૂપે પ્રિય થઇ પડ્યું છે. વીરમગામનું ૧૯૫૦ નું નવમું ચાતુર્માસ પૂર્ણ કરી મુનિશ્રી તથા મોટા મહારાજશ્રી (પિતા) એ સૌરાષ્ટ્ર તરફ વિહાર કર્યો. રસ્તાનાં શહેરો અને ગામોમાં મુનિશ્રી પ્રવચનનો લાભ આપતા જતા હતા. તેમની સુધાભરી વાણી સાંભળવા સર્વ કોમના માણસો ઊમટી આવતા. જગ્યાએ જગ્યાએ જાહેર વ્યાખ્યાનો યોજાતાં અને સારાય ગામમાં જાગૃતિ આવી જતી.

★

### ત્યાગમાં મુક્તિ

જે ગ્રહણ કરે છે તે દુઃખી થાય છે, જે છોડે છે તે સુખી થાય છે. પરિગ્રહમાં બંધન છે; ત્યાગમાં મુક્તિ છે.

## ધરતી હસી ઊઠી-૩૨

સૌરાષ્ટ્રની ભૂમિમાં આધુનિક યુગના યુવાન મુનિરાજની પધરામણી થતાં ધરતી હસી ઊઠી. ધરતી પણ માણસના સ્પર્શને, એના ઓજસને પીછાને છે.

ભાવનગરને આંગણે પગલાં થયાં અને ભાવનગરના ભાગ્ય જાગ્યાં. સોનામાં સુગંધ મળી. વડવાનો પ્રવેશ ભવ્ય હતો. ભાવનગરના હજારો માનવીઓએ મુનિશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું.

જનતાનો ઉત્સાહ અને ઉમંગ કાંઈ અનોખો હતો. વડવાનો ઉપાશ્રય મુનિશ્રીના પ્રવચનો સાંભળવા આવતા માનવોથી ઊભરાવા લાગ્યો. પ્રોફેસરો. કૉલેજના વિદ્યાર્થીઓ અને બહેનો મોટી સંખ્યામાં આવવા લાગ્યાં અને ઉપાશ્રય નાનો પડવા લાગ્યો, એટલે રજાના દિવસે કે દર રવિવારે જુદા જુદા સ્થાને પ્રવચનો યોજવાં પડતાં.

આવનાર ભાઈબહેનો સંસારના તાપથી આકુળવ્યાકુળ બનેલાં હોઈ ગુરુદેવ તેઓનો મીઠી વીરડી સમો શીળો વિસામો બની જવા લાગ્યા.

તેઓશ્રીના હૃદયમાં દરેક શ્રોતા કે ભક્તજનનો આત્મા પવિત્ર બને, ઉચ્ચ ભાવનાઓથી સભર બને અને પોતાના જીવનને ઉજાળે તેવું ચિંતન અહર્નિશ ગુંજતું હતું.



તેઓ કહેતા ધન અને અન્ન બધું જ મળશે. લાડી-વાડી ને ગાડી પણ મળશે, પણ આત્મજ્યોત તો સંત સમાગમથી જ પ્રગટશે. એઓશ્રીનું વક્તૃત્વ એટલે સત્યનો પ્રકાશ. અંતરનો જ પડઘો. જેવી વાણી તેવું જ આચરણ હોય ત્યારે જ શ્રોતાઓ મંત્ર મુગ્ધ થાય છે.

મુનિશ્રીના જીવનનાં બધાં પાસાં જોતાં એમ જ લાગે છે કે પારસમણિના સ્પર્શથી તેઓ પ્રોજ્જવલ થયેલા છે. જ્યારે પાટ ઉપર બિરાજી તેઓશ્રી મંગલાચરણ કરે છે, ત્યારે તેમની આસપાસ આભા પ્રગટે છે. તિમિરના નાશ માટે સૂર્ય છે તો માનવના અજ્ઞાનના નાશ માટે મુનિશ્રી છે.

મુનિશ્રીનાં પ્રવચનમાં અન્ય જનોના પ્રવચન કરતાં એક વિશિષ્ટતા પણ છે. મુનિશ્રી જૂની વાતોને મૌલિકતાથી, નવી દૃષ્ટિથી નવા સ્વરૂપે રજૂ કરે છે અને માનવના દોષોને ઉપાલંભો આપવાને બદલે મધુરતાથી એ દોષોને દૂર કરવા પ્રેરે છે. કદી રમૂજી વિનોદી વાકયોથી, કદી દૃષ્ટાંતોથી અને કદી પ્રેમભર્યાં ઉદ્બોધનોથી હતાશ થયેલા માનવીના મનને પુનર્જીવિત કરી શાતા આપે છે. વડવાનું ચાતુર્માસ ખૂબ આનંદના ઉલ્લાસમાં પૂર્ણ થયું.

જૈન ધર્મની પ્રણાલિકા પ્રમાણે ચાતુર્માસ પછી દરેક શ્રમણ-શ્રમણીઓએ કાર્તક સુદ પૂનમે સ્થાનાંતર કરવાનું હોય છે. તે દિવસે કોઈ ભાવિક ભક્તને ત્યાં વાસ કરે, ચાતુર્માસમાં તો એક જ સ્થાનમાં રહીને જ્ઞાન ગંગાનાં

વારિ પીરસે. પછી જુદા જુદા પ્રદેશમાં વિચરે અને જનતાને ધર્મબોધ આપતા રહે. મુનિશ્રી અને મોટા મહારાજે (પિતા) પહેલે દિવસે ચાતુર્માસ પરિવર્તન શેઠ શ્રી ભોગીલાલ મગનલાલના 'મધુ મહાલ'માં કર્યું. અહીં શેઠશ્રી અને તેમના કુટુંબીજનોએ ખૂબ લાભ લીધો. બીજે દિવસે એક વૃદ્ધ બહેન શ્રી દિવાળીબહેનની વિનંતીથી તેમની સ્ટેશન પાસેની ફૅક્ટરીમાં પધાર્યા ભક્તોનો ભક્તિરંગ અને ભાવ અનોખો હોય છે. આ પ્રસંગે ભક્ત હૃદય પુનિત પગલાંથી પુલકિત થાય છે.

આમાં સગાં સંબંધીઓનો વ્યવહાર કે લેવડદેવડ નથી. આ તો ભકિતભાવનું આમંત્રણ છે. જિંદગીમાં આવી તક ફરી ફરીને મળતી નથી. આવા સંતોની પધરામણી સંસારીના ઘરમાં કયાંથી! અને આ એક જ પ્રસંગ એવો છે કે સંતોનો નિવાસ કરાવી, તેમના પવિત્ર વાતાવરણથી ભકતનાં ઘર પાવન કરી શકાય.

શ્રી દિવાળી બહેને ખૂબ ભકિતભાવ અને શ્રધ્ધાના દીપક વડે મુનિશ્રીનું બીજા દિવસનું ચાતુર્માસ પોતાની સંતોકબહેન વીવીંગ ફૅક્ટરીમાં બદલાવ્યું. આખો દિવસ પૂર્ણિમાની માફક પ્રકાશ પાથરી આનંદની અનુભૂતિ કરાવતો સૌને આનંદ મણાવી રહ્યો હતો.

રંગબેરંગી મંડપ શોભી રહ્યો હતો. ભાવિક બહેનો ભાવનાંભર્યાં ગીતોથી ગુંજારવ કરી રહ્યાં હતાં. આ મંડપમાં તપ અને ત્યાગ, સંયમ અને જ્ઞાનથી દીપતી



સંતની બેલડી પ્રભુવીરની પાટ પર નવું ઓજસ પાથરી રહી હતી. મુનિશ્રીએ મંગલાચરણ કર્યું અને હજારો વર્ષ પૂર્વનો પ્રભુ વીરનો સંદેશો મધુરી ભાષામાં સંભળાવ્યો ત્યારે હજારો હૈયામાં પ્રકાશ પથરાયો. દિવસ આખો આનંદ અને ઉત્સાહમાં ચાલ્યો ગયો. રાત્રે પણ મોડે સુધી ગવૈયાએ સંગીતથી વાતાવરણ ભર્યું. આખા દિવસના શ્રમ પછી ઘરના સૌ કોઈ નિરાંતે બીજે માળે ગાઢ નિદ્રાને આધીન હતા. પૂ. મહારાજશ્રી તથા પૂ. મોટા મહારાજ તથા બે ભાઇઓ તારાચંદ અને મનુભાઇ ત્રીજે માળે હતા. પૂનમ પછીની એ પહેલી રાત્રિ મધરાત પછી થોડા કલાકે પ્રકાશ પાથરતી હોય છે, અને આકાશના તારલિયા હાસ્ય કરતા ઊભા હોય છે. ચંદ્રની પૂર્ણતા વિદાય લેતી હોય છે. કાર્તક માસના સૌરાષ્ટ્રના શીતલ પવન અને તેની ઠંડકથી ચાદરમાં લપાઇને સૌ ભરનિદ્રામાં હતા રાત્રિના મધ્ય ભાગે ગભરાટની ચીસો અને બચાવો બચાવોના પોકારો થવા લાગ્યા. બેબાકળા બધા જાગી ગયા. પૂ. મહારાજશ્રીનું કોઈ બારણું ઠોકતું હોય તેમ સંભળાયું. મુનિશ્રી ઝબકીને સંથારામાંથી ઊભા થઈ દ્વાર પાસે આવ્યા. ત્યાં તો "બચાવો, બચાવો. જલદી જલદી નીચે ભાગો. આગ–આગ" સાંભળી મુનિશ્રી ચમકી ગયા. બારણાં ખોલતાં જોયું તો અગ્નિની લાલ લાલ જવાળાઓ ઉગ્રસ્વરૂપ ધારણ કરી રહી હતી. સ્ત્રીઓ લાચાર હતી, બાળકો મૂંઝાયેલાં હતાં મુનિશ્રી એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના આપતધર્મ સમજી નાનપણમાં કસાયેલા શરીરની

કસોટી કરવા તત્પર થઇ ગયા. બુદ્ધિ અને હિંમતની ચકાસણી હતી.

શાળા કૉલેજોમાં વ્યાયામ અને એન. સી. સી. ના વર્ગો ફરજિયાત છે તે તરફ વિદ્યાર્થીઓ અણગમો બતાવે છે, પણ આવા જીવન અને મૃત્યુની ઘડીઓમાં પોતાનો તેમ જ બીજા માનવીઓનો બચાવ કરવાની તકમાં તે કેવું કામ લાગે છે તે નથી વિચારતા.

ભયંકર જ્વાલા, ચીસો અને જીવન મરણની ઘડી પાસે આવતી જોઇને આપણા શૂરવીર મુનિશ્રી સાહસ કરીને આગમાં સપડાઇ જનારનો બચાવ કરવા કૂદી પડયા. મકાન નીચે એક ભાઇ નીસરણી લાવ્યા પણ તે ટૂંકી પડી. તેને તેણે ખભા પર માંડી તો ય ત્રણ હાથ ટૂંકી પડી. આ કટોકટીના સમયે દિવાળી બહેને તો ગુરુ મહારાજને જલ્દી નીચે કૂદી પડવા વિનંતી કરી પણ આ તો કરુણા ને દયાના ભંડાર હતા. એમને પોતાના જીવની પરવા નહોતી. સંયમ ધર્મની મર્યાદાનો ખ્યાલ હતો પણ બીજાના પ્રાણ બચાવવા ખાતર આપતધર્મ ગણીને મુનિશ્રીએ એક પછી એક બધી બહેનોને, બાળકોને હાથ પર ટીંગાડીને પેલી નીસરણીએ પહોંચાડયાં. એમ એક પછી એક નીચે મૂકયાં. છેલ્લે મુનિશ્રી ટીંગાઈ ઊતરવા જતા હતા ત્યાં ગવરીબેન પોતાના બાળકને ભૂલી આવી હતી તે ચીસ પાડી ઊઠી. “અરે, જિતેન્દ્ર તો ઉપર જ રહી ગયો છે.” આ મુનિશ્રીની આકરામાં આકરી કસોટી હતી. ધૂમાડો ને આગના ભડકા ચારે બાજુ ફરી વળ્યા હતા. પૂ. શ્રી અંદર જઈ



બાબાને લઈ આવ્યા અને જીવનની પરવા કર્યા વિના બાબાને બચાવી લીધો. બાળકને લઈ નીસરણી પર પગ મૂકયો ત્યાં તો જે સ્થાનેથી બધાને ઉતાર્યા તે ભાગ કકડભૂસ થઇને નીચે પડયો. પૂ. મુનિશ્રીની શૌર્યતા અને શ્રદ્ધા, સમય સૂચકતા અને વીરતાથી અનેક માનવોને નવું જ જીવતદાન મળ્યું !

પૂ. બંને મુનિઓ, બનાવ પછી રાત્રિના ત્રણ વાગે વડવાના ઉપાશ્રયે સૌની સાથે આવ્યા. એક બાજુ આત્મ સંતોષ, બીજી બાજુ અગ્નિ પરીક્ષાનું શુભ પરિણામ, ત્રીજી બાજુ અસહ્ય અગ્નિજવાળાનો શ્રમ અને થાક. આ બધાથી મુનિશ્રી બેભાન બની ગયા. મૃત્યુ સાથે જીવનને હરોળમાં મૂકી જે યુદ્ધ કર્યું તેમાં તેમની તીવ્ર ઇચ્છાશકિતએ બળ પૂર્યું પણ જીત પછી બેશુદ્ધ બની ગયા.

પ્રભાત થયું ત્યાં તો આખાએ ભાવનગરમાં આગ અને મુનિશ્રીના સાહસની વાતો વાયુની માફક પ્રસરી અને લોકોનાં ટોળેટોળાં વડવાના ઉપાશ્રય તરફ આવવા લાગ્યાં. મુનિશ્રી સવારના સાત વાગે શુદ્ધિમાં આવ્યા ત્યારે તો હજારો ભાઇબહેનો, વૃદ્ધો, યુવાનો મુનિશ્રીને વીંટળાઇને બેઠા હતા.

ગામના અગ્રણી જનોનાં હૃદયો મુનિશ્રીના ચરણોમાં નમી રહ્યાં હતાં. લોકોનાં શિર વીરતાને નમતાં હતાં. પ્રેમનાં અશ્રુઓ વહેતાં હતાં.

મૃત્યુમાંથી ઊગર્યાં તે ભાઇ બહેનો અને તેમના કુટુંબી-

જનો જે પૂ. મુનિશ્રી પાસે જ હતા તેમના નયનોમાં ભાવ અને ઋણનાં અશ્રુઓ હતાં. આ જોઇ પૂ. મુનિશ્રીનાં નયનમાંથી પણ કર્તવ્ય પૂર્ણતાનાં બે અશ્રુ સરી પડયાં.

જ્ઞાનથી સભર, સંયમની સુવાસથી મઘમઘતા કરુણાના સાગર મુનિશ્રી સંયમ ધર્મની મર્યાદાનો અંચળો ઓઢી પોતાના જીવનને અગ્નિના તાંડવમાંથી બચાવવા નીચે ઊતરી ગયા હોત તો ઇતિહાસને પાને આ સુવર્ણાક્ષરો પડયાં તે ન હોત અને અંતરના ઊંડાણમાં જે આનંદનો લીસોટો રહી ગયો તે ય ન રહેત.

આખા ચાતુર્માસ દરમિયાન જે માન-ભાવ અને ભક્તિ મુનિશ્રી માટે વહાવ્યાં હતાં તે આ પ્રસંગથી અનેકગણું થઇ વહેવાં લાગ્યાં. ભાવનગરના અગ્રગણ્ય સંઘના નેતા શ્રીયુત શેઠ જૂઠાભાઇ સાકરચંદ વોરા મુનિશ્રીના આ સાહસની વાત સાંભળીને પ્રભાતના પહોરમાં દોડી આવ્યા અને અશ્રુભીની આંખે વંદન કરતા કહેવા લાગ્યા : "મહારાજ! તમે તો ભાવનગરનું ગૌરવ રાખ્યું છે, જૈન ધર્મની શાન બઢાવી છે અને જૈન સાધુ કેવા વીર હોય તેનો દાખલો બેસાડયો છે."

પૂ. મુનિશ્રીના આ મહાન સાહસ અને શૌર્યની ગૌરવગાથાની શેરીએ શેરીએ વાતો થવા લાગી

ભાવનગરના ઇતિહાસના પાને આ બનાવ યાદગાર બની રહ્યો.

★

## સૌરભની અર્ચના—૩૪

મુનિશ્રી ભાવનગરમાં હતા. શામળદાસ કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. પ્રતાપરાય મોદી M. A. PHD. મુનિશ્રીના ચિંતનાત્મક વિચારો સાંભળી પ્રભાવિત થયા હતા. એક દિવસ તેઓ મુનિશ્રીના દર્શને આવ્યા—મુનિશ્રી કાંઇ લખી રહ્યા હતા. શ્રી મોદીએ તે જોવાની ઇચ્છા દર્શાવી 'આ તો મારી નોંધપોથી છે. હું શાંત પળોમાં જે વિચારું છું તે ચિંતન કણિકાઓ રૂપે ઉતારું છું' આ લખાણ જોઇને તે તો ખૂબ પ્રભાવિત થયા. તેમણે તે પ્રકાશિત કરવા વિનંતી કરી. તેની પ્રસ્તાવના લખવા જવાબદારી લીધી, અને ભાવનગરમાં 'સૌરભ' રૂપે તે પુસ્તિકાનું પ્રકાશન થયું. પછી તો તેની છ છ આવૃત્તિઓ થઈ.

મુનિશ્રી સાધુ જીવનની આકરી પળોમાં પણ મૂલ્યવાન ચિંતન ભરી ક્ષણોમાંથી અનેક મૌલિક લખાણોનું સર્જન કરતા હોય છે.

સૌરભના સર્જનમાં મુનિશ્રીના જીવનની સાધનાનું પ્રત્યક્ષ દર્શન થાય છે. વિશ્વના પ્રત્યેક માનવને ધ્રુવ તારકના પ્રકાશમય સંકેતથી પાવન કરે એવી આ ચિંતન કણિકાઓ છે.

'સૌરભ' એ સામાન્ય લખાણ નથી. વાંચીને મૂકી દેવાનું નથી. પણ તેમાં ડૂબકી મારતાં, મુનિશ્રીએ જીવનમાં

મેળવેલ સાધના, કરુણા દૃષ્ટિ અને અનુભવનો દીપક પ્રગટતો દેખાય છે.

મરજીવો દરિયામાં ડૂબકી મારી મોતી લાવે છે તેમ વાચક આ 'સૌરભ'ના વાંચન દ્વારા જીવનનું ઊંડું અવગાહન કરે તો એને જરૂર પાણીદાર મોતીનું તેજ પ્રાપ્તિ થાય.

આ "સૌરભ" જીવનની પ્રત્યેક પળે અણમોલ સાથીદારનો ભાગ ભજવે છે. માનવને આનંદની અનુભૂતિ કરાવે છે, જીવનની આકરી પળોમાં માર્ગદર્શન આપે છે, નિરાશ હૃદયમાં ઉત્સાહ અને પ્રેરણા જન્માવે છે, તૃષિત આત્માઓની તૃષા છીપાવનાર મીઠું ઝરણું બની રહે છે.

સૌરભ' એટલે શૈશવની સહજ સરળતા, યૌવનનું માર્ગદર્શન, પ્રૌઢની સમાલોચના અને વૃદ્ધનો અનુભવ.

મુનિશ્રીનાં દર્શન અને સત્સંગ ઈચ્છનાર મુમુક્ષુએ 'સૌરભ'નું મનન કરી લેવા જેવું છે. એમના વિચારોની મૌલિકતા પામવા વાંસળીની માફક હૃદયને ખાલી કરવું પડશે. હૃદયને ખાલી કરીને જશે તેજ એમના હૃદયનો ખજાનો ઝીલી શકશે.

સં. ૨૦૦૮ માં અક્ષયતૃતીયાના પવિત્ર દિવસે 'સૌરભ' જગત સમક્ષ મૂક્યું. સૌરભની સમૃદ્ધિ અને ખજાનો તો મુનિશ્રીના અંતરમાં પહેલી પચીશીમાં જ ઊભરાયેલો હતો.

જે જ્ઞાનધનથી મુનિશ્રી સમૃધ્ધ બન્યા હતા તે જ્ઞાનનો સંગ્રહ સ્વ માટે ન રાખતાં સર્વને માટે ખુલ્લો મૂકી દીધો. સૌરભ સહુ કોઇની જ્યોત બનો, મુંઝાયેલાનો



વિસામો બનો, માર્ગભૂલેલાનો પથિક બનો, અશાંત હૃદયને શાંતિ આપો, અમિત્રનો મિત્ર બનો એવી ભાવના સહુ કોઇ વાચક ભાવે.

'સૌરભ' પહેલાં 'સંસ્કાર સંભાર' નામનું પુસ્તક લખ્યું હતું જે આજે 'કથા દીપ' નામે વાચકની નજર સમક્ષ છે.

શૈશવ કાળની આ કથાઓમાં મનમાં ઊછળતી ભાવનાનું માધુર્ય છે.

'કથાદીપ'માં મુનિશ્રીએ નાના નાના પ્રસંગોનું અનોખી રીતે અવલોકન કરી આપણા સમક્ષ મૂક્યું છે.

કથાદીપની એક કથા 'સુધરેલાની એક આની' વાંચતાં વિચાર સ્ફૂરે છે કે નાનામાં નાના માણસનાં દુઃખો પણ એમના કરુણાભર્યા હૃદયને કેટલાં ઊંડે સ્પર્શી જાય છે!

કદાચ આવા પ્રસંગો આપણે રોજ જોતાં હોઈશું પણ આપણને તે સ્પર્શતાંય નથી. જ્ઞાનીની જાગૃતિ જ આપણને પ્રગાઢ નિદ્રામાંથી જાગૃત કરે છે.

ભાવનગરના એક યાદગાર પ્રસંગનો ઉલ્લેખ કરી લઈએ. મુનિશ્રી ભાવનગરમાં ચાતુર્માસ હતા. શ્રી. જૈન આત્માનંદ સભાના "આત્મ–કાન્તિ જ્ઞાનમંદિર"ના ઉદ્‌ઘાટનનો સમારંભ હતો. યુગવીર આચાર્ય પ્રવર શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજને તે માટે સભાના કાર્યકરોએ વિનંતી કરી હતી. તેઓશ્રી પાલિતાણાથી વિહાર કરી પધાર્યા અને ૨૦૦૮ના માગશર શુદ ૭ના રોજ ઉદ્‌ઘાટન સમારંભ સભાના હૉલમાં યોજવામાં આવ્યો હતો. આ

પ્રસંગે પ્રસિદ્ધ વકતા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી કાર્યવાહકોની વિનંતીથી પધાર્યા હતા. માનદ્‌મંત્રી શ્રી વલ્લભદાસ ગાંધીએ જ્ઞાનમંદિરની ભાવનાનો ઇતિહાસ રજૂ કર્યો હતો અને મુનિશ્રીના એક પ્રસંગ સાથે યુગવીર આચાર્યશ્રીની જીવનગાથા સરખાવતાં જણાવ્યું કે “ભાવનગરમાં વીવીંગ ફૅક્ટરીમાં આગના ઉપદ્રવ વખતે અત્રે બિરાજેલા પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીએ જે ધૈર્ય અને શૌર્ય દાખવ્યું હતું તેવું જ શૌર્ય અને ધૈર્ય પાકિસ્તાન વખતે પૂજ્ય આચાર્ય ભગવંતે ગુજરાનવાલાના જૈનો, સાધુ સાધ્વીને લીધા વિના હું જવાનો નથી, તેમ જણાવી દાખવ્યું હતું.”

આ પ્રસંગે મુનિશ્રીએ પોતાની લાક્ષણિક શૈલીમાં જણાવ્યું કે ‘આ જીવમાં કોઇ વિશિષ્ટ ગુણ હોય તે જ્ઞાનનો છે. સંસાર સાગરને પાર કરવા માટે જ્ઞાન એ નાવડી છે અને જ્ઞાન વગરનો માણસ ધન, સત્તા કે વિલાસથી શોભતો નથી. વિશ્વ આજે હિંસાના તાંડવમાં ગરકાવ બન્યું છે ત્યારે આપણે જૈન દર્શનના સ્કૉલરો તૈયાર કરવાની અને આ જ્ઞાનખજાનાને જગતના ચોકમાં મૂકવાની જરૂર છે.” આચાર્યશ્રીએ પોતાના મંગળ આશીર્વાદ આપતાં જણાવ્યું કે મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરે જણાવ્યું તે યથાર્થ છે. પહેલું જ્ઞાન અને પછી દયા. જ્ઞાન મંદિરનું ઉદ્‌ઘાટન કરીને રાજી નહિ થતાં જ્ઞાનનો પ્રચાર કરવો જોઇએ. વસ્તુપાળ તેજપાળ પ્રધાન હતા. લડવૈયા હતા સાથે સાથે જ્ઞાન પિપાસુ–વિદ્વાન હતા.



આ જ્ઞાન મંદિરના ઉદ્‌ઘાટન સમયે ત્રણ હસ્ત લિખિત પુસ્તકોના કબાટોનું ઉદ્‌ઘાટન આચાર્ય પ્રવરે કર્યું હતું અને બીજા ત્રણનું ઉદ્‌ઘાટન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીએ કર્યું હતું.

મુનિશ્રીના ટાઉન હૉલના વ્યાખ્યાન સમયે પૂજ્ય આચાર્યશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીએ માંગલિકના બે શબ્દો કહ્યા હતા, આ મિલન હૃદયંગમ બન્યું હતું.

ચાતુર્માસ પૂર્ણ થયું. વિહાર કરવાનો સમય આવી લાગ્યો. પ્રવેશનો આનંદ અને વિદાયનો વિષાદ સૌના મુખારવિંદ પર છુપાવ્યો છૂપાવી શકાય તેમ નહોતો.

મુનિશ્રીને ભાવનગરના હજારો ભાઈબહેનોએ ભવ્ય વિદાય આપી. કેટલીએ આંખડીઓ સજળ થઇ ગઇ અને વરતેજ તરફ વિહાર કર્યો. એક ભકત તરફથી લાડુનું જમણ યોજેલું. એ ભાઇએ ત્રણેક હજારની સામગ્રી તૈયાર કરાવેલી પણ માનવ મહેરામણ ઊમટી આવ્યો. પેલા ભાઇ મુંઝાયા. મહારાજશ્રી પાસે દોડી ગયા. પોતાની મૂંઝવણ દર્શાવી ભકત હૃદયની વ્યાકુળતા ભગવાનને પણ ઘડીભર વિચાર કરતા કરી મૂકે છે મુનિશ્રીએ કહ્યું. “તમારી શ્રદ્ધા ભકિતથી બધા જમશે–ચિંતા ન કરો. હું આવું છું.” આ શબ્દોથી તેમને જરા ધીરજ આવી. પૂ. શ્રી ત્યાં પધાર્યા. મંત્ર દ્વારા વાસક્ષેપ નાખ્યો અને એ ભક્તની શ્રદ્ધાનું પાત્ર અખૂટ રહ્યું. આ કોઈ ચમત્કાર નથી પણ શુભ વિચાર દ્વારા આવતી ભાવનામાં વૃદ્ધિનું અને ભક્તની ભક્તિમાંથી જન્મતી શ્રદ્ધાનું સંકલ્પાત્મક પરિણામ છે.

★

## બોટાદમાં ધર્મભાવના-૩૫

ભાવનગરથી ભાવભરી વિદાય લઈને ગ્રામાનુગ્રામ વિહાર કરતા મુનિશ્રી તથા મોટા મહારાજ બોટાદ પધાર્યા. સં. ૨૦૦૮ના અશાડ શુદ ૯ ને શનિવારના રોજ પ્રવેશ થયો. સંઘે ભાવભર્યું સ્વાગત કર્યું.

આ ચાતુર્માસમાં મુનિશ્રીએ "ધર્મરત્ન" પ્રકરણમાં શ્રાવકના ૨૧ ગુણોનું વર્ણન એવી તો સુંદર રીતે કર્યું કે શ્રોતાજનોને એક નવું જ દર્શન મળ્યું. બીજા વ્યાખ્યાનમાં રામાયણના પ્રસંગો પણ ખૂબ સુંદર રીતે વર્ણવીને શ્રી રામચંદ્ર, સીતાજી અને લક્ષ્મણના જીવન પ્રસંગો દ્વારા ગૃહજીવનના પાઠો આપી જીવન સાર્થક કરવાની પ્રેરણા આપી.

બોટાદમાં શ્રી નવકાર મહામંત્રની આરાધના થઈ. અને તેમાં ૯૦ જેટલા ભાઈબહેનોએ ભાગ લીધો હતો. પર્યુષણમાં તપશ્ચર્યા ખૂબ થઈ. ૧૫૧ તો તપસ્વીઓ હતા.

પર્યુષણમાં જીર્ણોદ્ધાર-કબૂતરની ચણ-જૈન પાઠશાળા-સાધર્મિક સહાયક માટે સારું ફંડ થયું. શ્રી પરસોત્તમ રણછોડદાસભાઈ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ થયો હતો. શ્રી અમૃતલાલ રણછોડદાસ તરફથી લઘુ શાંતિસ્નાત્ર અને જુદા જુદા ગૃહસ્થો તરફથી સ્વામીવાત્સલ્ય થયાં હતાં.

ચાતુર્માસ પૂર્ણ થતા કાર્તક સુદ પૂનમના રોજ



ધોલેરાવાળા દોશી ચુનિલાલ ગોવિંદજીને ત્યાં ચાતુર્માસ બદલાવ્યું અને પતાસાની પ્રભાવના થઈ.

બીજે દિવસે સલોત લક્ષ્મીચંદ હરજીભાઈને ત્યાં ચાતુર્માસ બદલ્યું, વાજતે ગાજતે ગયા અને વ્યાખ્યાન થયું અને બન્ને વખતે પ્રભાવના થઈ.

ત્રીજે દિવસે શા. લાડકચંદ પાનાચંદને ત્યાં ચાતુર્માસ બદલાવ્યું. અહીં વ્યાખ્યાન થયું. બન્ને વખતે પ્રભાવના થઈ. ચોથે દિવસે શા. શાંતિલાલ લીલાધરભાઈને ત્યાં ચાતુર્માસ બદલ્યું ને પ્રભાવના થઈ.

પાંચમે દિવસે કુંભાર લાધા રણછોડને ત્યાં ચોમાસું બદલ્યું.

બોટાદનું ચાતુર્માસ અનેક રીતે વિશેષ પ્રસંગોથી યાદગાર બની ગયું.

બોટાદમાં શ્વેતાંબર મૂર્તિપૂજક અને સ્થાનકવાસીનાં ઘરો છે પણ કોઈ કાળ બળે ઘણાં વર્ષો પૂર્વે બન્નેમાં સંઘર્ષ પેદા થયો. સ્થાનકવાસી મહારાજની સ્મશાનયાત્રા શ્વેતાંબરના મંદિર પાસેથી ન નીકળે, શ્વેતાંબર સંપ્રદાયનો પર્યુષણનો વરઘોડો સ્થાનકવાસીના ઉપાશ્રય પાસેથી ન નીકળે-આ સંઘર્ષના લીધે બન્ને પક્ષોમાં વૈરભાવ જાગેલો. તે એટલે સુધી કે મારામારી અને લાકડીઓ ઊડેલી-આ કેસ કોર્ટની દેવડી સુધી ગયેલો. મુનિશ્રી તો વિચારક હતા. બુદ્ધિપ્રભા તેજસ્વી હતી. સંયમ, તપ અને ત્યાગથી શોભતા હતા. આ સંઘર્ષે તેમને વિચાર કરતા કરી મૂકયા.

સમાધાનની શોધમાં વિચાર-મગ્ન બની ગયા. અંતરનો અવાજ મળી ગયો-ઊકેલ શોધી કાઢયો. સ્થાનકવાસી સમાજના આગેવાનોને બોલાવ્યા અને જૈન ધર્મની વિશિષ્ટતા, અહિંસા ધર્મનું હાર્દ અને સંઘર્ષના બૂરા પરિણામની મીઠાશ અને પ્રેમથી વાતો સમજાવી અને પોતાની આ સંઘર્ષના ઊકેલ માટેની દ્રષ્ટિ બતાવી. આગેવાનો પણ મુનિશ્રીની વાતોથી પીગળ્યા, તેવી જ રીતે મૂર્તિપૂજક આગેવાનોને બોલાવ્યા. તેઓ તો મુનિશ્રી જે ઊકેલ આપે તે મંજૂર રાખવા તૈયાર હતા જ. અને મુનિશ્રીએ ઊકેલ આપ્યો. આ તો કાળની બલિહારી છે. વહેમની જાળમાં જૈન ધર્મી કદી ન ફસાય, પણ સમય સમયનું કામ કરે છે. ભૂતકાળ ભૂલી જાઓ, વરઘોડો સ્થાનક પાસેથી નીકળે એ તો પ્રભુનો વરઘોડો છે અને સ્મશાન યાત્રા દહેરાસર પાસેથી નીકળે તેમાં કોઇ પ્રતિબંધ ન હોઈ શકે. બન્ને સંપ્રદાયોના આબાલ વૃધ્ધમાં આનંદની લહેર લહેરાણી. એટલું જ નહિ પણ બન્ને સંપ્રદાયોમાં સાત સાત સ્વામિવાત્સલ્ય થયાં. સાધના, દ્રઢસંકલ્પ, સંયમ, તપ અને પ્રજ્ઞા શાંતિનું સામ્રાજ્ય લાવી શકે છે.

★

### દૃષ્ટિ તેવી સૃષ્ટિ

માણુસની જેવી દૃષ્ટિ હોય છે, તેવી જ સૃષ્ટિ તેને દેખાય છે. કાળા ચશ્માં પહેરનારને ચંદ્ર પણ શ્યામ જ દેખાય. વિશ્વને એના સ્વરૂપે જોવા માટે માનવીમાં નિર્મળ દૃષ્ટિ જોઇએ.

### સરિતા અને સંત-૩૬

મુનિશ્રીના વ્યાખ્યાનમાં જૈન ભાઇઓ ઉપરાંત જૈનેતરો પણ આવતા. તેમાં કેટલાક કુંભાર ભાઇઓ પણ આવતા અને તેઓને મુનિશ્રી પ્રત્યે ખૂબ ભકિતભાવ હતો. ચાતુર્માસ પરિવર્તનનો દિવસ આવ્યો. એ દિવસે પ્રણાલિકા પ્રમાણે કોઇ ભાવિક ભકતને ત્યાં પરિવર્તન થાય. આ કુંભારભાઇઓ મુનિશ્રી પાસે આવ્યા અને અમારા ગરીબોના ઝૂંપડાંને પાવન કરો, કહી પ્રાર્થના કરી. તેઓને મુનિશ્રીએ સમજાવ્યા. 'ભાઇઓ! આ ચાતુર્માસ પરિવર્તનનો દિવસ. જૈન જૈનેતર ઘણા ભાઇબહેનો આવે. તે બધાંનું સ્વાગત કરતાં સહેજે ખર્ચો થાય. તમે તેને નહીં પહોંચી શકો અને તમારે આવે! ખર્ચ કરવાની જરાય જરૂર નથી. આવો આગ્રહ ન રાખો. પછી અમે એક દિવસ તમારે ત્યાં પગલાં કરી જઇશું'. પણ આ ભાઇઓ તો મક્કમ હતા. ગુરુદેવોના પગલાં અમારે ત્યાં થાય તો અમારાં આંગણું પવિત્ર બની જાય. અમે ધન્ય ધન્ય બની જઇએ. પ્રભો, અમારી પ્રાર્થના સ્વીકારો.

આથી જૈન આગેવાનોને મુનિશ્રીએ સમજાવ્યા કે આ ભાઇઓની ભાવનાને આપણે સમજવી જોઇએ. આવા પ્રસંગોમાં પ્રણાલિકા કરતાં ભાવનાને સ્થાન મળવું જોઇએ.

એ પરિવર્તનના દિવસે સમસ્ત કુંભાર ભાઈઓના આનંદનો પાર નહોતો.

'શેરી વળાવી સજ્જ કરું, ગુરુ આવોને.'

એ લોકગીત હજારો કંઠોમાંથી ગુંજી રહ્યું અને દૂરદૂર સંભળાયું. મજૂરોએ ઢોલક અને દાંડિયાની રમજટ બોલાવી. ગુરુત્રયીનાં પગલાં થયાં ત્યારે તો કુંભાર ભાઈ-બહેનોની આંખડીઓ હર્ષાશ્રુથી ભરાઈ આવી કહેવાતો ઊજળો સમાજ કુંભાર ભાઈ-બહેનોનો ભક્તિભાવ જોઈને સ્તબ્ધ બની ગયો. વધારામાં શ્રીફળની પ્રભાવના થઈ ત્યારે તો કુંભાર ભાઈઓના ગુરુપ્રેમથી સૌ મુગ્ધ બની ગયા. ગુરુદેવોએ મંગળ આશીર્વાદ આપ્યા. કુંભાર જાતિ પોતાને ધન્ય ધન્ય માનવા લાગી. અહોભાગ્ય અમારાં કે ગુરુદેવોએ અમારાં આંગણાં પાવન કર્યાં.

બોટાદનું ૧૯૫૨નું ચાતુર્માસ પૂર્ણ કરી ગ્રામાનુગ્રામ વિહારક કરતાં કરતાં રસ્તાનાં ગામોમાં મુનિશ્રીએ ગ્રામજનોને સુધાભરી વાણીમાં જીવનનું માંગલ્ય અને ધર્મનો મર્મ બતાવવા સુરેન્દ્રનગરમાં પગલાં કર્યાં.

સુરેન્દ્રનગરમાં વરસી તપનાં પારણાંનો પ્રસંગ હતો. બંને મુનિરાજોએ તે પ્રસંગે તપસ્વીઓને મંગળ આશીર્વાદ આપ્યા. આ પારણાં નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ થયો. વરઘોડો પણ ખૂબ શાનદાર કાઢવામાં આવ્યો અને આ નિમિત્તે નોકારશી પણ થઈ. રોજ પ્રવચન ચાલતાં અને તે સાંભળવા વિવિધ ધર્મનાં ભાઈબહેનો ઊમટી આવવા



લાગ્યાં. તેમણે જણાવ્યું, "સંસારમાં પ્રમાણિક નાગરિક તરીકે, સારા માનવ તરીકે જીવવું એ પ્રથમ જરૂરી છે. જીવનને ઊર્ધ્વગામી બનાવવા માગતા માનવ માટે પ્રામાણિકતા એ પ્રથમ સોપાન છે. આચાર શુદ્ધિ વિના જીવન શુદ્ધિ કેમ સંભવે?"

મુનિશ્રી દુઃખી-દર્દીનો વિસામો છે, તરસ્યાની મીઠી વીરડી છે, અને ફેંકાઈ ગયેલાનો આધાર બની બેસે છે.

માણસ ગમે તેટલી સમૃદ્ધિ ધરાવતો હોય છતાં એક દિવસે તે આવા મુનિશ્રીના ચરણે આવવાનો અને સંતપુરુષોના પ્રેમભર્યાં વચનો અને આશીર્વાદ લેવાનો.

મુનિશ્રીએ જે જે ગામમાં પગલાં કર્યાં, ચાતુર્માસ કર્યાં ત્યાં હજારો કુટુંબોએ આ શાતાનાં પાન કર્યાં છે.

★

## વિવેકનું મૂલ્ય

ઝાકળના બિંદુનું રૂપ તો કાંઈ નથી, પણ જ્યારે એ કમળના પાંદડાં ઉપર પડ્યું હોય છે ત્યારે એમાં સાચા મોતીની રમ્યતા સરજાય છે. આમ વાણી અને વર્તનનું મૂલ્ય કાંઈ નથી, પણ વિવેક વાપરવાથી એનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

## રાજનગરનાં વધામણાં-૩૭

સુરેન્દ્રનગરની જનતાને અમૃતધારાનું પાન કરાવીને પિતા-પુત્રની બેલડીએ શેષકાળમાં પાલિતાણા-બોટાદ આદિ સ્થળોએ જ્ઞાન વિતરણ કરતાં કરતાં અમદાવાદમાં પગલાં કર્યાં. શ્રી નાગજી ભૂધરની પોળમાં ભવ્ય સ્વાગત થયું. ૨૦૧૦ના જેઠ વદી ૧૦ ને વાર શુક્રવારે તા. ૨૫-૬-૫૪ના પ્રવેશ કર્યો.

શ્રી સાંકળચંદ રતનચંદના વિધવા શ્રી ચંપાબહેનના શ્રેયાર્થે અઠ્ઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો. ૨૦૧૦નું ચાતુર્માસ નાગજી ભૂધરની પોળમાં કર્યું. નાગજીભૂધરની પોળના વ્યાખ્યાનોમાં યુવક-યુવતીઓ ખૂબ રસપૂર્વક ભાગ લેવા લાગ્યાં. મુનિશ્રીની અનુભવવાણી શ્રોતાઓને નવનવા વિચાર મણીઓની માળ આપી રહી અને શ્રોતાઓની સંખ્યા વધતી જ રહી.

અમદાવાદ તો ગુજરાતનું પાટનગર અને જૈનપુરી. મુનિશ્રી નવા વિચારના હતા અને દ્રવ્ય-ક્ષેત્ર-કામ ભાવ પ્રમાણે ફેરફારો પણ કરતા હતા. તે પહેલા અહીં કરેલા ચાતુર્માસમાં જ લોકો તેમને જાણી ગયા હતા. રૂઢિચુસ્ત માનસને ફેરવવાની મુનિશ્રીની કળા જાણીતી હતી. તેઓ પોતાના વ્યાખ્યાનોમાં જૂની વાતને નવા સ્વરૂપે મૂકતા હતા. જો કે કેટલાક જૂનવાણી વિચારો ધરાવનાર કુતૂહલ



GT 3360
MEHTA LIBRARY

અને શંકા કુશંકા સેવતા હતા કે આ નવા વિચાર ધરાવનાર મુનિને કેવી રીતે આવકારશે. પણ મુનિશ્રીની દૃષ્ટિ તો જૂના-નવાનો સમન્વય કરવાની હતી. તેમની વાણીમાં મીઠાશ હતી. ધર્મના સિદ્ધાંતોને તેઓ પોતાની ભાષામાં એવી રીતે મૂકતા કે સૌ તેમના ભાવને આવકારતા થયાં. તેમની બિનસાંપ્રદાયિકતા, સત્યતા અને ઊંડી ધર્મભાવનાએ જનતાને આકર્ષી. વાત કંઠોપકંઠ પ્રસરી રહી. ખરેખર અગાધ જ્ઞાનના સ્વામી છે. જેવું જ્ઞાન તેવું આચરણ, જેવી વાણી તેવું જ પ્રભાવશાળી વ્યકિતત્વ. જૈન ધર્મના ચુસ્ત આચાર પાળતા છતાં જૈન ધર્મની રૂઢિઓના સખત વિરોધી. ત્યાગી પણ શુષ્ક નહિ. મુખ પર સદાય પ્રસન્નતા. જીવનના રોજ-બરોજના બનાવોમાંથી દંભ અને અસત્યને વીણીવીણીને બતાવે છે. કાંકરાની જેમ ફેંકી દેવાની પ્રેરણા આપે છે.

લોકોના આધુનિક જીવનની અતૃપ્તિને જાણે તૃપ્તિ મળી અને લોકોએ શાંતિની ખોજમાં મુનિશ્રીના પ્રવચનોનું શરણ લીધું, અને તેમાંથી સમાધાન મેળવ્યું.


પિતા ગુરુ અને મુનિશ્રીની જોડીનો કોઈ અદ્‌ભુત સમન્વય હતો. ક્રિયાકાંડના ઉપાસક વર્ગને ધર્મનો રંગ પૂ. મોટા મહારાજશ્રી પાસેથી મળતો ત્યારે આધુનિક સુધારક વર્ગને મુનિશ્રી પાસેથી જીવનની દૃષ્ટિ સાંપડતી.

મુનિશ્રી પોતાની સાધના, જ્ઞાનની આરાધના વિવિધ વાંચન અને મનનમાં તો પ્રવૃત્ત રહેતા પણ સાથે સાથે માનવજીવનના મૂંઝવતા કોયડાનો ઊકેલ કરવાની પળને કદાપી

ગૌણ ન ગણતાં. મુનિશ્રીનાં પ્રવચનોથી પ્રભાવિત થઈને સંદેશના તંત્રી શ્રી ઓડીવાળા પૂ. મુનિશ્રીના પ્રવચનો અઠવાડિયામાં એકવાર સંદેશમાં પ્રકાશિત કરતા હતા. મુનિશ્રીના મનમાં સૌ પ્રત્યે સમાનતા છે. એમની પાસે આવનાર ગમે તે ધર્મનો ઉપાસક હોય. જૈન, હિંદુ, પારસી કે મુસ્લિમ, હરિજન, આર્ય કે અનાર્ય હોય પણ એ તમામમાં રહેલી માનવતા, આત્માની સમાનતાનાં જ દર્શન કરી ભિન્ન ભિન્ન સંસ્કૃતિનો સમન્વય કરે છે.

ચાતુર્માસમાં પર્યુષણપર્વ ભવ્ય રીતે થયાં. પર્યુષણ પછી પણ પ્રવચનખંડ ભરાયેલો જ રહેતો. ચાતુર્માસ પૂર્ણ થતાં. જૈન મરચંટ સોસાયટીના આગેવાનો મુનિશ્રીને વિનંતિ કરવા આવ્યા અને પિતા-પુત્રની બેલડીએ ૨૦૧૧ના માગશર વદ ૨ શનિના રોજ જૈન મરચંટ સોસાયટીમાં પ્રવેશ કર્યો. સોસાયટીએ ભવ્ય સ્વાગત કર્યું. રવિવાર સિવાય સામાન્ય રીતે પ્રવચનમાં હાજરી ઓછી હોય પણ અહીં તો મુનિશ્રીનાં વ્યાખ્યાન સાંભળવા શહેરમાંથીય ભાઈબહેનો આવવા લાગ્યાં.

મુનિશ્રીના પિતાગુરુને શત્રુંજયની ભૂમિનો સાદ સંભળાયો અને તેમની ભાવના દાદાને ભેટવાની થઈ. પણ અમદાવાદના લોકો આવા જ્ઞાન માટે ચાતકની માફક આતુર હતાં એટલે ભક્તોની ભક્તિ અને પ્રાર્થના આગળ લાચાર બન્યા અને આગામી ચાતુર્માસ અમદાવાદમાં જ કરવા નિર્ણય થયો. સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો. પૂજ્ય મોટા મહારાજશ્રીની



મુખ ઉપર સરળતા, વિચારોમાં ગહનતા, ચિત્તપટ કે ક્રિયા અને જ્ઞાન!
[વિદ્યા શ્રીમાળી નાતના કેળવણી મંડળના ઉત્સવમાં—અમદાવાદ, ૧૯૫૪

તબીઅત નરમ થઇ ગઇ હતી, તેની અનન્ય ભાવે સેવા કરનાર ડૉ૦ નગીનદાસ તથા ડૉ૦ ગીરધરલાલને જૈન મરચંટ સોસાયટીમાં મુનિશ્રીની નીશ્રામાં સન્માનવામાં આવ્યા. મુનિશ્રીએ જણાવ્યું કે દર્દીને મન ડૉકટર કે વૈદ તો વિશ્વાસનું સ્થાન છે. એમને મન એ ફીરસ્તા જેવા છે. ડૉકટરો સમાજના સાચા સેવકો છે. દુઃખીનો દિલાસો છે. ડૉકટરો ધારે તો હજારો દિલનો મલમપટ્ટો કરી શકે છે."

મરચંટ સોસાયટીમાં ચાતુર્માસની જય બોલાવી બંન્ને મુનિઓ ફાગણવદ ૬ સોમવાર તા. ૧૪–૨–૧૯૫૫ ના રોજ વિહાર કરી પાનસરની યાત્રા માટે પધાર્યા. ગીરધરનગર, સાબરમતી, ખોરજ, કલોલ થઇ પાનસર ફાગણવદ ૧૦ ના પહોંચ્યા. ફાગણવદ ૧૧ રવિવારના નાગજી ભૂદરની પોળના ૪૦૦ થી ૫૦૦ બહેનભાઇઓ આવ્યા. અહીં પૂજા ભણાવવામાં આવી. જમણવાર કર્યો. સવારના મુનિશ્રીએ તીર્થયાત્રા અને તેનાથી મળતાં આત્મશુદ્ધિ અને આત્મશાંતિના પાઠોનું મનનીય પ્રવચન આપ્યું. આ તીર્થ ધામો ખડાં ખડાં મૌન પ્રેરણા આપે છે. ભકિતમાં અદમ્ય શકિત છે અને તે શકિત દ્વારા શુદ્ધિ કરી આત્માએ સિદ્ધિ મેળવવી જોઇએ. સાંજના મંગલિક સાંભળી સહુ અમદાવાદ ગયા.

મુનિશ્રીને પાનસરમાં સ્વાધ્યાય માટે ખૂબ શાંતિ મળી–જે તેઓ શોધી રહ્યા હતા. અહીં ચિંતન–મનનમાં મસ્ત બની ગયા. ચૈત્રી ઓળી અહીં જ કરાવી. ચૈત્રવદ

૧૩ ના શેરીસા ગયા. નવપદ મંડળના લગભગ ૧૦૦ ભાઈઓ આવ્યા હતા. પાનસરથી જેઠ સુદ ૧૩ ના વિહાર કરી નાગજી ભૂદરની પોળમાં પધાર્યાં. અહીં થોડા દિવસ સ્થિરતા કરી આષાડ સુદ ૩ બુધવાર ૨૨–૬–૫૫ ના રોજ વિહાર કરી જૈન મરચંટ સોસાયટીમાં ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો સોસાયટી તરફથી સુંદર સ્વાગત થયું. રવિવારના જાહેર વ્યાખ્યાનમાં તો માનવ મેદની એટલી બધી ઉમટી આવતી કે વિશાળ જગ્યા ટૂંકી પડતી.

માણસને નવી દૃષ્ટિ પ્રાપ્ત થાય ત્યાં જ્ઞાતિ, કુળ, વંશ, ભાષા અને ક્રિયાકાંડ કે ધર્મના ભેદોને મૂળભૂત સ્વરૂપથી નિહાળાય છે. સર્વમાં ઐક્યનું દર્શન થાય છે.

મુનિશ્રી જૈન આગમો અને સૂત્રોનું અવલોકન કર્યા બાદ પ્રવચનના સમયને બાદ કરીને નવા નવા લેખકોનાં જીવનચરિત્રો, ચિંતનાત્મક ગ્રંથો, તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો અને અનેક ભાષાઓના અભ્યાસમાં ગાળતા હતા અને પોતાના આધ્યાત્મિક જ્ઞાન ખજાનામાં સતત ઊમેરો કરતા હતા. તે વખતે પ્રકાશિત થયેલ ‘મોતીની ખેતી’ અને ‘હંસનો ચારો’ ચિંતન કણિકાઓનાં તેમનાં પુસ્તકો નવયુવાનો માટેનું નવું જ દર્શન આપી જાય છે. જુદા જુદા ગ્રંથોના અવગાહન પછી ગુજરાતી પુસ્તકોના સર્જન દ્વારા નવા જ વિચારો અને નવી દૃષ્ટિ તથા નવું ચિંતન જગત સમક્ષ મૂકી રહ્યા.

મરચંટ સોસાયટીમાં ચાતુર્માસ સુંદર રીતે થયું.



પર્યુષણ પર્વ આનંદ ઉલ્લાસથી ઊજવાયા. તપશ્ચર્યા પણ ઘણી થઇ. ઉપજ પણ સારી થઇ. બીજા ફંડો પણ થયા અને વરઘોડો, સંઘ જમણ વગેરે પણ થયાં. સોસાયટીમાં આનંદ આનંદ થઇ રહ્યો. જૈન મરચંટ સોસાયટીથી પોષ વદી ૯ ના વિહાર કરી નરોડા આવ્યા. મરચંટ સોસાયટીના ભાઈ બહેનો સાથે આવ્યા. પૂજા સંઘજમણ વ્યાખ્યાન થયાં, ત્રણ દિવસ સ્થિરતા કરી સોસાયટીમાં પધાર્યા. મોટા મહારાજશ્રીની ભાવના ઘણા વખતથી ગિરિરાજશ્રીના દર્શનની હતી તેથી ૨૦૧૨ ના મહાવદ ૧ રવિવાર તા. ૨૬–૨–૫૬ ના રોજ વિહાર કરી સરખેજ આવ્યા. ૫૦૦ ભાઈબહેનોએ સાથે વિહાર કર્યો. સરખેજથી વિદાય થતાં ત્યાં આવેલા આગેવાનો અને ભાઈ બહેનોએ સજળ નેત્રે વિદાય આપી. સૌરાષ્ટ્રથી વહેલા વળજો તેમ કહેતાં કહેતાં સૌ અમદાવાદ ગયા. પિતા પુત્રની બેલડી બાવળા, કોઠ, ધંધૂકા, બગડ, થઇ બોટાદ પધાર્યાં. બોટાદના ભાઇબહેનોના આગ્રહથી પાંચ દિવસ સ્થિરતા કરી વ્યાખ્યાન આપ્યું. અહીંથી વિહાર કરી ફાગણ સુદ ૧૫ તા. ૨૬–૩–૫૬ ના રોજ ભાવનગરમાં પ્રવેશ કર્યો. અહીં થોડા દિવસ સ્થિરતા કરી. કૃષ્ણનગરના આગેવાનોની વિનંતી ચાતુર્માસ માટે થઇ અને મુનિશ્રીએ મોટા મહારાજની સંમતિ મેળવી. ચાતુર્માસ માટે અનુમતિ આપી કૃષ્ણનગરના ભાઇઓને આનંદ થયો. શેષ કાળમાં પિતા–પુત્રની બેલડી પાલિતાણા પધાર્યા. અહીં દાદાની યાત્રા કરી. જુદી જુદી જગ્યાએ વ્યાખ્યાનો આપ્યાં અને

ગુરુકુળ–બાલાશ્રમ અને શ્રાવિકાશ્રમના વિદ્યાર્થીઓ–વિદ્યાર્થીનીઓને વિદ્યાર્થી જીવનના સોનેરી દિવસોમાં અભ્યાસ શરીરશ્રમ–વિકાસપ્રવૃત્તિ અને સેવાનો સંદેશ આપ્યો. ૨૦૧૨ ના ચૈત્ર વદ ૯ શુક્રવાર તા. ૪–૫–૫૬ના રોજ ભાવનગર પ્રતિ વિહાર કર્યો રંગોળા, મઢડા, કનાડ, શિહોર, વરતેજ થઇ ગ્રામાનુગ્રામ ધર્મબોધ આપતા આપતા દાદા સાહેબ પધાર્યા.

★

### વૃક્ષની સજ્જનતા

આ વૃક્ષમાં કેવી સજ્જનતા છે? કુહાડાથી કાપનારને એ છાયા આપે છે, ઘા કરનારને ફળ આપે છે, અપકારી ઉપર એ ઉપકાર કરે છે, ત્યારે માનવી શું વૃક્ષથીયે બેદ? માનવીમાં આવો કોઇ ઉપકારધર્મ નહિ?



પિતૃછાયામાં પુત્રની જ્ઞાનમસ્તી

શ્રી બાલુભાઈ ફૂલચંદ વડવાથી પાલિતાણા કાઢેલા સંઘને સ્વના પગલે દોરતું મુનિ યુગલ શિહોરને પાદરે વિસામો લે છે—૧૯૫૬

## ભાવનામાં ભરતી–૩૮

૨૦૧૨ ના જેઠ વદી ૧૦ મંગળવાર તા–૩–૭-૫૬ ના રોજ કૃષ્ણનગર ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો. સંઘે ભવ્ય સ્વાગત કર્યું. મુનિશ્રીનાં વ્યાખ્યાનોમાં કૃષ્ણનગરમાં ધાર્મિક શ્રવણનો રંગ જામ્યો. ઉપાશ્રય નાનો પડવા લાગ્યો. એટલે રવિવારના વ્યાખ્યાનો ટાઉન હોલમાં યોજવામાં આવ્યાં. ભાવનગરના મહારાજ કૃષ્ણકુમારસિંહજી જે ધર્મપ્રેમી અને લોકપ્રિય દેવપુરુષ જેવા રાજવી હતા. તેઓ મહા રાણી સહ મુનિશ્રીનાં પ્રવચન સાંભળવા આવતા અને ખૂબ આનંદ અનુભવતા હતા. નગરપાલિકાના મેયર શ્રી ગંગાદાસભાઈ તો મહારાજશ્રીના ભકત બની ગયા હતા. ડેપ્યુટી કલેકટર શ્રી પી. એન શાહે તો વર્ષીતપ કર્યો. કલેકટરનાં પત્ની શ્રી દમયંતીબેન, મામલતદાર લાડકચંદભાઈ, માજી-રાજ ગર્લ્સ હાઈસ્કૂલનાં પ્રિન્સીપલ શ્રી મિસ શેટે તથા રાજ્ય અધિકારીઓ નિયમિત પ્રવચનમાં લાભ લેતાં. સ્વામી રામદાસ નો એક યાદગાર પ્રસંગ બન્યો. તેઓ ભાવનગર પધાર્યા હતા. ભાવનગરના ઘરઘરમાં પૂ. મુનિશ્રીના પ્રવચનની વાતો થતી હતી તેથી મુનિશ્રીને મળવાની ભાવના જાગી. ટાઉન હૉલમાં મુનિશ્રીનું વ્યાખ્યાન હતું. શ્રી રામદાસ સ્વામી પધાર્યા. બન્નેનું મિલન હૃદયંગમ બની ગયું. ટાઉન હોલમાં વિશાળ માનવમેદની વચ્ચે મુનિશ્રીનું પ્રવચન થયું. શાંતિથી

મુનિશ્રીને સાંભળ્યા. પ્રવચનને અંતે કન્નડમાં તેમણે મુનિશ્રીને કહ્યું કે ભાષા નહિ, પણ ભાવ મને સ્પર્શી ગયો છે. ભાષા માણસને જુદો પણ પાડે, પણ ભાવ તો જોડે જ. દક્ષિણમાં ત્રણ સંતો, પોંડીચેરીમાં શ્રી અરવિંદ, તિરૂવન્નમલૈમાં શ્રી રમણ મહર્ષિ અને કાનનગઢમાં શ્રી રામદાસ સ્વામી. આપણા મુનિશ્રી સંસારી અવસ્થામાં યુવાન રૂપરાજેન્દ્ર હતા ત્યારે આ ત્રણે વિભૂતિઓને મળેલા.

મુનિશ્રીની પ્રતિભા અને એમની ચાલવાની છટા જોઈ પૂ. રામદાસ ચકિત થયા અને મુનિશ્રીને કન્નડમાં પૂછ્યું. હું તો મોટરમાં જઈશ, પણ તમે પગપાળા ક્યારે પહોંચશો? મુનિશ્રીએ સ્મિત કરી ગૌરવભરી વાણીમાં કન્નડમાં જ કહ્યું કે "સ્વામીજી! માણસ મોટરથી પરતંત્ર છે, હું સ્વતંત્ર છું. આ બે પગની ગાડી પાસેથી માગું ત્યારે કામ લઈ શકું છું. હજારો માઇલોનો પ્રવાસ આ બે પગે ખેડી નાખ્યો છે." અને ખરેખર બન્યું એવું કે શ્રી રામદાસજી માંડ માંડ મોટર અકસ્માતથી બચી ગયા. ટાઉન હોલના ગેટમાંથી નીકળતાં જ નાનો અકસ્માત નડયો. પૂ રામદાસ સ્મિત કરી કન્નડમાં બોલી ઊઠયા. મુનિશ્રી! તમારી વાત સાચી, "પરમાં અકસ્માત-સ્વમાં શાંતિ."

ભાવનગર કદી ન ભૂલે તેવો એકતાનો પ્રસંગ સદા યાદગાર બની રહેશે ભાવનગરમાં ભાવસાર જ્ઞાતિના ઘણાં કુટુંબો છે. એમતો પૂજ્યપાદ શ્રી વીર વિજયજી દાદા ભાવસાર હતા. ભાવસારો જૈન ધર્મ પાળે છે. પૂજા સેવા



કરે છે. તપશ્ચર્યા કરે છે. પર્યુષણમાં આવે છે, પણ તેઓને સંઘ જમણમાં જુદા બેસાડવામાં આવતા. સમાન ધર્મીઓ વચ્ચે આ ભેદાભેદનું વાતાવરણ મુનિશ્રીને ખટકયું.

આ ભેદનો છેદ કરવા પ્રયાસ કર્યો. એ માટે ખાસ પ્રવચન ગોઠવ્યાં. આગેવાનોને બોલાવ્યા. વિચાર વિનિમય કર્યો. સંઘના આગેવાનો સમયને ઓળખી ગયા અને પંગતભેદ દૂર થયો. આખો સંઘ સાથે બેસી જમ્યો અને ભાવસાર જ્ઞાતિના કુટુંબોમાં આ ગૌરવભર્યા પ્રસંગથી આનંદની લહેર લહેરાણી અને સંપની સુવાસ મઘમઘી રહી.

★


### સૌન્દર્યનાં જખમ

ગુલાબ એ ફૂલોનો રાજા છે. એનાં રંગ, રૂપ, સુગંધ, રચના અને પાંખડીઓ-બધું જ અપૂર્વ! પણ ગુલાને પોતાનું આ સૌન્દર્ય પ્રાપ્ત કરતાં પહેલાં મૂક વ્યથામાં કાંટાના કેવા જખમો સહેવા પડયા હશે, એ નાજુક હૃદય સિવાય કોણ જાણે!

## અગમવાણી-૩૯

શ્રીમતી ઈંદિરા ગાંધી ભાવનગર આવેલાં. રાજ્યનાં મહેમાન હતાં. જવાના દિવસે મહારાજશ્રી કૃષ્ણકુમાર, મહારાણીજી, શ્રી બળવંતરાય મહેતા તથા શ્રી સરોજબહેન મહેતાએ પૂ. ગુરુદેવનાં જ્ઞાન અને પ્રભાવની પ્રશંસા કરી. આ સાંભળી તેઓ પૂજ્યશ્રીનાં દર્શને આવ્યાં. એમનાથી પ્રભાવિત થયાં અને કેટલાય પોતાના અંગત પ્રશ્નો પૂછ્યા. પૂજ્યશ્રીએ તે બધાના ઉત્તરો આપ્યા. તેમને સમાધાન થયું. પછી વાસક્ષેપ લેવા તૈયાર થયાં ત્યારે જાણે પૂજ્યશ્રીએ અગમવાણી સહજ રીતે જ ઉચ્ચારી. "તમારે દેશમાં ઘણું કામ કરવાનું છે. કદાચ દેશના સૂકાની પણ બનવું પડશે. હું તો એવી ભાવના સાથે આશીર્વાદ આપું કે આ દેશની સંસ્કૃતિમાં રહેલ અહિંસાના તમે પ્રચારક બનો." એમ કહી વાસક્ષેપ અને એક પુસ્તકોનો સેટ આપ્યો.

શ્રી ઈંદિરાજી એટલાં તો પ્રભાવિત થયાં કે જતાં જતાં શ્રી બળવંતરાય મહેતાને કહ્યું: "પ્રથમ દર્શને જ મને અંતરમાં ભાવ જાગૃત થયો. મને લાગ્યું કે તેઓ આ યુગના ક્રાઈસ્ટ છે" આ બતાવે છે કે સુખ સગવડ અને સાધનની વિપુલતામાં આળોટતા માણસોને પણ આવા સાધનામાં મસ્ત બનેલા ચિંતકના સમાગમમાં કેવી અતુલ શાંતિ પ્રાપ્ત થાય છે.



સંતનો સમાગમ કોણ ન ઇચ્છે?
ડાબી બાજુથી: શ્રીમતી સરોજ બહેન મહેતા, શ્રીમતી ઇન્દિરા ગાંધી, પૂ. ચિત્રભાનુ, તેમના પિતાશ્રી મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજી, શ્રી બળવંતરાય મહેતા—૧૯૫૬

એક વખતની વાત છે. આ વિનમ્ર અને ઉદાર ચરિત મુનિશ્રીને ખ્રિસ્તી એક મિત્રે ચર્ચમાં વિલિયમ મેકરેનોલની પ્રાર્થના અને પ્રવચનમાં આવવાનું નિમંત્રણ આપ્યું. જ્ઞાનની પ્રાપ્તિ માટે સદાય ઉત્કંઠા ધરાવનાર મુનિશ્રી તો થઈ ગયા તૈયાર. પહોંચ્યા ચર્ચમાં. ચર્ચમાં શાંતિ પ્રસરી રહી હતી. સહુ પ્રાર્થનામાં લીન હતા. પ્રાર્થનાની શાંતિમાં કોઈને જરા પણ દખલ ન થાય તેવી સાવચેતી સાથે તેઓ પાછળ બેસી ગયા અને પ્રવચન બાદ ધીમેથી બહાર નીકળી ઉપાશ્રયે પહોંચી ગયા. મેકરેનોલને પ્રવચન બાદ મુનિશ્રીના આગમનની જાણ થઈ. તેઓ ઉપાશ્રયે આવ્યા અને તેમના પ્રતિ થયેલા દુર્લક્ષ બદલ ક્ષમા યાચી. મુનિશ્રીએ તો ચર્ચના પ્રશાંત વાતાવરણની વાત કરી. ધર્મ-ચર્ચા કરી આનંદ વ્યક્ત કર્યો મુનિશ્રીની નિરાભિમાનતા તથા જ્ઞાનથી પ્રભાવિત થઈ તેઓ બોલી ઊઠયા : 'આનું નામ સંત!"

તેઓશ્રીનું જીવન અનેક પાસાદાર હીરા જેવું છે. જે પાસાથી જુઓ ત્યાં એક અદ્‌ભુત જીવનની ઝાંખી થાય છે.

★

## અલ્પમાંથી અલ્પ

'અલ્પમાંથી પણ અલ્પ આપજે'–આ પ્રભુ મહાવીરનો દાનઘોષ રોજ શ્રવણ કરનારના ઘરમાં કોઈ વ્યકિત આવે ને ખાલી હાથે જાય? ના, ના એ કદી ન બને; એથી તો ધર્મી ને ધર્મ બન્ને લાજે.

## મંત્રાધિરાજની આરાધના-૪૦

ભાવનગરથી વિહાર કરી પિતા-પુત્રની જોડલી ૨૦૧૩ના ફાગણ વદ ૮ના રોજ તીર્થાધિરાજ શત્રુંજય પધાર્યા. ઘોઘાવાળી ધર્મશાળામાં ઊતર્યા.

જેની રજમાં શત્રુંજય પર્વતની ટોચ પર કલ્પના પણ થંભી જાય તેવાં દેદિપ્યમાન ગગનચુંબી મંદિરો છે. ભવ્ય મંદિરો તો ભારતભરમાં ઘણાં છે પણ પર્વતની ટોચ પર મંદિરોનું નગર તો આ એક અને અદ્વિતીય છે.

મંદિરોની મનોરમ મૂર્તિઓ યાત્રિકના હૃદયમાં નવો જ પ્રકાશ પાથરે છે. જીવન ધન્ય ધન્ય બનાવી દે છે. પર્વતની ગોદમાં ખળ ખળ કરતી શત્રુંજયા નદી નિર્મળ-નીર વહાવતી વહી જાય છે. અધ્યાત્મના પંથમાં આ સરિતાનાં નીર, નૈસર્ગિક દૃશ્યો અને પ્રશાંત ભૂમિ પણ ભાગ ભજવે છે.

આ ભૂમિ મોટા મહારાજ (પિતા)ને ઘણીજ પ્રિય હતી. તેઓશ્રીનું હૃદય આ પવિત્ર ભૂમિમાં ચાતુર્માસ માટે ઝંખતું હતું.

તેઓશ્રીના હૃદયના ઊંડાણમાં એ ભાવ પણ હતો કે જીવનનાં છેલ્લાં વર્ષો આ પવિત્ર ભૂમિમાં વીતાવવા.



અહીં કરોડો જીવાત્માઓ પોતાનાં મન, વચન અને કાયાને કેળવી, રાગદ્વેષ આદિ અભ્યંતર શત્રુઓનો નાશ કરી અમર ધામને પામ્યા છે. શાંતિના આ વાતાવરણમાં મોટા મહારાજશ્રીએ નવલાખ નવકાર મંત્રનો જાપ ખૂબ મગ્નતા અને સાધના સહિત શરૂ કર્યો મંત્રાધિરાજના પદે પદે અને શબ્દે શબ્દે તેઓશ્રી નવીન ચેતના મેળવી રહ્યા હતા.

આત્મતેજની ઝાંખી કરવા અને કષાયોને દૂર કરવા નમસ્કાર મંત્ર એક સીધો સરળ ઉપાય છે. આ મહા મંગલકારી મંત્રે ઘણા ઘણા ચમત્કાર સર્જ્યા છે. નમસ્કાર મંત્રથી આત્મતત્ત્વની મહાશક્તિ પ્રગટ થાય છે. રાગ દ્વેષની ગ્રંથીઓનો નાશ થાય છે અને આત્મા દિવ્ય પ્રકાશ મેળવે છે. આ નમસ્કાર મંત્ર ઈચ્છાની તૃપ્તિ માટે નહિ પણ ઇચ્છાઓના નિરોધ માટે છે. નમસ્કાર મહા-મંત્રના એકએક અક્ષરમાંથી પ્રગટ થતું આત્મતેજ વિદ્યુતના આંદોલનની માફક અસર કરે છે. આ એક આધ્યાત્મિક મહા પ્રભાવી ચમત્કારી મંત્ર છે, જેના વડે પાપોનો નાશ થાય છે, આત્માની જાગૃતિ થાય છે, મોક્ષનું સોપાન બની રહે છે.

પાલિતાણાના સંઘની વિનંતીથી મુનિશ્રી પર્યુષણમાં શહેરના ખત્રીવાડના નવા ઉપાશ્રયમાં પધાર્યા અને પર્યુષણના વ્યાખ્યાનો શ્રી મોતીશાની ધર્મશાળામાં રાખવામાં આવ્યાં હતાં. આ પ્રવચનોએ અદ્ભુત રંગ જમાવ્યો. ધર્મશાળા ખીચોખીચ ભરાઈ જતી.

સાધર્મિકોની ભકિત માટે સેંકડોનું ફંડ થયું. સૌને સહાયતા આપી. પર્યુષણ પૂરાં થયાં અને મહારાજશ્રી ઘોઘાની ધર્મશાળામાં પાછા આવી ગયા.

મોટા મહારાજશ્રીનો નવલાખ નવકારનો જાપ પૂર્ણ થતાં તેમને ખૂબ ખૂબ સંતોષ અને આનંદ થયો.

૨૦૧૪ના માગશર સુદ ૧૦ વાર રવિવારના રોજ શ્રી પાનાચંદ લલ્લુભાઇ સુરતવાળા તરફથી મોતી સુખીયાની ધર્મશાળાના સભાખંડમાં શ્રી માણેકસિંહસૂરીજીકૃત પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી. મોટી ટોળીના ભાઇઓ આવ્યા હતા. સાધર્મિક વાત્સલ્ય રાખ્યું હતું. પ્રભાવના પણ થઇ હતી.

મુનિશ્રી મોટા મહારાજ સાથે ઘોઘાવાળાની ધર્મશાળામાં બિરાજતા હતા. મારા પૂર્વપુણ્યના બળે ૧૯૫૭ના ડીસેમ્બરની ૨૬ મી તારીખે મને એ પિતાપુત્રની જોડલીનાં પ્રથમ દર્શન થયાં. પ્રથમ દર્શને જ મેં શાન્તિ અનુભવી. હૃદય આનંદમય બન્યું. તેમનાં સુધાભર્યાં વચનોએ મારા વિષાદથી ઘેરાયેલ મન પર પ્રકાશ પાથર્યો. આ મહામૂલા જીવનને ધન્ય બનાવી લેવાની પ્રેરણા જાગી. આ ગુરુદેવના પ્રથમ દર્શનનો લાભ અપાવવામાં શ્રીયુત શાંતિલાલ ચાંપશીભાઈ શાહ B.A. નિમિત્તરૂપ બન્યા. હું તેમની ઋણી છું તે ભાવ આજે પણ ભૂલી શકતી નથી. જીવનમાં ઘણી મદદો એકબીજાને લેવાય છે, દેવાય છે. પણ જીવનનું નવું દર્શન અપાવનાર શ્રી શાંતિભાઇને કેમ ભૂલી શકાય?



અનંતની સફરમાં ગુરુદેવ મેળવી આપ્યા. આ અણમોલ લાભ ચુકાઇ ગયો હોત તો આ માનવ જન્મનો ફેરો ફોગટ જાત. અનેક પ્રકારનાં સુખ અને સાધનો મળવા છતાં ચૈતન્યને પ્રાપ્ત કરવા લાયક સામગ્રી મળી ન હોત, જીવનનું આ નવું દર્શન પ્રાપ્ત થયું ન હોત તો આ બધું જ વ્યર્થ થયું હોત. પ્રથમ દર્શનની ક્ષણે મને એક જ વિચાર ઉદ્ભવ્યો કે આ મહાજ્ઞાની અને પ્રતિભાવંત અદ્ભુત વ્યક્તિ છે. મોટા મહારાજશ્રીનાં દર્શન કર્યાં. તે તો સરળ, તેજસ્વી અને મૂર્તિમંત શાંતિનો અવતાર હતા. મારી સાથે દર્શનાર્થે આવનાર મારો સૌથી નાનો પુત્ર સંદીપ જે ચૌદ વર્ષનો હતો તે તો ગુરુદેવોનાં દર્શન કરતાં કરતાં મને કાનમાં કહેવા લાગ્યો.

What a greatP ersonality! કેવા મહાન જ્યોતિર્ધર! અને કહ્યું કે જો આપણે દર્શનાર્થે ન આવ્યા હોત તો We would have missed a great opportunity. આપણે આ મહાન તક ગુમાવી બેસત. કદાચ સંદીપને જૈન સાધુનાં દર્શન અને તેમનાં સુધાભર્યાં પ્રેરણાત્મક વચનો સાંભળવાનો આ પ્રથમ જ પ્રસંગ હશે. પ્રથમ દર્શને પણ આ કુમળા બાળ માનસ પર કેવી સુંદર છાપ પડી!

તીર્થયાત્રાની સફળતા સાથે મારી જીવનયાત્રાની સફળતાનો પ્રારંભ થયો. આવી વિરલ પ્રશાંત પ્રતિભાનાં દર્શનથી એક અજાગૃત ભૂમિકામાં જાગૃતિનું પરોઢ થયું.

મુનિશ્રીએ મને અમુક પ્રકારના વાચન માટે આજ્ઞા કરી. તત્ત્વાર્થ સૂત્ર, આનંદઘનજી, ઉપમિતિ ભવ પ્રપંચ, ત્રિશષ્ઠિશલાકા ચરિત્ર અને તેઓશ્રીનાં ચિંતનાત્મક કેટલાંક પુસ્તકો વાંચી જવા સૂચવ્યું. આ પ્રેરણા લઈ અમે મુંબઈ પાછાં ફર્યાં. આ પુસ્તકો વાચવાનો પ્રારંભ કર્યો. પણ ૧૯૯૦ સુધી એઓશ્રીનાં દર્શન, શ્રવણ અને ભક્તિનો લાભ ન લઈ શકી તે ન જ લઈ શકી. એ સમય કેમ વેડફી નાખ્યો તેનો વિચાર આવતાં આજ પશ્ચાત્તાપ થાય છે. તેનો જવાબ એ પણ હોય કે સમયનો પરિપાક નહિ થયો હોય.

મોટા મહારાજને પાલિતાણાની ભૂમિ અતિ પ્રિય હતી. તેઓશ્રીનું આ ભૂમિમાં આ છેલ્લું ચાતુર્માસ હશે. પણ અહીં મંત્રાધિરાજ નવકાર મંત્રનો નવલાખનો જાપ પૂર્ણ કર્યો તેનો આનંદ સતત એમના મુખ પર રહેતો હતો. આ મંત્રના પ્રભાવથી તેઓશ્રીએ શાંત રસની અપૂર્વ તૃપ્તિ માણી.

પાલિતાણાથી વિહાર કરી ભાવનગર પધાર્યાં. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરને ગળાની તકલીફ થઈ હોવાથી ડૉ. દસ્તુરને બતાવવા કૃષ્ણનગર રોકાયા. કાકડા ઉપડી આવેલા તેનો ઉપચાર કર્યો. ભાવિક ભકતોએ મુનિશ્રીની ખૂબ સેવા સુશ્રૂષા કરી અને તેર દિવસ રહીને વિહાર કર્યો.

ગ્રામાનુગ્રામ ધર્મબોધના વારિથી માનવહૈયાને ભીનાં ભીનાં કરતાં કરતાં સરખેજ પધાર્યા.

★


## સાહિત્યકારોને સુધાપાન–૪૨

સરખેજ "મરચંટ સોસાયટી"ના આગેવાનો આવ્યા હતા. ૨૦૧૪ ના ચૈત્ર વદ ૧૧ સોમ ૧૪–૪–૫૮ ના રોજ પિતાપુત્રની બેલડીએ જૈન મરચંટ સોસાયટીમાં પ્રવેશ કર્યો. આ પ્રસંગે સોસાયટીએ આચાર્ય પ્રવર શ્રીમદ્ વિજયનંદન-સૂરિજી, આચાર્ય પ્રવર શ્રી ધર્મસૂરિજી સાથે સુંદર સ્વાગત કર્યું. આચાર્યશ્રી વિજયનંદનસૂરિજીએ માંગલિક સંભળાવ્યું. સંઘ તરફથી પ્રભાવના થઇ. બીજે દિવસે મુનિશ્રીએ વ્યાખ્યાન આપ્યું અને માનવજીવનને હીરાની ખાણ સાથે સરખાવ્યું. હીરાની ખાણ જેને જડી જાય તેનું દારિદ્ર ન રહે તેમ જેને જીવનનો ઉપયોગ કરતાં આવડે તેને પણ દુઃખ કે દીનતા ન રહે. પ્રેરક દૃષ્ટાંતો આપીને જનતાને મુગ્ધ કરતા જોઈ પૂ. મોટા મહારાજ પાટ ઉપર બેઠા બેઠા અંતરનો આનંદ માણતા હતા. એક બાજુ ચિંતક અને બીજી બાજુ ધર્મક્રિયામાં રસમગ્ન એવા પોતે. આ જ્ઞાન અને ક્રિયાની જુગલજોડીથી ગુજરાતનું પાટનગર ગણાતું અમદાવાદ ધર્મના વાતાવરણથી ગુંજી રહ્યું.

એ વખતે સાધુ સંમેલન ચાલતું હતું પણ લોકો તો મુનિશ્રીને સાંભળવા ઉજમફઈની ધર્મશાળામાં ઊભરાતા હતા. તેમના પ્રવચનમાં અંધશ્રદ્ધાળુઓ કરતાં વિદ્વાનો અને વિચારકો વધારે દેખાતા. ધર્મના સિદ્ધાંતોની મૌલિ-

કતા સમજાવવાની તેઓશ્રીની એક આગવી જ પદ્ધતિ હતી. કૉલેજો અને હાઇસ્કૂલો, છાત્રાલયો અને વિધ વિધ સંસ્થાઓ તરફથી તેમનાં પ્રવચન યોજાવા લાગ્યાં અને મુનિશ્રીનાં પ્રેરણાભર્યાં પ્રવચનો યુવાન વર્ગમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં.

અમદાવાદના સાહિત્ય સ્વામી જેવા બી. ટી. કૉલેજના પ્રિન્સિપાલ શ્રી લાલભાઈ, શ્રી ધૂમકેતુ, શ્રી રવિશંકર રાવળ, પ્રો. દવે, મનુભાઈ જોધાણી, ધીરૂભાઈ ઠાકોર, કંચનલાલ પરીખ, શ્રી જયભિખ્ખુ વગેરે જ્ઞાનગોષ્ઠિ માટે આવતા ત્યારે ચન્દ્રની આસપાસ તારામંડળ જેવું દૃશ્ય ખડું થતું. એમના ચિંતનધનની તો વાણી અને સાહિત્ય સર્જન દ્વારા જગતને અમોલી ભેટ છે. ચિંતન કાણુકાઓ અને ઊંડા સ્વાધ્યાયમાંથી સર્જેલાં એમનાં પુસ્તકો પ્રેરણાનાં પીયુષ પાય છે. પૂ. રવિશંકર મહારાજ એક સાંજે કેટલીક મહત્ત્વની પ્રશ્નોત્તરી કરવા પૂ. મુનિશ્રી પાસે આવ્યા. ત્યાં એમના જજમાન શ્રી શ્યામપ્રસાદ વસાવડા એમને તેડવા આવ્યા. પૂ. રવિશંકર મહારાજ કહે: "જમીને આઠ વાગે આવું તો આપને ફાવશેને?" પૂ. મુનિશ્રીએ હા પાડી. એ ગયા અને કલાક પછી વાદળ ઘેરાયાં અને વરસાદ જામ્યો. મૂશળધાર વર્ષા વરસી રહી. મુનિશ્રી સ્વાધ્યાયમાં લીન થઈ ગયા. ત્યાં અંધારામાં ભીંજાતી ત્રણ વ્યકિતઓ આવતી દેખાઇ. પૂ. મહારાજ, શ્રી વસાવડા અને બબલભાઇ મહેતા. "અરે મહારાજ! તમે? આ વરસાદમાં? એવું તે શું બગડી જતું હતું કે અત્યારે આવ્યા?"



કમળ ખીલ્યું ભમરો ફરી વળ્યા.

બેઠેલા ડાબી બાજુથી: પ્રો. ધીરુભાઈ ઠાકર, શ્રી કંચનલાલ પરીખ, પૂ. મુનિશ્રી ચિત્રભાનુ, શ્રી ધૂમકેતુ.
ઊભેલા ડાબી બાજુથી: શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી જયભિખ્ખુ, શ્રી છબીલભાઈ દેસાઈ, શ્રી શંભુભાઈ શાહ, શ્રી મનુભાઈ જોધાણી, શ્રી ગોવિંદભાઈ શાહ, શ્રી રતિભાઈ દેસાઈ. શ્રી જયભિખ્ખુને ત્યાં, ચંદનગર કો. સોસાયટી—તા. ૧૪-૪-૫૮

પૂ. રવિશંકર મહારાજ કહે : "બીજું તો શું બગડે ? મારું વચન બગડી જતું હતું. મેં આપને વચન આપ્યું હતું કે આઠે આવીશ અને અધૂરી રહેલી પ્રશ્નોત્તરી કરીશ. ન આવું તો વચન જાય ને ?" સગવડમાં તો વચન પળાય પણ અગવડમાં જ ધર્મની કે વચનની કિંમત છે. આ વર્ષાદે મારી કસોટી કરી છે." અને પછી તો નવ વાગ્યા સુધી પ્રશ્નોત્તરી ચાલી.

આવાં અનેક જ્ઞાનસત્રોમાં અને સુવિચારના પ્રચારમાં મરચંટ સોસાયટીનું ચાતુર્માસ સુંદર રીતે પૂર્ણ થયું. મુનિશ્રીએ કલ્પસૂત્રની વાચના નવી દૃષ્ટિએ કરી. ગણધરવાદની ગાથાનું રહસ્ય સમજાવ્યું ત્યારે વૃદ્ધો અને પ્રૌઢો પણ કહેવા લાગ્યા. 'આજે સૂત્રોમાં જીવનમાં નવું જ દર્શન લાધ્યું.'

ચાતુર્માસ પૂર્ણ થાય તે પહેલાં નવરંગપુરાના સંઘની વિનંતિ ચાતુર્માસ માટે આવી અને આવતું ચાતુર્માસ નવરંગપુરામાં કરવાનું મોટા મહારાજશ્રીનું વચન મળ્યું ત્યારે નવરંગપુરામાં આનંદ પ્રસરી રહ્યો.

★

**આચારનાં નેત્ર**

જે લોકો અભણ છે, તે લોકો અંધ છે, કારણ કે એમની પાસે જ્ઞાનનાં નેત્ર નથી. અને જે લોકો ભણેલા–જ્ઞાનનાં નેત્રવાળા છે, તે લંગડા છે, કારણ કે જાણ્યા છતાં એ આચારમાં મૂકી શકતા નથી.

## જન્મભૂમિનો સાદ–૪૨

મોટા મહારાજને જન્મભૂમિનો સાદ સંભળાયો. જે ભૂમિમાં પિતા–પુત્રે જન્મ ધારણ કર્યો અને જે ભૂમિની પિતા–પુત્રની જોડલીએ દેશભરમાં નવચેતના જગાવી, ધર્મ પ્રભાવના કરી તે રાજસ્થાનની ભૂમિનાં તીર્થોનાં દર્શનની ઝંખના જાગી.

પિતાગુરુ અને મુનિશ્રીએ રાજસ્થાન પ્રતિ પ્રયાણ કર્યું. ત્યાગ અને સંયમનો માર્ગ સ્વીકાર્યા પછી પ્રથમવાર આ ભૂમિમાં આવ્યા અને ભૂતકાળ જાગી ઊઠયો. આ ભૂમિની રજેરજ ચિરપરિચિત હતી. તે જાણે આ બાલગોઠિયાને નિહાળી પુલકિત બની રહી. પિતાપુત્રની અનોખી જોડલીને નિહાળીને રાજસ્થાનનાં વૃક્ષો પણ જાણે આ પુનિત ગુરુશિષ્ય પર છાંયો કરવા અને વાયુ ઢોળવા હરીફાઈ કરી રહ્યાં. રાણકપુરનું અલૌકિક મંદિર અને જગમશહૂર કલાકૃતિ ધરાવનાર આબુનાં જિનાલયો આકર્ષી રહ્યાં. તેઓ રાજસ્થાનની ધૂળમાં પગલીઓ પાડી રહ્યા. આબુમાં દસ દિવસ રહી અચલગઢ અને દેલવાડાનાં મંદિરમાં બહારની કોતરણીમાં જ મુગ્ધ ન બનતાં કોતરણીના ગર્ભમાં રહેલા અથાક શ્રમ, અનંત શ્રદ્ધા તથા ચિન્મય આનંદ સ્વરૂપ જિનેશ્વરોનાં દર્શન કર્યાં. અંતર એ તીર્થંકર ભગવંતોના અનુપમ નિશ્ચય બળ દ્વારા કરેલ સ્મરણીય ધર્મપ્રદાનને



વંદી રહ્યું. ત્યાંથી હૃદયમાં આધ્યાત્મિકતાના ભાવ ભરી માર્ગ વીંધતા રાણકપૂર પહોંચ્યા.

પિતાગુરુના આનંદનો તો પાર જ ન હતો. રોમેરોમમાંથી આનંદ ફૂટી રહ્યો હતો. નયનોમાંથી ભક્તિનાં આંસુ વહી રહ્યાં હતાં. પ્રભુનાં ચરણે પડતાં જ ભક્તહૃદય બોલી ઊઠયું, "હે વિભુ, તારાં દર્શન ખાતર આ પ્રવાસ ખેડી આવ્યો છું. હવે તારાં ચરણોમાં લઈ લે. હવે મને સમાધિમૃત્યુ આપ. ચિરંજીવ શાંતિ આપ." ચેતનાએ પરમ ચૈતન્ય પાસે માંગણી કરી અને જાણે ઉત્તરની અનુભૂતિ પામ્યા હોય તેમ શાંત સમાધિસ્થ બની રહ્યા. નયનોમાં દિવ્ય તેજ ચમકી રહયું. મુનિશ્રી પિતાગુરુની આ અવસ્થા નિહાળી પૂછી રહ્યા, 'મહારાજશ્રી ! આજે આપ આટલા પ્રસન્ન અને પુલકિત કેમ છો?' ઉત્તરમાં પિતાગુરુએ કહ્યું, 'ભાઈ, એ ભકિતની વાત તને જાણીને નહિ સમજાય.' આમ કહી તેઓ હસ્યા. આ હાસ્યમાં અવ્યકત અલૌકિકતા સમાઈ હતી.

ચારે બાજુ અરવલ્લીના પહાડ, વચ્ચે વહી જતી નાની શી નદી, કિનારા પર ભાવનાની ભવ્યતાનું પ્રતિક મંદિર ઊભું છે. આ મંદિરની શાશ્વત શાંતિમાં મુનિશ્રી અને પિતાગુરુ અગોચર આનંદમાં લીન બની રહ્યા. બન્ને જણામાં આધ્યામિક આંતરચેતનાની સ્ફુરણાઓ જાગી રહી. ઊર્ધ્વગામી ભાવનાઓનો પ્રવાહ ઊભરાઈ રહ્યો. એકાંતની મસ્તીનું પાન કરી રહ્યા. અહીં તખતગઢનો સંઘ ચાતુર્માસનું આમંત્રણ આપવા આવ્યો. પણ નવરંગ

પુરાના સંઘે ચાતુર્માસનું આમંત્રણ આપતાં 'જય' બોલાવી દીધી હતી.

તખતગઢનો સંઘ દિલગીર બની ગદગદ કંઠે બોલી રહ્યો, "અમારું દુર્ભાગ્ય કે રાજસ્થાનને ચાતુર્માસનો લાભ નહિ મળે. પણ હવે ગામને પાવન કરો. આપને દીક્ષા અંગીકાર કર્યે જેટલાં વર્ષો થયાં તેટલા દિવસ તો અમને આપો !" મુનિશ્રીને દીક્ષા ગ્રહણ કર્યે ૧૭ વર્ષનાં વહાણાં વહી ગયાં હતાં. જે સ્થળમાં મુનિશ્રીનો જન્મ થયો હતો ત્યાં અત્યારે સુંદર ઉપાશ્રય બંધાવ્યો છે. એમાં જન્મનાર સાધુ થાય તો ઘર કેમ રહી જાય ? એ ય ઉપાશ્રય થયો. મુનિશ્રીનાં પાવન પગલાં ત્યાં થયાં. સંસારી સગાઓ અને સંઘના ભાવિકજનોના ઉલ્લાસ સહિત ગૌરવભર્યા આનંદે ગહુંલીઓ અને સામૈયા કરીને વાજતે ગાજતે આ પિતાપુત્રની જોડીનો પાઠશાળાના નવા મકાનમાં ઉતારો કરાવ્યો. પિતાગુરુના અંતરમાંથી આગાહી સરી પડી, "હું તો હવે આ ભૂમિમાં પાછો નહિ ફરું. તમારી સૌની ભાવના જોઈને અત્રે આવ્યો છું." તખતગઢના લોકોની ધર્મપ્રભાવના અદ્‌ભુત હતી. આખુંય ગામ આ વિભૂતિઓનાં દર્શન-વંદન-શ્રવણ પામી રહ્યું. સત્તર દિવસ બાદ માત્ર લોકોની જ નહિ પણ બાળસંગાથિની, નદી, વૃક્ષો અને ધરતીની ધૂળની વિદાય અશ્રુભીની બની રહી.

તખતગઢના મુકામ દરમ્યાન પાલણપુરના સંઘે મુનિશ્રીને એક ચાતુર્માસ પાલણપુરમાં કરી જ્ઞાનલાભ આપવાની વિનંતી કરવાનું નક્કી કર્યું. નગરશેઠ તથા



સંઘનાં અન્ય આગેવાનોએ મને (લેખિકા) તાર કર્યો કે તમે આવો તો, આપણે બધા પૂજ્યશ્રીને વિનંતી કરી, પાલણપુરમાં ચાતુર્માસ કરાવીએ અને ધર્મ-લાભ મેળવીએ. પણ પ્રારબ્ધ આગળ મનુષ્યનું ડહાપણ ગૌણ બને છે. મારી જન્મભૂમિ પાલણપુર છતાં હું એ તક ન મેળવી શકી. તારથી મારે ના કહેવી પડી. મારા ગુરુદેવની માતૃભૂમિ તખતગઢની ભૂમિનાંય દર્શન ન કરી શકી. આજે પણ મને તેનો અફસોસ છે. મોટા (પિતા) મહારાજશ્રીની ભક્તિ અને સત્સંગની અમૂલ્ય તકને ગુમાવી. આજે પણ એ વિચારથી મારું મન અનુતાપ પામે છે.

અમદાવાદ તરફ વિહાર કરી રહેલા પિતાગુરુ અને મુનિશ્રીએ ચારપાંચ દિવસ પાલણપુરના સંઘની વિનંતિને માન્ય રાખી ભાવિકજનોને ધર્મલાભ કરાવ્યો.

★

### વિચારોનાં પુષ્પ

ભણેલો માણસ તો એને કહેવાય કે જેના વિચાર, ઉચ્ચાર અને આચાર સુંદર હોય. બગીચામાં જેમ ફૂલ ખીલે છે તેમ ભણેલાના મગજમાં સુંદર વિચારોનાં પુષ્પ ખીલવાં જોઈએ.

## વડલો ઢળી પડયો–૪૩

મુનિશ્રી તથા પિતાગુરુ વિહાર કરતાં કરતાં અમદાવાદ આવી પહોંચ્યા અને નવરંગપુરાના નવા ઉપાશ્રયમાં ૧૯૫૯ના જુનની ૨૬મી તારીખે ચાતુર્માસ પ્રવેશ કર્યો.

નવરંગપુરામાં આ ત્યાગી જોડીનાં આગમન સાથે નવરંગ છવાયો. ભિન્ન ભિન્ન ધાર્મિક અનુષ્ઠાનોનો પ્રારંભ થયો. વિદ્વાનો અને વિચારકો જ્ઞાનધર્મની વાતો સાંભળવા એકઠા થવા લાગ્યા. પિતાગુરુના મનમાં એક વર્ષથી એક મંદિરનું કાર્ય પાર ઉતારવાની તીવ્ર ભાવના રહી રહીને જાગી રહી હતી. પાલિતાણામાં નવ લાખ નવકાર મંત્રનો જાપ કરીને મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ પ્રાપ્ત કરી ત્યારે પૂર્ણાહુતિ પ્રસંગે ભક્તોનો આત્મા અનુમોદનાના રંગથી રંગાઈ ગયો, ત્યારે તેમનાં મનમાં મંદિરની અભિલાષા મ્હોરતી હતી.

પિતાગુરુની આ અભિલાષાને નવરંગપુરાનાં ધર્મરંગી વાતાવરણમાં વેગ મળ્યો અને એક ભકતે રૂ. ૨૫,૦૦૦નું આ ધર્મકાર્ય માટે દાન આપવા તત્પરતા બતાવી. નિર્ણય થતાં મહિનો વીતી ગયો. સાથે જ પિતાજીગુરુએ લખેલું 'શ્રી જિન–ચંદ્ર–કાંત ગુણમાળા'ની ત્રીજી આવૃત્તિ બહાર પાડવાનો વિચાર પણ એમને હતો. આ પુસ્તકમાં પિતા-



જીના જીવન, વિચારો તથા ભાવનાઓનું આલેખન કરવામાં આવ્યું છે.

૨૯મી જુલાઈ ૧૯૫૯નો દિવસ આવ્યો. મુનિશ્રીનો અંગ્રેજી તારીખ પ્રમાણે જન્મદિન હતો. રવિવાર હોવાથી પિતાગુરુની અભિલાષા પ્રમાણે મંદિરની વિચારણા કરવા માટે ઉપાશ્રયમાં એક મીટીંગ યોજવામાં આવી હતી. પિતાગુરુ પ્રભાતમાં નિત્યનિયમ અનુસાર ધર્મક્રિયાઓ કરી નિવૃત્ત થયા. મન આનંદમાં હતું કેમ કે એમની અભિલાષા મૂર્ત સ્વરૂપ લઇ રહી હતી. એમણે ભાવિકજનો સમક્ષ પ્રેરણાદાયી પ્રવચન કર્યું. પ્રવચનના મર્મમાં ઊંડી દષ્ટિ તથા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી માટે ભૂમિકા તૈયાર કરી રહ્યા હતા એવો સંકેત હતો. મહાવીર અને ગૌતમના સ્નેહની વાતો કરી. મહાવીરનાં નિર્વાણના વિષાદમાંથી ગૌતમને કેવી રીતે વીતરાગનું દર્શન થયું, કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તેની રહસ્યપૂર્ણ વાત કરી. રવિવારનો દિન હોવાથી સભામંડપ શ્રોતાગણથી ખીચોખીચ ભર્યો હતો. મુનિશ્રીનાં પ્રવચન વેળા મુખ પર સ્મિતભર્યા ભાવો આલેખાયા હતા અને પિતાગુરુ આત્માનંદની અનુભૂતિ પામી રહ્યા હતા. મુનિશ્રીનું પ્રવચન પૂર્ણ થયું અને ભાવિકો આશિષ લેવા આવ્યા ત્યારે તેઓ બોલી ઊઠયા, 'હવે તમારા જિનાલયનું કામ જરૂર પૂર્ણ થઇ જ જશે. કારણ કે રૂા. ૨૫,૦૦૦ આપવા તૈયાર થયેલા દાતા ભાવનાથી ભરપૂર છે તેઓ જરૂર પડે વધુ પણ આપશે....”

મુનિશ્રીને જીવનભાતું આપી દેતા હોય તેમ સાધર્મિક બંધુઓને ઉપયોગી થવાની શીખ આપી.

બપોર થયા. સમય ઝડપથી પસાર થઇ રહ્યો હતો. મુનિશ્રીએ લખેલું અને પિતાગુરુને અર્પણ કરવામાં આવેલું 'હવે તો જાગો' નું પ્રુફ લઇને શ્રી લાલભાઇ આવ્યા. મુનિશ્રીએ તે જોઇને, તપાસીને પિતાગુરુને જણાવ્યું, "મારૂં આ પુસ્તક છપાઇ રહ્યું છે. મેં તે આપને જ અર્પણ કર્યું છે, તો આપ તેના પર એક નજર નાખો તો સારૂં. મુનિશ્રીને કયાં ખબર હતી કે પિતાગુરુની આ પ્રેમભરી, આનંદની અનુભૂતિ કરાવતી અને પુત્રના જ્ઞાનથી ગૌરવ અનુભવતી આ નજર આખરી નજર છે ? મુનિશ્રીએ અર્પણ વચનો બતાવતાં જ તેઓ બોલી ઊઠયા, "આ શું લખ્યું છે ? તમારૂં છે અને તમને અર્પણ ! મારૂં શું છે ?" મુનિશ્રીએ નમ્રતાપૂર્વક કહ્યું, "ના, હું તો આપનો જ છું અને આ મારૂં સાહિત્ય પણ આપનું જ છે ને !" પછી પિતાગુરુએ પૂછયું, "આ અર્પણ કઇ શાહીમાં છાપશો ?" મુનિશ્રીએ જવાબ આપ્યો, "લીલી શાહીમાં." પિતાગુરુ બોલી ઊઠયા, "ના, લાલ શાહીમાં છાપજો." મુનિશ્રીએ સ્મિત કર્યું તે જોઇ, આગ્રહપૂર્વક બોલી રહ્યા, "મને તો લાલ રંગ જ ગમે છે." જાણે ચેતવણીરૂપ ગૂઢ શબ્દો જ ન બોલી રહ્યા હોય !

ગોચરીનો સમય થયો. મુનિશ્રી ખીચડી વહોરી લાવ્યા. એટલામાં રમણલાલ ગિરધરલાલને ત્યાં મુંબઇથી મનસુખલાલ વસા અને દીનેશભાઇ મહેમાન થયા હતા. એટલે વસુબહેન એ મહેમાન માટે તૈયાર થયેલ દૂધપાક વહોરાવવા આવ્યા. પિતાગુરુએ વહાલ, પ્રેમ અને ભાવથી દૂધપાકનો જ કટોરો વાપરવાનું કહ્યું.



પ્રતિક્રમણ પૂર્વે પાણીનો પ્યાલો ભરીને પિતાગુરુ મુનિશ્રી પાસે આવ્યા અને કહ્યું, "આ પાણી વાપરી લે." ના, એ પાણી ન હતું, પણ વાત્સલ્યનો અમૃતકટોરો હતો.

બાદ નવકારમંત્રનો જાપ કરતાં કરતાં તેમણે સમાધિપૂર્વક પોતાનું શરીર મુનિશ્રીના ખોળામાં ઢાળી દીધું.

પિતાગુરુને ઢળી પડતાં જોઇને મુનિશ્રીના મન સમક્ષ પિતા અને ગુરુનું જીવનવાત્સલ્ય ચિત્રપટની જેમ સરી રહ્યું. પૂ. ચન્દ્રકાન્તસાગરજીરૂપે પિતાએ ત્યાગકર્મની મૂર્તિ સમું જીવન જીવી બતાવ્યું. એમણે કરેલી સાધનાઓ અને તપશ્ચર્યાઓ અજોડ હતી. એમના દર્શનથી જ મનમાં ચેતનાની અદમ્ય ભાવના જાગી ઊઠતી. શાંતમૂર્તિ પિતાગુરુ સંયમની સાકાર પ્રતિમા હતા. મુનિશ્રીમાં જ્ઞાનપ્રતિભાનો સ્રોત વહેવડાવનાર તેઓ જાણે જ્ઞાન ઝરણુ હતા.

એ પ્રસંગ કેમ વિસરાય ? પાલિતાણાથી રાણકપુરની યાત્રા કરવાની ઇચ્છા વ્યકત કરી ત્યારે મુનિશ્રીએ સહજભાવે પિતાગુરુને જણાવ્યું : આ આખરી ઇચ્છા પૂર્ણપણે કરી લો કે જેથી તેના ફલસ્વરૂપે ઇચ્છા જ ન થાય, એવી સ્થિતિ પ્રાપ્ત થાય. પુત્રશિષ્યનાં આ વચનો જાણે તેમણે સહાસ્ય સ્વીકારી લીધાં. યાત્રા ખરેખર આખરી જ બની અને આજે આ પિતાગુરુ અંતિમ અભિલાષાનેય પાંગરી રહેલી જોઈ પરમ સ્વરૂપમાં લીન થઇ રહ્યા.

ખરેખર, તેઓ જીવન જીવી ગયા અને મૃત્યુને જીતી ગયા. એમના મુખ પર જીવનતૃપ્તિની પ્રસન્નતા અને દિવ્ય પ્રકાશ છવાઇ રહ્યાં હતાં.

આ જ પિતાગુરુની હૂંફમાં મુનિશ્રીએ ૩૮ વર્ષો વિતાવ્યાં. માતાના મૃત્યુથી આજસુધી તેમણે આ બાળકના જીવનમાં સદાય સ્નેહસિંચન કર્યું; અને ત્યાગના પંથમાં પણ સદાય ચારિત્ર્યવાન ગુરુ, સ્નેહાળ મિત્ર, સહૃદયી સાથી અને માર્ગદર્શક ભોમિયો બની રહ્યા. પોતાના અનુભવો અને સંસ્કારગત જ્ઞાનમાંથી પુત્રનું ઘડતર કર્યું, અને તેને એક સમર્થ વક્તા, ચિન્તક અને લેખક બનેલા જોઇને પરમ સંતોષ અનુભવી રહ્યા. પુત્રશિષ્યને સવાયો બનેલો જોઇને જીવનની કૃતકૃત્યતાની લાગણી સાથે, પોતાની જવાબદારી પૂર્ણ થયાની તૃપ્તિ અનુભવી રહ્યા અને શાંતિથી ચિરવિદાય લીધી.

મુનિશ્રીને માટે તો આ મૃત્યુ, છત્ર ખસી ગયા સમાન હતું. બાલપણથી આજ સુધી મેળવેલ હૂંફ અને આધાર જાણે તેઓ ગુમાવી બેઠા. પણ હવે તો એ પિતાગુરુના જીવન વારસાને તેમણે ચરિતાર્થ કરી બતાવવાનો હતો ને! તેમના જીવનઆદેશને દીપાવવાનો હતો. પિતાએ સદા ય પાછળ રહીને પુત્રને આગળ રાખ્યો હતો. એવા પિતાના પવિત્ર જીવનમાંથી અમૃતકુંભ પામીને, અમરત્વ જ દાખવી બતાવવું જોઇએ. "હા, આજ સુધી જ્ઞાની બનીને લોક સમક્ષ ઊભો રહ્યો છું, આજે એ જ જ્ઞાન સાકાર કરી બતાવવાનું છે." અને મુનિશ્રીએ મમતાની આસક્તિ પર વિજય મેળવ્યો. માનવીજીવનના સિક્કાની બે બાજુ સમા જીવન અને મૃત્યુને આલેખી રહેતાં મુનિશ્રીએ નિકટતમ સ્વજન પિતા-ગુરુના



મૃત્યુને સમત્વ ધારણ કરીને ઝીલી લીધું. પિતા મૃત્યુને જીતી ગયા હતા, પુત્ર મૃત્યુને જીરવી રહ્યા.

અદ્યાપિ પર્યન્ત મુનિશ્રી પિતાગુરુ પાસે બાળકવત્ રહ્યા હતા. તેઓએ સદાય સ્વપ્ન સેવ્યું હતું, અને સ્વપ્નમાં જ મસ્ત રહ્યા હતા. તેમની આજુબાજુ સર્વ સામગ્રી પિતાગુરુ ગોઠવતા જ રહ્યા, અને તેમને જાણ પણ ન થઈ; સ્વપ્નની મસ્તીમાં મગ્ન રહ્યા, અને પિતાગુરુ ચાલ્યા ગયા. હવે તો જીવનપંથ એકલા જ કાપવાનો હતો, અને મુનિશ્રી સજાગ બની ગયા.

મુનિશ્રીના પિતાગુરુ મુનિમહારાજ શ્રી ચન્દ્રકાન્ત સાગરજીના સ્વર્ગવાસના સમાચાર સાંભળી મુનિશ્રીના પરમમિત્રો, નયચક્રના સંપાદક અને સંશોધક પૂ. મુનિશ્રી જંબૂવિજયજી તથા જ્ઞાન મંદિરોના સમુદ્ધારક આગમ પ્રભાકર પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી તેમજ બીજા મુનિરાજો, વિદ્વાનો અને જૈન સંઘોના આગેવાનો મુનિશ્રીને સાંત્વન આપવા દોડી આવ્યા હતા. તેઓએ એકલા થઇ ગયેલા મુનિશ્રીને પ્રેમ અને સ્નેહભાવથી ભરી દીધા.

અમદાવાદના ભાવિકજનોએ પિતાગુરુનું સ્મરણ રહે તેવું સ્મારક યોજવાનો ઠરાવ કર્યો. પિતાગુરુના આદર્શો સરળતાથી ગ્રાહ્ય બને એ હેતુથી, જ્યાં નાતજાતનો પ્રતિબંધ ન હોય એવું "સ્વાધ્યાય મંદિર" સ્થાપવાનો નિર્ણય થયો. મુનિશ્રીની આજ્ઞા લઇને શાહ રમણલાલ ગિરધરલાલ, શ્રી બળવંતરાય મહેતા તથા શ્રીમતી ચંદનબેન મનસુખલાલ પારેખે આ ભાવનાને સાકાર કરી.

મુનિશ્રી નવરંગપુરામાં જ ચાતુર્માસ વિતાવી રહ્યા. જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનપ્રસારણ ચાલુ હતાં, પિતાગુરુનો દેહ ન હતો પણ જાણે તેમનું વાત્સલ્ય છાયા ધરી રહ્યુ હતું.

આ સમાચાર મળતાં જ હું (લેખિકા) મુનિશ્રી પાસે શોક પ્રદર્શિત કરવા ગઇ. મુનિશ્રીને મળતાં જ હું પોતે જ અશ્રુ સારી બેઠી, પણ તેમણે ત્યાગીને શોભે તેવા સગંભીર ભાવે કહ્યું, 'આજે મને સમજાય છે કે સ્વજનનું મૃત્યુ કેવું હોઈ શકે છે? સ્વજનના મૃત્યુનો ઘા કેવો મર્મભેદી હોય છે!'

ત્યારબાદ મુનિશ્રીને મુંબઇની જનતાને તેમના જ્ઞાન અને ધર્મનો લાભ આપવાની વિનંતિ કરી વિદાય લીધી. નાત, જાત અને સંપ્રદાયની સંકુચિતતા જ્યાં નહિવત છે તેવી મુંબઇ નગરી સદાય વિદ્વાનોની વાણી સાંભળવા આતુર હોય છે. એવી નગરીમાં મુનિશ્રીના આગમનનું ચિંતવન કરતી હું પાછી ફરી.

અત્યાર સુધી હું જન્મે જૈન છતાં જૈનધર્મના સિદ્ધાંતો, ક્રિયાઓ અને વિધિઓથી અણજાણ હતી. મુનિશ્રીના સમાગમમાંથી ધર્મજ્ઞાન અને ઊંડી સમજણ મેળવી અને ધર્મ પ્રતિ ભાવના જાગૃત થઇ. પશુમાંથી માનવને માનવતા ભણી વાળનાર છે પ્રેમ અને કરુણા. મુનિશ્રીના સંપર્કમાંથી આ પ્રેમકરુણાની પિછાન મેળવી અને કલ્યાણમય જીવન જીવવાની પ્રેરણા મળી.

★

## મહેલમાંથી ગમાણમાં–૪૪

અમદાવાદથી વિહાર થવાનો હતો. પાટડી દરબાર શ્રી પ્રતાપસિંહજી મહારાજશ્રીના પરમ ભકત હતા. ૭–૩–૬૦ ના દિવસે સાબરમતીની જેલના હજારો કેદીઓ સમક્ષ પ્રવચન યોજાયું હતું. વહેલા જેલમાં જઈ શકાય તે દૃષ્ટિએ શ્રી પ્રતાપસિંહજીએ પોતાના મહેલમાંથી સાંજે વિહાર કરી તેમના મિત્ર શ્રી કપિલભાઇને બંગલે સ્થિરતા કરવા વિનંતિ કરી. તેમણે તે માટે વ્યવસ્થા કરવા વ્યવસ્થાપકને સૂચના પણ આપી દીધી. પણ તે દિવસે ત્યાં પ્રસૂતિનો પ્રસંગ બની ગયો, તેથી વ્યવસ્થાપકે બીજે વ્યવસ્થા કરવા ગોઠવણ કરી. ત્યાં પણ મુશ્કેલી હશે એટલે તેણે એક ત્રીજી જગ્યા માટે ગોઠવણ કરી. મુનિશ્રી પધાર્યા. સાથે શ્રી પ્રતાપસિંહજી પણ હતા. ત્રીજે સ્થાને ગયા તો કહેઃ મહારાજ માટે આ જગ્યા સાફ કરાવી રાખી છે, તે એક ગમાણ હતી. તે જોઇ શ્રી પ્રતાપસિંહને ભારે ગુસ્સો આવ્યો, પારાવાર દુઃખ થયું અને કહે: "ચાલો, પાછા. બીજે વ્યવસ્થા કરું." મુનિશ્રીએ કહ્યું તમે ચિંતા ન કરો. અમારે સાધુને મહેલ શું કે ગમાણ શું? અમે તો જંગલમાં પણ વાસ કરીએ, ખંડેરોમાં વિસામો લઇએ અને ઝાડની છાયામાં પડયા રહીએ. અહીં બધી વ્યવસ્થા થઇ જશે. તમે સુખેથી પધારો. બે મોટાં લાકડાં

નાખીને એના પર સંથારો કરી સૂઇ રહ્યા. સવારના શ્રી પ્રતાપસિંહ આવ્યા ને કહે: "મુનિશ્રી મને આપશ્રીની ચિન્તામાં આખી રાત ઊંઘ જ નથી આવી." મુનિશ્રી કહે "ભાઇ, અમે તો ઘસઘસાટ ઊંઘી ગયા. શાસન દેવના અમારે રખવાળાં છે." આ પ્રસંગ પણ મુનિશ્રીની વિનમ્રતા અને નિઃસ્પૃહતાનું દર્શન કરાવે છે.

★

### સંયમના કિનારા

જો જીવનના કોઈ પરમ હેતુ સુધી પહોંચવું હશે, તો જીવનની આસપાસ સંયમના કિનારા જોઇશે જ, જેના જીવનની અડખેપડખે સ્વનિર્મિત સંયમના કિનારા હોય છે તેવો માનવી જ પોતાના ધ્યેયક્ષેત્રને પહોંચી શકે છે.

## સ્નેહ સરવાણીનું અમૃતબિંદુ–૪૫

અમદાવાદમાંથી વિદાય લેતાં આખરી દિવસે સાબરમતી જેલમાં મુનિશ્રીનું પ્રવચન યોજાયું હતું. ચાર તોતિંગ દીવાલોની વચ્ચે, સમાજથી, સ્નેહીજનોથી જેઓ વિખૂટા પડયા છે, તરછોડાઇ ગયા છે, પોતાની જ ભૂલને કારણે ફેંકાઇ ગયા છે, તેવા માનવીઓ, સમાજનો તિરસ્કાર મેળવતાં પૂરાયા હતા. ક્રૂર, નિષ્ઠુર, થીજી ગયેલાં હૃદયોવાળા એ ગુનેગારોની વચ્ચે પ્રેમાળ અને કરુણાભર્યું હૃદય વહી રહ્યું. બેડીઓથી જકડાયેલાં એ પંથભૂલ્યાં બાંધવો વચ્ચે, મુનિશ્રી સૌમ્ય મુખારવિંદ સાથે સ્નેહવાણી બોલી રહ્યા. એમના હૃદયમાં પણ જાગૃતિનું સિંચન કરી રહ્યા. જીવનમાં નિરાશ બનેલા આ માનવીઓને મુનિશ્રી જીવન આશાનું પાન કરાવી રહ્યા, મનખાદેહને કલ્યાણમાર્ગે પ્રયોજવા પ્રેરણા આપી રહ્યા.

મુનિશ્રીના અંતરમાંથી ચૈતન્યનો અવાજ પ્રસરી રહ્યો, "ભાઇઓ, તમે ગમે તેવાં અપકૃત્યો કર્યાં હોય, પણ તમારામાં ય સહુ જેવો દિવ્ય આત્મા છે. તમે સંકલ્પ કરો, અને તમારા આ અપકૃત્યોને પશ્ચાત્તાપનાં અશ્રુઓથી ધોઇને નિર્મળ બનાવી દો. હું તો તમારામાં એ જ દિવ્ય જ્યોતિનાં દર્શન કરું છું.

"ના, તમે જ કેદી બનીને જીવી રહ્યા છો એમ ન માનશો. જેમ તમે આ દીવાલોની અંદર પૂરાયા

છો તેમજ જગતના લોકો પણ તેમની વાસનાઓ અને ઇંદ્રિયજન્ય વૃત્તિઓના બંધનમાં પૂરાયા છે. તમે તો અમુક સમયની મર્યાદાને અંતે મુક્ત બનશો પણ વાસનાઓ અને વિષયોરૂપી દીવાલોમાંથી મુક્ત થવા માટે તો સતત પ્રયાસ કરવો પડશે. પશ્ચાતાપના પુનિત જળ વડે તમે આ અપકૃત્યોના ડાઘ ધોઈ નાખી શકશો અને શુભ કર્મો કરવાના સંકલ્પ વડે તમે કલ્યાણમાર્ગે આગળ ધપીને ચૈતન્યને પામી શકશો. ના, જીવનમાં હજીય સમય છે. જાગો અને આગળ વધો."

જગતમાં ધવાયેલા, નિરાશ થયેલા હતાશ માનવીઓને આશા મળી. વિચાર જાગ્યો. સુધરવા માટે હજુય મોડું નથી થયું, એવું ભાન થયું. જેમની પ્રત્યે બધાય ધિક્કારની દૃષ્ટિથી આંગળી ચીંધતા હતા તેમને પણ આ ફિરસ્તાએ કેવળ આત્માસ્વરૂપે નિહાળતાં, તેમનું સુષુપ્ત ચેતન જાગી રહ્યું. નિરાશ બનેલાં તેઓ નફફટાઇની ગર્તામાં ધકેલાઇ રહ્યા હતા, તેમને આ કરુણાધારા ભીંજવી રહી. તેમની આંખોમાં અશ્રુબિંદુઓ ઝબકી રહ્યાં.

મુનિશ્રીની પ્રેરણાથી આવા કેદીઓને રક્ષાબંધનને દિને શુભ વિચારો અને શુભ આકાંક્ષાઓની રક્ષા બાંધવાનું કાર્ય બહેનોએ ઉપાડયું છે. આ માર્ગ ભૂલેલાઓમાં માનવતા જગાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

આપણે જાણીએ છીએ કે ગમે તેવો ખૂની બહારવટિયો હોય પણ, એકવાર એ જેને 'બહેન' કહી સંબોધે



છે તને લૂંટતો નથી, એટલું જ નહિ પણ તેના રક્ષણ કાજે, જરૂર પડયે, જાન ફના કરવા તૈયાર બની જતો હોય છે. આવા અનેક બનાવો આપણે સાંભળીએ છીએ. ભારતીય માનવીના મનમાં પડેલાં આ સંસ્કારને, આ માનવતાને નવપલ્લવિત કરવાની છે.

મુનિશ્રીની વાણીની કરુણા આ માનવીઓની મૂરઝાઇ ગયેલી માનવતાને સજીવન કરી રહી.

૧૯૬૦ ની સાલનો ફેબ્રુઆરી મહિનો હતો. હવામાં ઠંડક વ્યાપી રહી હતી. મુનિશ્રીએ ગુરુઆજ્ઞા અનુસાર મુંબઇ પ્રતિ વિહાર શરૂ કર્યો. ના, હવે એ પિતાગુરુના ચરણો ન હતાં. એમના માર્ગે નચિંત મને ચાલી રહેવાનું ન હતું. હવે તો એમના આદેશને સંભારીને, જાતે જ માર્ગ કાઢવાનો હતો.

વિહારમાં ધર્મજ્ઞાન વેરતાં વેરતાં મુનિશ્રી મુંબઇ તરફ આગળ વધી રહ્યા. નડિયાદમાં સંતરામ મહારાજના મંદિરમાં મુનિશ્રીનું પ્રવચન યોજવામાં આવ્યું. સર્વ સાંપ્રદાયિકતાથી પર એવા મુનિશ્રીએ ત્યાં જઇને, "આપણી સંસ્કૃતિનો જીવનપ્રવાહ" એ વિષય પર મનનીય પ્રવચન આપ્યું.

મુનિશ્રીએ માત્ર જ્ઞાન મેળવ્યું જ નહોતું પણ પચાવ્યું પણ હતું. જ્ઞાનની પરાકાષ્ટા જ માનવીને નમ્ર બનાવે છે. સાચો જ્ઞાની તો હંમેશાં કહેતો હોય છે કે જગતના જ્ઞાનસાગર આગળ તો મારું જ્ઞાન બિંદુ સમાન છે. મુનિશ્રીની આ જ્ઞાનનમ્રતા એમનાં આચારમાં પ્રતિબિંબિત થઇ રહી.

પ્રવાસ આગળ વધ્યો અને આણંદમાં પણ એમણે પ્રવચન કર્યું. વડોદરા પહોંચ્યા તે દિને મહાવીર પ્રભુનો જન્મદિન હતો. વડોદરાના શ્રી સરદાર હોલમાં મહાવીર જયંતી પર પ્રવચન આપ્યું: ત્યાર બાદ વડોદરાની જનતાએ મુનિશ્રીને રોકાઈ જવા આગ્રહ કર્યો, પણ સમય ન હોવાથી તેઓ આગળ વધવા તૈયાર રહ્યા. 'શારદા મંદિરમાં' 'આવતી કાલના નાગરિકો' વિષે પ્રવચન આપી, વિહાર ચાલુ રાખ્યો.

આર્ય કન્યા ગુરુકુળમાં તેમણે પ્રવચન કર્યું અને સ્ત્રીજાગૃતિની ભાવનાને બિરદાવી. સંન્યાસીઓ કાં તો સ્ત્રીજાતિ પ્રત્યે ઉપેક્ષા ભરી દૃષ્ટિ નાખતા હોય છે યા તો તેમને વિષે તદ્દન મૌન ધારણ કરતા હોય છે. પણ મુનિશ્રીના પ્રવચન બાદ એવી લાગણી પ્રસરી કે ભગવાન મહાવીરના પગલે ચાલનાર સતી સુલસા, અંજના, મદનરેખાની શકિતઓને ઉચ્ચ સ્થાન આપનાર ચિંતક ઘરઘરમાં નારી સન્માન જગાડી રહ્યા છે.

મુનિશ્રી ભરૂચ થઇને સુરત પધાર્યા. સુરતમાં પૂ. દાદાગુરુ આચાર્ય પ્રવર શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીએ જ્ઞાન પ્રચાર દ્વારા ધર્મ પ્રભાવના કરી હતી. અહીં જ જૈનદર્શનના ૪૫ આગમ ગ્રંથરત્નો ને તામ્રપત્રમાં ચિરંજીવ કરી ભવ્ય આગમ મંદિર સર્જ્યું છે. આ સ્થળ તો મુનિશ્રીને માટે તીર્થસ્થાન જ હતું. આ ભૂમિમાંથી જ્ઞાનોપાસનાની પ્રેરણા લઇને જુદા જુદા સ્થળોએ પ્રવચનો આપીને મુનિશ્રીએ આગળ વિહાર લંબાવ્યો.

★

## અભયનો આનંદ–૪૬

મુંબઈની નજીક તો આવ્યા પણ એ પહેલાં મુંબઈની ખાડી ઓળંગવી પડે. મુનિશ્રીએ વસઈની ખાડીનો વિશાળ પુલ ઓળંગવા માંડયો. પુલની વચ્ચે પાટડીઓ ઉપર કોઈ મચ્છીમારની ટોપલીમાંથી સરી પડેલી એક રંગબેરંગી માછલી પર નજર પડી. માછલી મૂર્ચ્છિત થઈ પડી હતી. આ દૃશ્ય ન જોવાયું. તેમની કરુણા વહી રહી. મુનિશ્રીએ તે માછલીને પોતાના દંડના નાજુક સ્પર્શથી હલાવી, અને તે નીચે પાણીમાં જઇ પડી. પણ પાણીના સ્પર્શે વિદ્યુતની જેમ અબોલ પ્રાણીમાં જીવનદાયી ચૈતન્ય પ્રગટયું અને સ્ફૂર્તિ સાથે ઉછાળો લઈ ડૂબકી મારી અદૃશ્ય થઈ ગઈ.

આ દૃશ્ય રોમાંચ અને આનંદની ઝણઝણાટી ઉત્પન્ન કરી ગયું. મનમાં એક બીજ મૂકી ગયું.

ખૂબ જ સામાન્ય એવો આ પ્રસંગ મુનિશ્રીના હૈયામાં ચિરંજીવ બની ગયો. એમના દિવ્યચક્ષુઓએ આ પ્રસંગમાં પરમ ચૈતન્યની ઝાંખી કરી. આ દૃશ્યે મુનિશ્રીના અંતરમાં ઊંડું મંથન જાગૃત કર્યું. સેંકડો માઇલનો પ્રવાસ કરતાં આવેલાં મુનિશ્રી આ પ્રસંગ પર થંભી ગયા. અસામાન્ય કરુણાથી સભર મુનિશ્રીના મનમાં આ

નાનકડી કૂદકો મારી ગયેલી એ માછલીએ મંથન જન્માવ્યું. પાણીનું એક નાનકડું બિંદુ જેને માટે સંજીવની બની ગયું, એ મત્સ્યે મુનિશ્રીના ચિત્તમાં અનેકાનેક વિચારો ઉત્પન્ન કર્યાં, મુનિશ્રીના ચૈતન્યમાં ઝણઝણાટી પ્રસરી ગઇ. આટલા નાના તુચ્છ એવા જંતુને પણ જીવન કેટલું પ્રિય છે? પાણીનો એ સ્પર્શ એને કેટલો આનંદદાયક લાગ્યો હશે? આવી જ રંગબેરંગી મુંબઇ નગરીમાં માછીમારો કેટલા યે આવા જીવોને મોત આપે છે. ના, માછીમારોનેજ ય દોષ કેમ અપાય? અજ્ઞાન માનવીઓ ગત જીવનના કર્મબળે આ અપકર્મો કરી રહ્યા છે. એમને જગાડવા જોઇએ. એમના ચિત્તમાં હજારો આવા મૂંગા જીવો પ્રત્યે કરુણા પ્રગટી રહી, એમને જીવનદાન અપાવવાની ભાવના મનમાં સળવળી રહી, અહિંસાના સંદેશ દ્વારા આ આત્માઓનું કલ્યાણ કરવાનો આદર્શ સંકલ્પનું રૂપ ધરી રહ્યો પકડનાર અને પકડાનાર, શિકારી અને શિકાર, બંને પ્રત્યે જીવનદાયી કરુણાનો સ્રોત વહી રહ્યો. એક નૂતન દર્શન પ્રગટી રહ્યું, નવું જ ભાવિ સર્જવાની તમન્ના પ્રજ્વલી ઊઠી.

મુનિશ્રીએ અહિંસાનો ધ્વજ હાથમાં ધર્યો અને નૂતન વેગથી મુંબઇ પ્રતિ આગળ વધી રહ્યા.

મુનિશ્રીની ઇચ્છાશકિત એટલી પ્રબળ છે કે તેઓ જે નિશ્ચય કરે છે તેને અનુકૂળ સંજોગો ગોઠવાતા આવે છે.

મુનિશ્રી નૂતન આકાંક્ષા સાથે અપૂર્વ જોમથી આ પૂર્વપરિચિત પણ છતાંય માનવીને ભૂલો પાડી નાખે એવી મુંબઇ નગરીમાં પ્રવેશ કરી રહ્યા.



મુનિશ્રી મુંબઇ આવી રહ્યા છે એ સમાચારથી જ મુનિશ્રીના ગુરુ આચાર્ય ચન્દ્રસાગરજી મહારાજ જેઓ કોટના ઉપાશ્રયમાં બિરાજમાન હતા. તેઓ ત્યાંથી મુનિશ્રીને આશીર્વાદથી આવકારવા ઘાટકોપર આવી રહ્યા. અન્ય શિષ્યગણ પં. દર્શનસાગરજી અને મુનિ જીતેન્દ્રસાગરજીને મુનિશ્રીને સત્કારવા માટે સામે મોકલ્યા. વસઇ સુધી તેઓ સામે ગયા અને મુનિશ્રીને આવકાર આપી રહ્યા. શિષ્ય પ્રત્યે કેવો દિવ્ય પ્રેમ?

વસઇથી અગાસી પધાર્યા. જ્યાં સંઘના આગેવાનો અને આચાર્યશ્રીએ મોકલેલા શિષ્યગણો તથા મુનિશ્રી વિષે અનેક પ્રભાવિક વાતો સાંભળીને, તેમના પ્રત્યે આદરભાવથી જોતાં થયેલાં, અને તેમને સાંભળવા આતુર બનેલા લોકોએ મળીને મુનિશ્રીનો ભાવભર્યો સત્કાર કર્યો. આખા દિવસનો ભરચક ધાર્મિક કાર્યક્રમ ગોઠવાયો હતો. પૂજા, સ્નાત્ર, આંગી વગેરે ક્રિયાઓ વાતાવરણમાં ધર્મભાવનાનો ઉત્સાહ રેલાવી રહી.

મુનિશ્રીએ પ્રવેશ કરીને વ્યાસપીઠ પર સ્થાન લીધું. પ્રવચનનો પ્રારંભ કર્યો. એમની મધુર વાણી, વિષયની તલસ્પર્શી છણાવટ કરી રહી. સામાન્ય રીતે જૈન સાધુઓ પ્રવચન આપતા હોય છે ત્યારે તેમના પ્રવચનની ભાષા પરંપરાગત જૈન પારિભાષિક શબ્દોની બનેલી હોય છે, જ્યારે મુનિશ્રીની વાણીમાં તો આધુનિક પણ સરળ ભાષામાં સિધ્ધાંતોનું સ્પષ્ટ આલોચન હતું. મુનિશ્રીનાં

પ્રવચનમાં સૌને ધીરેધીરે રસ પડતો હતો. સત્ય અને અહિંસાની ઈમારતનો પાયો નંખાઇ રહ્યો હતો. ઘાટકોપરમાં ગુરુ મહારાજશ્રીને મળ્યા અને વંદન કરતાં ગુરુશિષ્યની આંખડીઓ ભીની થઇ રહી.

મુનિશ્રીનો અન્ય મુનિવરો સાથે મુંબઇમાં નમિનાથ ઉપાશ્રયમાં ચાતુર્માસ પ્રવેશ નિશ્ચિત થયો. આ સમય આચાર્યશ્રીનો મુકામ મુંબઇમાં કોટમાંશાંતિનાથજી ઉપાશ્રયમાં હતો. મુનિશ્રી ઘાટકોપરથી પરાંઓની જનતાને પોતાની અનોખી શૈલીમાં વિદ્વતાપૂર્ણ પ્રવચનોનો લાભ આપતાં મુંબઇ પધાર્યા અને જૂનની પાંચમી તારીખે નમિનાથ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. આ ચાતુર્માસ દરમ્યાન "ધર્મરત્ન પ્રકરણ" અને "જૈન રામાયણ" સૂત્રનું વર્ણન અદ્ભુત શૈલીમાં કર્યું. શ્રોતાઓ મુગ્ધ બન્યા, યુવાનો અને વૃધ્ધોનાં હૃદયમાં મૈત્રી ભાવનાનું ગુંજન થવા લાગ્યું. ઘેર ઘેર મૈત્રી ભાવના સૂચક પ્રાર્થના થવા લાગી. મુંબઈના ધાંધલપૂર્ણ ધમાલિયા જીવનથી થાકેલાઓમાં નવો જ ભાવ અને નવી જ ચેતના ઉત્પન્ન થયાં. તેમના પ્રવચનની સુવાસ પ્રસરી રહી અને સ્થળે સ્થળેથી તેમનાં પ્રવચનો માટે માગણીઓ થવા લાગી.

મુનિશ્રીનાં દર્શન મુંબઇમાં મને ૬ જૂન ૧૯૬૦માં થયાં. એજ દિવસથી તેમનાં પ્રવચન શ્રવણ કરવાનો પ્રારંભ કર્યો. પરંતુ આ માર્ગના પ્રવાસની પ્રથમ ભૂમિકા હોવાથી અનેક પ્રશ્નો અને તર્કવિતર્કો થયા કરતા પણ



પ્રવચન સાંભળતાં હૃદયને એવું કંઇક મળતું હતું કે બીજા દિવસે શ્રવણ કરવા માટે હૃદય આતુરતાથી વાટ જોતું. આ સમયમાં કેટલાય પ્રશ્નોના ઉત્તર તેઓશ્રી પાસેથી મેળવી લેવા મન થતું પણ ચર્ચા કરવા જેટલી આધ્યાત્મિક કક્ષા ન હતી. છતાં સમાધાન મેળવવા તત્પરતા તીવ્ર રહેતી. હું મારા મનમાં ઉદ્ભવેલા પ્રશ્નો કાગળ ઉપર ચીતરી મારા બાને કહેતી કે કાલે પૂ મુનિશ્રીના દર્શને જઇએ ત્યારે આ પ્રશ્નો પૂછવા છે.

પણ મને એ સમયે આધ્યાત્મિક માર્ગના પ્રણેતાની અખૂટ શક્તિનું દર્શન ક્યાં હતું ?

મારા ઉદ્ભવેલા પ્રશ્નોના જવાબ પ્રવચનમાં બરાબર મળી જતા અને આવા પ્રત્યુત્તરોથી મને આશ્ચર્ય થતું કે મુનિશ્રી કોઈ એવી વિદ્યાના જાણકાર છે જે બીજાનાં મનના વિચારો જાણી શકે છે.

ધીમે ધીમે એ ભૂમિકાનાં દર્શન થયાં કે પૂછ્યા વિના પ્રશ્નોના ઉત્તર સહજભાવે મારા જેવા અનેક ભક્તોને મળતા રહ્યા. આ મનોવિજ્ઞાન અને ટેલીપથીનો જ પ્રકાર છે. કોઇ ચમત્કાર નથી પણ શ્રદ્ધા અને શક્તિનો આવિર્ભાવ છે. આત્માનું મહાત્મા સાથેનું આત્મસ્ફુરણ છે.

રાજસ્થાન સેવાસમાજ તરફથી શ્રી ઉમેદ મલજીની કરુણ હત્યા અંગે શોકસભા યોજવામાં આવી. મુનિશ્રીએ આ સભામાં બોલતાં કરુણાપૂર્ણ શબ્દોથી જૈનો પોતાની બેદરકારી અને ધનલોભને કારણે પોતાનું સ્થાન ગુમાવી

રહ્યા છે તેનો ખ્યાલ આપ્યો અને જણાવ્યું. "જૈન ધર્મીઓ આજે કાયરતા અને પ્રમાદમાં પડી પતનને માર્ગે જઇ રહ્યા છે.

"તમે મંદિરો અને તીર્થો નવાં નવાં ઊભાં કરો છો, જૂનાંને સંભાળતા નથી. નવા નવા આચાર્યો પોતાનાં નામ પ્રતિમા દ્વારા અમર કેમ થાય એ લાલચ અને કીર્તિની તૃષ્ણામાં નવી મૂર્તિઓ ભરાવી સમાજ પર બોજ વધારતા જ જાય છે. તીર્થોના ઝગડાઓ મીટાવી શકતા નથી અને એના પૂજકોની હાલત દિનપ્રતિદિન વધુને વધુ ખરાબ થતી જાય છે. તેની સંભાળ વાત્સલ્યથી કોઇ લેતું નથી. સમાજના દુઃખીઓ માટે દર્દ નથી અને ઉત્સવોનાં પ્રદર્શન કરવાં છે. આ શું સૂચવે છે—પતન કે પ્રગતિ ?"

એમની વિશિષ્ટતા તો એ છે કે મુનિશ્રી બાળક, યુવાન કે વૃધ્ધની શક્તિ અનુસાર, તેને ગ્રાહ્ય બને તેવું અને તેટલું જ, સરળ છતાં રસપ્રદ શૈલીમાં આલેખવાની શક્તિ ધરાવે છે. વળી એમના પ્રવચનોમાં એટલી તો જીવંતતા હોય છે કે પ્રત્યેકને રોચક બની રહે છે, અને તેઓ મને જ કંઇક આપી રહ્યા છે, તેઓ કહે છે તે મારે માટે જરૂરી છે, એવી લાગણી અનુભવી રહે છે.

એક વાત યાદ આવે છે. સિડનહામ કોલેજના પ્રિન્સિપાલ શ્રી કે. ટી. મરચંટને, મુનિશ્રી પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ જ્ઞાનવાર્તા કરે એવી ઇચ્છા થઇ. પણ વર્ષોનો તેમનો વિદ્યાર્થીઆલમનો અનુભવ દહેશત



અનુભવતો હતો કે વિદ્યાર્થીઓ આ ગંભીર પ્રવચન પ્રત્યે ભાવ અનુભવી શકશે ખરાં ? આ વિચારે તેમણે સમય પસાર થવા દીધો. આખરે હિંમત કરીને મુનિશ્રીને પ્રવચન કરવાનું આમંત્રણ આપ્યું. વિદ્યાર્થીઓએ એકકાન થઇને મુનિશ્રીને સાંભળ્યા અને શિસ્તનું અજોડ ઉદાહરણ રજૂ કર્યું ત્યારે તેઓ આશ્ચર્ય પામી ગયા. બાદ તો મુંબઇની ઘણીખરી કોલેજોએ મુનિશ્રીના જ્ઞાનનો લાભ લીધો, શાળાઓ પણ મુનિશ્રીની વાણી સાંભળવા આતુર બની રહેવા લાગી, અને મુનિશ્રીની જ્ઞાનગંગાનો પ્રતિધ્વનિ ઠેર ઠેર પડી રહ્યો.

૧૯૬૦નું વર્ષ આમ મુંબઇમાં મુનિશ્રીના પ્રવચનોના પડઘાઓથી સભર બની રહ્યું. ૨૪ મી જુલાઇના રોજ સર્વોદય શિક્ષણ સંઘદ્વારા મુનિશ્રીનું પ્રવચન યોજાયું. તેમાં મુનિશ્રીએ 'સર્વોદય શિક્ષણ એટલે શું ?' તે સમજાવતાં ગાંધીજીના શબ્દોની યાદ આપી, અને સર્વોદયની ભાવનાની મહત્તા સમજાવી. તેમણે જણાવ્યું કે આજે તો સર્વના ઉદયને સ્થાને ઠેર ઠેર સ્વનો ઉદય કરાતો દેખાય છે. 'સહુના ભલામાં જ પોતાનું ભલું' એ વાત તો વિસરાઇ જ ગઈ છે. શાશ્વત જીવન–મૂલ્યો શિથિલ થઈ ગયાં છે અને ભૌતિક સુખોની લાલસા પ્રખર બની રહી છે. આથી જ આજે આધ્યાત્મિક શાંતિ લૂંટાઈ ગઇ છે.

મુનિશ્રીએ સર્વોદયને અપરિગ્રહના રૂપમાં સમજાવ્યો અને નવું જ દર્શન કરાવ્યું. તેમણે જણાવ્યું કે પરિગ્રહ છે ત્યાં ભય છે જ. વધુ મેળવ્યા પછી, સાચવવાનો ભાવ

આવે છે, અને ત્યાં જ લૂંટાઈ જવાનો ભય જાગે છે. ભય છે ત્યાં ઉદય નહિ. ઉદય અભયમાં છે. અભય અપરિગ્રહમાં છે. આમ જ્યાં પરિગ્રહનાં ભાર તળે દબાયા ત્યાં જ પતન છે. આનું દૃષ્ટાંત આપતાં મુનિશ્રીએ કહ્યું: આશ્રમમાં એકવાર મહાદેવભાઈ સવારના નિત્યકર્મ પતાવીને આવતા હતા ત્યારે હાથ ધોવા માટે ખેતરમાંથી માટીનું ઢેફું ઉપાડી લાવ્યા. ગાંધીજીએ તે જોયું અને એ ઢેફું ખેતરમાં પાછું મૂકી આવવાનું કહેતાં જણાવ્યું, "આજે આ વાત તદ્દન નાની અને તુચ્છ લાગે છે. પરંતુ નાની નાની ચીજમાંથી જ અપરિગ્રહની ભાવના કેળવવી જોઈએ. આટલી નાની ચીજમાં અપરિગ્રહ નહીં રાખો તો મોટી વસ્તુઓનો ત્યાગ કેવી રીતે કરી શકશો? આજ જોઈએ એટલી જ માટી લાવો. કાલ માટે આજથી સંગ્રહ કરવાની કંઈ જરૂર નથી. કાલની ચિન્તા કરી આજને પરિગ્રહી ન બનાવો."

આ જ રીતે ઍની બિસેંટ હૉલમાં "ચેતનાનો વિકાસ" વિષય પર તાત્ત્વિક છણાવટ સહિત પ્રવચન આપ્યું.

૯-૮-૬૦ ના રોજ બોડેલીમાં ચાલતી પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભાના ઉપક્રમે પ્રવચન રાખતાં, એ સભાની સેવા અંગે અને આપણા કર્તવ્ય અંગે માર્ગ-દર્શન આપ્યું.

★

## પર્વનો સંદેશ-૪૭

પર્યુષણ પર્વનો પ્રારંભ થયો અને મુનિશ્રી ચિત્રભાનુને સાંભળવા માટે ભક્તોનો મહેરામણ ઊમટવા લાગ્યો. નમિનાથ ઉપાશ્રયનો ખંડ સાંકડો થઈ પડયો. પણ ના, આમ છતાં કયાંય ધાંધલ કે અશિસ્ત ન હતાં. મુનિશ્રીના પ્રવચનમાં ત્રણેક માસથી શ્રોતાઓ શિસ્તનું પાલન શીખવા માંડયા હતાં. વળી પૂ. મુનિશ્રીની વાણીના શ્રવણમાં શ્રોતાઓ એવા તો મુગ્ધ બની રહેતાં કે પાછળથી આવનાર વ્યકિતનો નાનો-શો અવાજ પણ તેમને બેચેન બનાવી મૂકતો. આથી એવી તો શિસ્તભાવના કેળવાઈ કે પાછળથી આવનાર, મોડી પડનાર વ્યકિત જ્યાં સ્થાન જુએ ત્યાંજ બેસી જાય. આમ છતાં વર્ષોની કુટેવથી ઘડાયેલી વ્યક્તિ જો હઠાગ્રહપૂર્વક આગળ વધવાનો પ્રયાસ કરે તો મુનિશ્રીની મીટ એવી રીતે એના પર મંડાય કે જેથી સ્વાભાવિકપણે જ તેને સંકોચ થાય અને બીજીવાર તે એવો પ્રયત્ન ન કરે. આવા શિસ્તપાલનને લીધે પર્વના દિવસોમાં ખૂબ શાંતિપૂર્વક પ્રવચનશ્રવણ શરુ કર્યું.

દરેક શ્રોતાજનને આ પ્રવચન શ્રવણ કરતાં કરતાં એવું લાગ્યું કે અત્યાર સુધીના બધા પર્વો ગયા, પણ મારી અજ્ઞાનતાને કારણે મેં તો આ પર્વો દરમ્યાન કંઈક મેળવવાને બદલે, આ વર્ષો પર પાણી જ ફેરવ્યું છે. મેં

સાંભળ્યું કે કલ્પસૂત્ર જેવા સૂત્રનું જો કોઇ મુમુક્ષુ આત્મા મનનપૂર્વક એકવીસ વાર શ્રવણ કરે તો મોક્ષે જાય. ઘણાએ ૨૧ વારને બદલે અનેકવાર શ્રવણ કર્યું હશે છતાંએ તેનો મર્મ ન સમજાયો.

આ પર્વમાં મુનિશ્રીને શ્રવણ કરવા માટે યુવાનો પણ મોટી સંખ્યામાં હાજરી આપવા માંડયા. આજના યુવાનો આવતી કાલના નાગરિકો છે અને જે દેશમાં ધર્મ માટેની આટલી જિજ્ઞાસા વહેતી હોય તે દેશ જરૂર ઊંચે આવવાનો એમ મુનિશ્રીને લાગ્યું. બે ત્રણ દિવસ પસાર થયા અને યુવાનોનો ધસારો ખૂબ વધી ગયો. જ્યાં પ્રવચન થતું હતું તે ખંડની બહાર દાદરનાં પગથિયાં, ગેલેરીઓ વગેરે પણ ચિક્કાર થઇ જવા લાગ્યાં. આખરે યુવાનોએ આ પ્રવચનના યોજક ટ્રસ્ટીઓને ધ્વનિયંત્ર મૂકવા માટે વિનંતી કરી.

એક યુગ એવો હતો જ્યારે ધ્વનિયંત્રની આવશ્યકતા નહોતી કારણ કે અવાજ પહોંચી શકે એટલો જ શ્રોતાવર્ગ હતો; પરંતુ જ્યારે શ્રવણ કરનાર સમુદાય વિશાળ હોય, સહુ શ્રવણ કરવા માટે આતુર હોય, જ્યારે દરેકને પ્રભુની વાણી સમજવાની ઝંખના હોય ત્યારે વિવેકશકિત વાપરવી જોઈએ. યુવાનોની ધીરજ ખૂટી અને બારણાં તોડીને અંદર પ્રવેશ કરવાનો પ્રયાસ શરુ થયો.

મુનિશ્રીએ આ પરિસ્થિતિ જોઇને, યુવાનોને ધીરજ આપી. જે નિત્ય શ્રવણ કરનારો શ્રોતાવર્ગ હતો તેની



પાસે પોતાના અંતેવાસી સમા બીજા એક સાધુને પ્રવચન કરવાનું જણાવ્યું અને મુનિશ્રીએ પહેલે માળે યુવાનોના ટોળાં વચ્ચે જઇને, તેમને સાંત્વન આપી, તેમને સંબોધીને પ્રવચન આપ્યું. યુવાનોના ઉત્સાહ અને આતુરતાની મુનિશ્રીએ પ્રતીતિ મેળવી અને એમણે, આ ઊછળતા લોહીને સમજીને, તેમને સંતોષ આપ્યો. યુવાનો મુનિશ્રીને સાંભળી આનંદ અનુભવતાં વિખરાયાં.

ગહન 'ગણધરવાદ'નો અર્થ જૈનેતરોને તો શું પણ જૈન હોવાની મગરૂરી અનુભવતા કેટલાક જૈનોને પણ ખબર ન હતી. ગણધરવાદમાં તો જૈન તત્ત્વજ્ઞાનની ખૂબ જ સુંદર રીતે આલોચના થયેલી છે. મુનિશ્રીની વાણીમાં 'ગણધરવાદ' સાંભળવો એ તો જીવનની ધન્યતા અને સફળતા છે તેમ સહુ કોઇને લાગ્યું. મુનિશ્રીએ સરળ છતાં સચોટ શૈલીમાં ગૌતમે પૂછેલાં આધ્યાત્મિક પ્રશ્નોનું ભગવાન મહાવીરે કરેલું નિરાકરણ સમજાવ્યું અને શ્રોતાજનો તત્ત્વજ્ઞાનનો રસાસ્વાદ માણી રહ્યા.

'ગણધરવાદ' શબ્દમાં જ કેટલાંકને તત્ત્વજ્ઞાનની શુષ્કતાનો પરિચય થતો હોય છે અને તેઓ એથી દૂર ભાગવાનો પ્રયાસ કરતા હોય છે. તત્ત્વજ્ઞાન ઘણો કઠિન વિષય છે. સમજાવનાર એને રસિક ન બનાવે તો તે વિષય શુષ્ક બની જાય છે. મુનિશ્રીએ તો એ શુષ્ક અને કઠિન વિષયમાં પણ જીવંત ઉદાહરણો મૂકીને પ્રાણ રેડયો અને જૈન તત્ત્વજ્ઞાનને નવો જ રંગ આપ્યો. જે તત્ત્વજ્ઞાનથી આપણે અત્યાર સુધી અજ્ઞાન હતા તેના પર પ્રકાશ પાડી,

નવો જ રંગ ફેલાવી, તેનું અલૌકિક દર્શન કરાવ્યું. સાંભળતાં સાંભળતાં ભક્તોને આજ સુધીના પોતાના અજ્ઞાન પર શરમ આવી.

'ગણધરવાદ' બાદ ક્ષમાપનાનો દિન આવ્યો. 'મિચ્છામી દુક્કડમ્' શબ્દ જૈન બાળકો માટે ય નવો શબ્દ નથી. જેમ અંગ્રેજીમાં 'Sorry' અને 'Thanks' નો અતિશય ઉપયોગ થતાં એની પાછળ રહેલી ભાવના વિસરાઇ ગઈ છે અને એ એક રિવાજ બની ગયો છે, તેમ જ 'મિચ્છામી દુક્કડમ્' પાછળ રહેલી પશ્ચાત્તાપની ભાવના ભૂલાઈ ગઈ છે. 'મિચ્છામી દુક્કડમ્' એટલે કોઈનું મનદુઃખ કર્યું હોય તેની માફી. પરંતુ માફી કોની અને શા માટે? દરેકે શાંતિથી બેસીને આખા વર્ષનું સરવૈયું કાઢવાનું છે, તે વિચાર મુનિશ્રીએ શ્રોતાઓમાં જગાડયો. મુનિશ્રીએ કહ્યું કે પ્રણાલિકા અને રૂઢિ પાછળનું હાર્દ અને મર્મ સમજીને જો 'મિચ્છામી દુક્કડમ્' કરો તો જ તમને એવો અનુભવ થશે કે જાણે વર્ષ ભરનો મેલ ધોઇને તમે હળવા અને ઊજળા થયા.

પર્વાધિરાજની પૂર્ણાહૂતિ પછી ૧૧–૯–૬૦ના રોજ ભાટિયા મહાજન વાડીમાં ચારે ફિરકાઓ તરફથી સામુદાયિક ક્ષમાપના યોજવામાં આવી. ચારે ફિરકાના આગેવાનો હાજર હતા. તે પ્રસંગે પૂજ્યશ્રીએ સંદેશો આપ્યો : "વ્યવહારમાં પણ ગમે તેવો મોટો કે નાનો ધંધાદારી વ્યાપારી હોય પણ તે દિવાળીના પર્વમાં આખા વર્ષનો હિસાબ કાઢે છે, જમા ઉધારના બે છેડા



મેળવે છે અને જો જમા બાજુ કાંઈ ન હોય તો તે ધંધો બંધ કરે છે. તો આજસુધી આપણે કેટલાંયે કર્મો બાંધતાં આવ્યા છીએ. જાણતાં અને અજાણતાં થયેલું દેવું પણ ચૂકવવું તો પડશે જ. તો આ ક્ષમાપનાના દિવસે એ સર્વ યાદ કરીને, જે કોઇના મન દુભાવ્યાં હોય, તેની આગળ જઇને, સાચા દિલથી, સાચા અંતઃકરણપૂર્વક માફી માંગવામાં આવે તો માફી કેમ ન મળે? દરેકમાં વસેલો આત્મા તો સરખો છે. જો એ પવિત્ર આત્માને સ્પર્શે એવી રીતે માફી માગીએ તો સામી વ્યક્તિનું હૃદય જરૂર પીગળે; અને કદાચ ન પીગળે, તો પણ માફી માગનારનું અંતઃકરણ તો જરૂર નિર્મળ થાય. માફી માગ્યા બાદ જેમ બાળક નવી નકકોર સ્લેટ પર કક્કો શરુ કરે એમ સહુ સજ્જનો જીવનનું નવું પાનું ખોલે."

★

## નિર્ભયતા

સાચો માણસ પાપ સિવાય કોઇ પણ વાતથી, કોઇપણ ઠેકાણે ભય પામતો નથી; એ સર્વદા અભય છે, કારણ કે ભય ત્યાં આવે છે, જ્યાં પાપ હોય છે.

## માંદગીમાં મનન–૪૮

ભાદરવા સુદ આઠમની રાત્રિએ વાદળ ઘેરાયેલાં હતાં. ચારે બાજુ અંધકાર પથરાઇ રહ્યો હતો. પરોઢ થતાં મૂશળધાર વરસાદ વરસી રહ્યો લગભગ સવા છ વાગ્યે મારા ફ્લેટની ઘંટડી રણકી. હું દરવાજો ખોલવા ગઇ ત્યારે મુનિશ્રીનો માણસ ઊભો હતો. તેને જોતાંજ મને અંતરમાં અમંગળનો વિચાર આવ્યો. તે ચિંતાતુર મુખે બોલ્યો. મુનિશ્રીની તબિયત બગડી છે, અને તમને ડૉકટરને લઇને આવવાનું કહ્યું છે. હું તો આ સાંભળી સ્તબ્ધ બની. ડોકટરોને ફોન કર્યા. મારી ગાડી પણ વરસાદથી પાણીથી ઠંડી પડી ગઇ હતી. ત્યાં તો ડો. શાહ પોતાની ગાડી લઇ આવ્યા. હું તથા ડોકટર નમિનાથ પહોંચી ગયા. મુનિશ્રી અસ્વસ્થ હતા. બેચેની અનુભવતા હતા. અન્ય મુનિવરો તેમની સેવામાં હતા. ડૉકટર શાહે ઉપચાર શરૂ કર્યો અને ડો. મુકુન્દ પરીખને તાત્કાલિક આવી જવા ફોન કર્યો.

એકાદ કલાકમાં તો ચારે બાજુથી બીજા ડૉકટરો અને ભક્તોથી ઉપાશ્રયનો ત્રીજો માળ ભરાઇ ગયો. ડૉ. પરીખે મુનિશ્રીને તપાસી તુરત જ હૉસ્પિટલમાં લઇ જવા સૂચના કરી. તબિયત વધુ બગડે તે પહેલાં ઉપચાર અનિવાર્ય હતો. હવે મુનિશ્રીને કેમ લઇ જવા તે પ્રશ્ન થયો એમ્બ્યુલન્સ કે મોટરમાં લઇ જવા જોઇએ એમ ડૉ. પરીખે કહ્યું,



એક જૂનવાણી ભાઇ બોલી ઊઠયા : મોટરમાં ન લઇ જવાય. હાથગાડીમાં માણસો લઇ જાય. આથી અમને એની સમજ પર અપાર દુઃખ થયું, પણ પૂ. ગુરુદેવ આચાર્યશ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી કોટના ઉપાશ્રયમાં હતા. તેઓશ્રીને પૂછાવ્યું, તેઓ તો ઉદાર વિચારના સમયજ્ઞ હતા. તેમણે સંદેશો મોકલ્યો, આ બાબત ડૉકટરો કહે તેમ કરો. હું હૉસ્પીટલ આવું છું. કેવી ઉદારતા! કેવો શિષ્ય પ્રેમ! કેવી દીર્ઘદષ્ટિ! મુનિશ્રી પણ શાંતિપૂર્વક વેદના સહન કરતા હતા. જ્ઞાનની કસોટી આવા સમયે જ થાય છે. એ સમતા પૂર્વક સહન કરે છે. માને છે: આ દર્દ દેહને છે, આત્માને નહિ. મુનિશ્રીને હૉસ્પીટલમાં રાખવાની જરૂર હતી. રાતદિવસ સેવા માટે ભાઇઓ અને બહેનો હાજર હતાં. ડોકટરોએ ખૂબ સાવધાનીથી સારવાર કરી. કાળજીભર્યા ઉપચારથી થોડા દિવસમાં સારા થયા પણ અશકિત ખૂબ આવી ગઇ. મનની અને તનની શાંતિ માટે 'મેઘદૂત' માં પધાર્યા

આવા પ્રસંગોએ સમાજના માનસનું દર્શન થાય છે. જેણે જગતના બધા મોજશોખનો ત્યાગ કર્યો છે. ભગવાન મહાવીરનો સંદેશ જગ્યાએ જગ્યાએ આપી સમાજને નવચેતના આપે છે, તેનું જીવનધન કેટલું જરૂરી છે, તે વિવેકી વિના ન વિચારી શકે.

★

**સમ્યક્ જ્ઞાન**

વિષયો તો જગતમાં ચારે બાજુ પથરાયેલા છે. એટલે તમે ભાગીને કયાં જશો? બચવાનો માર્ગ એક જ છે—વિષયોની વિષમતાનું જ્ઞાન અને તે પણ સામાન્ય નહિ, સમ્યક્ જ્ઞાન.

## પ્રવચન કલ્યાણ યાત્રા–૪૯

મુનિશ્રીએ ૧૯૬૦ નું ચાતુર્માસ શ્રી નમિનાથના ઉપાશ્રયમાં આનંદપૂર્વક પૂર્ણ કરી મુંબઈની વિધવિધ સંસ્થાઓમાં પ્રવચનો યોજાયાં.

શ્રી કોટના ઉપાશ્રયમાં તા. ૧–૧–૬૧ ના રોજ પોતાના ગુરુમહારાજ આચાર્ય પ્રવર શ્રીમદ્ ચંદ્રસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં 'દિવ્ય દૃષ્ટિ' ઉપર વ્યાખ્યાન આપ્યું. તા. ૨૬–૧–૬૧ ના રોજ ભારત જૈન મહામંડળ તરફથી ગણતંત્ર દિને જાહેર પ્રવચન યોજવામાં આવ્યું હતું. વર્ધમાન જૈન સ્થાનકવાસી સંઘ કોટ તરફથી 'જૈન દર્શન અને વિશ્વ' એ વિષય પર પ્રવચન યોજવામાં આવ્યું. તા. ૧૮–૨–૬૧ ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં 'વીર ધર્મનો વારસો' એ વિષય ઉપર સ્ટુડન્ટસ યુનિયનના વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

મુંબઈના કેળવણીકારોને લાગ્યું કે મુનિશ્રીનાં પ્રવચનો વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓનાં જીવન ઘડતર માટે અત્યંત પ્રેરણાદાયી છે એટલે શિક્ષકોની માંગણી વધતાં મુનિશ્રીનાં વ્યાખ્યાનો હવે હાઈસ્કૂલોમાં યોજાવા લાગ્યાં. ન્યૂ ઈરા સ્કૂલ, મોર્ડન સ્કૂલ, અંજુમાને ઇસ્લામ હાઈસ્કૂલ, ભરડા,



એલ્ફીન્સ્ટન, જે. બી પીટીટ, શકુન્તલા ગર્લ્સ હાઈસ્કૂલ, જી. ટી. ચંદારામજી આ બધી શાળાઓમાં જ્ઞાનવાર્તાઓથી એવું વાતાવરણ સર્જાયું કે બીજા પ્રવચનો માટે આમંત્રણો આવવા લાગ્યાં. વિદ્યાર્થીઓને જીવનનો ઉદ્દેશ બતાવતાં તેઓશ્રી જણાવતા કે, વિદ્યા માત્ર નોકરી કે રોટી માટે નથી. જીવનમાં ઉચ્ચ ભાવનાઓ રાખી કુટુંબ–સમાજ–ધર્મ અને દેશનું કલ્યાણ કરવાની તમન્ના એ જ સાચી વિદ્યા.

મુંબઈ નગરીમાં અસંખ્ય ધર્મપ્રિય જૈનો છે, છતાં પણ જૈન ધર્મના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મ દિવસ ચૈત્ર સુદ ૧૩ ને શુભ દિને છે તેવું જાણનાર જૈનો જુજ હશે. ઘણા ખરા તો પર્યુષણમાં નાળિયેર વધેરી જન્મ દિન મનાવી લેતા હોય છે. મૂઠ્ઠીભર જૈનો ભેગા થઇને તે દિવસે ઉત્સવ કરી લેતા હોય છે. અહિંસા અને સ્યાદ્‌વાદનો અમર સંદેશો જગતભરમાં ફેલાવનાર મહાવીરનો જન્મદિન જાહેરમાં ઊજવાતો ઘણા થોડાએ સાંભળ્યો હશે. મુનિશ્રી ચિત્રભાનુજીએ મુંબઈ નગરીમાં પ્રવેશતાં જ મહાવીરનો સંદેશો, માત્ર જૈનોમાં જ નહીં, જૈનેતરોમાં પણ ફેલાવવાનો નિશ્ચય કર્યો.

તા. ૩૦–૩–૬૧ના દિને બિરલા માતુશ્રી સભાગૃહમાં મુનિશ્રીએ જૈન સમાજના સર્વ સંપ્રદાયો સહિત મહાવીરનું જન્મ કલ્યાણક ભવ્ય રીતે ઉજવ્યું અને એ રીતે સમગ્ર મુંબઇને આ મહાવીરના સંદેશા પ્રતિ અભિમુખ કરી. આ કાર્ય પૂર્ણ કરી, મનની એક પુણ્યમયી અભિલાષા

સિદ્ધ કરીને મુનિશ્રીએ ઉપનગરના ભાવિકજનોને ધર્મલાભ આપવાનો પ્રારંભ કર્યો.

માટુંગાના જ્ઞાનમંદિરમાં પ્રવચન આપતાં મુનિશ્રીએ જીવનનું ઘડતર ધર્મ દ્વારા કેવી રીતે થાય છે તે સમજાવ્યું. ત્યાંથી સાન્તાક્રુઝ, વિલેપાર્લે, અંધેરી ગયા. મલાડમાં થોડા દિવસ સ્થિર થયા અને પરાઓમાં ધર્મ દ્વારા અદ્દભુત જાગૃતી આણી.

★

### મુનિનું વ્રત

ઘડપણ આવે એટલે આપણે મુનિનું વ્રત લેવાનું છે. મુનિઓ જાણી જોઈને ન જોવાનું આંખથી ઓછું જુએ, કનાથી ન સાંભળવાનું ઓછું સાંભળે, જીભથી ન બોલવાનું ઓછું બોલે; ઇંદ્રિયોને ઓછામાં ઓછી વાપરે.

## દિવ્ય દર્શનના પ્રસંગો–૫૦

હું તો ઘણો સમય યુરોપ રહી છું. જૈન કુળમાં જન્મ હોવા છતાં જૈન ધર્મ વિષે કશું જ્ઞાન નહિ. શ્રધ્ધા, માતા પિતાના સંસ્કારથી હતી જ. ચમત્કારમાં તો હું માનું જ નહિ. પણ મુનિશ્રીનાં જ્યારથી દર્શન થયાં છે, ત્યારથી મારામાં જૈન સિધ્ધાંતો, તપ, સંયમ અને સાધનામાં શ્રધ્ધા જાગી છે. અને જ્યારે મારા પોતાના અંગત જીવનમાં બે ત્રણ બનાવો એવા બન્યા કે જેમાં મુનિશ્રીની અગમ્ય શકિતનાં દર્શન થયાં. જો કે જ્યારે જ્યારે આ વાત હું મુનિશ્રીને કરું છું ત્યારે એઓશ્રી તો કહે છે કે તમારી શ્રધ્ધા, પુણ્ય પ્રતાપ અને પરમાત્મા પ્રત્યેની અસીમ ભક્તિનું પરિણામ છે. તેમ છતાં એ દિવ્ય દર્શનના પ્રસંગો ભૂલ્યા ભૂલાતા નથી.

૧૯૫૭ માં ચૂંટણી થવાની હતી. શ્રી પરીખે રૂ. ૧૦,૦૦૦ ચૂંટણી લડવા માટે કૉંગ્રેસને આપ્યા. ત્યારબાદ મહિનામાં તો તેઓ અચાનક હૃદયરોગથી મૃત્યુ પામ્યા. મૃત્યુ અગાઉ, ચારેક દિવસ પૂર્વે જ તેમણે મને રૂા. ૧૦,૦૦૦ કોંગ્રેસને આપ્યા છે તેની વાત કરી હતી. મૃત્યુ બાદ ઘણો સમય વ્યતિત થયો અને આ રૂપિયા આપ્યા છે તે પાછા લેવાના છે તે વાત પણ વિસરાઈ ગઈ.

૧૯૬૧ ની શરૂઆતમાં કોઈ કાર્યકર્તા ભાઈનો ફોન આવ્યો. તેમણે પૂછ્યું કે શ્રી પરીખ પાસેથી રૂપિયા લેવામાં આવ્યા હતા તે પાછા મળ્યા?

મેં કહ્યું નથી મળ્યા. વળતો ફોન આવ્યો "પહોંચ મોકલાવો તો પરિસ્થિતિ જાણી શકાય." પહોંચ કયાં હોય! શ્રી પરીખના લગભગ બધા કાગળોની વ્યવસ્થા મારા પુત્રોએ કરી લીધી હતી. રાત્રે જરા ઊંઘ બગડી. પરોઢીએ જરા નિદ્રાવશ થઈ ત્યાં તો સ્વપ્નામાં ગુરુદેવ આવ્યા. કહ્યું, 'શ્રી પરીખના જૂના પાકીટમાં તપાસો' આ તંદ્રા, સ્વપ્ન કે દર્શન કાંઈ સમજાયું નહિ.

સવારે પેલુ જૂનું પાકીટ જોયું તો પાકીટની અંદર સ્લીપ રાખવાની નાનકડી જગ્યા હોય છે, તેમાંથી રસીદ મળી!

આમાં મને પૂ. મુનિશ્રીની અસીમ કૃપા અને અખંડ શકિતનું દર્શન થયું.

★

## મનની મૈત્રી

ટ્રેનના એન્જિનની અંદર જે સ્થાન વરાળનું છે, તે સ્થાન જીવની અંદર મનનું છે. વરાળની જેમ, મનનો દુરુપયોગ ન થાય; તેને જ્યાં ત્યાં ભટકવા ન દેવાય. એ ભટકે ત્યારે તમે એને પૂછો કે તું કયાં ગયું હતું? મન સાથે તમે કયારેય આવી વાત કરી છે ખરી?

## જે દૂર છે તે નજીક છે-૫૧

નમિનાથના ઉપાશ્રયમાં એક દિવસ પશ્ચિમના દેશો વિશે અનેક ભક્તો સાથે સહજ વાર્તાલાપ ચાલતો હતો, ત્યાં અચાનક તેમણે મને પૂછ્યું, "તમે તો અવારનવાર યુરોપ જતાં હતાં તો તમારો પાસપોર્ટ તો તૈયાર જ રાખતા હશો, કેમ?" મેં કહ્યું, "આપે પાસપોર્ટ અંગે પૂછ્યું? આપની તેની પાછળ શું આજ્ઞા છે?" મુનિશ્રીએ કહ્યું, "તમારાં છોકરાઓ ત્યાં રહે છે. જરૂર પડે તો જઈ આવી શકો." મેં કહ્યું: આપ શું આવી અમૂલ્ય વાણીનો લાભ છોડીને, મને યુરોપ જવાની આજ્ઞા કરો છો? હવે મને યુરોપ જવાની જરા યે ભાવના નથી. હા, કદાચ કોઈની તબિયત અંગે, ઈચ્છા ન હોવા છતાં, જવું પડે તો જુદી વાત છે."

આ વાત થયાને મહિનાઓ વીતી ગયા અને પાસપોર્ટની વાત તો ભૂલાઈ પણ ગઈ.

એક દિવસ હું નિદ્રામાં હતી ત્યાં જાણે મુનિશ્રી મને કહી રહ્યા છે, એવો ભાસ થયો. "તમારો પાસપોર્ટ પૂરો થયો છે." હું ઝબકી ઊઠી. હું વિચારી રહી કે આ ચેતવણી મારા માનવજીવનનો પાસપોર્ટ પૂર્ણ થયાની સૂચક તો નહીં હોય? બ્રહ્મ મુહૂર્તમાં હું પૂજામાં બેઠી, પૂજામાં મન લાગ્યું નહીં, અને અસ્વસ્થતા વધી રહી. આખરે

મને થયું : લાવ, મારો યુરોપનો પાસપોર્ટ તો જોઈ લઉં ! મેં પાસપોર્ટ જોયો તો આઠેક દિવસ પહેલાં જ તે પૂરો થયેલો હતો. સવારમાં મેં તે નવેસરથી બનાવવા (Renew) આપ્યો.

પાસપોર્ટ તૈયાર થઇને આવી ગયો. એકાદ માસ બાદ અચાનક મારા મોટા પુત્રની આંખમાં એના જ પુત્રની આંગળીનો નખ વાગી ગયો અને તેની આંખને ભારે હાનિ થઈ, મુંબઈના કોઈ ડૉકટરથી તેની આંખ સુધારવાનું અશકય થયું.

આખરે યુરોપમાં ઝુરીચ ખાતે સારવાર લેવા જવાનું નકકી થયું. પાસપોર્ટ તૈયાર થઈ ગયો હતો તેથી બીજે જ દિવસે હું પુત્ર સાથે યુરોપ જઇ શકી.

મુનિશ્રીની આધ્યાત્મિક શક્તિનું પ્રત્યક્ષ દર્શન મારા જીવનના દરેક પ્રસંગમાંથી મને પ્રાપ્ત થાય છે. મારાં જીવનની પ્રત્યેક પળમાં તેમની શકિતનો પ્રભાવ હું નિહાળી રહી છું.

પરદેશમાં ઝુરીચની હોસ્પિટલમાં રોકાઇને આંખની ચિકિત્સા કરવાની હતી. આખું ઝુરીચ ગામ જેમને 'man with golden hands તરીકે માન આપતું હતું તે આંખના ડૉકટર શ્રી વેવેને અમે મળ્યા.

તેમણે દર્દીની આંખ તપાસીને કહ્યું કે જો એક સપ્તાહ મોડા આવ્યા હોત તો આ આંખનો ઉપચાર કરવો અશકય બનત. આ વખતે અમને બધાને થયું કે



મુનિશ્રીની આ કુટુંબ-પ્રત્યે કેટલી અસીમ કૃપા વહી રહી છે? પાસપોર્ટ રીન્યુ (Renew) કરાવવા પાછળની તેમની ચેતવણીનું હાર્દ હવે સમજાયું.

પુત્રને હોસ્પિટલમાં દાખલ કર્યો અને બીજે જ દિવસે તેની આંખનું ઓપરેશન કરવામાં આવ્યું. અમે ઓપરેશનનું પરિણામ જાણવા માટે આતુર બન્યા. પણ ઝુરીચના રીત-રિવાજ પ્રમાણે અમને હોસ્પિટલમાંથી તરત કંઈ પણ ઉત્તર મળવો અસંભવિત હતો. આઠેક દિવસ વ્યતીત થયા દર્દી પણ અધીરાઇ અનુભવવા લાગ્યો.

દિન પર દિન વ્યતીત થવા લાગ્યા. એક રાત્રિએ હું મારી પુત્રવધૂ સાથે સૂતી હતી. સવારના લગભગ પાંચેક વાગ્યા હશે. અચાનક હું ઝબકીને જાગી. જોયું તો સામે મુનિશ્રી ઊભેલા. તેમણે મને કહ્યું, "ચિંતા ન કરશો. આજે આંખનો પાટો ખોલશે અને તેને બાર આની પ્રકાશ પાછો મળશે." મેં તરત જ મારી પુત્રવધૂને જગાડીને કહ્યું, "નીલમ, નીલમ, ઊઠ, જો મુનિશ્રી પધાર્યા છે." તે ભરનિદ્રામાંથી જાગીને કહેવા લાગી કે "મમ્મી, કંઇજ તૈયાર નથી. શું વ્હોરાવું?" ઊંઘમાં તેને એવો જ ખ્યાલ કે આ મુંબઈ છે અને મુનિશ્રીએ ફલેટમાં પગલાં કર્યાં છે. મેં તેને બધી વાત કહી. તે ખૂબ રાજી થઇ અને અમે બન્ને પૂજાપાઠ કરી નિત્ય નિયમ કરતાં કંઇક વહેલા હોસ્પિટલે પહોંચ્યાં. મેં નીલમને કહ્યું, "તમે મુનિશ્રીની વાત હમણાં ન બોલશો. દર્દી શું કહે છે તે પહેલાં સાંભળી લેજો."

અમે દર્દીના ઓરડામાં ગયા તો તેની આંખનો પાટો છોડી નાખ્યો હતો અને તેને ઘરના કપડામાં સજ્જ કરીને ખુરશી પર બેસાડયો હતો. અંદર પેસતાં જ તે બોલ્યો, "મમ્મી, આજે તો ડોકટર વહેલા આવી ગયા અને પાટો છોડી નાખ્યો. મને બાર આની જેટલું દેખાય છે. આ સાડીનો રંગ પણ સ્પષ્ટ દેખાય છે. ફકત મલમને લીધે આંખ આડે ઝાંખ આવતી લાગે છે." પછી અમે તેને મુનિશ્રીની કૃપા અને શકિતની વિગતે વાત કરી. આ દર્શનથી અમારા અંતરમાં અખૂટ શ્રધ્ધા પ્રગટ થઈ.

આધ્યાત્મિક શકિતનું દર્શન અને વર્ણન પ્રત્યક્ષ અનુભવ વિના વર્ણવવું અને સમજવું કઠિન છે. હજારો માઈલનું અંતર પણ આ શકિતને માટે નજીવું છે.

મારી પ્રકૃતિ, ઊછેર અને અનુભવ પ્રમાણે આ અનુભવ મેં જાતે કર્યો ન હોત તો હું ન માનત. શકિતને બધી જ સિદ્ધિઓ શકય છે.

★

સત્સંગ અને સંતસંગ

સંતકવિએ કહ્યું છે કે 'એક ઘડી, આધી ઘડી'; ચોવીસ કલાક તું ખાવામાં, પીવામાં, રસમાં, રંગમાં ને રાગમાં વિતાવે છે પણ તું એક ઘડી સત્સંગ કે સંતસંગમાં ગાળે છે ખરો ?

## તનનો તાપ ટળ્યો—૫૨

મારા બીજા પુત્રનાં લગ્નને પાંચેક માસ થયા હશે. એક સંધ્યાએ તેને આકરો તાવ આવ્યો. ડોકટરને બોલાવ્યા. તાવ ૧૦૫ સુધી પહોંચી ગયો. રાત્રે લોહીની ઊલટી થઇ. ડોકટરને ફોન કર્યો તો કહે 'ગળું છોલાઇને લોહી આવ્યું હોય, ફરી લોહીની ઊલટી થાય તો ફોન કરશો.' હું અને તેની પત્ની બાજુના રૂમમાં હતાં. મારા ભાઈ ભાભી પુત્રની સારવારમાં હતાં. રાત્રિના બાર વાગે બીજી લોહીની ઉલટી થઇ ને પુત્ર પણ ગભરાયો. અમે બધા મુંજાઇ ગયાં. ડોકટર જોઈ ગયા. દવા આપી. હવે પછી જો આવીજ ઉલટી થાય તો કદાચ લિવરમાં હેમરેજ થાય. તો હોસ્પીટલમાં દાખલ કરવાની જરૂર રહેશે. મેં તો ગુરુદેવનું સ્મરણ કર્યું, નમસ્કાર મહામંત્રના જાપ શરૂ કર્યા. રાત્રે ખૂબ અજંપો રહ્યો. સવારના પુત્ર બોલ્યો 'મમ્મી મુનિશ્રી પાસેથી વાસક્ષેપ લઈ આવો.' પણ હું બેચેન હતી, ગભરામણ થતી હતી, તેની પત્નીને મોકલવા વિચાર્યું. પણ પુત્ર કહે મમ્મી તમે જ જાઓને ! હું સવારના લગભગ સાડા સાતે નમિનાથ ગઇ મને જોઇને મુનિશ્રી કહે, 'કેમ આટલા વહેલાં ?' મેં પુત્રની માંદગીની વાત કરી. મારી આંખો સજળ બની ગઈ. મુનિશ્રી બીજા રૂમમાં જઇ 'વાસક્ષેપ'ની પડી

લઈ આવ્યા, આ નવકાર મંત્ર ગણી માથા ઉપર નાખશો, બાકીની પડી ઓશીકા નીચે રાખશો, કાલે સવારે હું મંગલિક સંભળાવવા આવીશ. હું ઘેર આવી. નવકાર મંત્ર ગણી વાસક્ષેપ પુત્રના મસ્તકે નાખ્યો. આખો દિવસ તાવ અને માથાનો દુઃખાવો રહ્યો. રાત્રે બેચેની રહી. સવારના પહોરમાં મુનિશ્રી ઘેર પધાર્યા. વાસક્ષેપ નાખ્યો. મંગલિક સંભળાવ્યું, પુત્રે પૂછ્યું "તાવ ક્યારે ઉતરશે?" "આજે સાંજના." મંગળ આશીર્વાદ આપીને ઉપાશ્રયે પધાર્યા. સાંજ સુધી તાવ ઊતર્યો નહિ. ડૉકટર તો કહે કદાચ ટાઈફોઈડ હોય. પણ રાત્રે ખૂબ પરસેવો વળ્યો. તાવ નોરમલ થયો. અમે બધા તો આ સાધનાની શકિતને વંદી રહ્યાં.

★

### કાગ અને હંસ

દુર્ગુણો તો ઠેર ઠેર ને ઘેર ઘેર ભરેલા છે. પણ કાગડા ચાંદા જોવાનું કામ કરે છે, અને હંસ દૂધ પીવાનું કામ કરે છે. આપણે, જ્યાંથી દૂધ મળે ત્યાંથી થોડું પી લેવું.

## આનંદની અનુભૂતિ–૫૩

મુનિશ્રી મુંબઈ પધાર્યા ત્યારે મને યોગીરાજ આનંદઘનનાં સ્તવનોના અર્થ સમજવાનો વિચાર આવ્યો. ભાવનગરના ભક્તોએ કહ્યું હતું કે અમારા ગામમાં મુનિશ્રીએ આનંદઘન ચોવીશીનાં સ્તવનો, અર્થ સાથે સમજાવ્યાં હતાં ત્યારે ભાવનગરની જનતાએ આધ્યાત્મિકતાનો નવો જ રંગ નિહાળ્યો હતો. મારા મનમાં તેનો લાભ લેવાની તાલાવેલી લાગી અમે તે માટે મુનિશ્રીને વિનંતી કરી અને મુનિશ્રીએ અમારી વિનંતી સ્વીકારી 'આનંદઘન' શબ્દનો અર્થ સમજાવતાં મુનિશ્રી જાતે આનંદ સ્વરૂપ બની જતા. શ્રોતાઓને પણ આ આનંદની અનુભૂતિનો સ્પર્શ થઈ રહ્યો.

મુનિશ્રીના કાયમના ભકતો તો મુલુન્ડ આવી દર્શન કરી જાય પણ પરદેશથી આવનાર પણ મુનિશ્રીનાં દર્શન માટે ઉત્સુકતા દર્શાવતા. પ્રવાસીઓનું એક જૂથ–ઘણા દેશોના યુવક–યુવતીઓ મુંબઈ આવેલાં. જુદાજુદા શહેરોમાં રહી નવા નવા મિત્રોના મહેમાન બની, સંપર્ક સાધી, હિંદી જીવનવ્યવહાર સમજી અનુભવ મેળવતા. આ પ્રતિનિધિમંડળ મુલુન્ડ મુનિશ્રીનાં દર્શને આવ્યું. મુનિશ્રીની વાણી સાંભળી પ્રભાવિત થયાં. જીવનને મઘમઘતું–સેવામય–ઉચ્ચ આદર્શવાળું અને પ્રેમભાવથી છલકતું બનાવવા અને દેશ અને

દુનિયાનું કલ્યાણ કરવાની ભાવના રાખવા સમજાવ્યું ત્યારે બધા પ્રસન્ન થઇ ગયા. ફોટાઓ લીધા અને વંદન કરી વિદાય થયા. તેઓ કહેતા ગયા કે આ સંતના દર્શનથી અમને નવી જ દૃષ્ટિ મળી છે. અમારો હિંદનો પ્રવાસ સફળ થયો છે. આ શબ્દો જ્યારે મેં સાંભળ્યા ત્યારે મને થયું કે આવા ચિંતકો જ સૌને જીવનનું સાચું માર્ગદર્શન આપે છે. મુલુન્ડથી વિહાર કરવા પહેલાં ત્યાંની સ્કૂલો અને સંસ્થાઓમાં પ્રવચનો આપ્યાં. આનંદઘનજીના આઠ સ્તવનોનો અર્થ પૂર્ણ થયો અને તેના રહસ્યમાં અમે રસબોળ થઇ રહ્યા, ત્યાં મુનિશ્રીએ વિહાર કર્યો અમારી જ્ઞાન-પિપાસા ચાલુ જ રહી.

★

**સમર્પણનો યજ્ઞ**

સમર્પણના યજ્ઞથી જ આર્ય-સંસ્કૃતિ ટકી રહી છે. આ યજ્ઞ ઘી રેડીને નહિ, પરન્તુ અહમ્, માયા, લોભ અને ક્રોધને હોમીને કરવો જોઇએ. તો જ સાચો જ્ઞાનયજ્ઞ પ્રગટે: તો જ આત્મદેવ પ્રસન્ન થાય.

## સેવાનાં સંભારણાં-૫૪

૧૯૫૭માં શ્રી પરીખના અવસાન બાદ સગાંઓ અને સ્નેહીજનોને એક ભાવ થયો કે જેમણે સમાજ અને દેશની સેવામાં પોતાનો ઘણો સમય આપ્યો હતો, તેમના નામનું એક સ્મારક કરીએ અને તેમની ભાવનાને જીવંત રાખીએ. કુટુંબીજનો અને મિત્રોના સહકારથી મરીન-ડ્રાઇવ પર આવેલો આશરે ૩૦૦૦ ચો. વારનો એક પ્લોટ ખરીદવામાં આવ્યો. અને એક સંસ્થા ઊભી કરવા વિચાર્યું પણ નવી સંસ્થા શરૂ કરવા કરતાં જે સંસ્થા સમાજની સેવા કરી રહેલ હોય અને જે પોતાની પ્રવૃત્તિઓ મકાનના અભાવે વિકસાવી ન શકતી હોય તેને આ પ્લોટ આપવા વિચાર્યું. મારા મનમાં સ્ત્રીઓની આજની દશા, વિધવાઓનાં દુઃખો, સ્ત્રીઓની આર્થિક પરતંત્રતા, ત્યક્તાઓની અનાથતાના કારણે વ્યથા રહેતી. સ્ત્રી ઉન્નતિના કાર્ય માટે પ્લોટ આપવાની ઇચ્છા હતી.

બહેનો વિપત્તિમાં આવતાં પરાવલંબી બની બેસે છે. તેઓ સ્વાવલંબી બની જીવનના આદર્શો પ્રમાણે સ્વતંત્રતાથી જીવી શકે અને એકલાપણું, નિરાશા કે આશ્રય વિહીનતા ન અનુભવે, ઉદ્યોગો શીખી આજીવિકા મેળવે અને સમાજ-કુટુંબ કોઇને પણ ભારરૂપ ન થતાં સ્વાશ્રયી બની ઉન્નત મસ્તકે અને ગૌરવપૂર્વક જીવે તે ભાવના

મારા મનમાં ઘણા સમયથી હતી. આ માટે કેટલીએ સંસ્થાઓ જોઈ. કેટલીએ સંસ્થાઓની કાર્યવાહી નીહાળી. તેઓની સાથે વાટાઘાટો પણ કરી. પરંતુ આખરે જૈન મહિલા સમાજ જે બધા વર્ગની સ્ત્રીઓના વિકાસ માટે કાર્ય કરી રહી છે અને આ સંસ્થાને મકાનની ખાસ જરૂર હતી તેથી તેને આપવા નિર્ણય કર્યો મુનિશ્રી મુલુન્ડમાં હતા. મહારાષ્ટ્રના ગવર્નર શ્રી શ્રીપ્રકાશના હાથે આ સમારંભ યોજવા વિચાર્યું. કાર્યક્રમ ઘડાયો. પણ ૯ મી તારીખે દિલ્હી અગત્યની મીટીંગ હોવાથી કાર્યક્રમને આગળ લઇ જવા સૂચના આપી. આ વિષે મને વિચાર આવ્યો કે સરકારી માણસો માટે રાહ જોવાનો અર્થ કીર્તિ કે વાહ વાહ છે. તે માટે માણસને મોહ હોય છે. પણ તે નબળાઇ છે. હું મુનિશ્રીને મુલુન્ડ મળી. તેમણે કહ્યું આ પ્રસંગ નિશ્ચિત તારીખ પ્રમાણે જ યોજો. મને ખૂબ પ્રસન્નતા થઇ. બન્યું પણ એમજ. મને રાત્રે ૯–૩૦ વાગે શ્રી શ્રીપ્રકાશના સેક્રેટરીનો ફોન આવ્યો. સમારંભ તારીખ નક્કી કરી જણાવો. મને આશ્ચર્ય થયું. હું બીજે દિવસે મુનિશ્રીને મુલુંડ મળી ત્યારે પોતે જ બોલ્યા 'કેમ હવે શાંતિ થઈ!' હું તો આ સાંભળતાં દિંગમૂઢ બની ગઇ. વિચારવા લાગી; શું આ સંયમમાંથી પ્રગટેલી શકિતનો પ્રભાવ છે!

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજના મંગળ આશીર્વાદ સાથે સભા યોજવામાં આવી. આ મંગલ પ્રસંગે તે



'પડેલાને ટેકો આપે, રોતાનાં આંસુ લુછે' એવા સંતને નમન.

શ્રી નાથાલાલ ડી. પરીખ સ્મારકનિધિ ફોટાના દાન પ્રસંગે મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશ આશીર્વાદ લઈ રહ્યા છે—૧૯૬૨.

વખતના મુંબઇના રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશ. ભૂતપૂર્વ ગવર્નર શ્રી મંગલદાસ પકવાસા, કેટલાક પ્રધાનો, શેઠ માણેકલાલ ચુનિલાલ, શ્રી સાલેહભાઈ કાદર, શ્રી તાલીયારખાન, શ્રી વાનખેડે, પાલનપુરના શ્રી નવાબસાહેબ અને શ્રીમતી બેગમસાહેબા, મુંબઈના તે વખતના મેયર શ્રી વરલીકર, ભૂતપૂર્વ શેરિફ સરદાર બક્ષી દિલીપસિંહ, ડૉ. કૈલાસ, રીઝર્વબેન્કના ભૂતપૂર્વ ગવર્નર શ્રી મણીલાલ નાણાવટી, બી. પી. સી. સી. ના પ્રમુખ શ્રી ભાનુશંકર યાજ્ઞિક, શ્રી પ્રવીણચંદ્ર ગાંધી, શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ, શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, શ્રી કીર્તિલાલ ડી. પરીખ અને ડાયમન્ડ એસોસીએશનના ઘણાખરા ઝવેરીઓ હાજર હતા.

મુનિશ્રીએ બહેનોના સમુત્કર્ષના દાન માટે શ્રી નાથાલાલ ડી. પરીખ સ્મારક નિધિના ટ્રસ્ટીઓની પૂરેપૂરી પ્રશંસા કરી અને આ ભૂમિ પર હજારો બહેનોના નવનવા પ્રસ્થાન દ્વારા નવનવી પ્રેરણા મેળવી પોતાના ગૃહમંદિરને સ્વર્ગમય બનાવશે અને શીલ, સેવા અને સમર્પણની ભાવનાઓથી જીવનને ધન્ય ધન્ય બનાવશે, એવી શુભેચ્છા વ્યકત કરી. રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશજીએ આવા દાનને ઉત્કૃષ્ટ દાન દર્શાવી નિધિના કાર્યકરોને ધન્યવાદ આપ્યા હતા. શ્રી નાથાલાલ ડી. પરીખના રાષ્ટ્રપ્રેમ અને ઉદારતાને ભાવભરી શ્રદ્ધાંજલિ

આપી હતી અને તેઓશ્રીની અર્ધપ્રતિમાનો અનાવરણ વિધિ કર્યો હતો.

આ પ્રસંગે રાષ્ટ્રના ઉપપ્રમુખ શ્રી રાધાકૃષ્ણન્, કેન્દ્ર પ્રધાનો શ્રી મોરારજી દેસાઈ, શ્રી સદોબા પાટીલ, ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી મહેંદીનવાઝજંગ અને બીજી અનેક વિશિષ્ટ વ્યક્તિઓ અને સંસ્થાઓના સફળતા ઇચ્છતા સંદેશાઓ આવ્યા હતા.

★

### બંધનમાંથી મુક્તિ

શરીરને બાંધનારાં બંધનો કદાચ છોડી શકાશે, પરંતુ મનને બાંધનારાં, પાતળાં બંધનોને તોડવાં બહુ મુશ્કેલ છે. આ બંધનમાંથી છૂટવું એ જ માનવ જીવનનો હેતુ છે. આ કામ એકલા સાધુઓનું જ નથી, સંસારીઓનું પણ છે.

## તત્ત્વાર્થનું અમૃત–૫૫

ચાતુર્માસના શેષ કાળમાં તારદેવમાં વરસી તપનાં પારણાં પ્રસંગે તપસ્વીઓને આશીર્વાદ આપી મુનિશ્રીએ દાદર તરફ વિહાર કર્યો દાદરના ઉપાશ્રયમાં 'ચેતના કી શક્તિ' અને 'જીવનમેં ધર્મ કી મહત્તા' પર બે હિન્દીમાં પ્રેરક પ્રવચનો આપી માટુંગા પધાર્યા અને શિવમાં સામાજિક કલ્યાણ જૂથ યોજિત જૈન ભુવનમાં પ્રવચન આપી મુંબઈ પધાર્યા. પૂ આચાર્ય શ્રી હેમ સાગરસૂરિજીનો નમિનાથના ઉપાશ્રયમાં તા. ૨૨–૬–૬૨નો ચાતુર્માસ પ્રવેશ હતો એટલે પાયધૂની આવી એ દિવસે મુનિશ્રીએ પ્રવચન આપ્યું.

વનિતા વિશ્રામની બહેનોને 'મોતીની ખેતી' ઉપર પ્રવચન આપ્યું. પહેલાં તો સૌને આશ્ચર્ય થયું કે મોતીની ખેતી વળી શું હશે? પણ મુનિશ્રીએ જ્યારે પ્રવચન આપતાં જણાવ્યું કે ચૈતન્યરૂપી ધરતી, જ્ઞાનરૂપી વારિ, ત્યાગરૂપી બિઆરણ અને તપરૂપી પુરુષાર્થથી ખેતી કરો, તો મોતી પાકે. એવાં પાણીદાર કે જેની સરખામણી ન થાય.

મુનિશ્રીનું ચાતુર્માસ કોટના ઉપાશ્રયમાં થવાનું હતું. કોટના સંઘનો અને ભક્ત હૃદયોનો પ્રેમ મુનિશ્રીએ જાણ્યો હતો. મુનિશ્રીને માટે પણ સૌને અત્યંત પૂજ્યભાવ અને તેમના સુધાભર્યાં પ્રવચનોનું ભારે આકર્ષણ હતું. ૧૯૬૨ના જુલાઈની ૮ મી તારીખે કોટના શ્રી શાંતિનાથજીના

ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. મુનિશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. સૌના મનમાં આનંદ આનંદ થઈ રહ્યો.

આજનો દિવસ મંગલમય છે. ધર્મ મંગલ જેવું બીજું કોઈ મહામંગળ વિશ્વમાં નથી. જેના મનમાં અહિંસા-રૂપી ભાવમંગલ હોય તે મંગળનાં આન્દોલન સર્જે છે.

મુનિશ્રીએ કહ્યું કે આ ચાતુર્માસમાં 'તત્ત્વાર્થસૂત્ર' અને અગમ ચરિત્ર પર વિવેચન થશે. તેનું શ્રવણ આપણી કાયાપલટ કરે તેવું થવું જોઈએ. આ તત્ત્વ જ્ઞાન માણસ બરાબર સમજે તો એ સહજ અને સરળ સરિતાની જેમ આ જગતમાં ખળખળ કરતો વહી જાય.

મુનિશ્રીએ યુદ્ધની પણ વ્યાખ્યા કરી: આપણે બહારના યુદ્ધો તો ખૂબ લડયા. તેની પાછળ અબજોનો ધૂમાડો કર્યો. લાખો માનવોનો સંહાર કર્યો, પણ અંતરના વૈરીઓની સાથે યુદ્ધ કરવાનું ભૂલી ગયા. જે વૈરીઓ આપણા હૃદયની સ્ફટિક જેવી સ્વચ્છતાને મલિન કરે છે, તેની સામે યુદ્ધ કરી વિજય મેળવાનો છે. ભગવાન મહાવીરની અહિંસા આ આન્તરિક શત્રુઓને જીતવા માટે છે. આજે આખું વિશ્વ સંઘર્ષથી ભરેલું છે. તેના તરંગો સર્વત્ર ફેલાય છે. એવી પળે અહિંસા અને સંયમનો સંદેશ જગતને આપવાનો છે.

મુનિશ્રીના પ્રવચનમાં પ્રત્યેક પ્રભાતે શ્રવણ કરવા આવનાર હજારો ભકતોને અંતરના ઊંડાણમાં એવા ભાવ જાગે છે કે આજ સુધી હું કેવા અંધકારમાં હતો. સર્વમાં પરમાત્મા છે. મારા જેવો આત્મા સૌમાં છે તેનું ભાન જાગી ઊઠે છે. આ જ્ઞાન થવાથી સર્વને દિવ્ય સત્‌ના સ્વરૂપો તરીકે અનુભવે છે.

★

## ઋણ મુક્તિ–૫૬

'મથ્થેણ વંદામિ' શ્રી શાંતિનાથજીના મંદિરના ટ્રસ્ટીઓએ વંદણા કર્યાં.

'ધર્મલાભ' મુનિશ્રીએ સસ્મિત ધર્મલાભ આપ્યા.

'કૃપાસિંધુ! આજે એક અગત્યની વિચારણા માટે અમે આવ્યા છીએ.' શ્રી ચુનિભાઈ તથા શ્રી નવીનચંદ્ર કંપાણીએ શરૂઆત કરી.

'ભાગ્યશાળીઓ! તમે તો આ મંદિરના ઘડવૈયા છો. મંદિર અને ઉપાશ્રય માટે, સંઘના કલ્યાણ માટે, અમ જેવા સાધુઓની સેવા ભક્તિ માટે તમે પ્રાણ પાથરો છો. તમે જરા પણ મૂંઝવણ વિના જે વાત હોય તે કરો, જરા પણ સંકોચ ન રાખશો.' મુનિશ્રીએ વાત રજૂ કરવા સ્પષ્ટતા કરી.

'ગુરુદેવ! અમને ખૂબ જ સંકોચ થતો હતો. આપશ્રી અમને–શ્રી સંઘને હજારો શ્રોતાજનોને જે આધ્યાત્મિક ધર્મનો રંગ લગાડી રહ્યા છો તે તો ભૂલ્યો ભૂલાશે નહિ પણ બધા ટ્રસ્ટીઓને વિચાર થયો કે આપણી મૂંઝવણ ગુરુદેવ પાસે મૂકીએ.'

"ભાગ્યશાળીઓ! મેં તો પહેલાં જ કહ્યું છે ને કે વિના સંકોચે વાત કરો. ધર્મના પસાયે સહુ સારા વાના થઈ રહેશે." મુનિશ્રીએ વાત કરવા અનુરોધ કર્યો.

"દયાસિંધુ! આ શ્રી શાંતિનાથજીનું મંદિર મુંબઈના ઈતિહાસમાં સૌથી પુરાણું ગણાય છે અને આ ભવ્ય

ઉપાશ્રય અમે દેવ દ્રવ્યનું દેવું કરીને બાંધ્યો છે." ગુલાબચંદભાઈ તથા મગનભાઈએ સ્પષ્ટતા કરી.

"સાહેબ! આજ સુધી તો ચાલ્યું પણ દેવું વધતું જાય છે. અને તેથી ચિંતા થાય છે." શ્રી નવીનભાઇ કંપાણીએ ચિંતા વ્યકત કરી.

"તમારે દેવ દ્રવ્યનું કેટલું દેવું હશે?" મુનિશ્રીએ પ્રશ્ન કર્યો.

"ગુરુદેવ! અમારે લગભગ સિત્તેર હજારનું દેવું છે. તેમાંથી મુકત થવાય તો અમે નિશ્ચિંતતાથી દહેરાસરજી અને ઉપાશ્રયનો વહીવટ સુંદર રીતે કરી શકીએ" બધા ટ્રસ્ટીઓએ વિશેષ સ્પષ્ટતા કરી.

'મહાનુભાવો! તમારી મૂંઝવણ હું સમજી ગયો છું. તમે નિશ્ચિંત રહો. સમય આવશે એટલે આ કામ થઈ જશે. મુનિશ્રીએ ટ્રસ્ટીઓને સાંત્વન આપ્યું.

આજે સંવત્સરીનો પવિત્ર દિવસ હતો. ઉપાશ્રયનો હોલ શ્રોતાઓથી ખીચોખીચ હતો. મુનિશ્રીએ મૈત્રિભાવની પ્રાર્થના અને મંગલાચરણ કરીને દાનના મહિમા વિષે પ્રવચન કરી શરૂ કર્યું. જૈનધર્મમાં દાનનો મહિમા ઘણો છે. ભગવાન મહાવીરે વરસીદાન આપીને જગતને દાનનો વારસો આપ્યો છે જૈન દાનવીરોએ કરોડો ખર્ચી કલાત્મક મંદિરો અને મંદિરોનાં નગર સમો શત્રુંજય ઊભો કર્યો છે. ભવ્ય ઉપાશ્રયો, ધર્મશાળાઓ, જ્ઞાન મંદિરો અને વિદ્યા-મંદિરો બાંધ્યાં છે. ધર્મ પ્રભાવના અને મંદિરોના નિર્માણ પાછળ લાખો ખર્ચે છે. એ જ જૈન સમાજના દાનવીરોએ દુષ્કાળ, રેલ રાહત કે માતૃભૂમિના રક્ષણ માટે પણ લાખો



આપ્યા છે ત્યારે આજે પ્રશ્ન થાય છે કે આ કોટના મંદિરના ટ્રસ્ટીઓ ને આપણે નિશ્ચિંત ન કરી શકીએ? કોટનું આ મંદિર ઘણું જૂનું છે, ભવ્ય છે, વિશાળ છે. દર વર્ષે હજારો ભાઇ બહેનો દર્શન, પૂજન, શ્રવણ, સાધના, તપ–જપનો લાભ લે છે, પણ આ ઉપાશ્રય દેવામાં છે. માત્ર સીત્તેર હજારનું દેવું છે. ધારે તો એક જ દાનવીર પૂરું કરી આપે એવા સમર્થ અહીં બેઠા છે, પણ હું તો માનું છું કે "સહેજ મિલા સો દૂધ બરોબર, માંગ લિયા સો પાની; ખેંચ લિયા સો રક્ત બરોબર, એ સંતન કી વાણી." માણસ દબાણ કરી માંગે ને તમે આપો તે કરતાં તમે ભાવથી આપો તેનું પુણ્ય ઘણું ઘણું છે. હું આશા રાખું આ ટ્રસ્ટીઓની ઝોળી છલકાઈ જશે.

મુનિશ્રીના પ્રવચન પછી કોટના પ્રમુખ શ્રી ચુનિભાઇએ પરિસ્થિતિ રજૂ કરતાં જણાવ્યું કે: "મુનિશ્રીના અમારા ઉપર ઘણા ઘણા ઉપકારો છે. તેઓશ્રીની વાણીમાં જાદુ છે. અમે ટ્રસ્ટીઓ તો સમાજના સેવકો છીએ. જૈન સમાજ તો દાનશૂર છે અને મને શ્રધ્ધા છે કે અમારી ઝોળી ગુરુદેવના આશીર્વાદથી છલકાઇ જશે." અને ખરેખર મુનિશ્રીની વાણીએ ચમત્કાર સર્જ્યો. શ્રી કપુરચંદભાઇ નેમચંદભાઈએ રૂા. ૨૫૦૦૦ ની જાહેરાત કરી અને પછી તો ખરેખર દાનની વૃષ્ટિ થઈ અને ઝોળી છલકાઈ ગઇ. એક લાખ અને સાત હજાર થઇ ગયા. ટ્રસ્ટીઓના આનંદનો પાર નહોતો જયજયકારથી વાતાવરણ ગૂંજી ઊઠયું.

★

## વિશ્વ શાંતિનો દૂત-૫૭

જાપાનમાં હીરોશીમા ખાતે સને ૧૯૩૫માં એટમ બોમ્બ અને હાઈડ્રોજન બોમ્બથી થએલા લાખો માણસોના અમાનુષી સંહાર અને પોલેન્ડમાં નાઝી કેમ્પમાં ઝેરી ગેસથી લાખો માણસોને મારી નાખવાના બનેલા અમાનુષી અત્યાચારો ભવિષ્યમાં ન બને તે માટે અણુબોમ્બ અને હાઈડ્રોજન બોમ્બ જેવા વિજ્ઞાને શોધેલા સર્વ સંહારક સાધનોના પ્રયોગો બંધ કરાવવા માટે જાપાન બુદ્ધ સંઘ અને બીજા ૪૧ શાન્તિ ઈચ્છનારાં મંડળો તરફથી વિશ્વની યાત્રા માટે માનનીય ભિક્ષુ ગ્યોત્સુ નીચીકોની આગેવાની નીચે શાન્તિ સૈનિકોનું એક પ્રતિનિધિ મંડળ મુંબઈ ખાતે તા. ૩૦-૭-૬૨ના રોજ આવી પહોંચતાં મુંબઈ સર્વ સેવા સંઘ તરફથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુંબઈ જીવદયા મંડળી, ઓલ ઇન્ડિયા એનીમલ વેલ્ફેર એસોસીએશન અને બીજા સંખ્યાબંધ મંડળોએ ભાગ લીધો હતો. શહેરમાં અનેક સ્થળે સભાઓ, સ્વાગત સમારોહ સમક્ષ તેમણે તેમના મિશનના હેતુઓ સમજાવ્યા હતા. પૂજ્ય મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં શાન્તિનાથજીના દેરાસરમાં વ્યાખ્યાન તેમજ શાન્તિ સૈનિકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂજ્ય મુનિ મહારાજશ્રીએ તેમના શાન્તિ માટેના પ્રયાસોને સફળતા ઈચ્છતા જણાવ્યું



હતું કે આ વિજ્ઞાનના યુગમાં હવે મનુષ્યની અને રાષ્ટ્રની દૃષ્ટિ વિશાળ કરવી પડશે. આજે મનુષ્યે કે રાષ્ટ્રે કેવળ પોતાની રક્ષાનો વિચાર કરવાથી ભય ટળશે નહિ, કારણ કે વિજ્ઞાનના વિનાશી સાધનોની ભયંકર શોધખોળથી, અન્ય દેશોમાંથી અણુબોમ્બ અને હાઈડ્રોજન બોમ્બ દ્વારા એક પળમાં સમગ્ર વિશ્વનો સંહાર કરી શકાશે. હીરોશીમામાં અણુબોમ્બે અને ઝેરી ગેસે સરજેલો વિનાશ કેવો કરુણ હતો! એ બનાવોની વિશ્વ પર અને ભાવિ પ્રજા પર થનારી માઠી અસર રોકવા વિશ્વની જનતાને જાગ્રત કરવા જપાનથી ભિક્ષુ ગ્યોત્સુ નીચીકોની આગેવાની નીચે શાન્તિ સૈનિકો મુંબઈ ખાતે આવ્યા છે. તેમનું કાર્ય માનવતાનું કાર્ય છે. સમગ્ર વિશ્વમાં શાન્તિ સ્થપાય તે માટેના તેમના પ્રયાસો પ્રશંસનીય છે. ભારતની પ્રજાએ પણ સચેત બનીને માત્ર પોતાની સલામતી કે સંરક્ષણનો સાંકડો વિચાર ન કરતાં સમગ્ર વિશ્વમાં અહિંસા અને શાન્તિની સ્થાપનાની પ્રવૃત્તિમાં સક્રિય રસ લેવો જોઈએ. હું પૂજ્ય ભિક્ષુ ગ્યોત્સુનીચીકો સાટો અને અન્ય શાન્તિ સૈનિકોના શાન્તિ માટેના પ્રયાસોને આવકારું છું અને ભારતની શાન્તિપ્રિય જનતા તેમને સહકાર આપશે તેવો વિશ્વાસ ધરાવું છું.

★

### ઊનાં આંસુ

આજે જે હસતાં હસતાં પાપો કરી રહ્યાં છે, એ પાપો પછી રોતાં પણ નહિ છૂટે. જે કૂવામાંથી માણસો વિષય આનંદનું પાણી ઉલેચી રહ્યા છે, એ કૂવો તો અંતે ઊના આંસુથી ભરવો પડશે.

## સંસ્કૃતિનાં રખવાળાં-૫૮

મુનિશ્રીનો રાષ્ટ્રપ્રેમ પણ એવો જ પ્રબળ હતો. દેશ પર આફતના ઓળા ઊતર્યા. આ સ્વતંત્ર થયેલ દેશ પર ચીની આક્રમણનો ભય ફરી વળ્યો. મુનિશ્રીના અંતરમાં આ વખતે માનવ માત્રનું અને જૈનોનું દેશ પ્રત્યે શું કર્તવ્ય છે તે પ્રશ્ન સ્પાર્શ્યો. મુનિશ્રી સંકુચિત વિચારના તો હતા નહિ. આર્ય સંસ્કૃતિ નષ્ટ થવાની અણી પર હોય ત્યારે ભિન્ન ભિન્ન પક્ષો, કોમ, રાજ્યોએ મતભેદો ભૂલી હાથમાં હાથ મિલાવી એક થઇ એનું રક્ષણ કરવું.

મુનિશ્રીએ આ આપણા દેશની સંસ્કૃતિની રક્ષા માટે હાકલ કરી. તે માટે એક સભા બોલાવી. મુનિશ્રીએ કહ્યું : અપરિગ્રહ એ જૈન ધર્મનાં પાંચ મહાવ્રતોમાં એક મહાવ્રત છે. યુદ્ધના સમયે આપણા જ બાંધવો સરહદ પર જઇને તમારા રક્ષણ ખાતર બલિદાન આપે છે ત્યારે તમારે તેમની પાછળ રહેલાઓની સંભાળ લેવી જોઇએ, દેશભક્તિની વાહ વાહ કરે શું વળે? તમારે યથાશક્તિ ફાળો આપીને તમારી લક્ષ્મી સાર્થક કરવી જોઇએ.

શ્રોતાઓએ મુનિશ્રીની હાકલ ઝીલી લીધી અને ફંડની શરૂઆત થઇ અને થોડા જ વખતમાં રૂા. ૫૦,૦૦૦નું ફંડ થઈ ગયું.

આ સંરક્ષણ નિધિનો જે ફાળો થયો તે અર્પણ કરવાનો સમારંભ તા ૭-૧-૬૩ના રોજ કોટના શ્રી



'અભય બનો, સ્વ-પરનું રક્ષણ કરો' નો સસ્મિત આદેશ ઝીલતાં શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત.

કોટના ઉપાશ્રયે ચીની આક્રમણ થતાં દેશના રક્ષણાર્થે ખપી ગયેલા સૈનિકોનાં સંતાનો માટે એકત્રિત કરેલી રૂપિયા પચાસ હજારની થેલી આપી તે પ્રસંગે—તા. ૭-૧-૬૩.

શાંતિનાથજી ઉપાશ્રયના હોલમાં યોજવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી વિજયાલક્ષ્મી પંડિત પધાર્યાં હતાં.

મુનિશ્રીએ આ પ્રસંગે સંબોધતાં જણાવ્યું કે ચીનનું ભારત પરનું આક્રમણ એ ભારતીય સંસ્કૃતિ અને આપણા સામાજિક માળખા સામેનો સૌથી મોટો પડકાર છે. આપણે તેનું રક્ષણ કરવું જોઇએ.

શ્રી રાજ્યપાલશ્રીએ જણાવ્યું દેશ પર ચીનનું આક્રમણ એ સારાએ એશિયા સામેનો મોટો ભય છે. લોકોએ એકતા જાળવી રાખી પોતાની તાકાત પર જ મુસ્તાક રહી સામનો કરવો જોઇએ. આ સમારંભમાં મુંબઇ પ્રદેશ કૉ. સ. ના પ્રમુખ શ્રી ભાનુશંકર યાજ્ઞિક, શેરીફ શ્રી રામપ્રસાદ ખંડેલવાલ, તથા સંઘના ટ્રસ્ટીઓ અને સમાજના આગેવાનો હાજર હતા.

શ્રી હરીલાલ ડ્રેસવાળા, શ્રી નવીનચંદ્ર કમ્પાણી, શ્રી મંગળદાસ પકવાસાએ પ્રસંગને અનુરુપ પ્રવચન કર્યાં હતાં. કોટના ટ્રસ્ટી શ્રી ચુનિભાઇએ રૂા. ૫૦,૦૦૦ રાજ્યપાલ શ્રી ને અર્પણ કર્યા ત્યારે વાતાવરણ હર્ષનાદથી ગુંજી રહ્યું હતું.

★

### મંત્રરૂપ શબ્દ

જ્યારે શબ્દની પાછળ વિચારનું બળ હોય, ચિંતનનું તત્ત્વ હોય, જીવન સમસ્તનું મંથન હોય અને જીવનના ઊંડા ભાવો હોય ત્યારે એવો શબ્દ મંત્રરૂપ બની જાય છે.

## મંગળ આશીર્વાદ–૫૯

૨૬–૧–૬૩ ના પ્રજાસત્તાક દિવસે સચિવાલયના ઉદ્યાનમાં મુનિશ્રીને પ્રાર્થના સભા માટે નિમંત્રણ મળ્યું. આ દિવસ હિંદના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાયેલો દિવસ છે. આ દિવસે મુંબઇના રાજ્યપાલ, માનવંતા પ્રધાનો, શ્રી સ્પીકર, સમાજના આગેવાન નાગરિકો સહુ સાથે મળી રાજ્ય, કેન્દ્ર અને પ્રજાની શાંતિ માટે પ્રાર્થના પ્રવચન કરે. મુનિશ્રીએ આ સભાને મંગળ આશીર્વાદ આપ્યા અને મહારાષ્ટ્ર રાજ્ય દિનપ્રતિદિન વિકાસ સાધી કલ્યાણનું કેન્દ્ર થાય તેવી શુભેચ્છા દર્શાવી.

તા. ૮–૨–૬૩ ના રોજ માધવબાગમાં ગાંધી સ્મારક નિધિના ઉપક્રમે 'ગાંધીજી અને સર્વોદય પર્વ' વિષે સુંદર પ્રવચન કર્યું.

વાલકેશ્વરમાં ૨૪–૨–૬૩ ના રોજ રેખા બિલ્ડીંગના ભાઇ બહેનો તરફથી 'સમયને ઓળખો' પ્રવચન આપ્યું. શ્રી સુપાર્શ્વનાથના કંપાઉન્ડમાં જીવન શુદ્ધિ માટે અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ ઉપર જાહેર પ્રવચનો શરૂ કર્યાં, પણ તેમને તાત્કાલિક ગોડીજીના ઉપાશ્રયમાં આવવાનું થયું, કારણ કે તેઓશ્રીના પૂ. ગુરુદેવ આચાર્ય પ્રવરશ્રી ચંદ્રસાગરજી મહારાજશ્રીના સુરતમાં સ્વર્ગ થયાના સમાચાર આવ્યા હતા.

★

## ગુરુદેવની કૃપાવર્ષા–૬૦

પૂ. આચાર્ય ગુરુદેવ વિદ્વાન અને ભાવિક આત્મા હતા. પૂજ્ય મુનિશ્રી ચિત્રભાનુ માટે તેમને અઢળક પ્રેમ હતો. તેઓશ્રી ઈંદોરમાં બિરાજમાન હતા. તેમની તબિયત નરમ થતી સાંભળી મને ગુરુદેવની સુખ શાન્તિ પૂછવા જવા ભાવના થઈ. મુનિશ્રીએ મને આશીર્વાદ આપ્યા. અમે મોટરમાં રવાના થયાં. રસ્તામાં મોટરનો એક ભાગ તૂટયો હશે, અમને ખ્યાલ નહિ ઇંદોર પહોંચ્યા ત્યાં ખબર મળી કે ગુરુદેવ તો વિહાર કરી ગયા છે. અહીં મોટર પણ બંધ પડી ગઇ. મિકેનીકને બતાવી તો કહે, મોટરનો એક ભાગ છૂટો પડી ગયો છે. તમે સહીસલામત આવ્યાં એ જ ભાગ્ય. આવી ગાડીથી તો બધાના ભૂકકા બોલી જાય. પણ આની પાછળ એક મહાન ચિંતક અને સાધકના મંગળ આશીર્વાદ હતા તે તેને કેમ સમજાય? મોટર રીપેર માટે આપી અમે બીજા ગૃહસ્થની મોટરમાં પંદર માઇલ પર જ્યાં ગુરુદેવનો મુકામ હતો ત્યાં પહોંચ્યા. ગુરુદેવ પથારીમાં હતા. અમે વંદન કર્યું, તેઓ શ્રીએ ધર્મલાભ આપી કહ્યું: મુનિશ્રીચંદ્રપ્રભસાગરે તમારામાં કેટલી ભકિત જગાડી કે મુંબઈ જેટલે દૂરથી તમે ઈંદોર આવ્યા અને ત્યાંથી અહીં સુધી આવ્યાં? અમે કહ્યું, મુનિશ્રીને આપની ચિંતા થતી હતી.

આચાર્યશ્રીના અને અમારા ચક્ષુઓ મળ્યાં અને ભકિત ભાવનું મિલન થયું. એમણે અમને મંગળ આશીર્વાદ આપ્યા.

આચાર્યશ્રીએ મુનિશ્રીને પોતાના સમાચાર કહેવડાવ્યા અને કહ્યું : સુરત થઈ ઉપચાર માટે મુંબઈ આવું છું. ચિંતા ન કરે. મુંબઈની જનતાને જ્ઞાનવારિ સિંચવાનો પ્રયાસ ચાલુ રાખશો. અમે મુંબઈ આવી ગયા. આચાર્યશ્રીના સ્વર્ગવાસના સમાચારથી મુનિશ્રીને અને અમને અત્યંત દુઃખ થયું. પૂ. આચાર્યશ્રીને પોતાના આ શિષ્યરત્ન પ્રત્યે અત્યંત પ્રેમ ભાવ હતો. મુનિશ્રીએ જ્ઞાન દૃષ્ટિથી મનનું સમત્વ જાળવી લીધું. મૃત્યુનું મહાત્મ્ય સમજી નિત્ય કર્તવ્યમાં પરોવાઇ ગયા. તેઓશ્રીના સ્વર્ગગમનથી સાગર ગચ્છના આખા સમુદાયને અને જૈન સમાજને ન પૂરાય તેવી ખોટ પડી, તેઓ તો પરમ ચૈતન્યમય બની ગયા.

★

### ઇન્દ્રિયોની કેળવણી

સવાર તોફાની ઘોડાને કેળવીને કાબૂમાં લે છે, પણ તેને મારી નાખતો નથી કારણ કે અંતે એ જ ઘોડો કામ આપવાનો છે. આપણે પણ આપણી સ્વચ્છંદી ઇન્દ્રિયોને કેળવીને સંયમમાં લાવવાની છે; એનો નાશ કર્યે નહિ ચાલે

## પથ પ્રદર્શક પરિવ્રાજક–૬૧

એ ચાતુર્માસ કોટમાં થયું. પર્યુષણપર્વ સુંદર રીતે થયાં. આરાધના ઘણી સારી થઇ. આ વર્ષ બાહ્ય અને અભ્યંતર તપના ભેદ સમજાવ્યા. અને અભ્યંતર તપની ઉજ્જવળતા અને શકિત બતાવી.

આ પ્રવચનોથી ઘણાંને પ્રેરણા મળી. મને પણ થયું કે આવું સાનિધ્ય અને આવો અવસર ફરી નહિ મળે, એટલે મેં પણ આઠ ઉપવાસ કરવા મનમાં સંકલ્પ કર્યો. ગુરુદેવે કહ્યું 'તમે અભ્યંતર તપ તો કરો જ છો. આ તપથી તમે ટેવાયાં નથી એટલે તમને આ તપ કઠિન નહિ પડે ?' પણ મને એમના આશીર્વાદમાં પૂરી શ્રદ્ધા હતી. મારી અઠ્ઠાઇ નિર્વિઘ્ને પૂરી થઇ. અને પૂ. ગુરુદેવે મારે ત્યાં પગલાં કર્યાં. પછી ગુરુપૂજન કરી પારણું કર્યું. એકાસણું પણ કરવા ન ટેવાયેલી હું આઠ ઉપવાસ કરી ગઈ એ ગુરુકૃપા સિવાય શું છે ?

તે પ્રસંગે તપશ્ચર્યા ખૂબ થઇ હતી. તેમાં એકપારસી બહેને પણ અઠ્ઠાઇ કરી અને ઝવેરચંદભાઈ મહેતાનાં પુત્રવધૂ સરલાબેન પણ નાજુક શરીરે અઠ્ઠાઈ કરી અને પ્રવચનો એકાગ્રતાથી સાંભળ્યાં. ગુરુકૃપાથી શું ન થાય ?

શ્રી જૈન શ્વેતાંબર સંઘ સંયોજિત ક્ષમાપન-સંમેલનમાં મુનિશ્રી પધાર્યા અને ક્ષમાપનાનો અર્થ સમા

જાવતાં જણાવ્યું કે આવાં સંમેલન વધુને વધુ થવાં જોઈએ. મારો મુખ્ય ઉદ્દેશ જુદાજુદા ફિરકાઓ અને સંપ્રદાયોને સંગઠિત કરવાનો છે, વીરનો વારસો ઐક્યતા વિના નહિ ટકે. સમાજના આગેવાનો મનનાં વેરઝેર ઓગાળી નાખી સાચી ક્ષમાની લેવડ-દેવડ કરે તો સમાજમાં નવયુગનું પ્રભાત ઊગે. ક્ષમાપનાથી અંતરમાં પ્રેમ અને ઐક્યતાનો ભાવ જાગવો જોઈએ.

થોડા દિવસ પછી ઘોઘારી દશા શ્રીમાળી જ્ઞાતિના ભાઈઓએ મુનિશ્રીને જ્ઞાતિમાં ઊભા થયેલા સંઘર્ષને નિવારવા અને શાંતિના દૂત બની બન્ને પક્ષોનું સમાધાન કરાવવા પ્રાર્થના કરી.

મુનિશ્રી સમાધાનના પ્રેમી છે. મુનશ્રીએ બન્ને પક્ષોને સાંભળ્યા. આગેવાનો સાથે વાટાઘાટો કરી. સમાધાનનો માર્ગ બતાવી છેલ્લે કહ્યું: "નાના અને નજીવા મતભેદો ભૂલી જાઓ. જ્ઞાતિનાં સંગઠન, ઐક્યતા અને વિકાસ સંઘર્ષથી અટકી પડે છે. સંઘર્ષનાં પરિણામ બૂરાં છે. પ્રેમનો માર્ગ જ પ્રગતિ લાવે છે." સૌ આગેવાનોને મુનિશ્રીની પ્રેમભરી સમજાવટ ગમી ગઈ. વિખવાદનું નિવારણ થયું. બન્ને પક્ષોને સંતોષ થયો.

ચાતુર્માસ પરિવર્તન મરીન ડ્રાઇવ કેવળ મહાલમાં થયું. આ વખતે ચીની આક્રમણ થયું હોવાથી શાંતિપૂર્વક ચાતુર્માસ બદલ્યું. મુનિશ્રીનાં પુનિત પગલાંથી કેવળ મહાલ પાવન થયો. શ્રી કપુરચંદભાઈ, શ્રી ઝવેરચંદભાઈ તથા શ્રી કેવળચંદભાઈની બાંધવ ત્રિપુટીએ રૂા. વીસ



હજાર અમદાવાદના સ્વાધ્યાય મંદિરને આપ્યા. મુનિશ્રીએ પ્રવચનમાં જણાવ્યું: ધનનો મહિમા દાનમાં છે. સારા કાર્યમાં લક્ષ્મીનો સદુપયોગ કરતા માણસોને જોઇ સંતોને પણ આનંદ થાય. પ્રવચન અંતે શ્રીફળની પ્રભાવના થઈ.

ચાતુર્માસ પરિવર્તન બાદ અનેક સ્થળોએ પ્રવચનો આપ્યાં. રામવાડીમાં ૨૫-૧૧-૬૨ના રોજ 'માનવધર્મ અને દેશપ્રેમ' ઉપર પ્રવચન આપ્યું. આ પ્રવચન કોંગ્રેસના કાર્યકરોએ યોજ્યું હતું અને મુનિશ્રીએ દેશના રક્ષણ માટે તન-મન-ધનથી સહાયતા કરવા પ્રેરણા આપી હતી.

★

## વિકાસની છબી


હું તમને પૂછું છું કે તમે તમારા દિલના દીવાનખાનામાં કોની છબી ટાંગી છે? રામની કે રમાની? ધર્મની કે ધનની? વાત્સલ્યની કે વાસનાની? દિલમાં વિકાસની છબી ટાંગો, નહિ તો ત્યાં વિલાસની છબી એની મેળે ટીંગાઈ જશે.

## અભયનાં મંગળ મંડાણ—૬૨

અભય દાનના પ્રશ્ન ખાતર, પોતાની હાજરીનું શુભ પરિણામ આવશે એમ પ્રેરણા થતાં એક મધ્યાન્હે અગ્ર-ગણ્ય વ્યકિતઓ સાથે મુનિશ્રી કોર્પોરેશનના હોલમાં પહોંચ્યા, તે સમયે મેયર પદની ચૂંટણીનું કામ ચાલુ હતું. તેઓશ્રીને મેયરની ખાનગી ઓફીસમાં માનપૂર્વક લઈ ગયા અને બેસવા વિનંતી કરી. આ પ્રસંગે કસાઈ ભાઈઓ પણ આવેલા. મુનિશ્રીએ સમય જોઈને એ કસાઈ ભાઈઓને પ્રેમના બે શબ્દો કહ્યા તે આજે પણ ભૂલ્યા ભૂલાતા નથી.

'ભાઈઓ! તમે હજારો પ્રાણીઓના પ્રાણ તમારા નાનાશા પેટ માટે લો છો પણ તમારામાં પણ આત્મા છે. આ કામ તમને ગમતું તો નહિજ હોય, પણ પાપી પેટ શું નથી કરાવતું? પણ મારું માનો, અને એ પશુઓ તરફ પ્રેમ ભાવ વરસાવો અને એ પ્રેમના પ્રતીક તરીકે એક પવિત્ર દિવસ માટે તો હજારો જીવોને અભય આપો. તમારું પણ કલ્યાણ થશે.'

મુનિશ્રીની પ્રેમ અને અમીભરી વાણીએ જાદુ કર્યું. કસાઈ ભાઈઓ પ્રભુ મહાવીરના જન્મ દિવસે કતલ બંધ રાખવા રાજી થયા. ત્યાં નક્કી કર્યા પ્રમાણે એક કોર્પોરેટર ભાઈ આવ્યા અને કહ્યું કે, શ્રી ઇસાકભાઈ બંદુકવાળા મેયરપદે ચૂંટાઈ આવ્યા છે. આપ તેમને આશીર્વાદ આપો.



આત્માનું જ્યાં દર્શન છે ત્યાં નાતજાતના ભેદભાવ શા?
મુંબઈ શહેર સુધરાઈની બેઠકમાં નવા મેયર શ્રી ઈશાકભાઈ બંદૂકવાલાને મુનિશ્રીના પ્રથમ આશીર્વાદ મળ્યા અને મહાવીર જયંતીના દિવસે કતલખાનું બંધ રખાયું—તા. ૪-૪-૬૩.

અને પ્રભુના જન્મ કલ્યાણક દિવસે એક દિવસ માટે બધાં કતલખાનાં બંધ રહેશે તેવું વચન લઈ લો.

પૂ. શ્રી કોર્પોરેશનના હોલમાં ગયા. શ્રી ઈસાકભાઈ મેયરપદની ખુરશીથી ઊભા થઈ પૂ. શ્રીના ચરણોમાં માથું નમાવી આશીર્વાદ લીધા. પૂ. શ્રીએ વાસક્ષેપ નાખ્યો ત્યારે શ્રી ઈસાકભાઈએ કહ્યું, આપ જ્યારે ચીંધશો ત્યારે સેવક હાજર થશે. પ્રજાનું કલ્યાણ કરવા માટે આશીર્વાદ આપો. મુનિશ્રીએ કહ્યું: "મહાવીર જન્મ દિને કતલખાના બંધ રહેવાં જોઈએ. કસાઈઓ તો સંમત થયા છે જ." શ્રી મેયરે નમન કરી કહ્યું: "આપની આજ્ઞા પ્રમાણે જરૂર થશે." સમગ્ર મુંબઈના કતલખાનાં એક દિવસ બંધ રહેવાથી હજારો જીવોને અભયદાન મળશે એ આનંદ સમાચાર મુનિશ્રી છલકાતે હૈયે લઈને ઉપાશ્રય પધાર્યા.

મુનિશ્રીએ વસઈની ખાડી ઓળંગતાં એક માછલીના જીવન પ્રસંગમાંથી અભયદાનની જે શુભ ભાવનાઓ સેવી હતી તેના શ્રી ગણેશ મંડાયાં. એક મુસ્લીમ બિરાદર મેયર પદે આવ્યા અને મુંબઈ નગરીમાં પ્રભુ મહાવીરના જન્મોત્સવ દિવસે હજારો મૂંગા પ્રાણીઓને જીવતદાન મળ્યું, તેથી મહાવીર જયંતી લાખોની માનવ મેદની ચોપાટીના ઘૂઘવતા સાગરતટે ઉત્સવ કરી ઊજવે એવી ઊર્મિ જાગી અને તેને મૂર્તસ્વરૂપ આપવા ગોડીજી ઉપાશ્રયને દ્વારેથી આંદોલન શરૂ કર્યું.

મુનિશ્રીએ એક નાગરિક સમિતિની નિમણુંક કરી. પ્રમુખપદે નગર પાલિકાના મેયર શ્રી ઇસાકભાઈ બંદૂકવાળા

હતા અને ધારાસભાના સ્પીકર શ્રી ભારદે વગેરે આ સમિતિમાં રહીને મહાવીર જન્મોત્સવ ઊજવવાની તૈયારી કરવા તત્પર બન્યા.

મુંબઈ નગરીના રહેઠાણો, શેરીઓ, બજારો અને જાહેર સ્થાનો ભગવાન મહાવીર જન્મોત્સવની જાહેરાતોના પોસ્ટરોથી શોભી રહ્યાં.

મુનિશ્રીએ આ જન્મોત્સવ માટે શેરીએ શેરીએ પ્રવચનો શરૂ કર્યાં અને આખું મુંબઇ નગર જન્મોત્સવની ઘોષણાથી ગાજી ઊઠયું. શાળા કોલેજોમાં મુનિશ્રીનો સંદેશ પહોંચી ગયો. હિંદુ, મુસ્લીમ, પારસી બધા ધર્મોના આગેવાનો અને ભાઇ બહેનોમાં આ સંદેશ વહેંચાયો. માનવી માત્રના કર્ણોમાં અહિંસાનો અમર મંત્ર ફૂંકાયો. જન્મ કલ્યાણકના મંગળમય દિવસનું પ્રભાત ઊગ્યું. જૈન જગતમાં આનંદની લહેર લહેરાણી. ભગવાન મહાવીરના જન્મોત્સવનો નાદ મુંબઇના સર્વ કોમોના નાગરિકોએ ગજાવી મૂકયો. ચોપાટીનું મેદાન માનવ મહેરામણથી ઊભરાઇ રહ્યું.

સૂર્યદેવ અસ્તાચળ પર ઢળી રહ્યા હતા. આકાશમાં રંગબેરંગી આભાઓ ચમકી ઊઠી અને પ્રશાંત સાગરની શીતળ લહરીઓમાં પ્રભુ મહાવીરનો જન્મોત્સવ લાખોની માનવ મેદનીએ ઊજવ્યો. મુંબઇ નગરીના ઈતિહાસમાં આ દિવસ સુવર્ણાક્ષરે અંકિત થયો.



આ વિરાટ સભા ફકત જૈનોની સભા નહોતી પણ લાખ લાખ હૈયાંઓ ભગવાન મહાવીરનો અહિંસાનો સંદેશ સાંભળવા ઊમટી આવ્યાં હતાં.

આ સભામાં બધા જ ધર્મો–બધાં જ વર્ગો–બધા જ સંપ્રદાયોના અગ્રગણ્ય આગેવાનો, સંતો, પ્રધાનો, ઉદ્યોગ પતિઓ પધાર્યા હતા. જુદા જુદા ધર્મના વડાઓ અને વિદ્વાનોએ ભગવાન મહાવીરના જીવન પર પ્રકાશ પાડયો હતો.

મુનિશ્રીએ માનવ મેદનીને ભગવાન મહાવીરનો અહિંસાનો સંદેશ લાક્ષણિક રીતે સમજાવ્યો. પ્રભુ મહાવીર માત્ર જૈનોના જ નથી. એ તો વિશ્વના કલ્યાણદાતા હતા અને છે. બારબાર વર્ષની તપ સાધના પછી મેળવેલ જ્ઞાનનો પ્રકાશ જગતને આપ્યો. ભગવાન મહાવીરના જીવનમાંથી પ્રેરણા મેળવી જીવન ધન્ય બનાવીએ. ભગવાન મહાવીરનો અહિંસા અને કરુણાનો સંદેશ વિશ્વના ખૂણે ખૂણે ગુંજી રહો.

આ મહોત્સવે મુનિશ્રીમાં નવીજ ચેતના જગાવી. આ અભયદાન એક ભગવાન મહાવીરના જ જન્મ દિવસે અપાય તેમ શા માટે ?

સર્વ ધર્મના પ્રણેતાઓના જન્મ દિવસોએ પણ એમ જ થાય તો કેવું સારું ? લાખો જીવોને અભયદાન મળે તો મુંબઈ કેવું બડભાગી બની જાય ? જગતમાં મુંબઈનું નામ અમર રહી જાય. મુનિશ્રીએ તો આ માટે પ્રયત્ન કરવાનો નિર્ણય કર્યો.

મુનિશ્રીના જીવનની એક વિશિષ્ટતા છે. તેમના અંતરમાં જે કાંઈ પ્રકાશ પ્રેરક ભાવ જાગે તેને મૂર્ત સ્વરૂપ આપવાના પ્રયાસો તરત જ આરંભે. આ વિચારમાં પણ એમ જ બન્યું.

પૂજ્યશ્રીએ આ બારમાસમાં રાજદ્વારી પુરુષો, કૉરપોરેટરો, આગેવાનો અને અન્ય જાતિઓ સાથે સંપર્ક સાધી મુંબઈ જેવી પ્રખ્યાત નગરીમાં આઠ આઠ દિવસના કતલખાનાં બંધ કરાવવાના પ્રયત્નો ચાલુ રાખ્યા.

★

### જીવનની સુધારણા

જાતને સુધારવા માટે ઘણું સહન કરવું પડશે. અંતરમાં ડૂબકી મારવી પડશે, સુંવાળી વૃત્તિઓને ખસેડવી પડશે, પળેપળ સાવધાન રહેવું પડશે. પ્રલોભનો આવશે તેને ફગાવી દેવાં પડશે.

## ભક્તિની ભાવના–૬૩

એક દિવસ બપોરના ચાર વાગે બે બહેનો જે પરિચિત ન હતાં તે મુનિશ્રી પાસે આવ્યાં. પંચાંગ પ્રણામ કર્યાં અને મુનિશ્રી પાસે બેસી ગયાં. તે વખતે હું ત્યાં જ હતી. મને ધીમેથી પૂછયું, "અમારો ભાગવત સપ્તાહ માધવબાગમાં ચાલે છે. અમે ઘણા સમયથી મુનિશ્રી ચિત્રભાનુજીની વિદ્વતા વિષે સાંભળ્યું છે. તેઓશ્રી જૈન સાધુ છે એટલે અમારા સપ્તાહમાં પ્રવચન આપવા પધારે કે કેમ તે અમે વિચારતાં હતાં અને આજે એમનાં દર્શન થયાં. અમે પૂ. જાદવજી મહારાજની પુત્રીઓ છીએ."

તેમની સાથે તેમનાં ભક્ત લક્ષ્મીબેન હતાં. તેમણે કહ્યું : "દરેક સપ્તાહમાં વ્યાસપીઠ પર પૂ. જાદવજી મહારાજની આ પુત્રીઓ બેસે છે, પણ આ વખતે પૂ. ચિત્રભાનુ મહારાજના આશીર્વાદ લઈ એમના મંગળ પ્રવચનથી સપ્તાહ શરૂ કરવો છે, એટલે તેઓ પોતે જ વિનંતી કરવા આવ્યાં છે."

પૂ. મુનિશ્રી જૈન સાધુ હોવા છતાં સમગ્ર વિશ્વના છે. તેઓશ્રીના હૃદયમાં નાત–જાત કે સંપ્રદાયોના ભેદ ગૌણ છે. તેમની સમન્વય દૃષ્ટિ અનેકમાં એક અને એકમાં અનેક જુએ છે.

માધવબાગના ભકતજનો પૂ. મુનિશ્રી પધાર્યા તેથી હર્ષિત થયા. પૂ જાદવજી મહારાજની પુત્રીઓએ સ્વાગત

કર્યું. મુનિશ્રીને બેસવા માટેનું લાકડાનું સુંદર વ્યાસપીઠ ગોઠવ્યું. દસ હજાર જેટલા ભાવિક ભક્તોએ ઊભા થઈને મુનિશ્રીને માન આપ્યું. બન્ને બહેનોએ ગુરુ-પૂજન કર્યું. સ્વાગતમાં શ્રી સરસ્વતીબહેને જે શબ્દો કહ્યા તેમાં તેમની ભક્તિ નીતરે છે. "આજે આપણાં અહો ભાગ્ય છે કે આપણે ત્યાં આવા મહાન ચિંતક-સંત પધાર્યા છે. પહેલાં તો જૈન મંદિરમાં જવાય જ કેમ એ મૂંઝવણ હતી. પણ પૂ. મુનિશ્રીએ અમારી મૂંઝવણ ટાળી. અમે આ સપ્તાહમાં પધારવા એમને આમંત્રણ આપવા ગયાં, ત્યારે તેઓશ્રીનાં નમ્રતા, સરળતા, સર્વધર્મ પ્રત્યેનો સમભાવ અને મધુરી વાણીનો પરિચય થયો તે અવર્ણનીય હતો. અમને ખૂબ હર્ષ થયો. આજે તેઓશ્રીની અમૃતવાણી આપણે સૌ સાંભળીએ....આપ તો પૂ. સાધુના પુત્ર સાધુ છો. સૌને જગાડો છો, તેમ અમને પણ જગાડીને પ્રેરણાનાં પીયૂષ પાઓ."

મુનિશ્રીએ મંગલાચરણ કરી પ્રવચનના પ્રારંભમાં કહ્યું. 'આપણને સૌને એક જ સૂર્ય પ્રકાશ આપે છે. એક જ ધરતી રહેઠાણ આપે છે. એક જ પવન શ્વાસ-ઉચ્છ્વાસ પૂરો પાડે છે. એક જ વૃક્ષો ફળ પૂરાં પાડે છે. ઝાડ કે સૂર્ય આપણને પૂછતાં નથી કે તમે બ્રાહ્મણ છો કે જૈન. પરમ તત્ત્વો સૌને માટે સમાન છે. ધર્મ એ જીવનનું પરમદર્શન છે. સૌમાં સમાન ચૈતન્ય છે.

ધર્મ શાસ્ત્રોમાં નથી, જીવનમાં છે. શાસ્ત્રો તો સાંભળેલી અને જાણેલી માહિતીઓનો માત્ર સંગ્રહ છે.



એ શાસ્ત્રોને નામે લડવાનું ન હોય, જુદા પડવાનું ન હોય. એનો ઉપયોગ આપણા વિકાસ માટે થાય એટલો કરી લેવો. શાસ્ત્રો અરિસા જેવાં છે. એમાં જોવા માટે આંખ જોઈએ. અંધને અરિસો શું કામ લાગે? વિવેક એ આંખ છે. વિવેકનાં ચક્ષુથી શાસ્ત્રો વાંચો તો જ એકતા પ્રગટે, પ્રેમ પ્રગટે અને જીવન પ્રગતિશીલ અને મધુર બને. આ વિવેક નયન આ શ્રવણમાંથી પ્રગટો એ શુભેચ્છા."

★

## મૈત્રીની એકતા

દૂધ અને પાણીની મૈત્રી કેવી ભવ્ય છે! દૂધે પોતાનો ઉજ્જવળ રંગ પાણીને આપ્યો અને પાણીએ જાતને દૂધમાં વિલોપન કરી. બન્ને એક બની ગયાં. આમ મૈત્રીભાવ એટલે જ એકતા.

# મોતીની ખેતી-૬૪

૨૩-૬-૬૩ના પ્રભાતે ગોડીજી ઉપાશ્રયમાં પૂ. આચાર્યશ્રી હેમસાગરસૂરિજી તથા મુનિશ્રીનો ચાતુર્માસ પ્રવેશ હતો. સોનેરી પ્રભાત ઊગ્યું અને સ્વાગત માટેની તૈયારીઓ થવા લાગી. હજારો બહેન ભાઈઓ ઊમટી આવ્યાં. જૈન સ્વયંસેવક બેન્ડના વાજિંત્રો સૂર રેલાવી રહ્યાં. જૈન સમાજના આગેવાનો તો આવ્યા હતા પણ ભૂતપૂર્વ મેયર શ્રી ગણપતિશંકર, શ્રી રવિશંકર મહારાજ, તથા અગ્રગણ્ય નાગરિકો પણ આ પ્રસંગે પધાર્યા હતા. મુખ્ય મુખ્ય રસ્તાઓ-તાંબાકાંટા, ધનજી સ્ટ્રીટ, પ્રીન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી થઈ પૂજ્યશ્રી ગોડીજી પધાર્યા. રસ્તામાં ગહૂંલીઓ થઇ, સોના રૂપાનાં ફૂલોથી વધાવ્યા, હજારો ભાઇ બહેનો શેરીએ શેરીએ, માળે માળે અને અગાશીએ અગાશીએ પૂજ્યોનાં દર્શન માટે ઊભાં હતાં. આખું વાતાવરણ આનંદની ઊર્મિઓથી ઊભરાઇ રહ્યું હતું. યાત્રાના પ્રારંભ પહેલાં મેઘરાજા પણ પવિત્ર છાંટણા વરસાવી શીતળતા પાથરી ગયા.

ગોડીજીનો ઉપાશ્રય ભાવિક ભકતોથી ઊભરાઈ ગયો હતો. ટ્રસ્ટીઓએ સ્વાગત કર્યું. પૂ. આચાર્યશ્રીએ મંગલાચરણ કર્યું અને પૂ મુનિશ્રીએ મૈત્રી ભાવનું ઝરણું વહેવડાવ્યું. પ્રવચનનો પ્રારંભ કર્યો. 'ચાતુર્માસ એ સાધનાની મોસમ છે. સામાન્ય ખેડૂત પણ પ્રમાદ છોડી આ મોસમનો



સદ્ઉપયોગ કરે છે. ધર્મી આત્માઓએ આ મોસમમાં સુકૃતની વાવણી કરવાની છે. મકાનને પાયો, દીવાલ અને છાપરું આ ત્રણ તો અનિવાર્ય હોય તેમ માનવ જીવનને સમ્યક-દર્શનરૂપી પાયો, જ્ઞાનરૂપી દીવાલ અને ચારિત્ર રૂપી છાપરાંની અનિવાર્ય જરૂર રહે છે!"
આ પ્રસંગે ભૂદાન નેતા રવિશંકર દાદાએ કહ્યું "મુનિશ્રીનાં પ્રવચન પછી હું શું બોલું? માનવી પ્રથમ વિકાસ માતા પાસેથી મેળવે છે અને બીજો અધિક વિકાસ આવા સંતો પાસેથી મેળવે છે. મુનિશ્રીનો ઉપદેશ આપણા સૌ કોઇના જીવનમાં ઊતરે તેવી આશા રાખું છું." બીજા દિવસથી ગોડીજી ઉપાશ્રયમાં મુનિશ્રીનાં પ્રવચનો શરૂ થયાં. ફરી સંસ્થાએ સંસ્થાએ અને જગ્યાએ જગ્યાએ જાહેર વ્યાખ્યાનો શરૂ થયાં. તા-૧૯-૭-૬૩ થી સામુદાયિક અઠ્ઠમ તપની આરાધના ચાલતી હતી. આ તપશ્ચર્યામાં ૬૫૦ બહેન ભાઈઓ જોડાયાં હતાં. મુનિશ્રી હમેશાં તપશ્ચર્યાની મહત્તા પર પ્રવચન આપતા હતા.

આરાધનાનો પ્રભાવ કોઇ અદ્ભુત હતો. સર્વત્ર તપસ્વીનાં દર્શન થતાં હતાં. યુવાન અને યુવતીઓથી માંડી વૃદ્ધો સુધી આ તપમાં હતાં. આ તપસ્વીઓનું સન્માન શ્રીફળ અને રૂપિયાથી શાહ ચીમનલાલ વાડીલાલે તથા તેમનાં ધર્મપત્ની પ્રમોદિનીબહેને કર્યું અને પૂજ્યશ્રીનું ગુરુપૂજન કરી સાધર્મિકોની ભક્તિ કરી.

મુનિશ્રી તો સમતાના સાગર. પોતે જરા પણ ગ્લાનિ અનુભવ્યા વિના સાધનામાં મગન હતા. અને સૌને સહજ

પ્રસન્નતાથી આરાધન કરાવતા હતા. ભકતોનાં હૃદય આ દશ્ય જોઇ ચકિત થઇ ગયાં.

ચાતુર્માસમાં મુનિશ્રીએ શ્રાવક ઉત્કર્ષ ફંડ કરાવ્યું. એક કલાકમાં રૂા. ૧૩૦૦૦ થઈ ગયા જેથી મધ્યમ વર્ગના કુટુંબોને આ ભીષણ મોંઘવારીમાં રાહત મળે. કાર્ડ પધ્ધતિ શરૂ કરી. પર્યુષણ પર્વ સુંદર રીતે થયાં. આરાધના–તપશ્ચર્યા ઘણી સારી થઈ. પર્યુષણનાં વ્યાખ્યાનો સાંભળવા એટલી માનવ મેદની ઊમટી આવતી કે ટ્રસ્ટીઓએ બીજે–ત્રીજે માળે ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણી કરી. મહાવીર જન્મ દિવસે ખૂબ ઉપજ થઇ. આ દિવસે એ રસ્તા ઉપર સેંકડો ભાઇઓને ઊભા રહેવું પડયું. ગણધરવાદ સાંભળવાનો લ્હાવો અનેરો હતો.

૫–૯–૬૩ ના રોજ મુનિશ્રીની નિશ્રામાં આચાર્ય ભગવાન શ્રી હીરસૂરીશ્વરજી મહારાજની જયંતી ઊજવાઇ. મુનિશ્રીએ જણાવ્યું. ‘આવા જ્યોતિર્ધરોની જયંતી ઊજવવાથી આપણને એમનું જીવનકાર્ય પ્રેરણા આપી જાય છે. તેઓ તો દર્પણરૂપ હોય છે. આ મહાન આચાર્ય ભગવંતે સેંકડો માઇલનો વિહાર કરી બાદશાહ અકબર જેવા મુસ્લીમ બાદશાહને પ્રતિબોધ કરી, ધર્મનો ધ્વજ ફરકાવ્યો હતો. તેઓનો જીવન સંદેશ આપણે યાદ કરીએ ને પ્રેરણા મેળવીએ.

યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીની જયંતી પ્રસંગે તા. ૨૨–૯–૬૩ના રોજ મુનિશ્રીએ સમયરૂપ એવા આચાર્યશ્રીને અંજલિ આપી. મુનિશ્રીનું ભાવનગરમાં



આચાર્ય સાથે હૃદયંગમ મિલન થયું હતું. આચાર્યશ્રી મુનિશ્રીના વ્યાખ્યાનમાં પધાર્યા હતા અને ખૂબ આનંદ વ્યક્ત કર્યો હતો તે સ્મૃતિ તાજી કરી. સમાજના કલ્યાણ માટે અને મહાવીર વિદ્યાલયના વિકાસ માટે આચાર્યશ્રીએ જે પ્રયાસો કર્યા હતા તેમાંથી પ્રેરણા લઇને તેઓશ્રીનું વિશ્વવિદ્યાવિહારનું સ્વપ્ન સાકાર કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પ્રધાન શ્રી સાલેભાઈ અબદુલ કાદરે બે બોલ કહ્યા હતા.

દરિયાસ્થાનમાં પૂ. જાદવજી મહારાજની પુત્રીઓની આગ્રહપૂર્વકની વિનંતીથી પૂ. મુનિશ્રીએ “ભક્તિનું માધુર્ય” એ વિષય પર પ્રવચન આપ્યું હતું.

નવરાત્રિનો ઉત્સવ ચાલતો હતો. એ વખતે આર્થર રોડ– સાત રસ્તા મુનિશ્રીનું પ્રવચન ‘માનવ ધર્મ’ ઉપર યોજવામાં આવ્યું હતું અને આ પ્રસંગે એક ગાયિકા બહેનના જીવનનું પરિવર્તન થયું એ ઘટના પ્રેરણાદાયક બની.

માધવબાગમાં ગાંધી સ્મારક નિધિ તરફથી ગાંધી જયંતિના ઉત્સવમાં ૨–૧૦–૬૩ ના મુનિશ્રીએ પ્રવચન આપ્યું હતું. ૧૩–૧૦–૬૩ ના રોજ બીચ કેન્ડી સ્કૂલમાં ‘આદર્શ નાગરિક’ વિષે પ્રવચન યોજાયું હતું.

મુનિશ્રી શાળાઓમાં પ્રવચન આપે છે. ત્યારે વિદ્યાર્થીઓના મુખારવિંદ પર નવો જ ભાવ છવાયેલો દેખાય છે : ‘પુસ્તકોના કીડા ન બનો. બહારના વાંચનનો

શોખ પણ કેળવો. એકાદ નોંધ પોથી રાખો ને સુંદર વિચારો ટપકાવતા જાઓ. નવાં નવાં ઉડ્ડયનો કરો, ઉચ્ચ વિચાર અને સાદું જીવન જીવો. વાસ્તવિકતાની ભૂમિકા પર મહાન બનાવાનાં સોણલાં સેવો.'

૨૦-૧૦-૬૩ ના રોજ છીપીચાલના ભાઈઓ તરફથી ઝવેરી બજારના રાજમાર્ગ પર 'રાષ્ટ્રધર્મ અને આધ્યાત્મિક એકતા' વિષે પ્રવચન આપ્યું હતું.

૩-૧૧-૬૩ ના રોજ મરીન ડ્રાઈવ અલ-જબરીયા કોર્ટમાં પૂ. આચાર્યશ્રી હેમસાગરસૂરિજી તથા મુનિશ્રીએ 'ભવનું ભાતું' એ વિષય પર પ્રવચન આપ્યાં હતાં

૧૦-૧૧-૬૩ ના રોજ તાંબાકાંટા સુતર બજારના રસ્તા પર મંડપ બાંધ્યો હતો જેમાં 'વ્યવહારશુદ્ધિ અને જીવનશુદ્ધિ' વિષે પ્રવચન આપ્યું હતું. તા. ૧૭-૧૧-૬૩ના રોજ જૂની હનુમાન ગલીમાં 'જીવનનાં સોપાન' પર પ્રવચન આપ્યુ હતું.

★

### કર્તવ્યનો દીવડો

આજે શબ્દો સોંઘા બન્યા છે, કર્તવ્ય મોંઘું બન્યું છે. પણ યાદ રાખજો કે કર્તવ્યનો દીવડો પ્રગટશે તો જ પ્રકાશ મળશે કર્તવ્ય વગરનાં ભાષણોથી તો, છે એના કરતાંય અંધારું વધશે.

## સંસ્કારનાં સિંચન-૬૫

આજના યુવાન યુવતીઓ માટે કોલેજોના અભ્યાસ સાથે તત્ત્વજ્ઞાનની ઘણી આવશ્યકતા છે. જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ આ કાર્ય કરી રહી છે. વિદ્યાપીઠ તરફથી મુનિશ્રીનું પ્રવચન યોજવામાં આવ્યું અને મુનિશ્રીએ યુવક-યુવતીઓને કોલેજોના અભ્યાસ સાથે ધર્મ, તત્ત્વજ્ઞાન, મહાપુરુષોનાં જીવન-કવન, અને ચિંતનાત્મક ગ્રંથ રત્નોનો પરિચય કરવા પ્રેરણા આપી અને વિદ્યાર્થી અવસ્થાના સોનેરી દિવસોને વેડફી ન નાખતાં ઉચ્ચ આદર્શ સાંસ્કારિક પ્રવૃત્તિઓ દ્વારા સાર્થક કરવા માર્ગદર્શન આપ્યું.

તા. ૧૨-૪-૬૩ ના દિવસે શ્રી ભાયખલા સંઘ તરફથી 'સળગતા યુગમાં આપણું કર્તવ્ય' એ વિષય પર પ્રવચન આપી વરસીતપનાં પારણા નિમિત્તે ઘાટકોપર પધાર્યા મુનિશ્રીનું સ્વાગત થયું.

તપનો મહિમા સમજાવતાં દર્શાવ્યું કે બાહ્ય અને અભ્યંતર તપનો મહિમા આપણે સમજવો જોઈએ. વરસીતપ એ જૈન જગતમાં મહાન તપ છે. હજારો બહેન ભાઈઓ આ વરસીતપ કરીને ભગવાન ઋષભદેવના તપનું સ્મરણ કરાવે છે.

૨૯-૪-૬૩ ના મુનિશ્રી દાદર પધાર્યા. અહીં શ્રી આગરતડ જૈન સંઘ તરફથી શ્રી શાંતિનાથ ભગવાનના

મંદિરનો ધ્વજ વિધિ હતો. અહીં પૂજા-ભાવના અને મુનિશ્રીનું પ્રવચન થયું. સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો.

મહારાષ્ટ્ર દિનના મંગળ પ્રભાતે ૧-૫-૬૩ના રોજ મુનિશ્રીને પધારવા નિમંત્રણ મળ્યું. તેઓ સમયજ્ઞ હોઇ જાણે છે કે આવા સમારંભોમાં ટૂંકું પ્રવચન પણ શ્રોતાઓને પ્રેરણા આપી જાય તો ઘણાં ઘણાં જનકલ્યાણનાં કામો સાધી શકાય. ગવર્નર શ્રી વિજયાલક્ષ્મી પંડિત, રાજ્યના મુખ્ય તથા અન્ય પ્રધાનો, સત્તાધીશો, નાગરિકો હરિયાળી ભૂમિ પર ગાદી ઉપર બેઠા હતા. મુનિશ્રી પધાર્યા. સૌએ ભાવપૂર્વક સ્વાગત કર્યું. સત્તા મોટી છે. પણ ત્યાગ સૌથી અધિક છે. આ પ્રાર્થના સભામાં મુનિશ્રીએ સૌના અન્તરને સ્પર્શી જાય એવાં પ્રેરણાભર્યાં વચનોમાં મંગલ પ્રવચન કરી પ્રાર્થના સંભળાવી. સૌનાં અંતર દિવ્ય ભાવથી પ્રસન્ન થયાં.

સેંકડો વર્ષોનો ઇતિહાસ કહી જાય છે કે મહાન ચક્રવર્તીઓ – રાજા – મહારાજાઓ સમૃદ્ધિ ને સત્તાથી સભર હોવા છતાં–ચારિત્રરત્ન સમા ત્યાગી મહાત્માઓનું માર્ગદર્શન મેળવતા. ચત્તારિમંગલમ્‌ની પ્રાર્થના પછી બે શબ્દોમાં મુનિશ્રીએ દર્શાવ્યું કે વિશ્વ, વિજ્ઞાનની સિધ્ધિઓમાં દોડયું જાય છે, પણ કોઇ રાષ્ટ્ર–દેશ કે પ્રજામાં શાંતિ નથી. ધર્મ–સદાચાર–ચારિત્ર અને માનવ સેવા સિવાય આપણો–જગતનો ઉદ્ધાર નથી. મુનિશ્રીએ સૌને મંગળ આશીર્વાદ આપ્યા.

★

## ભક્તિમાં અનુભૂતિ–૬૬

મુનિશ્રીનાં પ્રવચનો શ્રવણ કરતાં કરતાં મને મૃત્યુનું રહસ્ય અને અનિવાર્યતા ધીમે ધીમે સમજાવા લાગ્યાં હતાં. દેહનું દર્દ અને આત્માની જાગૃતિ એ એક બીજાથી ભિન્ન છે એમ મનમાં ઘુંટાવા લાગ્યું. ૧૯૬૨માં મુનિશ્રીએ વાતવાતમાં અમુક ભક્તોને મારી જીવલેણ માંદગીનું સૂચન કરેલું. ૧૯૬૩ના માર્ચ આસપાસ મને કેન્સર છે એમ નિદાન થયું. મને લાગ્યું કે મુનિશ્રીએ આ અસાધ્ય બિમારીમાં હું સ્વસ્થ રહી શકું તે માટે મારી માનસિક ભૂમિકા તૈયાર કરી હતી. દર્દની ચિંતા છતાં મુનિશ્રીના સાંત્વનથી મારા મનની સ્વસ્થતા અદ્દભુત બની રહી. ૧૦–૫–૬૩ના દિવસે મુનિશ્રીનું દાદરમાં પ્રવચન 'જાગૃતિ કે પ્રકાશ' સાંભળી સીધી તાતામાં દાખલ થઈ.

મુનિશ્રીના એ શબ્દો આજે પણ આત્મામાં ગુંજે છે. યાત્રાએ જતાં પહેલાં માણસ સામાનની તૈયારી કરે, તેની સાથે સાથે તેના વિચારોમાં યાત્રાના સ્થાનનું આખું દૃશ્ય ખડું થઈ જાય છે. જેમ કે પાલિતાણાની તળેટીથી શિખર બંધી જિનાલયોથી દેદિપ્યમાન શોભતો શત્રુંજય ગિરિરાજ ! એ પર્વત પર ચડતાં ચડતાં ભવ્ય મૂર્તિઓનું પ્રત્યક્ષ દર્શન કલ્પનામાં કરવાનો પ્રારંભ થઈ જાય છે. જીવન યાત્રામાં પણ આપણે સદૈવ તૈયાર રહેવું જોઇએ. મનમાં

ઉચ્ચ ગતિની ભાવના થવી જોઇએ. આ વિચારો મારી માંદગીમાં મને ઉપયોગી થઈ પડયા. ઓપરેશનની આગલી રાત્રિએ મને ઘેનની દવા આપવામાં આવી પણ એ તંદ્રામાં આખી રાત્રિ મેં પાલિતાણાની યાત્રામાં જ વ્યતીત કરી. સવારમાં મુનિશ્રી હૉસ્પીટલમાં પધાર્યા ત્યારે માંગલિક સાંભળ્યું અને મનમાં શાંતિ વ્યાપી ગઈ. વિદાય લેતાં સગાંઓને ક્ષમાવી દીધાં.

મુનિશ્રીએ વાસક્ષેપ નાખ્યો અને મારામાં શ્રધ્ધાનો દીપ જગી ગયો. મને ઓપરેશન થીયેટરમાં લીધી ત્યારે જાણે હું પ્રવાસે જાઉ છું તેવી સહજતા અનુભવતી હતી. ડૉકટર બૉર્જીઝે પૂછ્યું "બહેન, શ્રધ્ધા રાખજો, તમને કંઈ જ થવાનું નથી, પણ કંઇ કામ છે? નહિ તો અમે કામ શરૂ કરીએ." મેં નર્સને કહ્યું, "મને પૂ. મુનિશ્રીનાં ફોટાનાં દર્શન કરાવી પછી ઘેન આપો." મેં દર્શન કર્યાં અને એક નવી દુનિયામાં–ચિરશાંતિમાં–ગુરુદેવની સાનિધ્યમાં છું એવા ભાવોમાં લીન થઈ ગઇ. પછી શું થયું તેનો ખ્યાલ નથી. ત્રણેક કલાક ઓપરેશન ચાલ્યું.

કલાકો પછી શુદ્ધિ આવી. મને ખબર પડી કે નવ ઇંચનો કાપ મૂકયો છે અને લગભગ સો ટાંકાઓ લીધા છે, છતાં કાંઇ બેચેની નહિ. આમાંય ખરેખર મને તો. ગુરુદેવની અસીમ કૃપાનાં જ દર્શન થયાં. ડૉકટરે હસીને કહ્યું 'Painless Patient દર્દ વિનાના દર્દીનો એવોર્ડ મારે તમને આપવો છે. અરે, એક દિવસતો દર્દની ફરિયાદ કરો.' આ અસીમ કૃપા મારા ગુરુદેવની છે. આ સત્તર



દિવસ મુનિશ્રીની ચિંતનાત્મક અમૃતવાણીને વાગોળવાનો સમય મળ્યો. તાતાનું નામ માણસને બેચેન બનાવી મૂકે પણ મને તો ગુરુદેવના આશીર્વાદથી ભયભીત સ્થાનને આનંદમય બની જતું અનુભવ્યું છે.

થોડો થોડો આરામ થવા લાગ્યો અને નવમા દિવસથી તો હું શાન્તાક્રુઝ સુધી મુનિશ્રીનાં દર્શને જતી હતી. માનવ માત્રને પૂર્વ કર્મોને લીધે દર્દ તો આવે પણ દર્દને નિર્જરારૂપે સ્વીકારી સ્વસ્થતા અને શાંતિનો અનુભવ તો આવા સદ્‌ગુરુના સત્સંગ વિના પ્રાપ્ત થવો દુર્લભ છે.

★

**આચરણ**

પંડિત વાતોડિયો ન હોય પણ આચરણ કરનારો હોય. મીઠાઇઓની યાદી ગણાવવા કરતાં એકાદ સૂકો રોટલો પણ પીરસે તે સાચો પંડિત. એ વાણીવિલાસમાં નથી માનતો, પણ આચરણમાં માને છે.

## તનમનનું આરોગ્ય-૬૭

મુનિશ્રી મલાડ પધાર્યા. સંઘે સુંદર સ્વાગત કર્યું, પ્રવચનો યોજાયાં. સરિતા જ્યાં જ્યાં વહે ત્યાંની ધરતીને લીલીછમ કરી શીતળતા ફેલાવે તેમ મુનિશ્રીના કરુણા ભર્યા હૃદયમાંથી વહેતી અમૃત વાણી માનવોના હૃદયોને 'શાંતિનાં વારિ'થી લીલાંછમ કરી દે. મલાડમાં બીજી ઘણી પ્રવૃત્તિઓ ચાલુ હતી પણ મુનિશ્રીના અંતરમાં મધ્યમ વર્ગની વેદના જાગી કારમી મોંઘવારી, કોઇને કહેવાય નહિ ને સહેવાય નહિ. કેવી કરુણ પરિસ્થિતિ! આ મધ્યમ વર્ગના કુટુંબોને રાહત મળે તેવા કાર્યનો પ્રારંભ કરવા વિચાર આવ્યો. મલાડનું જૈન યુવક મંડળ મેડીકલ રીલીફનું કામ એક નાના ઓરડામાં કરતું હતું.

મુનિશ્રીને યુવકોએ વાત કરી તે ગમી. રવિવારનો દિવસ હતો. મુનિશ્રીને સાંભળવા મેદની જામી હતી તે પ્રસંગ જોઇને મુનિશ્રીએ આરોગ્ય કેન્દ્રની વાત ઉપાડી. મલાડમાં ઘણી સારી પ્રવૃત્તિઓ ચાલે છે. યુવક ભાઇઓનો ઉત્સાહ અને સેવા ભાવના પ્રશંસનીય છે. પણ આ આરોગ્ય કેન્દ્રને વિકસાવવાની જરૂર છે. આપણા મધ્યમ વર્ગની પરિસ્થિતિ તો તમે ક્યાં નથી જાણતા? સાત સાંધે ત્યાં તેર તૂટે. મોંઘવારીની ભીંસ-બાળકોના અભ્યાસનો બોજો અને ટૂંકી આવક-ગુજરાન માટે દોડાદોડ-પણ



આવા મધ્યમ કુટુંબમાં માંદગી આવે તો ઘર જ લૂંટાઈ જાય. આજની મોંઘી ટીકડીઓ, ઇન્જેકશનો. ઓપરેશનો ને દવાઓનો પાર નહિ. આ પરિસ્થિતિ માંથી મધ્યમ વર્ગને રાહત આપવા આરોગ્ય કેન્દ્ર (રીલીફ સેન્ટર) બનાવવું જોઇએ. તમે દૂધપાક ને શીખંડના ભોજન આરોગો, તમારાં માટે આલીશાન ફ્લેટો અને નોટોના બંડલનાં બંડલ, ત્યારે આ તમારા જ સ્વામી ભાઇઓને તમે ભક્તિ ભાવે-પ્રેમભાવે-લોહીની સગાઇ ગણી ફૂલ નહિ તો ફૂલપાંખડી પણ નહિ આપો? હું તો ઇચ્છું કે સમાજ એવો શક્તિશાળી બને કે આવાં સેન્ટરોની જરૂર જ ન પડે. વર્ષો પહેલાં તો કોઈ લેનાર નહોતું ત્યારે આપણે ખૂબ મંદિરો બંધાવ્યાં આજે ધર્મ પ્રભાવના ભલે કરો પણ આ કાર્ય પણ ધર્મકાર્ય છે, એ ન ભૂલો."

મુનિશ્રીની વાણીએ જાદુ કર્યો. ફંડની શરૂઆત થઇ. શેઠ જયંતિલાલ મંગળદાસે એકવીશ હજાર જાહેર કર્યા અને પછી તો પ્રયત્ન કરતાં લાખ રૂપિયા સુધી ફંડ પહોંચ્યું અને આ આરોગ્ય કેન્દ્ર માટે મોટું એક બિલ્ડિંગ જ ખરીદી લીધું.

આ મલાડ જૈન યુવક મંડળ સંચાલિત મંગળદાસ મેડીકલ રીલીફ સેન્ટરનો ઉદ્ઘાટન સમારંભ પણ મુનિશ્રીના મંગળ આશીર્વાદથી થયો. આજે આ સેન્ટર સર્વ કોમનાં હજારો હૈયાંને શીતળતા આપી રહેલ છે.

★

## જ્ઞાનયાત્રા-૬૮

મુનિશ્રી તા. ૨-૬-૬૩ મુલુન્ડ પધાર્યા. જૈન મિત્ર મંડળના આશ્રયે 'આપણું કર્તવ્ય' પ્રવચન આપ્યું. ત્યાંથી શાન્તાક્રુઝમાં ૯-૬-૬૩ના રોજ ઉપાશ્રયમાં "ધર્મ અને કર્તવ્ય" વિષે પ્રવચન આપી થોડા દિવસ સ્થિરતા કરી મુંબઈ પધાર્યા. તા. ૧૯-૬-૬૩ના રોજ સેન્ડહર્સ્ટ રોડ, પ્રાર્થના સમાજના ઉપાશ્રયે 'આપણી સંસ્કૃતિ' પર પ્રવચન આપી ૨૩-૬-૬૩ના રોજ 'ધર્મમય જીવન' પર નમિનાથમાં પ્રવચન આપી બપોરના ગોડીજી જૈન સંસ્કૃત, ધાર્મિક પાઠશાળાના ગ્રીષ્મ આધ્યાત્મિક વર્ગના પુરસ્કાર પ્રદાન સમારંભમાં 'ધાર્મિક શિક્ષણ અને આધ્યાત્મિક જ્ઞાન પ્રચારની આવશ્યકતા' પર પ્રવચન આપ્યું.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના કાર્યકર્તાઓએ મુનિશ્રીનું કોન્ફરન્સના ભવિષ્યના કાર્યક્રમ અને વિકાસ માટે માર્ગદર્શન મેળવ્યું અને મુનિશ્રીએ કોન્ફરન્સને લોકપ્રિય કરવા માટે સમાજ ઉત્થાન માટેની વિવિધ પ્રવૃત્તિઓ યોજવા કેટલાંક વ્યવહારૂ સૂચનો કર્યાં.

લુહાણા જ્ઞાતિનું એક પ્રગતિશીલ મંડળ છે. દર વર્ષે વિશ્વવિદ્યાલયમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઈનામો આપે છે. સરસ્વતી સન્માનનો એક ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવે છે. દર વર્ષે ભારતની સર્વશ્રેષ્ઠ વ્યકિતઓનાં પુસ્તકો ઈનામમાં



અપાતાં હતાં. તેમ આ પ્રસંગે મુનિશ્રીનાં બે પુસ્તકો 'જીવન માંગલ્ય' અને "ધર્મરત્નનાં અજવાળાં" તે વખતના કેળવણી પ્રધાન શ્રી શાંતિલાલ શાહના હસ્તે ઇનામ આપવામાં આવ્યાં. આ પ્રસંગે પ્રધાનશ્રીએ કહ્યું.

"આવા મહાન ચિંતક અને સંતનાં પુસ્તકો ઈનામ માટે પસંદ કરીને તમારા સમાજે વિશાળ દૃષ્ટિનો એક દાખલો બેસાડયો છે."

મુનિશ્રી પરાઓમાં જનતાને પ્રવચનોનો લાભ આપતાં બે દિવસ માટે પવઇ પધાર્યા. તળાવ કિનારે કુદરતી દૃશ્યો વચ્ચે શાંત વાતાવરણમાં "સૌરભ" એક કુટિર છે. આજથી અઢાર વર્ષ પહેલાં કુટિરને 'સૌરભ' નામ આપેલું. પણ તે પછી દશ વર્ષ પહેલાં જ્ઞાન અને ચિંતનની કણિકાઓથી મઘમઘતી "સૌરભ" નામની પુસ્તિકા મારા હાથમાં આવી ત્યારે કલ્પનાય નહોતી કે આ 'સૌરભ'ના લેખક એક દિવસ આ કુટિરને પોતાનાં પગલાંથી પાવન કરશે ! બે દિવસના વાર્તાલાપે અમને નવું જ જીવન દર્શન મળ્યું. 'સૌરભ'થી વિહાર કરી અંધેરી-પાર્લા, દાદર થઇ મુનિશ્રી મુંબઇ પધાર્યા.

મુનિશ્રીને કેટલાક પારસી ભકતો તરફથી કામા ઈન્સ્ટીટયૂટમાં તા-૧૪-૧૨-૬૩ ના દિવસે જરથુષ્ટ્ર અને મહાવીર વિષે પ્રવચન આપવા નિમંત્રણ મળ્યું હતું. શ્રી સર રૂસ્તમ પી. મસાની ચિફ ગેસ્ટ હતા. મુનિશ્રીએ પ્રવચન આપતાં કહ્યું, "બધા ધર્મો પ્રકાશની જ વાત કરે છે. તમે

અગ્નિને પ્રકાશ તરીકે પૂજો છો જે પ્રકાશનું જ પ્રતીક છે. એ પ્રકાશને બહાર નહિ, અંદર અનુભવવાનો છે. અહિં એ પ્રકાશ છે જે બાળતો નથી પણ શીતળતા આપે છે. એ જ નૂર છે. અખંડ જ્યોત છે. બાહ્યદીપ સાથે અંતરની જ્યોત પ્રગટાવો અને સૌને પ્રકાશ આપો. જરથ એટલે સોનેરીરંગ અને ઉષ્ત એટલે ઉષા. આનો અર્થ છે, Golden light જગતને સોનેરી તેજ આપ્યું છે. આ તેજ તમારે પ્રગટાવવાનું છે.

મહાવીર એ અહિંસાના પયગંબર થઈ ગયા. યુધ્ધમાં જીતે તે સાચો વીર નહિ; પણ પોતાના કષાયો-કામ-ક્રોધ-લોભ-મોહને જીતે તે જ સાચો વીર છે." મુનિશ્રીએ જ્યારે પારસીઓના ધર્મશાસ્ત્ર ગાથાનો ૪૮મા શ્લોકનો અર્થ કરી બતાવ્યો ત્યારે શ્રોતાઓ આ અગાધ જ્ઞાનથી સ્તબ્ધ થઇ ગયા. 'આતશ પાસે એક જ માંગવાનું કે મારામાં અનંત પ્રકાશ છે, તે પ્રકાશ મારા Head, Heart, & Hand મગજમાં, હૃદયમાં અને હાથમાં સંચરો જેથી આ ત્રણે દ્વારા સારાં કામ જ થાય'

---

મુનિશ્રી કોટના ઉપાશ્રયમાં હતા. મારા કુટુંબી-જનોમાંથી એક ભાઇનો ફોન આવ્યો કે "પાલનપુરમાંના આપણા ઘર દહેરાસરમાંથી સંપ્રતિ રાજાના વખતની શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રાચીન મૂર્તિ ચોરાઈ ગઈ છે. અમારે પૂજ્યશ્રીને આ આફતના નિવારણ માટે મળવું છે. તમે સાથે આવો." પણ મારી તબિયત નરમ હોવાથી હું



દાદરા ચડી શકું તેમ ન હોવાથી, મેં તેઓને પૂ. મુનિશ્રી પાસે જવા કહ્યું.

તે ભાઈઓ મુનિશ્રી પાસે ગયા. મૂર્તિ ચોરાયાની વાત કરી. થોડી મિનિટો મુનિશ્રી મૌન રહ્યા: આવી પ્રાચીન મૂર્તિ ચોરાય એ આશ્ચર્યકારક ગણાય. પણ લેનાર તે જીરવી નહિ શકે. મૂર્તિ મળી જશે.


મુનિશ્રીના ઉત્તરથી બધાને સંતોષ થયો. મને બધી વાત કરી.' મેં કહ્યું 'મુનિશ્રીનાં વચનમાં શ્રધ્ધા રાખો અને પુરુષાર્થ કરો. D. S P. પર તાર કર્યો. એ ચાર ભાઈઓ પાલનપુર પહોંચી ગયા. બીજા જ દિવસે ઊગતે પ્રભાતે એક મહેતર બાઇ એક ઘરની બાજુમાં ઈંટોનો ઢગ હતો તે ઈંટો ખસેડવા જાય છે ત્યાં પાછળ મૂર્તિ દેખાઇ અને 'ભગવાન મળ્યા, ભગવાન મળ્યા' ની બૂમો મારવા લાગી. મૂર્તિ મળી ગઇ! પાલનપુરમાં આનંદ આનંદ થઈ રહ્યો. પાલનપુરથી કોલ આવ્યો અને સૌ મુનિશ્રી પાસે આ આનંદ સમાચાર આપવા પહોંચી ગયા.

મુનિશ્રીએ ૧૫-૧૨-૬૩ના બાબુભાઇ મહોલ્લામાં હજારોની માનવમેદની વચ્ચે 'માનવ જીવનની દુર્લભતા' પર પ્રવચન આપ્યું હતું. તા. ૨૨-૧૨-૬૩ના રોજ સિક્કાનગરમાં માનવજીવનની મહત્તા પર પ્રવચન આપ્યું હતું. તા. ૨૯-૧૨-૬૩ના રોજ વિઠ્ઠલવાડીમાં 'ગઇ કાલ અને આજ' ઉપર પ્રવચન આપ્યું હતું. તા. ૫-૧-૬૪ના રોજ ઝવેરી બજાર, ખારાકુવા 'આજ અને આવતી કાલ'

વિષે પ્રવચન આપ્યું હતું. મુનિશ્રીની અનેક વિધ અહિંસાની પ્રવૃત્તિઓ મુંબઇ શહેરમાં ખૂબ જ વેગથી ફેલાતી જતી હતી. ઇન્ડીઅન વેજીટેરીઅન કોંગ્રેસ તરફથી નેશનલ વેજીટેરીઅન કન્વેશન મુંબઇમાં ભરવા નિર્ણય થયો. મુનિશ્રીને તેમાં પધારવા અને અહિંસા અને શાકાહાર સંબંધી પ્રવચન આપવા વિનંતી કરવામાં આવી. તા. ૮–૧–૬૪ના રોજ મરીન ડ્રાઇવ શ્રી નિકેતન ગાર્ડનમાં સમારંભ યોજાયો.

આ પ્રસંગે પરદેશથી ઘણા પ્રતિનિધિઓ આવ્યા હતા. આ સંમેલનમાં શ્રી સર સી. પી. રામસ્વામી, શાકાહારી પરિષદના સુકાની શ્રી રૂક્ષ્મણી અરૂન્ડેલ, શ્રી કાકા કાલેલકર તથા શ્રી શ્રીપ્રકાશ પણ પધાર્યા હતા. આ સંમેલન ચાર દિવસ ચાલ્યું. મુનિશ્રીએ અહિંસાનું રહસ્ય, માંસાહારમાં રહેલ હજારો મૂંગા પ્રાણીઓનો પોકાર અને સંહાર, એથી માણસમાં પ્રગટતી ક્રૂરતા વગેરે સવિસ્તાર સમજાવ્યાં. પાશ્ચાત્ય સંસ્કૃતિએ આપણા યુવાન–યુવતીઓમાં માંસાહાર માટેની ઇચ્છા જગાવી છે, એ જ દેશનાં યુવાન યુવતીઓ તમને કહેવા આવ્યા છે, કે અમે તો ભૂલ્યા પણ તમે ન ભૂલો. સંમેલન પૂર્ણ થયા બાદ પશ્ચિમના પ્રતિનિધિઓએ મુનિશ્રી પાસેથી અહિંસા અને શાકાહારના પ્રચાર માટે માર્ગદર્શન મેળવ્યું હતું. ઉપાશ્રયમાં જઈ આશીર્વાદ અને વાસક્ષેપ લઈ વિદાય લીધી હતી.

★



પેટને કબ્રસ્તાન ન બનાવો.

અખીલ ભારત રાષ્ટ્રીય શાકાહાર સંમેલનમાં દેશ પરદેશથી આવેલ પ્રતિનિધિઓ સહિત ચોપાટી ઉપર મળેલી જંગી સભાને ઉદ્બોધતા પૂજ્યશ્રી—તા. ૧૨-૧-૬૪.

# વિદ્યાનો પ્રકાશ-૬૪

મુનિશ્રીની નિશ્રામાં કોટના ઉપાશ્રયમાં ૧૨-૧-૬૪ ના રોજ શ્રી મોહનલાલજી અર્ધશતાબ્દિ સ્મારક ગ્રંથનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. મુનિશ્રીએ જણાવ્યું શ્રી મોહનલાલજી મહારાજ પ્રભાવિક પુરુષ હતા. તેમણે મુનિરાજો માટે સૌથી પ્રથમ મુંબઈના પ્રવેશની પહેલ કરી. હતી. આજે મુંબઈમાં જૈન ધર્મના મંદિરો, ઉપાશ્રયો અને જ્ઞાન મંદિર છે. તેમજ હજારો કુટુંબો ધર્મ ધ્યાન કરે છે. તેનો થોડો યશ શ્રી મોહનલાલજી મહારાજને જાય છે. આવા પુણ્યરાશિ મહારાજશ્રીના જીવનમાંથી પ્રેરણા મેળવીએ.

શ્રી નરશી નાથા સ્ટ્રીટ ભાતબજારમાં મુનિશ્રીએ તા. ૧૯-૧-૬૪ ના સવારે ધર્મની આવશ્યકતા ઉપર પ્રવચન આપ્યું હતું.

સાધ્વીશ્રી હરખશ્રીજીએ ૫૦૦ આયંબિલની દીર્ઘ-તપશ્ચર્યા કરી હતી તેના પારણા નિમિત્તે તા. ૧૯-૧-૬૪ ના મધ્યાને મુનિશ્રી શ્રી અનંતનાથજીના રાજમાર્ગ પર 'તપનો મહિમા' પર પ્રવચન આપ્યું હતું.

૨૬-૧-૬૪ ના પ્રજાસત્તાક દિને પ્રીન્સેસ સ્ટ્રીટના રાજમાર્ગ પર મુંબઇના નાગરિકો, ધારાસભ્યો અને કોર-

પોરેટરો તરફથી મુનિશ્રીનું જાહેર પ્રવચન યોજવામાં આવ્યું હતું. મુનિશ્રીએ પ્રજાસત્તાક દિનનું ગૌરવ અને પ્રતિષ્ઠા પ્રત્યે હજારો શ્રોતાજનોનું ધ્યાન દોરી, મા ભોમની રક્ષા અને પ્રજાના કલ્યાણ માટેની સૌની ફરજ સમજાવી હતી. આ પ્રસંગે શ્રી કે. કે. શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. અને જૈન ધર્મ પ્રત્યે અહોભાવ વ્યકત કર્યો હતો.

બપોરના હીરાબાગમાં 'રાષ્ટ્ર અને ધર્મ' એ વિષય ઉપર મુનિશ્રીનું પ્રવચન યોજાયું હતું. શ્રી વાલકેશ્વર શ્રી સુપાર્શ્વનાથજી જૈન દહેરાસરના ચોકમાં તા. ૪–૨–૬૪ થી તા. ૧૧–૨–૬૪ સુધી જીવન શુદ્ધિ પ્રવચન માળાની વ્યાખ્યાન શ્રેણિમાં મુનિશ્રીએ આધ્યાત્મિક જીવન અને તેના જુદા જુદા પાસાઓ વિષે સુંદર વિવેચન કરી શ્રોતાઓને આત્મશુદ્ધિ માટે પ્રેરણા આપી હતી.

શ્રી ભારતીય આરોગ્ય નિધિના સંસ્થાપક શ્રી એચ. બી. શાહ તરફથી પ્રધાન શ્રી શાંતિલાલ શાહના હસ્તે 'મોબિલ માસ મીનીએચર એક્સ રે વાન'ના ઉદ્ઘાટન પ્રસંગે તા. ૧૪–૨–૬૪ના રોજ મુનિશ્રીએ આશીર્વાદ પ્રવચન કર્યું હતું. જેમાં મનની સ્વસ્થતાથી તનની સ્વસ્થતા કેવી સરસ રીતે જળવાઈ રહે છે તે સમજાવ્યું હતું.

શ્રી આત્માનંદ જૈન સભા મુંબઈના વાર્ષિક ઉત્સવ પ્રસંગે શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં તા. ૨૩–૨–૬૪ ના રોજ 'આજની દિશા' વિષે પ્રવચન યોજાયું હતું અને શ્રી આત્માનંદ જૈન સભાના કાર્યને વેગ આપવા અને આચાર્યશ્રીનાં અધૂરાં કાર્યોને પૂરાં કરવા પ્રેરણા આપી હતી.



શ્રી ફેલોશીપ હાઈસ્કૂલમાં ૧–૩–૬૪ ના રોજ 'આજના યુગમાં માનવીનું સ્થાન' એ વિષય પર મુનિશ્રીનું મનનીય પ્રવચન યોજવામાં આવ્યું હતું. ન્યૂ સાર્વજનિક એજ્યુ. સોસાયટી–ગીરગામ તરફથી ૨૧–૩–૬૪ ના રોજ 'જીવનમાં ધાર્મિક શિક્ષણનું સ્થાન' એ વિષય પર મુનિશ્રીએ પ્રવચન આપ્યું હતું.

ખેતવાડી ૮ મી ગલીના ભાઈબહેનો તરફથી 'જીવન એક દર્શન' ઉપર ૨૯–૩–૬૪ ના રોજ મુનિશ્રીનું પ્રવચન યોજવામાં આવ્યું હતું.

શ્રી કાનજી ખેતશીની વાડીમાં જાહેર ગૌરક્ષા સંમેલનમાં તા. ૩૧–૩–૬૪ ના રોજ મુનિશ્રીએ ગૌરક્ષા ઉપર પ્રવચન આપ્યું હતું.

★

**આત્માનું અમરત્વ**

આજે વિજ્ઞાન વધ્યું છે, પણ આત્મવિજ્ઞાન વિના એ નકામું છે. વિજ્ઞાન દુનિયાને બધું અપાવશે, પણ અમરત્વ નહિ અપાવે. અમૃત તો આત્મામાંથી જ પ્રગટવાનું છે. આ દૃષ્ટિ આજના વિજ્ઞાનમાં છે ?

## વિશ્વના પ્રવાસીઓ – ૭૦

મહાન તત્ત્વચિંતક મુનિશ્રીની ખ્યાતિ માત્ર ભારત પૂરતી મર્યાદિત ન રહેતાં દેશવિદેશમાં પણ પ્રસરી રહી હતી. મુનિશ્રીની વાણીના પ્રવાહે અનેકનાં હૈયાં ભીંજવ્યાં છે. મુંબઈ ભારત સેવક સમાજના આશ્રયે મહારાષ્ટ્ર એસેમ્બ્લીના સ્પીકર શ્રી ભારદેના પ્રમુખપદે એક સભા તા–૧–૪–૬૪ ના રોજ મળી હતી. "સુખી જીવન જીવવાની કળા" વિષે મુખ્ય પ્રવચનકાર મુનિશ્રીએ હૃદયંગમ વાણીમાં પ્રવચન કર્યું હતું. શ્રોતાજનો મુનિશ્રીની સરળ અને ખળખળ કરતી સરિતાની જેમ વહી જતી વાણીમાં આ વિષયને એવી રીતે સમજાવ્યો કે શ્રોતાજનો અત્યંત પ્રભાવિત થયા હતા.

શ્રી ભારદેએ પ્રવચન કરતાં જણાવ્યું કે મુનિશ્રીની વિદ્વતાએ અનેક જૈન–જૈનેતરોને આકર્ષ્યા છે. મુનિશ્રી આપણને જીવનનો જે માર્ગ બતાવે છે, તે અનુભવનો પ્રકાશ છે. માટે જ તે સહુ કોઈએ અનુસરવા લાયક છે. આપણે સૌએ મુનિશ્રીનાં ઉપદેશો અને આદેશોને પરિપૂર્ણ રીતે જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો જોઈએ."

શ્રી સત્યનારાયણ સત્સંગ મંડળ યોજિત એકસો ને આઠ શ્રીમદ્ ભાગવત સપ્તાહનો જ્ઞાનયજ્ઞ



તા. ૧૨–૪–૬૪ ને રવિવારથી શરૂ થયો હતો. જેનું માંગલિક પ્રવચન મુનિશ્રીએ આપ્યું હતું. આ મંગલ પ્રવચનમાં મુનિએ સર્વધર્મ સમન્વય ઉપર ખૂબ જ પ્રેરણાત્મક રીતે હજારોની મેદનીને ઉદ્બોધન કર્યું હતું. અને શાસ્ત્રોને ગતાનુગતિક રીતે ન અનુસરતાં હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક કરી છોડવા લાયક, સમજવા લાયક અને ગ્રહણ કરવા લાયક ગુણો અને અવગુણોનું જીવનમાં સમાર્જન કરવા સમજાવ્યું.

થોડા સમય પહેલાં જગતના પ્રવાસે નીકળેલા સ્વીટઝરલેન્ડના પ્રસિદ્ધ જર્મન ડૉ. એમ. પી. એ. વાન તથા તેમનાં પત્ની મુનિશ્રીની મુલાકાતે આવ્યાં હતાં અને લગભગ બે કલાક સુધી તેઓશ્રીની સાથે પોતાને મૂંઝવતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી હતી. મુનિશ્રીએ જૈન દર્શન ઉપર ખૂબ જ વિદ્વતાપૂર્ણ રીતે પ્રકાશ પાથર્યો હતો અને તેઓને ખૂબ સંતોષ થયો હતો. તેઓ જીવનની નવી પ્રેરણા મેળવી આનંદ વ્યક્ત કરી ગયાં હતાં.

આમ અમેરિકા, ફ્રાન્સ, સ્વીટઝરલેન્ડ, જર્મની અને દુનિયાના બીજા દેશોના પ્રવાસીઓ અને સ્કોલરો અવાર નવાર આવતા જ હોય છે અને સમાધાન મેળવી જતા હોય છે.

જાપાની પ્રોફેસર Dr. Hidenori Kitagawa તો મુનિશ્રીની પ્રેમભરી વાણી અને અહિંસાનો સંદેશ સાંભળી મુગ્ધ બની ગયો અને હવે કાયમ મુલાકાતના એ દિવસને જીવનનો સર્વશ્રેષ્ઠ ગણી એ દિવસે પૂજ્યશ્રીને અભિનન્દનનો સંદેશો પાઠવે છે.


એક વખત પાંચેક હીપ્પીઝ આવ્યા ને ઘૂમતા ઘૂમતા પહોંચ્યા મુનિશ્રી પાસે. તેના હાલહવાલ જોઇને ઘૃણા આવે પણ મુનિશ્રીએ દયાભાવથી તેઓની એક દિવસના ખાન-પાનની વ્યવસ્થા ભક્ત પાસે કરાવી.

થોડા સમય પહેલાં એક ધનાઢ્ય અમેરિકન ભાઇ પૂજ્યશ્રીનું નામ પૂછતાં ઉપાશ્રયમાં આવ્યા. પૂજ્યશ્રી સાથે ઘણી ઘણી વાતો કરી. પૂજ્યશ્રીને મળી મંદિરનું નિરીક્ષણ કરી નીચે આવ્યા ત્યારે કોટ સંઘના પ્રમુખ શ્રી ચુનીભાઇએ પૂછ્યું 'How do you like Bombay' 'મુંબઈ કેવું લાગ્યું'. તેમણે જવાબ આપ્યો There are Two Things to be Seen in Bombay One Munishri & another is the Museum બે વસ્તુ મુંબઇમાં જોવા 'જેવી લાગી.' એક મુનિશ્રી અને બીજું મ્યુઝીયમ' આ સાંભળી મનમાં વિચાર ઉદ્‌ભવે છે કે આપણે તો કુળના સંસ્કારથી એમને ગુરુ માની પ્રશંસા કરીએ પણ આ પરદેશીઓ કે જેમને આ માર્ગનો પરિચય નથી તે પણ કેવા પ્રભાવિત થાય છે અને જીવન માટે શાશ્વત પ્રેરણા મેળવી જાય છે!

★

## જીવનની ખુમારી

વિદ્યાવાનમાં જીવનની ખુમારી જોઇએ. સુખમાં કે દુઃખમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં, સંયોગમાં કે વિયોગમાં પોતાના આત્માની અને મનની મસ્તી ન ગુમાવે તે જ અભ્યાસી, તે જ વિદ્યાવાન.



વિશ્વને

ભગવાન મહાવીરના જન્મકલ્યાણક દિને ચોપાટીના સાગરતટે મળેલ લાખોની માનવમેદનીને ઊંચા મંચથી વીરવાણી સંભળાવતા પૂ. ગુરુદેવ.

## સાગર તટે જન્મોત્સવ-૭૧

પ્રભુ મહાવીરનો જન્મદિન આવી પહોંચ્યો. આ મહોત્સવ સાગર તટે ભવ્ય રીતે ઊજવવા શ્રી દિવ્યજ્ઞાન સંઘે એક નાગરિક સમિતિ રચી. આ ઉત્સવ મુંબઇના સમગ્ર રહેવાસીઓ ઊજવે તે માટેનો પ્રારંભ થઇ ગયો. મુંબઇના કોઇ જાહેર રસ્તાઓ, શેરીઓ, આ ઉત્સવથી વંચિત ન રહે તે માટે પ્રવચનો યોજાયાં. પોસ્ટરો દીવાલે દીવાલે શોભી રહ્યાં.

ડૉ. દીવગીના સંચાલન નીચે મુનિશ્રીના સાનિધ્યમાં મુંબઈના ઇતિહાસમાં અપૂર્વ કહી શકાય એવી વિરાટ સભા ચોપાટીના સાગર તટે ચૈત્ર સુદ ૧૩ તા. ૨૪-૪-૬૪ના રોજ મળી હતી. આ સભામાં મુખ્ય મંચ પર મુનિરાજો, ગૃહપ્રધાન શ્રી બી. દેશાઇ, નગરપતિ ડૉ. દીવગી, કલકત્તાથી આવેલ દાનવીર શ્રી સોહનલાલજી દુગડ, દિવ્ય જ્ઞાન સંઘના પ્રમુખ શ્રી માણેકલાલ ચુનિલાલ, સર મણીલાલ નાણાવટી, ઉદ્યોગપતિ શ્રી શ્રેયાંસ પ્રસાદ સાહુ, શ્રી ચીમનલાલ ચકુભાઈ, શ્રી વલીમહમદ સોનાવાલા, દેશ વિદેશના કોન્સલો અને અગ્રગણ્ય આગેવાનો બિરાજ્યા હતા.

ચાર હજાર ખુરશીઓ પર સર્વ કોમના આગળ પડતા આમંત્રિત ભાઇઓ અને બહેનો બેઠાં હતાં. ત્રીસ હજાર જેટલા શ્રોતાજનો માટે ગાલીચા પાથર્યા હતા અને એક

લાખ જેટલા ભાઇ બહેનો વિશાળ રેતીના પટ પર બેસી જન્મ કલ્યાણક ઊજવી રહ્યા હતાં.

એક તરફ સાગર ઘૂઘવાટા મારી રહ્યો હતો, બીજી તરફ માનવસાગર હિલોળા લઇ રહ્યો હતો. સભાનો પ્રારંભ મુનિશ્રીની મૈત્રીભાવની પ્રાર્થનાથી થયો.

આ પ્રસંગે શ્રી સોહનલાલજી દુગડે આ વિરાટ દૃશ્ય જોઇ પોતાનો આનંદ વ્યકત કરતાં રૂા. ૧૦૦૦૦) દસ હજાર, હરિજનોના ઉધ્ધાર માટે મુંબઈના મેયરશ્રીને આપ્યા હતા અને દસ હજાર દિવ્ય જ્ઞાન સંઘની પ્રવૃત્તિઓને વિકસાવવા આપ્યા હતા.

મુંબઇના ગૃહપ્રધાન, શ્રી એસ. પી. જૈન, શ્રી ડો. દિવગી, શ્રી માણેકલાલ ચુનિલાલ વગેરેનાં વકતવ્યો થયાં હતાં.

ડો. દિવગીએ જણાવ્યું કે "મારા પુરોગામી શ્રી બંદૂકવાલા અને હું પૂજ્ય મુનિશ્રીના ખૂબજ ઋણી છીએ. મુનિશ્રી અવિચળ શ્રધ્ધાથી અહિંસાના સિધ્ધાંતો જનસમાજ જીવનમાં વણી લે તે માટે ભારે પ્રયાસો કરી રહ્યા છે આપણે સૌ તેમને પગલે ચાલીએ તો જરૂર વિશ્વમાં શક્તિ આવે." શ્રી મહાવીરના જયનાદ સાથે સભા વિખરાઈ.

* * *

મુનિશ્રીને દૂર દૂરના શહેરોમાંથી અંધજનોની સંસ્થાઓમાંથી પ્રેરણા મેળવવા પત્રો આવવા લાગ્યા. અને તેમના પુસ્તકોની માંગ થઈ. અંધ લોકોને પણ તેમનાં પુસ્તકોમાંથી જીવન દર્શન મળે તે ભાવથી



મુનિશ્રીએ 'બ્રેઈલલિપિ' માં એ પુસ્તક કરાવી નયન વિહોણા ભાઇ બહેનોને મોકલ્યાં.

મુનિશ્રી પરાંઓમાં પધાર્યા. ખારમાં અહિંસા હોલમાં પંજાબ બ્રામિ સમાજ તરફથી 'માનવ જીવનમાં અહિંસાનું સ્થાન' એ વિષય પર પ્રવચન આપ્યું.

શાંતાક્રુઝમાં 'જીવન એક ઉપાસના' અને 'અમરતાના પંથે' પ્રવચન આપ્યું. વિલેપાર્લે શ્રી સરલા સર્જનમાં ૪–૬–૬૪ ના રોજ 'આપણું ધ્યેય' એ વિષય પર પ્રવચન આપ્યું. નાણાવટી હોસ્પીટલમાં ડોકટરો અને દર્દીઓને માંગલિક સંભળાવ્યું.

માહીમ શ્રી આદીશ્વર મહારાજના સંઘ તરફથી ૧૦–૬–૬૪ના રોજ 'માનવ જીવન કા મૂલ્ય' એ વિષે હિન્દીમાં પ્રવચન આપ્યું.

★

**ચારિત્રની કેળવણી**

જ્યારે વિદ્યાર્થીઓને એમ લાગશે કે ચારિત્ર એ અમારું જીવન છે, આશા એ અમારો પ્રાણ છે, જીવનની શુધ્ધતા એ અમારું સર્વસ્વ છે—ત્યારે લોકો એમની કેળવણીને વખાણશે; ત્યારે એ પ્રશંસાને પાત્ર બનશે.

## ચાતુર્માસ પ્રવેશ–૭ર

મુનિશ્રી પાયધુની પધાર્યા ૧૯–૬–૬૪ ના રોજ મુનિશ્રીનો ચાતુર્માસ પ્રવેશ કોટ શાંતિનાથના ઉપાશ્રયમાં થવાનો હતો. મુંબઈ અને કોટના ભાઈ બહેનોનાં ભકિત ભાવ અને ઉલ્લાસ અવર્ણનીય હતાં. પ્રભાત ઊગ્યું અને પ્રવેશ યાત્રામાં હજારો ભાઇ બહેનો ઊમટી આવ્યાં મુંબઈના આગેવાનો, દિવ્ય જ્ઞાન સંઘના સભ્યો, કોટના આગેવાનો બધા વહેલા વહેલા આવી પહોંચ્યા હતા.

લોંકાગચ્છના ટ્રસ્ટીઓની વિનંતિને માન આપીને ચાતુર્માસ પ્રવેશ તે સ્થળેથી રાખ્યો હતો. લોકાંગચ્છના કોટના ઉપાશ્રયમાં માંગલિક કર્યું ત્યાં તો કોટનો વિશાળ સમુદાય વાજતે ગાજતે સ્વાગત કરવા આવ્યો. રસ્તામાં ગહૂંલીઓ થઈ, રૂપિયાના સાથિયા પૂરાયા. સોનારૂપાનાં ફૂલે મુનિશ્રીને વધાવ્યા. આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં મુનિશ્રીએ મંગળ પ્રવેશ કર્યો. જયનાદોથી વાતાવરણ ગુંજી ઊઠયું.

આજે કોટનો ઉપાશ્રય હજારો ભાઈબહેનોથી ઊભરાઈ રહ્યો હતો. પણ અસીમ શાંતિ પથરાઈ રહી હતી. મુનિશ્રીએ મુંબઈમાં એક એવો પ્રભાવ પાડયો છે કે તેમનાં પ્રવચનો ઉપાશ્રયમાં હોય કે સભાગૃહોમાં હોય, બિરલા માતુશ્રીમાં હોય કે રોકસી થીએટરમાં હોય, જાહેર માર્ગોપર હોય કે



ચોપાટીના સાગર તટે હોય–એક ટાંકણી પડે તો સંભળાય એવી અપૂર્વ શાંતિ પ્રસરેલી હોય.

મુનિશ્રીએ આ ચાતુર્માસમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું વાંચન શરૂ કર્યું અને દિવસે દિવસે નાનામોટા બધા રસપૂર્વક સાંભળવા લાગ્યા.

તા. ૨૮–૬–૬૪ના રોજ કોટના ઉપાશ્રયમાં શ્રી આધ્યાત્મક જ્ઞાનપ્રસારક વર્ગ તરફથી શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનો ૩૯ મો સ્વર્ગારોહણ દિન ઊજવાયો.

તેવી જ રીતે તા. ૧૨–૭–૬૬ ના રોજ 'જ્ઞાન એ તૃતીય લોચન' એ વિષય પર વિદ્યાર્થી સંમેલનમાં પ્રેરક પ્રવચન આપ્યું હતું.

તા. ૨૦–૭–૬૪ ના દિવસે ગોડીજીમાં પૂ. આચાર્ય પ્રવર શ્રીમદ વિજયલાવણ્યસૂરિજીના સ્વર્ગવાસ નિમિત્તે મુનિશ્રીએ એમના વ્યાકરણ સંશોધન અને સાહિત્યના કાર્યને શ્રધ્ધાંજલિ આપી હતી. તથા શાન્તિસ્નાત્ર યોજાયું હતું.

★

### પ્રકાશ ને અંધકાર

સ્નેહ એ તલવાર છે; એ જ મારે છે અને એ જ તારે છે. પ્રશસ્ત રાગ રક્ષક બને છે; અપ્રશસ્ત રાગ ભક્ષક બને છે.

## અભયનો ઢંઢેરો-૭૩

મુંબઈમાં પ્રવેશતાં મુનિશ્રીના અંતરમાં અભયદાનની પ્રબળ ભાવના જાગી હતી. તે પછીના ભગીરથ પ્રયત્નોથી શ્રી મહાવીર જન્મ દિવસે એક દિવસ સમગ્ર કતલખાનાં બંધ રહ્યાં, પણ મુનિશ્રી તો અહિંસાનો ધ્વજ લહેરાવવાનાં સ્વપ્નો સેવતા હતા. મહાવીર જન્મ દિન ઉપરાંત કર્મયોગી શ્રી કૃષ્ણ, એકપત્નીવ્રતી શ્રીરામ, કરુણામૂર્તિ બુધ્ધ, છત્રપતિ શ્રી શિવાજીના જન્મદિને અને સત્યાગ્રહી ગાંધીજીના જન્મ અને સ્વર્ગવાસ દિને અને સંવત્સરીના પવિત્ર દિને પણ જીવોને અભય કેમ ન મળે એ માટેનું મંથન મુનિશ્રીના મનમાં સતત ચાલતું હતું.

મુનિશ્રીને પોતાનાં તપ, ત્યાગ અને સંયમની સાધના પર વિશ્વાસ હતો. અભયદાનના આ કાર્ય માટે અડગ અને અચલ આત્મશ્રદ્ધા હતી.

આ માટે જબ્બર આંદોલન શરું કર્યું. દરેક જ્ઞાતિઓ ને સમાજના આગેવાનોનો સંપર્ક સાધ્યો. પ્રવચનોની હારમાળા ગોઠવી. ગલીએ ગલીએ અને શેરીએ શેરીએ હિન્દુ, મુસ્લીમ, ઇસાઈ, પારસી, શીખ કે હરિજન ભાઇઓને પોતાની ભાવનાનો ખ્યાલ આપ્યો. આ કામ મુશ્કેલ તો હતું પણ હજારો જીવોને અભયદાન આપવાની ભાવના પાછળ આત્મબળનું તેજ પણ હતું.



આઠ આઠ દિવસનો ઠરાવ કોર્પોરેશન પાસે કરાવવો તે ઘણું જ મુશ્કેલ હતું. મુસ્લીમ બિરાદરો, કસાઇ ભાઇઓ અને કોર્પોરેટરોનાં મનનું પરિવર્તન કરવાનું હતું. જે મુસ્લીમ મેયર અને કસાઈ ભાઇઓનાં હૃદય એક દિવસ માટે જીતી લીધાં હતાં, તેમનાં હવે આ આઠ દિવસ માટે પ્રેમભરી વાણીથી ભીના ભીના કરવાની તમન્ના હતી. મુનિશ્રીએ આ કઠિન કામને સરળ બનાવવા બધા જ પ્રયત્નો આદર્યા. હિંસાના મુખ્ય ધામ માહીમ અને વાંદરામાં કસાઈ ભાઇઓ અને માછીમારોના આવાસમાં પહોંચી પ્રવચન ગોઠવ્યું. કસાઇઓના આગેવાન શ્રી મહમદભાઇને બોલાવ્યા. તેમની સાથે વાતો કરી. ત્યારે તેણે કહ્યું: "જો માંસ ખાનારા ઘટે તો અમે કયાંથી હત્યા કરવાના હતા? તેમ છતાં આપની ભાવના ફળે તો અમે રાજી થઇશું."


મુનિશ્રી મુંબઈ પધાર્યા. સર્વધર્મના આગેવાનોની એક નાગરિક સમિતિ બનાવી અને એક પ્રતિનિધિમંડળ સાથે મુનિશ્રી સુધરાઈના સભાગૃહમાં પહોંચ્યા. તેમણે કરુણાભીની વાણીથી સમજાવ્યા. પવિત્ર ગણાતા આઠ દિવસોમાં કતલખાનાં બંધ રાખી હજારો મૂંગા પ્રાણીઓ પ્રત્યે કરુણા વહાવવાની માગણી કરી.

એઓશ્રીએ આ શુભ ભાવનાને યશસ્વી બનાવવા ઘણી રાત્રિઓ અને દિવસો ચિંતન અને સાધનામાં ગાળ્યાં હતાં. શ્રી જૈન શ્વે કોન્ફરન્સ તથા ભારત જૈન મહામંડળ આદિ અનેક સંસ્થાઓના આગેવાનોને પ્રેરણા આપી. પત્રો લખાવ્યાં.

આ ઠરાવે કમીટી અને સબ કમીટીમાં થોડો ખળભળાટ મચાવ્યો હતો. ઘણી વખત સભા મોકુફ રાખવી પડી હતી. કેટલાક મુસ્લીમ સભ્યો સભા ત્યાગ કરી ગયા હતા. ઉગ્ર ચર્ચાઓ પણ થઇ હતી. પણ છેવટે સૌના હૃદયમાં દયાનો સ્રોત વહ્યો અને મુનિશ્રીના શુભ વિચારોનું આંદોલન શુભમાં પરિણમ્યું. મુનિશ્રીની પ્રેમ શકિત સહુ કોઇના હૃદય પર કામણ કરી ગઇ.

મુંબઈના ઈતિહાસમાં એક અનેરું પ્રભાત ઊગ્યું અને એક મધ્યાહ્ને મેયર શ્રી ડૉ. દિવગી હર્ષભર્યા હૈયે આઠ આઠ દિવસનાં અભયદાનનો ઠરાવ થવાની વધાઇ લઇને કોટના ઉપાશ્રયમાં તા ૨૩–૭–૬૪ના રોજ આવ્યા. આ સમાચારથી મુનિશ્રીનું હૈયું આનંદથી વિભોર બની ગયું. શ્રી ડૉ દિવગીને તેઓએ હૃદયના ભાવથી વાસક્ષેપ સાથે મંગળ આશીર્વાદ આપ્યા અને પ્રજાનું કલ્યાણ કરવા પ્રેરણા આપી. હજારો મૂક જીવોને જીવનદાન આપવામાં પોતે નિમિત્ત રુપ બન્યા તેનો હર્ષ વ્યાપી રહ્યો. મુખ પર સંતોષપૂર્ણ હર્ષોર્મિ તરવરી રહી. તેમનાં કરુણાભર્યાં નયનોમાં હજારો પ્રાણીઓની વેદનામાં અભયના બે આંસુ ધસી આવ્યાં.

જૈન જગત અને મુંબઈની પ્રજા તો એમ જ માની બેઠાં હતાં કે આ વાત મુંબઇના ઇતિહાસમાં અશકય છે, પણ જ્યારે આઠ દિવસનો ઠરાવ પસાર થયાના સમાચાર મુંબઈની જનતાએ બીજે દિવસે છાપામાં વાંચ્યા ત્યારે આખુ મુંબઈ ચકિત થઈ ગયું. સાધના અને સિદ્ધિનું



**ધાર્મિક તહેવારો જીવમાત્રમાં આનંદનું દર્શન કરવા માટે છે કે મૂંગા પ્રાણીઓના ભક્ષણ માટે?**
વર્ષમાં આઠ ધાર્મિક તહેવારોને દિવસે કતલખાનાં બંધ રહેવાં જોઈએ, એ આદેશ લઈ મેયર ડૉ. દિવગીએ પ્રયત્ન આદર્યો અને કૉરપોરેશનમાં ઠરાવ પસાર કરાવ્યો. અભયના આ સમાચાર લઈ ડૉ. દિવગી પૂજ્યશ્રીના આશીર્વાદ લેવા હાજર થયા—તા. ૨૩-૭-૬૪

બળ કેટલું બધું છે. આત્મશ્રધ્ધા કેવો ચમત્કાર સર્જી શકે છે, તેનો ખ્યાલ આવ્યો.

આ સમાચાર વિદ્યુત્‌વેગે શહેરે શહેરમાં પહોંચી ગયા. બીજી નગર પાલિકાઓએ પોતપોતાની મર્યાદામાં રહીને શકય તેટલા દિવસો અહિંસાના ઠરાવો પસાર કરાવ્યા.

એટલું જ નહિ, આ અહિંસાનો પેગામ તો જગ્યાએ જગ્યાએ પહોંચી ગયો અને પાલનપુર, સિધ્ધપુર, રાધનપુર, વીસનગર, ભાવનગર, કચ્છ, અંબાલા વગેરે સ્થળોએ કતલખાનાં અમુક દિવસો માટે બંધ રાખવાના ઠરાવો કર્યા મુંબઇને પગલે પગલે અહિંસાનો વિજય થયો.

આ અપૂર્વ ઐતિહાસિક ઘટનાથી સારાય ભારત ભરના અહિંસા પ્રેમીઓનાં હૈયામાં કારુણ્ય ભાવની લાગણી પ્રસરી રહી. આ માટે મુનિશ્રી, મુંબઇના સંઘો અને દિવ્ય જ્ઞાનસંઘ પર અભિનંદનના તારો અને પત્રોનો વરસાદ વરસી રહ્યો.

ભાવનગરથી ચારિત્ર ચૂડામણિ શાસનદીપક પૂ' આચાર્યદેવશ્રી વિજયોદયસૂરીશ્વરજી, પંજાબથી શાંતમૂર્તિ આચાર્ય પ્રવર શ્રી સમુદ્રસૂરીશ્વરજી, પાટણથી શાસન રક્ષક પૂ. આચાર્યશ્રી પ્રેમસૂરિજી વગેરેના તરફથી આ અભયદાન અને જીવદયાના મહાન કાર્યને પત્રો અને તારોથી અભિનન્દન મળ્યાં હતા

★

## ત્રિવેણી સંગમ-૭૪

તા. ૨૬-૭-૬૪ નું મંગલ પ્રભાત નવનવા રંગ સાથે ઊગ્યું. આજે મુનિશ્રીનો જન્મદિવસ હતો. હજારો ભાવિકભક્તોએ મુનિશ્રીના આ જન્મ દિવસે દર્શન કરી પ્રેરણા મેળવી. અંતરથી એવી પ્રેમભરી પ્રાર્થના કરી કે આ મહાન તત્ત્વચિંતક જગતના રાહબર બને અને અહિંસાનો સંદેશ વિશ્વમાં પહોંચાડી જીવન ધન્ય ધન્ય બનાવે. પાંચ વર્ષ પહેલાં આ જ દિવસે અમદાવાદમાં પોતાના પિતા અને ગુરુ તપસ્વી પૂ. મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજી મહારાજ ચિરશાંતિમાં પોઢી ગયા હતા તેનાં સંસ્મરણોનો પણ આ જ દિવસ હતો.

ત્રીજો પ્રસંગ મુનિશ્રીના Fountain of Inspiration પુસ્તકનું આ જ દિને ઉદ્‌ઘાટન હતું-આ ત્રિવેણી સંગમ હતો-જન્મ, મૃત્યુ અને સર્જન.

"દિવ્ય જ્ઞાન સંઘ" નું આ પ્રથમ પ્રકાશન હતું. A drop of ink changes the world-શાહીનું એક બિન્દુ વિશ્વને બદલી શકે છે. સાહિત્યકારનો સંતોષ સર્જનમાં છે. આ પુસ્તકમાં મુનિશ્રીએ વર્ષભરનું પાથેય પીરસ્યું છે. બાવન અઠવાડિયાંના બાવન પ્રેરણાદાયક ઉત્તમોત્તમ વિચાર રત્નો કણિકાઓ રૂપે આલેખ્યા છે.

તા-૨૬-૭-૬૪ના દિવસે આ પુસ્તકનું ઉદ્‌ઘાટન મહારાષ્ટ્રના શિક્ષણ પ્રધાન શ્રી મધુકર ચૌધરીના શુભ હસ્તે થયું હતું.

તેમણે કહ્યું "આજે જે પુસ્તકનું હું ઉદ્‌ઘાટન કરી રહ્યો છું, તેની એક કોપી મારી પાસે આવી ત્યારે તો હું એ પુસ્તક વિષે અજાણ હતો. પણ જેમ જેમ હું તે વાંચતો ગયો તેમ તેમ હું પ્રભાવિત થતો ગયો. ચિંતનાત્મક વિચારોને રજૂ કરવાની મુનિશ્રીની શૈલી આકર્ષક છે. વાચક પોતાના અંતરને અજવાળી જીવનમાં લીલીછમ શીતળતા પામી શકશે. એક એક વિચાર ગૂઢ છતાં હૃદયંગમ છે અને મુનિશ્રીની સાધનાનું એ નવનીત જણાય છે. આજે મુનિશ્રીને પહેલ વહેલા જોયા અને હું પ્રભાવિત થઈ ગયો. તેમની પ્રતિભા અને મધુરી ભાષા સૌને આકર્ષે એવાં શૌમ્ય છે'

આ પુસ્તક પછી તો પરદેશમાં પહોંચ્યું. ત્યાંથી પ્રશંસાના પત્રો આવી રહ્યા છે. પુસ્તકની મધુર ભાષા, લાક્ષણિક શૈલી, ચિંતનાત્મક કણિકાઓએ યુરોપ-અમેરિકા જેવા દૂરના વાંચકોને પણ આકર્ષ્યા છે. નોર્વેનાં એક બહેને તો મુનિશ્રીનાં પુસ્તકો વાંચી એમના પર ભાવભર્યો પત્ર પણ લખ્યો હતો.

★

### અતિ પ્રશંસા

અતિ-પ્રશંસા પાપનું મૂળ બને છે. વહાલનું અતિ-પ્રદર્શન, સ્નેહની ક્યારીઓમાં ઘણી વાર વિષનું વાવેતર કરે છે.

## સર્વે સુખિનઃ સન્તુ-૭૫

શ્રી દિવ્યજ્ઞાન સંઘના ઉપક્રમે શ્રી કાનજી ખેતશીની વાડીમાં મુંબઇ નગરપાલિકાના સભ્યોને ધન્યવાદ આપવાનો એક સમારંભ તા. ૫-૮-૬૪ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મેયરશ્રી ડૉ. દિવગી, ભૂતપૂર્વ મેયર શ્રી બંદૂકવાલા અને લગભગ બધા જ કોરપોરેટરો તથા અન્ય અગ્રગણ્ય નાગરિકો ઉપસ્થિત થયા હતા. આ પ્રસંગે મુનિશ્રીએ બે શબ્દો કહેવા જોઇએ તેમ બધાની ઇચ્છા હોવાથી મુનિશ્રી થોડા સમય માટે આવ્યા હતા. તેમણે કહ્યું 'આ પ્રસંગે મૌન સહજપણે છૂટી જાય છે. હું તો આ અભયદાનનો નિમિત્ત છું. મારા અંતરમાં આ રોજ કપાતાં હજારો જીવો માટે વેદના છે. તેમની રક્ષા માટે હું શકય તેટલા બધા જ પ્રયાસો કરું છું.

મુંબઇની નગરપાલિકાના મેયર અને ભૂતપૂર્વ મેયર, બધા કોરપોરેટરો, મિત્રો અને કસાઇભાઇઓએ જે થોડો પણ સાથ આપ્યો છે તેને મારા અંતરના અભિનંદન અને આશીર્વાદ છે. સર્વે સુખીનઃસન્તુ. આ મારાં તમન્ના અને સ્વપ્ન છે." એ આશીર્વાદનાં વચનો કહી મુનિશ્રી ઉપાશ્રયે પધાર્યા. દિવ્ય જ્ઞાનસંઘ તરફથી સૌનું જલપાનથી સ્વાગત કરવામાં આવ્યું. પ્રમુખશ્રીએ અભિનંદન આપ્યાં. હારતોરા પછી અભયદાનની પ્રેરણાના પથિક મુનિશ્રીની ભાવનાને બિરદાવતા સૌ છૂટા પડયા.



૨૫-૪-૬૪ના સાંજના ચોપાટીના સાગર તટે સર્વધર્મ અહિંસા સંમેલન મળ્યું તેમાં પણ મુનિશ્રીએ અહિંસા એ વિશ્વશાંતિ માટેનો અમોઘ ઉપાય છે તેમ દર્શાવી બધાજ ધર્મોમાં રહેલ અહિંસાના સૂત્રો અને શ્લોકો ટાંકી સૌને બતાવી આપ્યું કે હિંસા કરનારા ધર્મો અને વ્યકિતઓને પણ શરણ તો અહિંસાનુંજ લેવું પડયું છે, તેજ અહિંસાનો વિજય અને પ્રભાવ સૂચવે છે."

અપંગોને જોતાં મુનિશ્રીનું હૃદય દ્રવી જાય. એવાજ એક અપંગ હિતેચ્છુ મંડળે ત્રીજી પાંજરાપોળ ગલીના રાજમાર્ગ પર તા ૧૭-૫-૬૪ના રોજ 'અપંગ જીવન' પર પ્રવચન ગોઠવ્યું હતું.

મુનિશ્રીએ અપંગ ભાઇબહેનોને સંબોધતાં કહ્યું "મિત્રો! કોઈ પૂર્વના કર્મોને લીધે તમે અપંગ થયા છો પણ તેનાથી નિરાશ થવાની જરૂર નથી. હેલન કેલરે અપંગ હોવા છતાં સાધનાથી કેવી સિદ્ધિ મેળવી હતી? તમારી અંદરની શકિતઓને ખીલવો તો તમે જેમને પૂર્ણ ઇંદ્રિયો મળી છે તેમનાથીય આગળ નીકળી જાઓ. જે ઇંદ્રિયો છે તેનો સદુપયોગ કરો. નિર્દોષ આનંદ જ્યાંથી મળે ત્યાંથી મેળવો." આ મંડળના મંત્રી કે જેઓ પણ અપંગ છે તેમણે છેલ્લે કહ્યું, 'અમને આર્થિક મદદ તો મળી રહે છે. પણ આપશ્રીની કરુણાભરી વાણી સાંભળવાની તક મળી અને આપ જેવા મહાન ચિંતક સંતનાં દર્શનની અભિલાષા આજે પૂરી થઈ છે. આપના વચનોથી અમને આત્માની સમૃદ્ધિ મળી છે."

★

## તીર્થરક્ષા–૭૬

શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં ૯–૮–૬૪ ના રોજ સત્તાવન જેટલી સંસ્થાઓના ઉપક્રમે એક વિરાટ સભા સમેતશિખર તીર્થ માટે યોજવામાં આવી હતી. આ સભામાં પૂ આચાર્ય પ્રવરો–પદસ્થો, મુનિવરો અને અગ્રગણ્ય આગેવાનોની મોટી હાજરી હતી. પૂ. આચાર્યોએ પોતપોતાનાં વકતવ્યો કર્યા પછી પ્રેરક વાણીમાં મુનિશ્રીએ કહ્યું : "આપણો પરમપ્રિય સમેતશિખર પહાડ આપણા હાથથી ઝૂંટવાઈ ગયો છે. અને તે વાતને ચાર માસનો સારો એવો સમય પણ વ્યતીત થઈ ગયો છે. આપણે મોડા પડયા છીએ પણ જાગ્યા ત્યારથી સવાર એમ માની આપણે હવે આંદોલન કરવું જોઈએ. કાયદો લઘુમતિના હક્કનો સંહારક ન જ હોઈ શકે. એમ હોય તો તે ફરવો જ જોઈએ. ધન કરતાં ત્યાગ વધુ કામ કરી જાય છે. આપણે જાણીએ છીએ હઝરતના એક 'બાલ' પાછળ કેટલી ઝૂંબેશ જાગી અને 'બાલ' પાછો આવી ગયો. આપણી સંસ્કૃતિ ધર્મ ભાવના પર રચાયેલી છે. સત્તા પણ તેની આગળ નમી પડે છે. આ તીર્થરક્ષાનું પવિત્ર કાર્ય છે. આપણે પ્રમાદ ન સેવવો જોઈએ. આપણો આજનો ઉત્સાહ જો એક જ દિવસ પૂરતો ને સભા પૂરતો જ રહે તો કામ નહિ થાય. તેની પાછળ સતત આંદોલન ચાલુ રાખવું જોઈએ. જરૂર પડે તો શાંત



સત્યાગ્રહ પણ કરી શકાય. ત્યાગ, ભોગ અને તીર્થભકિતની શકિત અજબ છે. કોઈપણ ભોગે સરકાર હસ્તક ગયેલું આ તીર્થ આપણે હસ્તગત કરવું જોઈએ. સૌ જાગે અને તીર્થ રક્ષાના કાર્યમાં કટીબદ્ધ થઈ આંદોલન ચાલુ રાખે તો સફળતા આપણી જ છે."

પૂ. મુનિશ્રીના વિચારો સાથે પૂ. આચાર્યશ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ પૂરા સંમત થયા અને તે વિચારોનું સમર્થન કર્યું અને અમુક ઠરાવો પછી સભાનું વિસર્જન થયું અને તીર્થરક્ષાની પ્રવૃત્તિ ચાલુ થઈ.

★

### જીવન–મૃત્યુ

જીવવું ઘણું ગમે છે, પણ તે આપણા હાથમાં નથી; મૃત્યુ નથી ગમતું પણ તે સન્મુખ આવવાનું જ છે. આપણે, જે નથી ગમતું તેને ગમતું કરવાનું છે; જીવનનો મોહ છોડી, મૃત્યુની મૈત્રી કરવાની છે.

## આંગણાં અજવાળ્યાં–૭૭

હરિજન ભાઇઓની વિનંતીથી તા. ૨૩–૮–૬૪ ના રોજ કામા હૉસ્પીટલના કમ્પાઉન્ડમાં શ્રાવણ માસના પવિત્ર દિવસે મુનિશ્રીએ 'માનવ અને ધર્મ' એ વિષય પર પ્રવચન આપ્યું હતું. કોલોનીનાં હરિજન ભાઇ બહેનો મુનિશ્રીને સાંભળવા એકત્રિત થયાં હતાં. તે લોકોનો આનંદ અનેરો હતો. ગુરુના સ્વાગત માટે બહેનો અને બાળાઓ સામૈયાની સામગ્રી દીપક અને ફૂલો લઇને જાહેર રસ્તા પર ભાવથી રાહ જોઈ રહી હતી. વ્યાસપીઠ ફૂલોથી શણગારી હતી. અગરબત્તી મઘમઘી રહી હતી. ગુરુદેવ પધાર્યા અને ભક્તિભાવ અને ભજનથી ઘેલાં બનેલાં હૃદયો મુનિશ્રીનો જયનાદ પોકારવા લાગ્યાં. ભક્તિ અંતરનો વિષય છે. ત્યાં જ્ઞાન–નાત–જાતનો પ્રશ્ન સ્પર્શતો નથી.

મુનિશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું, 'ભાઇઓ અને બહેનો! તમે હરિજનો છો. તમે તમારી જાતને કદી હલકી ન માનો. તમારું કામ તો સૌની સેવા છે. તમે તો સૌને ચોખ્ખા કરો છો. માણસોની ગંદકી મા ની જેમ સાફ કરનારાનો ધંધો હલકો કેમ હોઇ શકે? માનવ આજે ભાન ભૂલ્યો છે. તેણે જ આ આભડછેટ ઊભી કરી છે. માણસ ગમે તે જાતિમાં જન્મે તેનાં કામ



કેવાં છે! બ્રાહ્મણ નીચ ધંધો કરે તો તે બ્રાહ્મણ કેમ કહેવાય? જૈન ધર્મમાં મેતારજ મુનિ મેતર હતા. તેણે ત્યાગ અને સંયમથી જીવન ધન્ય બનાવ્યું. તમારામાં જે વ્યસનો છે તે તમારી બરબાદી કરે છે. પત્ની, બાળકો, માબાપનો વિચાર કરો. વ્યસનોને તિલાંજલિ આપો. ગંધાતાં મોઢાએ હરિનું ભજન ન થાય. સાચા હરિજન બનો."

મુનિશ્રીની વાણી સાંભળી બધાં ખૂબ હર્ષિત થયા. આપણાં આંગણાં સંતે પાવન કર્યાં તો આપણે પ્રતિજ્ઞા લેવી જોઇએ. ઘણા ભાઇઓએ દારૂની અને પાંચ ભાઇઓ માંસની પ્રતિજ્ઞા લીધી. મુનિશ્રીને ખૂબ આનંદ થયો.

શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની શતાબ્દિનો ઉત્સવ કોટમાં પૂ. મુનિશ્રીની નિશ્રામાં ઊજવાયો. અતિથિવિશેષ શ્રી લાલચંદ હિરાચંદ હતા અને અગ્રગણ્ય નાગરિકોથી સભા ખંડ ખીચોખીચ ભરાઈ ગયો હતો.

મુનિશ્રીએ જણાવ્યું, "એ યુગમાં શ્રી વીરચંદ ભાઇએ અદ્દભુત અને ઉત્તમ કાર્ય કર્યું હતું. ચિકાગો પરિષદમાં જૈન ધર્મના સિદ્ધાંતોની રજુઆત કરી, તેમણે અમેરિકન લોકોને જૈન દર્શન તરફ આકર્ષ્યા હતા. તે પ્રસિદ્ધિવકતાએ એ વખતે અમેરિકાના બુદ્ધિશાળી લોકો સમક્ષ જુદાં જુદાં ૫૦૦ જેટલાં વ્યાખ્યાનો આપ્યાં હતાં, એ એમની પ્રતિભા દર્શાવે છે. પણ પછી આપણો સમાજ બીજા વીરચંદ ભાઇને તૈયાર ન કરી શકયો. આજે તો જગત અહિંસાના સંદેશને ઝીલવા ચાતકની જેમ આતુર છે. આપણે વિદ્વાનો તૈયાર કરવા જોઇએ. અને દેશ પર-દેશની આવી ધર્મ પરિષદમાં ઘૂમી વળવા જોઇએ. આપણે ઘરમાં મોટી મોટી કંકોત્રીઓ કાઢી બાંગો પુકારીએ છીએ

પણ બહારની દુનિયામાં તમને કોઈ જાણતું ય નથી. ઉજજૈન જાણીતું છે એટલો જૈન જાણીતો નથી.

"તમે જાણો છો સ્વામી વિવેકાનંદ પછી તેઓશ્રીનો સંદેશ વિશ્વમાં આજે પણ પહોંચી રહ્યો છે. હજારો શિષ્યો તેમનું કામ આગળ ધપાવી રહ્યા છે. કોઈ વિદ્વાન સાધુને મોકલવામાં આવે તો પાશ્ચાત્ય દેશોમાં અહિંસાના નૈતિક બળથી વિશ્વશાંતિ સ્થાપી શકાય. ક્રાન્તિ આવી રહી છે. જૈન સમાજે હવે પરિવર્તન કરવાં પડશે, તે સિવાય અહિંસા અને અનેકાન્તવાદનો પ્રચાર અશક્ય છે. આગમો અપ્રસિદ્ધ હતાં તે આજે પ્રકાશિત થાય છે. વ્યાખ્યાનો ઉપાશ્રયમાં થતાં હતાં હવે ચોપાટી તટે થાય છે. તો સાધુઓ દૂરના દેશોમાં ધર્મપ્રચાર શા માટે ન કરે? જૈન ધર્મ જૈનો પૂરતો મર્યાદિત નથી એ તો વિશ્વધર્મ છે. નવયુગને પીછાની સંકુચિત મર્યાદાઓની દીવાલોને તોડવી જોઈએ, નહિ તો એક સમય એવો આવશે જ્યારે આપણું અસ્તિત્વ જ નહિ રહે. શ્રી વીરચંદભાઈએ ધર્મની જ્યોતને જગાવી, પણ તે ચિરાગ બૂઝાઈ ગયો. ફરી હવે ક્રાન્તિની મશાલ જગાવી ધર્મ જ્યોત પ્રગટાવીએ.

આપણી પાસે તો શાસન દીપક ન્યાયાંભોનિધિ આચાર્ય શ્રી આત્મારામજી મહારાજની દીર્ઘદૃષ્ટિનો પૂરાવો મોજૂદ છે. સો વર્ષ પહેલાં તેઓશ્રીએ વિચાર્યું કે જૈન ધર્મના સિધ્ધાંતોનો પ્રચાર દેશ-પરદેશમાં થવો જરૂરી છે નહિ તો જૈન ધર્મ વીસરાઈ જશે. સવી જીવ કરું શાસન રસિક, એવી પ્રબળ ભાવના તમારામાં જાગો એ શુભેચ્છા."

★

## જીવન પાથેય-૭૮

શ્રી જૈન ધાર્મિક શિક્ષણસંઘ તરફથી કોલેજ અને શાળાનાં બાળકોની વકતૃત્વ હરીફાઈ કોટમાં ૩૦-૮-૬૪ ના યોજવામાં આવી હતી. વકતૃત્વ હરીફાઈમાં ઘણા બહેન ભાઈઓએ ભાગ લીધો હતો. મુનિશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે 'આજના યુવાન યુવતીઓને આપણે ઉમદા જીવનનું સ્વપ્ન આપ્યું નથી, પ્રેરણાદાયી ધર્મકથાઓ અને ચિંતનાત્મક વિચારોવાળું સાહિત્ય જીવનને ઉચ્ચ બનાવી શકે છે. આવી હરીફાઈઓથી તેઓનું જ્ઞાન વૃધ્ધિ પામે છે. આજે જે વકતાઓએ હરીફાઈમાં ભાગ લીધો છે તે બધાએ પોતાના વિષયને સારો ન્યાય આપ્યો છે.

ઈનામ ગૌણ છે. આ નિમિત્તે થતું તે તે વિષયનું વાચન મુખ્ય છે. આ રીતે ગામેગામ હરીફાઈઓ યોજાય, શિબિરો યોજાય તો નવી પેઢીને ધર્મબોધ સાથે જીવનનું પાથેય મળે અને તેઓનું ભાવિ ઉજ્જ્વળ બની રહે.'

આ વર્ષે કોટના ઉપાશ્રયમાં ધર્મનો નવો જ રંગ અને ઉત્સાહ દેખાતો હતો. કોટના ઉપાશ્રયમાં પહેલાં નહિ થયેલી એવી આરાધના થઈ અને ધર્મપ્રભાવનાથી આખું વાતાવરણ મઘમઘી રહ્યું હતું.

વહેલી પ્રભાતે પ્રવચન સાંભળવા દૂર દૂરથી હજારો શ્રોતાઓ સ્થાન મેળવવા દોડી આવતા હતા. ઉપાશ્રયમાં નીચે ઉપર બધે જ મુનિશ્રીનું પ્રવચન સાંભળી શકાય તે માટે ધ્વનિવર્ધક યંત્રની વ્યવસ્થા હતી. પર્યુષણનાં વ્યાખ્યાનો અને 'કલ્પસૂત્ર'નું અર્થ સહિત શ્રવણ હજારો નરનારીઓ કરી શકતાં હતાં.

આ વખતનો વરઘોડો તો કોટના ઇતિહાસમાં ઐતિહાસિક બન્યો હતો. મુનિશ્રી સાથે હજારો નરનારીઓ-પ્રભુજીનો રથ અને તપસ્વીઓની મોટરો જોવા લોકો ઊમટયા હતા. મકાનના ઝરૂખા અને દુકાનો પ્રેક્ષકોથી ઊભરાઈ જતાં હતાં.

રથ યાત્રા પાછી આવી ત્યારે હજારો બહેન ભાઇઓનો સ્વામી વાત્સલ્યથી સત્કાર કર્યો હતો.

કોટના ઉપાશ્રયમાં છેલ્લાં દસેક વર્ષથી એક પંદરેક ભાઇઓનું સ્નાત્ર મંડળ ચાલે છે. ભોજક સ્નાત્ર ભણાવે અને બીજા બહેન ભાઈઓ તેમાં સાથ આપે પણ આમાં ભકિત ભાવની ઊર્મિઓ કેમ જાગે? મુનિશ્રીને આ સ્નાત્ર મંડળને નવું જીવન આપવા વિચાર આવ્યો. એક દિવસ વ્યાખ્યાનમાં જ સ્નાત્રનો મહિમા, પ્રભુજીની ભકિતમાં થતાં મનોભાવો, અને સંગીતના સાજે અંતરના તારે તારમાં ઊર્મિઓ કેવી જાગી ઊઠે છે તે સમજાવ્યું. તે દિવસથી ભાડૂતી ગવૈયાઓને સ્થાને સ્નાત્ર ભણાવનારા જ તબલા, પેટી, ખંજરી અને ઘૂઘરાથી વાતાવરણ સંગીતમય બનાવવા



લાગ્યા અને ભાઇ બહેનોની સંખ્યા વધવા લાગી અને આજે ૧૫૦ જેટલાં ભાઇ બહેનો સ્નાત્ર ભણાવે છે. હવે તો આ સ્નાત્ર મંડળને એવો રંગ અને રસ લાગ્યો છે કે તેમનું એક નાનકડું કુટુંબ હોય તેવો ભાવ ઉત્પન્ન થયો છે. આવાં મંડળો દ્વારા મૈત્રીભાવ-ભ્રાતૃભાવ અને ધર્મભાવ જાગે છે અને પ્રભુ ભકિતમાં મન મગ્ન બની જાય છે અને જીવનનું નવું દર્શન મળે છે.

★

## માયાજાળની ગૂંથણી

માનવી, ઓ માનવી! સાંભળ કે માયા એ જાળ છે; એ દેખાય છે સુંદર, પણ છે ભયંકર. એને ગૂંથવી સહેલી છે, પણ ઉકેલવી મુશ્કેલ છે. કરોળિયાની માફક તું પણ તારી રચેલી માયાજાળમાં ફસાઇ ન જા, તે માટે સાવધાન રહેજે.

## ગણેશ મહિમા ૭૯

સિકકાનગર સદાશિવ સ્ટ્રીટની ગણેશોત્સવ સમિતિની વિનંતિથી મુનિશ્રીનું વ્યાખ્યાન તા. ૧૮-૯-૬૪ ના દિવસે 'ગણેશની મહત્તા' પર યોજવામાં આવ્યું હતું.

ગણેશ રહસ્ય સમજાવતા મુનિશ્રીએ કહ્યું, 'પરંપરાની પૂજાથી શું! ગણેશનું રહસ્ય સૌએ સમજવું જોઈએ.

ગણનો અર્થ થાય છે સમુદાય અને ઈશ એટલે પતિ. ગણેશ સમાજના નેતા, ગૃહ સ્વામી, દેશ સ્વામી, સમાજ સ્વામી.

ગણેશનું પેટ મોટું છે તે દુનિયાની વાતો પચાવવા માટે દરિયા જેવું જેનું પેટ છે. તે જ ઘરનો માલિક બનવાને યોગ્ય ગણાય. આંખો ઝીણીનો અર્થ બધું સૂક્ષ્મ રીતે જોવું. તેથી વસ્તુનું હાર્દ પામી શકાય. વિશાળ કાનનો અર્થ સૌનું સાંભળવું અને પછી ન્યાય આપવો. નાક લાંબુ હોવાનો અર્થ એ કે દૂર દૂરની વાતોને પણ સૂંઘીને લેવી, સમાજની પરિસ્થિતિ જાણી તેના ઉત્કર્ષનો વિચાર કરવો તે જરૂરી છે. જે નેતા હોય તેણે ગણેશ જેવા રહેવું જોઈએ.

ગણેશનું વાહન ઉંદર છે. ગણેશ દાદા કેવડા મોટા અને તેનું વાહન ઉંદર! પણ તેનું રહસ્ય છે. અગ્રણીને નાના માણસોનું પીઠબળ હોવું જોઈએ અને એ અગ્રણી



નાનામાં નાની વ્યક્તિને માન આપે. સમાજના નેતા કેવા ઉદાર-સર્વોદયની ભાવનાવાળા હોવા જોઈએ તે ગણેશ ઉત્સવનું રહસ્ય છે.

જે. જે. હોસ્પીટલના કમ્પાઉન્ડમાં હરિજન ભાઈઓ અને બહેનો તરફથી મુનિશ્રીનું પ્રવચન તા. ૧૯-૯-૬૪ના દિવસે યોજવામાં આવ્યું હતું. "હરિજન એટલે પ્રભુનો માણસ. પ્રભુનો માણસ શું કરે? સેવા. સેવા કરનાર વ્યસની હોય તે કેમ ચાલે? તમે દારૂના વ્યસનથી તમને હલકા બનાવો છો. વ્યસન રાક્ષસ છે. જે કુટુમ્બને જ સાફ કરી નાખે છે." આ સાંભળી ઘણા ભાઈ બહેનોએ તાડી અને દારૂની પ્રતિજ્ઞા લીધી.

★

## જીવનની સાધના

માણસ જન્મે છે, જીવે છે, સાધના કરે છે અને છેલ્લે પ્રકાશને પામે છે. સાધના કર્યા વિના જે માત્ર ભોગમાં ને રોગમાંજ મરે છે, તે અજ્ઞાની છે.

## જીવનમાં સૌરભ–૮૦

મુંબઈના જૈન સમાજના ચારે ફીરકાઓ તથા શ્રી ભારત જૈન મહામંડળ તરફથી સુંદરાબાઈ હોલમાં તા. ૨૭–૯–૬૪ ના રોજ 'ક્ષમાપના દિવસ' રાખવામાં આવ્યો હતો. દરેક ફીરકાના આગેવાનો તથા ભાઈઓની સારી એવી હાજરી હતી.

મુનિશ્રીએ આ પ્રસંગે ક્ષમાપનાનું રહસ્ય અને જૈન ધર્મમાં પ્રાણીમાત્ર પ્રત્યેનો મૈત્રિભાવ દર્શાવતા કહ્યું : 'આજના ક્ષમાપનાના દિવસે સૌ આત્મનિરીક્ષણ કરી નાના મોટા સાથે અવિનય થયો હોય કે મન–વચનથી દુઃખ લગાડયું હોય તેની હૃદયપૂર્વક ક્ષમા માગવી એમાં જ આત્મશુદ્ધિ છે. ક્ષમાપના એ જગતને મહામૂલી ભેટ છે.'

શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં તા. ૨–૧૦–૬૪ ના રોજ 'આજના યુગમાં વિદ્યાર્થીનું સ્થાન' એ વિષે મુનિશ્રીનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. મુનિશ્રીની વાણી સાંભળવા વિદ્યાર્થીઓ સવારથી આતુરતા સેવી રહ્યા હતા. મુનિશ્રીએ કહ્યું. 'વિદ્યાર્થી મિત્રો ! આ તમારા જીવનના સોનેરી દિવસો છે. જીવનનું ઘડતર અને ચણતર કરવાની આ તક છે. આજના જીવન પર ભવિષ્યનાં મંડાણ છે."



'તમારી જવાબદારી ઘણી મોટી છે. યુવાન રાષ્ટ્રના ઘડવૈયા છે. તમારામાં સુષુપ્ત શકિતઓ છે તેને બહાર લાવો, કીચડમાંથી કમળ બહાર આવે તેમ ઉપર આવો, તમારાં સેવા કાર્યની સૌરભ વિશ્વમાં પ્રિય થશે.'

ભારતીય સંસ્કૃતિ સંરક્ષણ સમિતિ તરફથી તા. ૨૬–૧૦–૬૪ના રોજ સુંદરાબાઈ હોલમાં એક જાહેર પ્રવચન યોજવામાં આવ્યું હતું.

શ્રી ચિન્મયાનંદજી પણ પોતાના વિચારો રજૂ કરવાના હતા. મુનિશ્રીએ ભારતીય સંસ્કૃતિની મહત્તા, સંસ્કૃતિના મૂળ સિદ્ધાંતો–અહિંસા, કર્મયોગ, પ્રાણીમૈત્રી અને અધ્યાત્મ દર્શન વિષે મનનીય વિચારો રજૂ કર્યા હતા.

★

### પ્રભુ-સ્મરણ

માણસ સુખના સમયમાં જેટલી તીવ્રતાથી પ્રભુસ્મરણ નથી કરતો, એટલી તીવ્રતાથી એ દુઃખમાં હોય ત્યારે કરે છે.

## ગૌરક્ષા-૮૧

શ્રી અખિલ ભારતીય ગૌરક્ષા પરિષદના ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૭-૧૧-૬૪ના રોજ પ્રમુખસ્થાનેથી મુનિશ્રીએ ભગવાન ભુવનના વિશાળ હોલમાં વિશાળ માનવ સમાજ સમક્ષ પ્રવચન આપ્યું હતું.

"ગૌમાતાને ઘણા ખરા લોકો ભૂલી ગયા છે. ગાયની પૂજા કરાય છે, પણ પળાતી નથી. મોટર માટે જગ્યા છે પણ ગાય માટે નથી. ગાયના દૂધમાં-દહીંમાં છાશમાં માખણ અને ઘીમાં જે શકિત સાથે શુદ્ધિ છે, વીટામીનનાં તત્ત્વો છે તે ભેંસના દૂધમાં નથી. આ દેશમાં શિબિરાજ-મેઘરથ-જેવાએ શરણે આવેલા કબૂતરને બચાવવા પોતાના પ્રાણ હોડમાં મૂકયા હતા. આપણે વાતો ગૌરક્ષાની કરીએ. પણ તમને ચામડાં, ચરબી અને હિંસક દવાઓ વિના ચાલતું નથી. બાળકોમાં હિંસાનાં બી ન રોપાય તે જોતાં રહેવું જોઇએ.

ભારતની કરોડોની જનતાના જીવનનો આધાર દૂધ છાશ છે. ગાય એ ખરેખર માતા છે. તે દૂધ આપે છે, બળદો આપે છે, ખેતી દ્વારા અન્ન ઉત્પન્ન થાય છે, ગોમૂત્ર અને છાણ પણ ઉપયોગી છે. ગૌવધ અટકાવવા સંકલ્પ અને સંગઠનની જરૂર છે. એમ નહિ થાય તો હિંસકવૃત્તિ



અને હિંસક વેપાર ભારતમાં વધી જશે આપણે તો સર્વ પ્રાણીઓની હિંસા અટકાવવી છે પણ શરુઆત ગાયથી થાય છે. કારણ કે તેનો ઉપકાર માનવ ઉપર અસીમ છે. પણ તેથી બીજા જીવો પ્રત્યે ઉપેક્ષા કરવાની નથી."

★

## અહિંસા

અહિંસા એ તૃષિતને જળ પાતિ સરિતા છે, વિખૂટાં હૈયાંઓને જોડનાર સેતુ છે, જગતને સૌરભથી પ્રફુલ્લિત કરનાર ગુલાબનું ફૂલ છે, મધુર સંગીતથી પ્રમુદિત કરતી વસંતની કોકિલા છે. આ અહિંસા જ વિશ્વશાન્તિનો અમોઘ ઉપાય છે.

## વિહાર અને વિદાય-૮૨

મુનિશ્રીના ચાતુર્માસના પરિવર્તન માટે જુદા જુદા ગૃહસ્થોની આગ્રહભરી વિનંતિઓ હોવા છતાં શ્રી લીનુભાઈ અને સૌ. મૃદુલાબહેન બેંકરની વિનંતિને માન્ય રાખી તેમને ત્યાં પધાર્યા હતા. તેઓ જૈન ન હોવા છતાં જૈન ધર્મના સંસ્કાર, વ્રતો અને આરાધના કરે છે તે પ્રશંસનીય છે. મૃદુલાબહેનનાં ઘણા વર્ષો અમેરિકામાં ગયાં હોવાં છતાં અઠ્ઠમની તપશ્ચર્યા-આયંબિલની આરાધના કરી શકે છે તે મુનિશ્રીની હૃદયસ્પર્શી વાણીનો પ્રભાવ છે.

પૂર્ણિમાના પ્રભાતે વિહાર કર્યો ત્યારે સેંકડો ભાઈ બહેનો માંગલિક સાંભળવા હાજર હતાં. ગુરુદેવ સાથે ચાલતા તપસ્વીઓએ તપશ્ચર્યાના પારણાં શ્રી હાથીભાઈ ગલાલને ત્યાં કર્યાં. શ્રી હાથીભાઈ તથા સૌ. શ્રી ચંદનબહેને સૌનું ભકિતભાવથી સ્વાગત કર્યું. અહીંથી શ્રી સુપાર્શ્વનાથ દહેરાસર પધારતાં શ્રી લીનુભાઈ, સૌ. મૃદુલાબહેને તથા સેંકડો ભાઈ બહેનોએ મુનિશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું. મુનિશ્રી "કેપરીમાં" પધાર્યાં. સાચા નન્દાવર્તથી સ્વાગત કર્યું. કેપરી કમ્પાઉન્ડને શણગારવામાં આવ્યું હતું. જૈન સમાજના અગ્રગણ્ય આગેવાનો તથા અધિકારીઓ, શ્રી કલેકટર, શ્રી કમીશનર-વકીલો-ડોકટરો વગેરેથી મંડપ માનવોનું મંદિર બની ગયો હતો. મુનિશ્રીએ મૈત્રીભાવના મધુર કાવ્ય પછી



પ્રવચનમાં જણાવ્યું કે, આજનો દિવસ એ જાણે મંગળ ત્રિવેણી જેવો છે. મુનિરાજાનો વિહાર, શત્રુંજય તીર્થનીયાત્રા અને કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યની જયંતી.

આચાર્યશ્રીએ મહાન ગ્રંથો આપી શારદાની પ્રતિષ્ઠા ઘડી છે. આપણે આ ત્રિવેણી મંગળમાં સ્નાન કરી જીવન ધન્ય બનાવીએ.

શ્રી લીનુભાઈએ સાધર્મિક ભક્તિ અને શ્રીફળની પ્રભાવના કરી.

બીજે દિવસે ચંદ્રલોકના રહેવાસીઓની વિનંતીથી માનવ મંદિરમાં પ્રવચન આપ્યું. બાણગંગાના રહેવાસીઓ તરફથી ત્રીજે દિવસે 'જાગો અને જુઓ' ઉપર પ્રવચન આપ્યું. લાડુની પ્રભાવના થઈ. ચોથે દિવસે 'પ્રકાશ'ના ભાઈ બહેનો તરફથી 'આપણો વારસો' એ વિષય પર વિશાળ કમ્પાઉન્ડમાં બાંધેલ મંડળમાં પ્રવચન રાખ્યું હતું.

પાંચમું પ્રવચન શ્રી તુલસીદાસ જગજીવનદાસની વિનંતિથી માનવ મંદિરમાં રાખ્યું. શ્રીફળની પ્રભાવના થઈ. રાત્રે મુંબઈના કવિઓનો એક વિશિષ્ટ ભક્તિગીતોનો કાર્યક્રમ રાખ્યો હતો. કોટના સંઘનો આગ્રહ હોવાથી મૌન એકાદશી કરાવવા મુનિશ્રી કોટના ઉપાશ્રયે પધાર્યા હતા.

★

### લગ્નનું જોડાણ

લગ્ન એટલે બે આત્માઓના વિચારોનું જોડાણ. સાથીના દષ્ટિબિન્દુને સહૃદયતાપૂર્વક જાણવાની ઉલ્લાસમય પ્રણયભાવના હોય તો જ લગ્ન સાર્થક થાય.

## દિવ્ય જ્ઞાન સંઘ–૮૩

મુનિશ્રીના પ્રવચન માટે ઉપાશ્રયો હવે નાનાં પડવા લાગ્યાં. સભાગૃહો પણ ઊભરાવા લાગ્યાં તેથી ભકતજનોને લાગ્યું કે મુનિશ્રીની પ્રવૃત્તિઓ અને મહાન કાર્યો દિન પર દિન વધતાં અને વિકસતાં જાય છે તે માટે એક સંસ્થાનું સર્જન થાય તે ઇષ્ટ છે. આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા શહેરની નામાંકિત વ્યકિતઓએ 'દિવ્ય જ્ઞાન સંઘ' નામની સંસ્થાની ૨–૧૨–૬૪ના રોજ શુભ સ્થાપના કરી.

આ દિવ્ય જ્ઞાન સંઘનો ઉદ્દેશ સંકુચિત મર્યાદિત વાડાઓ ઊભા કરવા માટે નથી, પરંતુ તત્ત્વજ્ઞાનનાં ઉચ્ચ કોટિનાં પુસ્તકોનું પ્રકાશન કરવું, મુનિશ્રી ચંદ્રપ્રભસાગરની ચિંતનાત્મક પુસ્તિકાઓ પ્રગટ કરવી, જનતાને 'દિવ્યદીપ' માસિક દ્વારા જીવનના નવનવા પ્રેરણાત્મક વિચારો આપવા, અહિંસાના પ્રચાર માટે સંમેલનો યોજવાં, માનવ માનવ પ્રત્યે ભ્રાતૃભાવની વૃદ્ધિ કરવા પ્રયાસો કરવા, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાઓમાં ધર્મસંદેશ ઊતારી વિશ્વમાં વહેતો કરવો, જ્ઞાનગંગાનાં દ્વાર સૌ કોઇને માટે ખુલ્લાં કરવાં અને યુવાન–યુવતીઓના માનસને જીવનનો સાચો રાહ બતાવવાના પ્રયાસો કરવા. આ ઉદ્દેશોની પૂર્તિ માટે યથાશકય પ્રયાસો કરવાની ભાવનાથી 'દિવ્ય જ્ઞાન સંઘ' મુંબઇમાં છેલ્લા પાંચ પાંચ વર્ષોથી મુનિશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન નીચે કાર્ય કરી રહેલ છે.

★

## ટેલિવીઝન પર જૈન દર્શન–૮૪

માગશર શુદ ૧૦નો દિવસ હતો. આજે એક આનંદજનક અને રસપ્રદ બનાવ બન્યો. જૈન ધર્મના ઇતિહાસમાં પહેલોજ હશે. મુનિશ્રીનું નામ પૂછતાં પૂછતાં ઈંગ્લાંડની બ્રીટીશ બ્રોડકાસ્ટિંગ કંપની (B. B. C.) જે ત્યાંનું રેડિયો અને ટેલીવીઝનનું સંચાલન કરે છે, તેના અધિકારીઓ કોટના ઉપાશ્રયે આવ્યા. તેઓ મુનિશ્રીને મળ્યા અને વિનંતિ કરી કે અમારે સાધુનો નિત્યક્રમ અને જૈન ધર્મના તત્ત્વજ્ઞાનને ટેલિવિઝન પર ઉતારવાં છે. આપશ્રી તે માટે રજા આપો અને યોગ્ય માર્ગદર્શન આપો. આ જૈન ધર્મને જગતના ચોકમાં મૂકવાનો અનેરો પ્રસંગ હતો. મુનિશ્રીએ તેઓને ૧૫–૧૨–૬૪ના દિવસનો નવ વાગ્યાનો સમય આપ્યો. બી. બી. સી. ના અધિકારીઓ અને તેના નિષ્ણાતો સાધનો સાથે બરાબર નવ વાગ્યે આવી ગયા.

એ દિવસે મૌન એકાદશી હતી. પ્રવચન સભા શ્રોતાઓથી ચિક્કાર હતી. તેઓએ પ્રવચન સભાનું દશ્ય ઝીલી લીધું. પછી વાસક્ષેપ માટે આવતા જતા ભાઇ બહેનોનું દશ્ય લીધું. એ પછી ગોચરીનું અને બપોરના મુનિશ્રીના દૈનિક કાર્યક્રમ અને માનવ હિતને લગતી પ્રવૃત્તિઓનાં દશ્યોની ફિલ્મો લીધી. એ પછી વિશ્વ સમક્ષ મૂકવા માટે ભગવાન મહાવીરનો સંદેશ મુનિશ્રીએ

અંગ્રેજીમાં સંભળાવ્યો. તેનું ટેપ રેકોર્ડિંગ કરી લીધું. આ ઉપરાંત મુનિશ્રીએ તેઓને પાલીતાણા, ગિરનાર, આબુ, રાણકપુર, કલકત્તા, સમેતશિખર, પાવાપુરી અને શ્રવણ બેલ્ગોલા અને મૂળબદ્રી જેવા ઐતિહાસિક તીર્થ ધામોની ટી. વી. ફીલ્મ ઉતારવા માર્ગ દર્શન આપ્યું.

એના પરિણામે જ યુરોપભરના કરોડો માણસોએ ટેલીવિઝન પર જૈન ધર્મની મહત્તા, સાધુઓના આચાર, મહાવીર સ્વામીનો સંદેશ અને જૈન તીર્થધામોની બેનમૂન શિલ્પકળાનું ઘેર બેઠા દર્શન કર્યું.

અને હમણાં જ પૂર્વ આફ્રિકાના મોમ્બાસાના શ્રી મેઘજીભાઈ સોજપાળ ધનાણીનો મુનિશ્રી પર પત્ર હતો કે લંડનમાં આ બધાં દૃશ્યો સાથે મેં આપને ટેલિવિઝન પર જોયા ત્યારે હું ચકિત થઈ ગયો. તેમણે તો એ પત્રમાં પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીને પૂર્વ આફ્રિકાના ૩૦૦૦૦) ત્રીશ હજાર જૈનોને જૈન ધર્મ–જૈન તત્ત્વજ્ઞાન, જૈન દર્શનનો બોધ આપવા પૂર્વ આફ્રિકા પધારવા વિનંતિ પણ કરી હતી.

★

### ભવ્ય ભાવના

આ આભૂષણો તો ભાર છે. આ દેહ અલંકારોથી નહિ, પણ આચરણથી શોભે છે. આ દેહની માટીને, આવી ખાણની માટીથી મઢવા કરતાં, ભવ્ય ભાવનાથી મઢી દઈએ તો કેવું સારું!

## જીવન માધુર્ય–૮૫

હરિજન સમાજ તરફથી જે. જે. હૉસ્પીટલના પ્રાંગણમાં તા. ૧–૧–૬૫ના રોજ મુનિશ્રીનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. કામા હૉસ્પીટલના કમ્પાઉન્ડના હરિજનોએ જે લાભ અને પ્રતિજ્ઞા લીધાં હતાં તેનો પ્રચાર અહીં સુધી પહોંચ્યો હતો. એક હરિજન બાળાએ "મૈત્રી ભાવનુ" ગીત ગાયું અને સૌ આશ્ચર્ય પામી ગયાં.

ત્યાંથી દાદર પધારી તા. ૧૦–૧–૬૫ના રોજ મુનિશ્રીએ "સંગનો રંગ" ઉપર મનનીય પ્રવચન આપ્યું. સોમવારના પણ દાદરમાં રજા હોવાથી "જીવનની દુર્લભતા" વિષે પ્રવચન આપ્યું હતું.

લોઅર પરેલના ભાઈઓની ઘણા વખતની વિનંતિને માન આપી મુનિશ્રીએ ૧૮–૧–૬૫ના રોજ "મનુષ્ય જીવનની મહત્તા" પર પ્રવચન આપ્યું હતું. કાર્યકરોએ વિશાળ મંડપ આકર્ષક રીતે ઊભો કર્યો હતો. પાંચ હજાર જેટલા જૈન જૈનેતર ભાઈ બહેનો મુનિશ્રીને સાંભળવા ઊમટી આવ્યાં હતાં. સ્વયંસેવકોની વ્યવસ્થા સુંદર હતી. ધ્વનિવર્ધક યંત્રની પણ વ્યવસ્થા હતી. મુનિશ્રીએ મનનીય પ્રવચન આપ્યું. અને હજારો હૈયાંઓએ સાંભળી શીતળતા અનુભવી હતી અને ઘર દહેરાસર કરવાનો સંકલ્પ કર્યો.

તા. ૨૦-૧-૬૫ના મુનિશ્રી માટુંગા પધાર્યા. અહીં "વિકાસના અનુપમ સાધનો" વિષે પાંચ દિવસની સળંગ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી હતી. સળંગ વ્યાખ્યાન સાંભળી શકાય તે દૃષ્ટિએ દૂરદૂરથી ઘણા ભાઈબહેનો સમયસર પ્રવચન સાંભળવા આવી પહોંચતાં હતાં. કેટલાક ભાઈ બહેનોએ તો આ વ્યાખ્યાનમાળાની સળંગ નોંધ ઉતારી લીધી હતી.

કીંગ સર્કલ મોતીબાગના બાઈબહેનો તરફથી તા. ૨૪-૧-૬૫ ના રોજ તેમના વિશાળ પ્લૉટમાં 'જીવનજ્યોત' ઉપર પ્રવચન રાખવામાં આવ્યું હતું.

૨૬-૧-૬૫ના રોજ, 'ગુજરાતી કેળવણી મંડળ' તરફથી શ્રી અમુલખ અમીચંદ વિદ્યાલયમાં એક પ્રવચન યોજાયું હતું. માટુંગાના કચ્છી ભાઈઓનો આગ્રહ હતો કે અમારે આપશ્રીનાં પ્રવચનોનો લાભ લેવો જ છે. ઘાટકોપર કાર્યક્રમો નક્કી થઈ ગયા હતા એટલે છેલ્લા દિવસે સવારના ૭-૮ પહેલું વ્યાખ્યાન 'શ્રી ભાણુભાઈ નેણશી મહિલા વિદ્યાલય'માં, બીજું ૯-૧૦ શ્રી નારણજી શામજીની વાડીમાં અને ત્રીજું બપોરના ૪-૩૦ થી ૫-૩૦ 'ગુજરાતી સેવા સમાજ'નાં વિશાળ ચોગાનમાં એમ એક દિવસમાં ત્રણ ત્રણ સ્થળોએ પ્રવચનો આપીને મુનિશ્રીએ સૌને સંતોષ આપવા પ્રયત્ન કર્યો હતો.

તા. ૨૯-૧-૬૫ના મુનિશ્રી ચેમ્બુર પધાર્યા. અહીંના નૂતન જિનાલયનાં દર્શન કરીને ઉપધાન કરી રહેલા ભાઈ



બહેનોને ઉપદેશના બે બોલ કહીને પૂ. આચાર્ય પ્રવર શ્રી વિજયધર્મસૂરીશ્વરજી સાથે જ્ઞાનગોષ્ટિ કરી ૯-૧૫ વાગતા ઘાટકોપર પહોંચી માંગલિક સંભળાવ્યું. અહીં ત્રણ દિવસ સ્થિરતા દરમિયાન લોકોએ ઘણો સુંદર લાભ લીધો હતો. જનતાની માગને લીધે ભાનુશાળી વાડીમાં બપોરના પ્રવચન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે લગભગ ૩૦૦૦ ભાઈબહેનોએ "જીવનનું માધુર્ય" વિષે સુંદર પ્રવચન સાંભળી પ્રેરણા મેળવી હતી.

★

## સમષ્ટિનો સ્નેહ

વ્યક્તિગત સ્નેહ એક આકર્ષણ છે, મોહનો ચમકાર છે, દિલની ઊછળતી લાગણીઓની ઉપરછલ્લી ભૂખ છે; સમષ્ટિગત સ્નેહ આત્માની ભૂખને તૃપ્ત કરે છે, માણસને ઉચકે છે, ઉપર ને ઉપર લઈ જાય છે.

## સર્વોદયનો સંદેશ-૮૬

મુનિશ્રી ઘાટકોપર હતા. ઇલીનોઈસ યુનિવર્સિટિ અમેરિકાના પ્રાધ્યાપક ડૉ. જેમ્સ વ્હાઈટ હર્સ્ટ 'દુનિયાના ધર્મો' એ વિષય લઈ, સંશોધન કરીને PH.D. થયા છે અને ઈલીનોઇસ વિદ્યાપીઠમાં તત્ત્વજ્ઞાનના પ્રોફેસર છે. વિદ્યાપીઠના નિયમ પ્રમાણે પાંચ વર્ષનાં અધ્યાપન પછી તેમને એક વર્ષ વિશ્વનું પર્યટણ કરવાનું હોય છે. પર્યટણ કરતાં કરતાં તેઓ મુંબઈ આવ્યા હતા. તેમણે મુંબઈમાં મુનિશ્રીની વિદ્વત્તા વિષે સાંભળ્યું હતું અને મુનિશ્રીને મળવા તે છેક ઘાટકોપર સુધી આવ્યા. એક કલાક સુધી વિશિષ્ટ તત્ત્વજ્ઞાન અંગે ચર્ચા કરી, પછીથી તેમણે માગણી કરી કે આ પ્રશ્નોત્તરી મને આપના જ શબ્દો અને અવાજમાં જોઈએ છે કે જેથી હું ટેપરેકોર્ડિંગ કરીને લઈ જઈશ અને અમારા વિદ્યાર્થીઓને આપના જ શબ્દોમાં સંભળાવીશ. જતાં જતાં વંદન કરીને તેમણે અમેરિકા પધારવા અને તેઓને આધ્યાત્મિક જ્ઞાન આપી નવું જીવનદર્શન આપવા વિનંતિ કરી.

મહા શુદ ૧ ના રોજ ભાંડુપ તરફ વિહાર કરતાં જાણીતા ઉદ્યોગપતિ અને એ વખતના ધારાસભ્ય શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીની વિનંતિથી તેમની અશોક મિલમાં પોણો કલાક વ્યાખ્યાન રાખવામાં



આવ્યું હતું. એ સમયે તેમની મિલના સ્ટાફ તથા મજૂરોને તેટલા વખતની રજા આપી હતી. પૂજ્યશ્રીએ હિંદીમાં મજૂરભાઈઓ સમજી શકે તેવું મનનીય વ્યાખ્યાન આપ્યું હતું.

ભાંડુપ પહોંચ્યા ત્યારે બપોર થઈ ગયા છતાં લોકોનો ઉત્સાહ માતો નહોતો. અહીં પણ સમયના અભાવે દિવસનાં ત્રણ ત્રણ વ્યાખ્યાનો રાખવાં પડયાં હતાં. મુનિશ્રી મુલુંડ પધાર્યા. અહીં સંઘે સુંદર સ્વાગત કર્યું. અહીં મુનિશ્રીના ત્રણ વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં.

તા. ૫-૨-૬૫ ના રોજ મુલુંડની હાઈસ્કૂલના પ્રિન્સિપાલની વિનંતિ માન્ય રાખીને શાળાના વિદ્યાર્થીઓ સમક્ષ વિદ્યાર્થીજીવનને અનુરૂપ પ્રવચન તેમની અનોખી શૈલીમાં આપીને સુંદર માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગની ખુશાલીમાં મુલુંડ સંઘના વયોવૃદ્ધ પ્રમુખ શ્રી હરગોવિંદદાસ રામજીભાઈએ દરેક શિક્ષકોને મુનિશ્રીની પુસ્તિકા 'Fountain of Inspiration' ભેટ આપી હતી.

છેલ્લા દિવસે ૭-૨-૬૫ ના રોજ મુંબઈ અને પરાંઓમાંથી આવેલ વિશાળ સમુદાય સમક્ષ 'સાધના અને સિદ્ધિ' વિષય પર અત્યંત ચિંતનમય પ્રવચન આપીને સૌને એવા તો મુગ્ધ કર્યાં હતાં કે ત્યાંના પ્રમુખશ્રી તથા બ્રિહ્નપી શ્રી રાણબાઈબહેને અર્ધો કલાક વધુ રોકાવાની દર્દભરી વિનંતિ કરીને પ્રવચનની પૂર્ણાહુતી થંભાવી દીધી હતી.

આખરે મુનિશ્રીએ બપોરના મળેલા સર્વોદય સંમેલનમાં પ્રવચન આપ્યું હતું. આ સંમેલનમાં દેશભરમાંથી

સર્વોદયના લગભગ ૪૦૦ જેટલા પ્રતિનિધિઓ આવ્યાં હતાં. ઉપરાંત શ્રી દાદા ધર્માધિકારી, શ્રી કાકા સાહેબ કાલેલકર, શ્રી ગણપતિશંકર દેસાઈ વગેરે કાર્યવાહકો પધારેલા. આ પ્રસંગે સર્વોદય સંમેલનમાં પ્રવચન આપતાં મુનિશ્રીએ જણાવ્યું કે 'સર્વોદયના ધ્યેય પાછળ જે મહાનુભાવોએ પોતાના જીવનનું સર્વસ્વ અર્પણ કર્યું છે એઓશ્રીની ઉપસ્થિતિમાં બોલવાનો આ બીજો કે ત્રીજો પ્રસંગ છે. મારું ધ્યેય અહિંસા-પ્રચાર છે. સર્વોદયનું ધ્યેય પણ અહિંસા દ્વારા સૌના ઉદયનું છે. આપણી ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા અહિંસા છે. હિંસા કરવાવાળા પણ અહિંસાની પ્રતિષ્ઠા કરતા આવ્યા છે. એ જ અહિંસાનો વિજય છે. ગાંધીજીએ અહિંસાની જગતને ભેટ આપી છે. વિનોબાજી પણ સર્વોદયની કલ્યાણ કામનાથી ભારતભરમાં પદયાત્રા કરી રહ્યા છે. સર્વોદયની ભાવના માત્રથી કામ નહિ ચાલે, પણ સર્વોદયનાં કામો થવાં જોઈએ. દુઃખી, દર્દી, અનાથ, બેકાર લોકોના ઉત્કર્ષ માટે સક્રિય કામ કર્યા સિવાય નહિ ચાલે.

વિનોબાજીની સાધના અસીમ છે. તેમનાં તપથી આજે હિંદભરમાં ખૂબ જોરશોરથી કામ થઈ રહ્યાં છે પણ દિલ્હી અને રાજ્યોને હજી પણ જગાડવાં પડશે અને કરોડોની યોજના કરતાં સર્વોદય દ્વારા સાચું કાર્ય થશે ત્યારે અહિંસાનો સંદેશ જગતમાં પહોંચી વિશ્વશાંતિ સર્જી શકશે"

★

## માનવતાનાં મૂલ્ય-૮૭

મધ્ય રેલ્વે તરફનાં મુંબઇનાં મુખ્ય પરાંઓને પોતાનાં પ્રવચનોનો લાભ આપી, મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રી તથા મુનિશ્રી બળભદ્રસાગરજીએ ૧૨-૨-૬૫ના રોજ પશ્ચિમ રેલ્વેનાં પરાંઓ તરફ વિહાર શરૂ કર્યો. માર્ગમાં તેઓશ્રીની પ્રેરણાથી સ્થપાયેલ "દિવ્ય જ્ઞાન સંઘ"ના મંત્રી તથા 'દિવ્ય દીપ'ના તંત્રી શ્રી ચંદુલાલ ટી. શાહ જેઓ પૂ. મહારાજશ્રીના ચોવીસ ચોવીસ વર્ષના જૂના ભક્ત અને નિકટના અંતેવાસી છે, તેમના વિલેપાર્લેમાં આવેલ "કુમકુમ" બંગલામાં એક દિવસની સ્થિરતા કરી હતી. અહીં બપોરના ત્રણથી છ સુધી પ્રશ્નોત્તર તથા જ્ઞાન-ગોષ્ટિ ગોઠવવામાં આવેલ જેમાં સારી સંખ્યામાં ભાઇ બહેનોએ લાભ લીધો હતો.

તા. ૧૩-૨-૬૫ના રોજ સાંતાક્રુઝ પધાર્યા. સવારે ૭-૩૦ વાગે ખારમાં શ્રી મગનલાલ માણેકલાલ પ્યુપીલ્સ ઓન સ્કૂલના પ્રીન્સીપાલની વિનંતિથી હજારથી બારસો વિદ્યાર્થીઓ સમક્ષ સુંદર મનનીય પ્રવચન આપીને પ્રેરણા આપી હતી. પ્રીન્સીપાલ શ્રી મધુસૂદનભાઇએ હર્ષ અને આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

સાંતાક્રુઝમાં ૯-૧૫ વાગે ઉપાશ્રયમાં બીજું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

આ વ્યાખ્યાનના સમયે જુદા જુદા ત્રણ આચાર્યોનાં શિષ્યગણનું મિલન થયું હતું. પરમ પૂજ્ય આચાર્ય પ્રવર શ્રી સિદ્ધિસૂરિદાદાના પ્રશિષ્ય પં. શ્રી વિબુધવિજયજી આદિ ઠાણા ૩, પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીના શિષ્ય મુનિશ્રી કૈલાસવિજયજી આદિ ઠાણા બે તથા પૂ. આચાર્ય પ્રવર શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજીના શિષ્યો પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રવિજયજી તથા પૂ. શ્રી માણેકવિજયજી આદિ મુનિવરોએ એક જ પાટ પર બેસી એકતાની ભાવના પ્રદર્શિત કરી હતી. આ દૃશ્ય અનેરું અને હૃદયંગમ બની ગયું હતું. હાજર રહેલા સેંકડો ભાઇ બહેનોનાં હૃદયો માટે આ ઐક્યતાનું દૃશ્ય અને સંગઠનની ભાવનાના અનહદ પ્રેરણારૂપ હતાં.

બીજા દિવસે રવિવારે તા. ૧૪-૨-૬૫ મુનિશ્રીનું જાહેર પ્રવચન અહીંની પ્રખ્યાત પોદાર હાઇસ્કૂલનાં વિશાળ ચોગાનમાં રાખવામાં આવ્યું હતું. લગભગ બે થી અઢી હજાર જેટલા ભાઈબહેનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે સુપ્રસિધ્ધ શિક્ષણશાસ્ત્રી શ્રી રામપ્રસાદભાઈ બક્ષી અને અન્ય આગેવાનો પણ ઉપસ્થિત હતા.

અહીંથી સોમવારે વરલીસંઘની વિનતિથી ત્યાંના એક સજ્જન ગૃહસ્થે પોતાનાં મકાનમાં એક નાનું સરખું સુંદર ઘર દહેરાસર કરાવ્યું હતું તેની વર્ષગાંઠના પ્રસંગ પર મુનિશ્રી પધાર્યાં. બેંડવાજાથી મુનિશ્રીનું સામૈયું કરવામાં આવ્યું. સવારના ૯-૧૫ કલાકે મુનિશ્રીએ સંપ અને એકતાના



આદર્શ ઉપર ભાર આપતું 'માનવતાનાં મૂલ્ય' એ વિષય પર પ્રવચન આપ્યું. આ પ્રવચન ત્રણ હજારની જનતાએ હર્ષ અને ઉલ્લાસથી સાંભળ્યું. ત્યાંના સંઘમાં જરા મનદુઃખ પ્રવર્તતું હતું તે કાયમને માટે દફનાઇ ગયું અને હાલનું શ્રી ઘર દહેરાસર પાંચમે માળે હોવાથી જનતાની સગવડ વધારવાની ભાવનાથી એક નાનુંશું જિન મંદિર બનાવવાનું વિચારાયું. મુનિશ્રીએ તે માટે પ્રેરણા આપી. અજબ વાણીનો પ્રભાવ પડયો. માત્ર થોડી જ મિનિટોમાં પંચાવન હજારનો ફાળો નોંધાઇ ગયો. અહીંના આગેવાનોએ અમુક સમયમાં ધારી રકમ પૂરી કરવા અમુક નિયમો લીધા. આ તો એક ચમત્કાર બની ગયો. મંદિરની કલ્પના નહોતી. ઘર દહેરાસરની વર્ષગાંઠના પ્રસંગે મુનિશ્રી પધાર્યા હતા. પણ મુનિશ્રીની પ્રેરણાભરી મધુરી વાણીથી સંઘનો સંઘર્ષ દૂર થયો અને નવા મંદિરનાં નિર્માણ માટે ભાવનાનું દર્શન થયું. આ પ્રસંગથી વરલીના સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો. અહીંથી કોટનાં દહેરાસરની વર્ષગાંઠ પ્રસંગે કોટમાં પધાર્યા.

★

## કોણ અપરાધી

અપરાધી કોણ? વધારે સંગ્રહ કરનાર ધનિક કે સંગ્રહ વિનાનો નિર્ધન?

## સંયમને માર્ગે–૮૮

ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનાં શાસનની પ્રથમ પ્રવર્તિની પુણ્યવંતી ચંદનબાળા છે. સાધ્વી સંઘની ગંગોત્રી સમાન ચંદનબાળાએ આ શાસનમાં નારી મુક્તિનાં દ્વાર ખુલ્લાં કર્યાં. આજે પણ તે ત્યાગ, તપ અને સંયમને માર્ગે અનેક વીર પુત્રીઓ પ્રયાણ કરી આત્માનું શ્રેય સાધી રહી છે.

સાધ્વીરત્ન તપસ્વિની શ્રી વસંતશ્રીજીના સાનિધ્યથી રાધનપુરનિવાસી બાળબ્રહ્મચારીણી નિર્મળાબહેન અને ગુણવંતીબહેનની જોડલીને પ્રભુ મહાવીરના પુનિતપંથે પ્રયાણ કરવાની ભાવના જાગી અને મહા વદી દશમ ને તા. ૨૫–૨–૬૫ના રોજ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરના મંગળ હસ્તે શ્રી કોટના ઉપાશ્રયમાં દીક્ષા મહોત્સવ થયો.

તેમના નિવાસસ્થાનેથી વર્ષીદાનનો વરઘોડો સવારે ૭–૩૦ વાગે ચતુર્વિધ સંઘ સાથે નીકળ્યો. રથયાત્રા પાયધુનીથી ઝવેરી બજાર, પ્રીન્સેસ સ્ટ્રીટ ને ધોબીતલાવના માર્ગે થઇ બોરીબંદર આવી. અહીં શ્રી કોટના સંઘે ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ વરઘોડા સાથે પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી, પૂ. મુનિશ્રી જીતેન્દ્રવિજયજી આદિ છ મુનિવર્યો પણ હતા. કોટના આજુબાજુના વિસ્તારોમાં ફરી વરઘોડો શ્રી શાન્તિનાથના ઉપાશ્રયે પહોંચ્યો



હતો. આ પ્રસંગે રંગબેરંગી પુષ્પોના હારોથી હૉલ સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. આજે હૉલ માનવ મેદનીથી ઉભરાઈ ગયો હતો. મહાન તત્ત્વચિંતક પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભ સાગરજીના શુભ હસ્તે દીક્ષાની ક્રિયા ૯–૩૦ કલાકે શરુ થઇ હતી. સંઘનો આનંદ ઉત્સાહ કાંઇ ઓર જ હતો. જ્યારે ગુરુદેવશ્રીએ સંયમ ધ્વજ–ઓઘો અર્પણ કર્યો ત્યારે દીક્ષાર્થી બહેનોનો આત્મા નાચી ઊઠયો અને પ્રેક્ષક વર્ગનાં દિલ ડોલી ઊઠયાં. વાતાવરણમાં વૈરાગ્ય રંગનાં છાંટણાં છંટાયાં.

લોકોનાં હૈયામાં ત્યાગના સુંદર ભાવોની ભરતી આવી. ખરેખર તે પળો અદ્‌ભુત હતી. બન્ને બહેનોને આપવાના ઓઘા મુનિશ્રીને વહોરાવવામાં આવ્યા તેનો લાભ શેઠશ્રી લાલજીભાઈ સી. કાપડિયાએ ઉછામણીના રૂા. ૨૦૦૦) બોલીને લીધો હતો.

"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું" પ્રાર્થના કર્યા પછી ગુરુદેવશ્રીએ "સંયમની સુવાસ" એ વિષય પર સુંદર શૈલીમાં હૃદયસ્પર્શી પ્રવચન આપ્યું હતું.

શ્રોતાઓએ જ્ઞાનધારાનું પાન કર્યું. પ્રભુ મહાવીરનો સત્ય પંથ સમજાતાં, ત્યાગનો મહિમા સમજાતાં અંતરમાંથી ભાવના જાગી અને અનેક બહેનોએ પોતાની શક્તિ અનુસાર અભિગ્રહ નિયમો લીધા.

નૂતન દીક્ષિત બહેનોને તપોમૂર્તિ, શાંત, સરળ સ્વભાવી વિદૂષી સાધ્વીજી વસંતશ્રીજી મહારાજનાં શિષ્યાઓ તરીકે જાહેર કરવામાં આવ્યાં.

કુમારી નિર્મળાબહેનનું નામ સાધ્વીશ્રી વારીષેણાશ્રીજી ને કુમારી ગુણવંતીબહેનનું નામ સાધ્વીશ્રી વજ્રસેનાશ્રીજી જાહેર કરવામાં આવ્યાં. સાધ્વીશ્રી વજ્રસેનાશ્રીને સાધ્વી વારિષેણાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યાં.

દીક્ષા નિમિત્તે પાયધુની ખાતેનાં શ્રી શાન્તિનાથજી જૈન દહેરાસરમાં તે જ દિવસે બપોરે બે વાગે પંચકલ્યાણકની પૂજા મરીન ડ્રાઈવની બહેનોનાં મંડળે ભણાવી હતી.

★

### જીવનની મહત્તા

જીવનની મહત્તા કાંઈ માળા, જપ, દીક્ષાનાં વર્ષો કે તપ ઉપર નથી અંકાતી, પણ એની માનસિક સાધના ઉપર અવલંબે છે.

## ઉદ્‌ઘાટન સમારંભ–૮૯

શ્રી માર્કવીંસ વુડલેન્ડ કેલર એક અમેરિકન કરોડપતિ છે. દુનિયાભરમાં શાકાહારીપણાનો (અન્નાહાર) પ્રચાર કરનારી સંસ્થા 'વર્લ્ડ વેજીટેરીયન યુનીયન'ના પ્રમુખ છે. તે તાજેતરમાં મુંબઈ આવ્યા હતા. શ્રી કેલરને જૈન ધર્મના સત્ય અને અહિંસાના આદર્શો પ્રત્યે અત્યંત આદર હોઈને, જૈન ધર્મના તેઓ ખાસ પ્રશંસક બન્યા છે.

શ્રી શાંતિનાથજી મંદિરમાં તા. ૨૮–૩–૬૫ને રવિવારના રોજ સવારે ૯–૩૦ કલાકે ઉપાશ્રયના વિશાળ હૉલમાં મુનિશ્રી ચિત્રભાનુજીએ લખેલ અને દિવ્ય જ્ઞાનસંઘે પ્રકાશિત કરવા નિરધારેલ તેમના બીજા અંગ્રેજી પુસ્તક 'Bondage & Freedom'નું ઉદ્‌ઘાટન શ્રી વુડલેન્ડ કેલરના શુભ હસ્તે થયું ત્યારે ઉપાશ્રયના હૉલમાં ઉલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું હતું.

આ પ્રસંગે બે હજાર જેટલા આમંત્રિત ભાઈ બહેનોની હાજરી હતી. આ ઉત્સવ જૈન જગતના ઈતિહાસમાં કેવો અનુપમ અને ગૌરવભર્યો હતો તે હાજર રહેલ બહેન ભાઈઓએ જોયું અને ખૂબ જ હર્ષિત થયાં.

મુંબઈની શ્રી જીવદયા મંડળીના ઉપપ્રમુખ શ્રી મગનભાઈ દોશી જેઓશ્રી વુડલેન્ડ કેલરના અંગત

પરિચયમાં આવ્યા છે, તેમણે તેમનો પરિચય આપતાં જણાવ્યું કે શ્રી કેલરે પોતાના જીવનમાં અહિંસાને વણી લીધી છે, પતિપત્ની બન્ને શાકાહારી તો છે પણ તેમના પત્ની બિમાર પડી ગયા ત્યારે ડૉકટરોની સલાહ ન સ્વીકારતાં ફકત ગરમ પાણીથી ૨૧ દિવસના આપણા ઉપવાસ કરાવ્યા અને તેમની તંદુરસ્તી સુધારી–આવા છે તેમના જૈન ધર્મના આચારો.

શ્રી મગનભાઇએ મુનિશ્રીને માટે બોલતાં જણાવ્યું કે 'જયારથી મુનિશ્રી મુંબઇમાં પધાર્યા છે ત્યારથી સમાજ અને ધર્મની ઉન્નતિની દિશામાં અનન્ય પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરીને અહિંસા ધર્મનો ધ્વજ લહેરાવ્યો છે. આઠ આઠ દિવસના કતલખાનાં બંધ કરાવીને મુંબઇના ઇતિહાસમાં એક સોનેરી પાનું ઉમેર્યું છે. હજુ તો તેઓશ્રીનાં સ્વપ્નાંઓ ઘણાં ઘણાં છે. મુંબઇની પ્રજામાં જાગૃતિનાં પૂર રેલાવી સમાજની કાયાપલટ કરવા ભારે પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. આવતી કાલનો ઇતિહાસ જ તેનું મૂલ્યાંકન કરશે.

દિવ્ય જ્ઞાન સંઘના પ્રમુખશ્રી દાનવારિધિ શ્રી માણેકલાલ ચુનિલાલે જણાવ્યું કે 'આ મુનિશ્રીનું અંગ્રેજી બીજું પુષ્પ છે. એ નાનકડી પુસ્તિકા પણ ચિંતનથી સભર છે. જેની શૈલી અને ભાષા મુગ્ધ કરે તેવાં છે.

શ્રી વુડલેન્ડના હસ્તે આ ઉદ્‌ઘાટન થાય છે તેમાં પણ મને કુદરતનો સંકેત લાગે છે. મને લાગે છે કે મુનિશ્રીના વિચારોનો પ્રચાર દૂર દૂર દરિયા પાર આવા



પુરુષો દ્વારા જ થશે. હું શ્રી વુડલેન્ડ કેલરને આ પુષ્પનું ઉદ્‌ઘાટન કરવા વિનંતિ કરું છું." શ્રી માણેકલાલભાઇએ ચંદનના ફૂલહારથી અતિથિ વીશેષનું સ્વાગત કર્યું. ઉદ્‌ઘાટન કરતાં પહેલાં શ્રી વુડલેન્ડ કેલરે પુસ્તકનું પૂજન વાસક્ષેપથી કર્યું. જયારે શ્રી વુડલેન્ડ કેલરે આ 'Bondage & Freedom' નું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે સભાજનોના હર્ષનાદથી ઉપાશ્રય ગુંજી ઊઠયો. આનંદની લહેર લહેરાણી. આ પ્રસંગે તેમણે અત્યંત મનનીય પ્રવચન કર્યું હતું.

છેવટે દિવ્યજ્ઞાન સંઘના એક માનદ મંત્રી શ્રી ચંદુલાલ ટી. શાહે આભાર વિધિ કર્યો હતો.

★

**મુકિત–મહાલય**

તમારી સુષુપ્ત, ગુપ્ત શકિતઓને પ્રગટાવો. એ વડે પછી તમે આત્માનો અંધકાર ભેદી શકશો. કૈવલ્ય જયોત પ્રગટાવી શકશો, આઝાદ બની મુકિત–મહાલયમાં મહાલી શકશો.

## અહિંસા મૂર્તિનો જન્મોત્સવ-૯૦

શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયના મેનેજીંગ ટ્રસ્ટીઓની વિનંતિથી મુનિશ્રીએ તા. ૨૯-૩-૬૫ ફાગણ વદી ૧૨ સોમવારના રોજથી "આત્મ સમૃદ્ધિનાં શિખરો" વિષે પ્રવચનમાળામાં મનનીય વ્યાખ્યાનો આપ્યાં હતાં.

બૃહદ મુંબઇ સ્નાત્ર મહામંડળના આશ્રય હેઠળ મંગળવાર તા. ૧૩-૪-૬૫ના રોજ ૯-૩૦ વાગે શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયના હૉલમાં પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક નિમિતે ભવ્ય સ્નાત્ર મહોત્સવ મુનિશ્રી ચિત્રભાનુ મહારાજના સાનિધ્યમાં ઘણા જ ઉલ્લાસ પૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાઇ બહેનોની હાજરીથી ઉપાશ્રય હૉલ ઊભરાઇ રહ્યો હતો. સ્નાત્ર મહામંડળના પ્રમુખ શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ પ્રસંગ પ્રસંગ પર સ્નાત્રમાં ભાવ વધે તે રીતે મનનીય પ્રવચન આપતા હતા. સ્નાત્રની મહત્તા અને પ્રભુનો જન્મોત્સવ છપ્પન દિગ્કુમારીઓ તથા ચોસઠ ઈંદ્રો કેવી ભવ્ય રીતે ઉજવે છે, તે તેઓશ્રીએ સુંદર શૈલીમાં સમજાવ્યું હતું. શ્રી ગોડીજી પાઠશાળાની બહેનોએ ચૌદ સ્વપ્નો તેમજ છપ્પન દિગ્કુમારીઓનો સુંદર અભિનય કર્યો હતો. શ્રી હિંમતસિંજી ચૌહાણે ઈંદ્રસિંહાસનથી શરુ કરી પ્રભુના જન્મોત્સવ સુધીનો ઈંદ્ર તરીકેનો ઘણો જ ભવ્ય અને આકર્ષક અભિનય ભારત



નાટય શૈલીમાં કરી બતાવ્યો હતો. સુઘોષા વગાડવાના નૃત્યે તથા ન્હાના બાળકોનાં દાંડિયારાસના સ્ફૂર્તિભર્યા પ્રયોગે અજબ રંગ જમાવ્યો હતો. ધી યંગમેન્સ વોલંટીયર કોરના સ્વયંસેવક ભાઇઓએ સુંદર વ્યવસ્થા જાળવી હતી. બપોરે બે વાગે ભાવ અને ભકિતના ઉલ્લાસમય વાતાવરણમાં સ્નાત્ર મહોત્સવ પૂર્ણ થયો હતો.

મુંબઇના ઇતિહાસમાં અપૂર્વ કહી શકાય એવી વિરાટ સભા તા. ૧૩-૪-૬૫ના મંગળવારની સાંજના છ વાગે ચોપાટીના સાગર તટે પ્રભુ મહાવીરનો જન્મ કલ્યાણક ઉત્સવ ઉજવવા મળી હતી.

દિવ્ય જ્ઞાન સંઘ પ્રેરિત મુંબઈના સર્વ કોમના આગેવાન પ્રતિનિધિઓની બનેલી નાગરિક સમિતિ તરફથી આ વિરાટ સભા યોજવામાં આવી હતી. આ નાગરિક સમિતિના ચેરમેન નગરપતિ શ્રી એમ. માધવન હતા. સભાના પ્રમુખસ્થાને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી વસંતરાય પી. નાયક હતા. અતિથિવિશેષ મહારાષ્ટ્ર વિધાન સભાના અધ્યક્ષ શ્રી વી. એસ. પાગે હતા.

મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની પ્રેરણાથી મળેલી આ લાખ લાખ માનવીઓની મેદનીને જોતાં માણસોના હૃદય ગજગજ ઊછળતાં હતાં.

પ્રભુ મહાવીરના અહિંસા ધર્મની આ એક અવર્ણનીય ગૌરવ ગાથા હતી.

શરુઆતમાં તપસ્વિની સાધ્વીશ્રી વસંતશ્રીજીએ મંગલાચરણ કર્યું હતું. પ્રસિદ્ધ સંગીતજ્ઞ શ્રી મધુબાલા

ઝવેરીએ 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું' પ્રાર્થના ગીત ગાયું હતું.

મહાસતી શ્રી ચંદ્રશ્રીજીએ ભગવાન મહાવીરના ગુણગાન વર્ણવી અહિંસાના સંદેશને ઝીલવા અનુરોધ કર્યો હતો.

મુખ્ય પ્રધાન શ્રી વી. પી. નાયક પધારતાં જૈન સ્વયંસેવક મંડળના યુવાનોએ બેન્ડથી સ્વાગત કર્યું હતું. તેઓશ્રી અને અતિથિ વિશેષ શ્રી પાગેએ જુદા જુદા પિંજરાઓમાં પૂરાયેલાં અનેક કબૂતર, પોપટ આદિ પંખીઓને બંધનથી મુક્ત કર્યાં હતાં.

નગરપતિ શ્રી માધવને અંગ્રેજીમાં પ્રભુ મહાવીરને શ્રદ્ધાંજલિ અર્પતાં જણાવ્યું કે 'સત્ય અને અહિંસાના ફીરસ્તા પ્રભુ મહાવીરને હું હાર્દિક વંદન કરુ છું. પ્રભુ મહાવીર એ માનવજાત માટે એક પ્રેરણાના સ્રોત હતા. એમના જીવનનો પ્રકાશ આપણા હૃદયમાં આવે અને માનવી માત્રનું કલ્યાણ સાધવાની ભાવના પ્રગટે તે માટે આપણી નગરી જન્મદિન ઊજવી રહી છે.'

પારસી ધર્મના વડા શ્રી દસ્તુરજી દાબુએ કહ્યું કે "ભગવાન મહાવીર કેવળ ભારતના નહિ પણ જગતના પણ મહાન તારણહાર છે. માનવીઓ ત્રસ્ત થઈ જાય છે. અધર્મ ફેલાય છે, ત્યારે આવા દિવ્ય વીરો પ્રગટે છે, ભગવાન મહાવીરે આત્માનું સાચું રાજ્ય સ્થાપ્યું અને



મન–વચન અને કર્મની હિંસા તેમ જ પશુ હિંસા ટાળવાનો મહાન સંદેશ આપ્યો."

વિધાન પરિષદના અધ્યક્ષશ્રી પાગેએ પોતાની વિદ્વતા ભરી લાક્ષણિક શૈલીમાં મરાઠીમાં બોલતાં જણાવ્યું કે :– "અઢી હજાર વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે પોતાના ત્યાગ–તપશ્ચર્યા અને સત્યાચરણવડે એવો મહાન પ્રભાવ પાડયો જેનાં અનેક વિશાળ પરિણામો ભારતમાં નીપજ્યાં હતાં. ભગવાન મહાવીરે તો અહિંસાને વ્યવહારમાં–જીવનમાં ઉતારી સામાજિકરૂપ આપ્યું અને જગતમાં આ અહિંસાએ ચમત્કારો સર્જ્યા છે.

મુનિશ્રીએ રાષ્ટ્રભાષામાં વિરાટ સભાને સંબોધતાં જણાવ્યું કે :–

"તુષાતુર માણસ જેમ પાણી માટે પ્રાર્થના કરે અને પાણી મળે તેમ પ્રકાશ માટે પ્રાર્થના કરતી માર્ગ ભૂલેલી માનવજાતને પ્રભુ મહાવીર મળ્યા. યુદ્ધો ચાલતાં હતાં, યજ્ઞોમાં પશુઓનો હોમ થતો હતો. વૈશ્યો ધનોપાર્જન પાછળ અને વિલાસમાં ડૂબ્યા હતા. શૂદ્રો ગુલામીમાં સબડતા હતા. જગતને પ્રકાશની જરૂર હતી. મહાવીર ઇશ્વરમાંથી માનવ નથી બન્યા પણ માનવમાંથી ઇશ્વર બન્યા છે. મહાવીર કોઇ પંથ કે સંપ્રદાય સ્થાપવા નહોતા આવ્યા. તેમની દીર્ઘ તપશ્ચર્યા, સાધના, જીવન શુદ્ધિના હેતુ હતાં. એટલે જ તેમનો અહિંસાનો સંદેશ આજે જગતના ખંડે ખંડમાં પહોંચી રહ્યો છે. તે તો પ્રકાશના પ્રતીક હતા. અહિંસા, અનેકાન્તવાદ અને અપ-

વિગ્રહની ભેટ આપીને જગતના જીવોને નવો રાહ આપ્યો છે.

અમારું કામ નવનવા સમાજ કલ્યાણના વિચારો મૂકવાનું છે, તેને મૂર્તિમંત કરવાનું કામ માનનીય સત્તાધીશોનું છે. તમે જાણો છો કે પહેલે વર્ષે એક દિવસ કતલખાનું બંધ રાખવાના વિચારોને આપણા ભૂતપૂર્વ મેયર શ્રી ઈસાક ભાઈએ આકાર આપ્યો.

બીજે વર્ષે આઠ આઠ દિવસ કતલખાનાં બંધ રાખવાનો વિચાર મૂકયો તો કૉર્પોરેટરોની સહાયથી બીજા વર્ષના મેયર ડૉ. શ્રી દિવગીએ એને આકાર આપ્યો.

આજ તો આનંદનો વિષય છે કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનશ્રી, વિધાન પરિષદના અધ્યક્ષશ્રી અને નગરપતિશ્રી એમ ત્રિવેણીસંગમ થયો છે. આમના હાથથી અહિંસાનાં કાર્યોમાં વધારો થાય અને પેલાં મૂંગા જીવોના આશીર્વાદ સૌના જીવનને નવપલ્પવિત બનાવે એ જ મહેચ્છા."

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી વસંતરાવ નાયકે સભાને સંબોધતાં જણાવ્યું કે 'ભારત પાસે ધન કે સમૃદ્ધિ નથી પરંતુ માનવતાની સમૃદ્ધિ તો કેવળ ભારતમાં જ છે. આ માનવતાની સમૃદ્ધિ ભગવાન મહાવીર જેવા નરોત્તમ પુરુષોનાં પ્રતાપે સર્જાઇ છે. ભૌતિક લાભોમાં રત રહેવાને બદલે આધ્યાત્મિક ઉન્નતિમાં રત રહેવાનો શ્રી મહાવીરે ઉપદેશ આપ્યો હતો.

આ મહાન વિભૂતિએ માનવોને ઉંચે લાવવા રાજપાટનો ત્યાગ કર્યો, તપશ્ચર્યા કરી કેવળ જ્ઞાન મેળવ્યું અને



જનતાને માનવધર્મ શીખવવા ભારતમાં પરિભ્રમણ કર્યું. એમનો ઉપદેશ આજે પણ જીવંત છે. મુંબઇના ઇતિહાસમાં આજનો દિવસ મહામૂલો છે. ભગવાન મહાવીરની જયંતિ મુંબઇની પચરંગી પ્રજા આ સાગર તટે ઊજવે એનો યશ પૂજ્ય મુનિશ્રીને જાય છે. એમના જેવા સંતની હાજરી એને માટે ગૌરવની વાત છે. હું એવી અભિલાષા વ્યકત કરું છું કે, ભગવાન મહાવીર આપણને એવી બુદ્ધિ અને શકિત આપે કે જેથી આપણે માનવતાની સેવા કરી શકીએ અને દેશની શકિત બઢાવી શકીએ.'' દિલ્હીથી પધારેલ લાલા ઘનશ્યામજીએ પ્રભુ જીવનની ઝાંખી કાવ્યમાં કરાવી શ્રોતાઓને ડોલાવી મૂકયા હતા. અંતે નાગરિક સમિતિના પ્રમુખ શ્રી માધવને શ્રી વી. પી. નાયકને ચંદનનો હાર પહેરાવ્યો. શ્રી સી. ટી. શાહે એમ. માધવનને અને મગનલાલ પી. દોશીએ, વી. એસ. પાગે અને શેઠ માણેકલાલ ચુનિલાલને ફૂલહાર કર્યાં. આભાર દર્શન અને પ્રાર્થનાનાં મધુર સૂરો સાથે સમારોહ પૂર્ણ થયો.

★

### સંયમનું કલ્પવૃક્ષ

સયંમી માનવી ભલે સંસારનો ત્યાગી ન પણ હોય, છતાં સંસારમાં રહી, કુકર્મોથી બચી, પોતાનું ને બીજાનું કલ્યાણ સાધી શકે છે; પોતાની જાત માટે અને જનતાને માટે કલ્પવૃક્ષ બની શકે છે.

## અંતરખોજ-૯૧

વેદાન્ત સત્સંગમંડળ અને ગીતા સોસાયટીના કાર્યકરો શ્રી હરકિશનદાસ અગ્રવાલ અને શ્રી હરિભાઈ ડ્રેસવાલા આદિ આગેવાનોની વિનંતિને માન આપી મુનિશ્રીએ એક પ્રવચનમાળા તા. ૧૯-૪-૬૫ સોમવારથી ૨૫-૪-૬૫ સુધી પ્રેમકુટિરનાં વિશાળ હોલમાં શરૂ કરી.

આ પ્રવચનમાળા હિન્દીભાષામાં અપાતી હોવાથી સેંકડો સીંધી પંજાબી, નિવૃત જજો, વકીલો, ડૉકટરો અનેક આગળ પડતા માણસોએ શ્રવણનો લાભ લીધો હતો. સવારના સાડા સાતથી સાડા આઠનો રમણીય સમય હોવાથી એ નિર્મળ પ્રભાતના ગુલાબી વાતાવરણમાં જીવ, જગત અને પરમાત્માના વિષયોનું નિરૂપણ થતું હતું. આ જીવ કંકરમાંથી શંકર, જીવમાંથી શિવ અને આત્મામાંથી પરમાત્મા કઈ રીતે અને કયા સાધનથી બની શકે તેનું સુંદર વિવેચન, વિચારણા આ પ્રવચન સ્વાધ્યયમાં થયાં.

આ પ્રવચન માળામાં શ્રોતાઓને ખૂબ રસ પડયો. શ્રી અગ્રવાલજીએ કહ્યું કે મુનિશ્રીએ તો ઉપદેશના અમૃતથી આપણા આત્માને નિર્મળ અને સ્વચ્છ કરવા સતત જ્ઞાન ધારાનાં નીર વહાવ્યાં છે. એ તો માતા જેવા કરુણામય છે. માતાની જેમ મુનિશ્રીએ ચિંતન દ્વારા શાસ્ત્રોમાંથી સાર તત્ત્વ આપણને આપ્યો છે.



આ જ્ઞાન સમાં પ્રશ્નોત્તરીમાં મુનિશ્રીએ આધ્યાત્મિક ચિંતનની સ્મરણીય જ્ઞાનગોષ્ઠિ કરી હતી. જેનાથી પ્રભાતનું વાતાવરણ ચિંતનથી સભર બની જતું હતું.

વદ દસમના દિવસે મુનિશ્રીએ પ્રવચનને બદલે મૌન દ્વારા સ્વમાં નિમગ્ન બની ચિંતન કરવાનો આદેશ આપ્યો. આ દિવસે સૌને સમાધિની શાન્તિ મળી, પ્રકાશની એ ક્ષણો અપૂર્વ હતી.

જીવનમાં આવી ઘડી પ્રાપ્ત થવી એ પણ પુણ્યનો પ્રતાપ છે. શ્રી નંદલાલભાઈ ઠક્કર સાક્ષર અને વિદ્વાન છે. તેમનો અનુભવ રજૂ કરવાનું મન થઇ જાય છે: 'અંતરની ઓળખ અને સ્વાધ્યાયનો મારો અનુભવ શબ્દોમાં નહિ રજૂ કરી શકાય. સ્વસ્થ ચિત્તે તેઓની વાણીને ઝીલી વિચારોને વાગોળીએ અને આપણા આચારમાં મૂકવા પ્રયત્નો કરીએ તો અંતરમાં અમીના ઓડકારની તૃપ્તિ અનુભવી શકાય છે. પ્રભુતાને અંતરમાં આસન આપવા માટે શું શું કરવું તેનું સચોટ માર્ગદર્શન મુનિશ્રીએ સરળ ભાષામાં આપેલ છે. આપે સૌએ અનુભવ્યું હશે કે મૌનથી આપણે અનંત યાત્રાના પ્રવાસી બનીને અંતરની ખોજમાં એવા તો મસ્ત બની ગયા હતા કે આપણને દિવ્ય દર્શન લાધ્યું. એ પળો તો અમૃત ઘડી હતી.'

★

## અહિંસાનો પેગામ–૯૨

જે સંસ્કૃતિનો આત્મા અહિંસા છે તેજ ભારતભૂમિમાં હિંસા અને હિંસકવૃત્તિ વધતી જાય છે. જ્યાં અહિંસાની પૂજા થતી હતી તેને બદલે હિંસા સિંહાસન પર આરૂઢ થઇને બેઠી છે.

મુંબઇમાં યાંત્રિક કતલખાનું થાય અને માંસ એકસપોર્ટ કરે તે કોઈ રીતે ઇષ્ટ નથી અને તે માટે લોકશાહી પદ્ધતિ મુજબના પ્રયત્નો નિષ્ફળ નીવડયા હોવાથી ભારતની સંસ્કૃતિ અને ધાર્મિકતાના રક્ષણ માટે હવે ધર્માચાર્યો અને વિદ્વાનોએ સંગઠિત બનીને સરકારને આવી હિંસક યોજનાઓ બંધ કરવા માટે સબળ પ્રયાસો કરવા જોઇએ એમ માનીને મુનિશ્રીએ સર્વધર્મ અહિંસા સંમેલન બોલાવવા યોજના કરી, સર્વધર્મના વડાઓને પત્રો લખ્યા અને સંમેલનમાં હાજરી આપવા અનુરોધ કર્યો.

૨૫–૪–૬૫ રવિવારના રોજ સાંજના ચોપાટી તટે વિરાટ સર્વ ધર્મ અહિંસા સંમેલન યોજાયું. આ સંમેલનમાં જુદા જુદા ધર્મોના આચાર્યો, મહંતો, ગાદીપતિઓ, પારસી ધર્મના દસ્તૂરો અને ખ્રીસ્તી ધર્મના પાદરીઓ ઉપસ્થિત થયા હતા. આ સંમેલનમાં ભાગ લેવા ચોપાટી સાગરતટે હજારો શ્રોતાઓ ઉમટી આવ્યા હતા. આ સંમેલનમાં સ્વામી વિશુધ્ધાનંદજી, સ્વામી શ્રી



ૐકારાનંદજી, મેજર બામજી, ફાધર વિલિયમ્સ, શ્રી દીક્ષિતજી બૌદ્ધભિખ્ખુજી, મુનિશ્રી ચિત્રભાનુ, મુનિશ્રી બલભદ્રસાગર, જાણીતા ઉદ્યોગપતિ શેઠ જી. ડી. સોમાણી, શ્રી પ્રતાપસિંહ શ્રી રતનચંદ હીરાચંદ તથા મુંબઇના ઉદ્યોગપતિઓથી સભા ચિકાર હતી. સ્વાગત પ્રમુખશ્રી માણેકલાલ ચુનીલાલે સૌનું સ્વાગત કર્યું હતું.

મુનિશ્રીએ પોતાની લાક્ષણિક શૈલીમાં આ સંમેલનનો હેતુ સમજાવતાં કહ્યું "અહિંસાનો સાદ પડતાં આટલો માનવ મહેરામણ ઊભરાયો છે તે જોઇ મને ખુબ આનંદ થાય છે. આ સમેલન અહિંસા દ્વારા જીવન અને જગતનું કલ્યાણ માનતા ધર્મો અને માનવવર્ગનું સંમેલન છે. આપણો અવાજ અને આપણી કરુણાપૂર્ણ લાગણીઓ સરકાર આગળ વ્યકત કરવાની છે. ભારતીય સંસ્કૃતિનો આત્મા હિંસાના હૃદયદ્રાવક દશ્યો જોઈ કરુણ આક્રંદ કરી રહ્યો છે. તે વ્યથા સરકારને બતાવવાની છે. આપણું મકકમ કહેવું છે કે અમારાથી આ હિંસા નહિ જોવાય. અમે આને નહિ સહન કરી લઇએ.

એ આ ભૂમિ છે જ્યાં ભગવાન આદિનાથથી માંડી ભગવાન મહાવીર સુધી અને મહાવીરથી માંડી ગાંધીજી સુધી અહિંસાની પુણ્યગાથા ગાતા આવ્યા છીએ. આ ભૂમિમાં જ ભ. કૃષ્ણ, ભ. રામ અને ભ. બુદ્ધ પાકયા જેના અહિંસા અને કરુણાપૂર્ણ ઉપદેશે વિશ્વના અર્ધા ભાગ પર ધર્મનો પ્રકાશ પાથર્યો છે. કરોડો માનવોને અહિંસાની ભાવનાને પૂજતા કર્યા છે.

આજે આપણે એવો ઠરાવ કરવાનો છે કે આ દેશમાં કતલખાના અને જાનવરોની નિકાસ, માંસનો ઉદ્યોગ, લોહીનો વેપાર દ્વારા હુંડિયામણ કમાવું એ હરગીજ બંધ થવું જ જોઇએ. બધા ધર્મોના વડાઓ અને પ્રાણી દયા ધરાવનાર લાખો ભારતીય ભાઈ બહેનો આ માટે સહકાર આપે તો આ ભગીરથ કાર્ય હોવા છતાં સરળ બની રહેશે. સૌનો સાથ, સૌની શ્રધ્ધા અને સક્રિય પ્રયત્નો સફળતા આપશે જ આપશે."

દિલ્હી વિધાન સભાના ધારાસભ્ય અને મોટા ઉદ્યોગપતિ શ્રી ગજાધર સોમાણીએ ઠરાવ રજૂ કર્યો હતો.

મહામંડલેશ્વર સ્વામી શ્રી ૐકારાનંદજીએ ઠરાવને અનુમોદન આપતાં જણાવ્યું કે રાષ્ટ્ર પર થતાં આક્રમણ માટે જેમ આપણે ઝૂઝીએ છીએ તેમજ આવા ધર્મ અને જીવદયાના કામ માટે ઝૂઝવું જોઇએ. સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ ઉત્તમોત્તમ છે. આ ભારતીય સંસ્કૃતિનો પ્રાણપ્રશ્ન છે. આ કાર્યની સફળતા માટે આપણે જરા પણ પાછા પડીશું નહિ.

હીઝ એમીનન્સ માર અર્થાનેશીયસ જોએલ બોસ વિલિયમ્સ આર્ક બીશપે ખ્રીસ્તી ધર્મના સિધ્ધાન્તને આગળ ધરી અહિંસા પર બોલતાં જણાવ્યું કે–"અહિંસા એ વિશ્વમાન્ય ધર્મ છે. એનો અવાજ માનવ હ્રદયને સ્પર્શ્યા વિના રહેતો નથી."



આગળ વધતાં તેમણે કહ્યું ઇશુએ પોતે પણ પશુઓના બલિને અટકાવતાં કહ્યું છે કે હું સૌના વતી ક્રોસ પર બલિ ચઢું છું. મારો અહિંસાના કાર્યમાં પૂરેપૂરો સાથ છે.

મેજર સોહરાબ–આર–બામજી જેઓ જીવદયા અને અહિંસાના મહાન ઉપાસક છે, તેમણે પણ રસપ્રદ ભાષણ આપી જનતાની લાગણી ભીની કરી હતી. આજથી ૮૦૦૦ વર્ષ પૂર્વે જરથુસ્ત પેગમ્બરે અહિંસાનો બોધ માનવ જાતને આપ્યો હતો. અવસ્તા બંદગીમાંથી એક શ્લોક ટાંકી જણાવ્યું કે નિર્દોષ ગાય, બકરાં, મેઢાં જેવાં પ્રાણીઓ ને ત્રણવાર નમસ્કાર કરવા ફરમાવેલું છે. અને તેમનું પાલન પોષણ કરવા ફરમાન છે. સૌ પારસી ભાઇએ પણ આ કાર્યમાં સાથ આપવાનો છે.

આર્ય સમાજના સ્વામીશ્રી વિશુદ્ધાનંદજીએ ટૂંક પ્રવચન આપતાં જણાવ્યું કે માનવતા વગરનો ધર્મ કોઈ પણ રાષ્ટ્ર કે પ્રજાનું રક્ષણ કરી શકતો નથી. અંહિસાએ વીરોનો ધર્મનો છે. વીરો જ જગતનું રક્ષણ કરી શકે છે. ધર્મ વગરની વીરતા એ પશુતા છે. હિંસક વ્યાપાર, હિંસક ઉદ્યોગ અને કતલખાનાની યોજનાઓ પડતી મૂકવી જોઇએ. ગોસ્વામી શ્રી દિક્ષિતજી મહારાજે કહ્યું કે "ભારતીય સંસ્કૃતિ માંસ ભક્ષણનો નિષેધ કરે છે. હિંસા અને માંસ ભક્ષણ ઓછાં થાય એવા ઉપાયો આપણે લેવા જોઇએ. તોજ આપણી ભારતીય સંસ્કૃતિ જીવંત રહી શકે."

શ્રી મગનલાલ પી. દોશીએ શ્રી સોમાણીજીના ઠરાવ માટે સભાજનોનો મત પૂછતાં ત્રીશ હજારની માનવમેદનીએ એકે અવાજે તાળીઓના ગડગડાટ વચ્ચે ઠરાવ મંજૂર કર્યો હતો.

મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની પ્રેરણાથી થયેલ આ સંમેલન ખૂબ યશસ્વી બન્યું હતું.

સૌનો આભાર માની સભા વિસર્જન થઈ હતી.

★

### લક્ષ્મીનો સદ્‌વ્યય

જો લક્ષ્મી આમ ચાલી જ જવાની છે, તો પછી મારે હાથે જ એનો સદ્‌વ્યય શા માટે ન કરવો? અનાથાલયોમાં એ લક્ષ્મી કાં ન ખર્ચવી? જે જનાર છે તે રહેનાર નથી; તો જનારને રોકવાનો અતિ પ્રયત્ન કરવો એ જ મૂર્ખતા છે.

### શ્રદ્ધાનું તેજ–૯૩

૧૯૬૫ના મેની છઠ્ઠી તારીખે હું એન્ટવર્પથી પાછી ફરતી હતી ત્યારે ઉતાવળમાં મારા પાસપોર્ટમાં ઇટલીમાં (રોમ) ટ્રાન્ઝીટ વીસા લેવાનું હું ભૂલી ગઇ હતી. મારે રોમમાં મુશ્કેલી ઊભી થઇ. આ ભૂલના કારણે એ વિધિ પૂરી થાય ત્યાં સુધી એ અજાણ્યા પ્રદેશમાં એ દેશની કરન્સી વિના એરપોર્ટ ઉપર રોકાવું પડે તે પ્રશ્ન ઊભો થયો. મારે જે એર ઇન્ડીયાનું ફ્લાઇટ નં. ૧૦૫ લેવાનું હતું, તેનો સમય થવા આવ્યો હતો. મારી મુશ્કેલી અંગે દોડાદોડ ચાલી. ત્યારે મેં ગુરુદેવને અંતરના ભાવથી પ્રાર્થના કરી. આ અજાણ્યો દેશ, પૈસા વધુ નથી, ઇટાલીયન ભાષા પણ જુદી. મેં પ્રાર્થના કરી શક્તિના પૂંજ! તમારા આશીર્વાદ મારી સાથે જ છે, અને ત્યાં તો પેલા ઓફીસરે ઇન્ડીયન એમ્બસીમાં ફોન કરી પ્લેઇનને થોભાવી બધું જ તૈયાર કરાવી આપ્યું અને હું પ્લેઇનમાં બેસી ગઇ ત્યારે મને વિચાર આવ્યો: આ અખંડ શ્રદ્ધા અને શકિતનું મિલન નથી શું?

★

### સાચી સહજતા

જો સહજતા ઉપદેશ દેવામાં આવે છે, તે સહજતા ઉપદેશનાં તત્ત્વોને આત્મસાત્ કરવામાં જો આવી જાય તો ઉપદેશક માટે આત્મકલ્યાણનો માર્ગ સુગમ અને સરળ બની જાય.

## અપરિગ્રહનો આનંદ-૯૪

મહારાષ્ટ્ર દિનના તા. ૧-૫-૬૫ના દિવસે છીપી ચાલમાં 'સંયમની સુવાસ' ઉપર મુનિશ્રીએ મનનીય પ્રવચન આપ્યું હતું.

ડોંગરી જૈન સંઘ તરફથી તા. ૧૬-૫-૬૫ના રોજ મ્યુનીસીપલ મેદાનમાં 'જીવન સંવાદ' ઉપર પ્રવચન આપ્યું હતું. જેમાં હજારો મુસ્લીમભાઈઓએ લાભ લીધો હતો.

ચર્ચગેટ પર આવેલ ઇન્ડીયન મરચંટ ચેમ્બરના વિશાળ ચોકમાં તા. ૨૨-૫-૬૫ના રોજ મુનિશ્રીનું એક વિશિષ્ટ પ્રવચન સદાચાર સમિતિના ઉપક્રમે યોજવામાં આવ્યું હતું. આં પ્રસંગે મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર શ્રી ભારદે, નાયબ પ્રધાન ડો. કૈલાસ, કમીશનર શ્રી મટ્ટુ સાહેબ-મુંબઈના મોટા ભાગના ધનપતિઓ હાજર હતા

સભામાં શ્રી વેદ પ્રકાશે પોતાની જ વાત કરતાં જણાવ્યું કે "કાળુ નાણું સંઘરીને હું ભયની અસરથી બિમાર રહેતો. નાણા પ્રધાનની દરખાસ્ત ૬૦% અને ૪૦% ટકાની મેં વધાવી લીધી હું હવે નિશ્ચિંત અને તંદુરસ્ત છું."

સ્વામી શ્રી અખંડાનંદજીએ કહ્યું કે: "મને જાણીને પ્રસન્નતા થઈ છે કે પ્રજા પક્ષ અને સત્તાપક્ષ આજે સાથે બેસીને વિચારણા કરી રહેલ છે."



ડૉ. કૈલાસે મમતાભરી વાણીમાં જણાવ્યું કે: 'દેશની આબાદી માટે આ દરખાસ્ત આપણા ધનકુબેરોએ સ્વીકારી શ્રી વેદ પ્રકાશની જેમ નિશ્ચિંત થઇ જવું જોઈએ.'

શ્રી રાકેશ મુનિએ જણાવ્યું કે: 'આજની સભાનું વિશિષ્ટ મહત્ત્વ છે. કાળું ધન રાખવાથી કોઇને સંતોષ કે શાંતિ છે? ધર્મનો પાયો નીતિ ઉપર નિર્ધારિત છે! ઇન્કમટેકસ કમીશનર શ્રી મટુએ પ્રાસંગિક છતાં અર્થપૂર્ણ વકતવ્ય રજુ કર્યું.

પૂ. મુનિશ્રીએ કહ્યું કે: દેશપર જે પરિસ્થિતિ છે તેનો સૌએ ગંભીર વિચાર કરવાનો છે. સરકાર નાવિક છે અને જનતા યાત્રિક છે. બન્નેના સહકારથી જ નાવ પાર ઉતરી શકે. અમેરિકામાં કોઇ દાન કરે તો સરકાર તેને સહાયક થવા અને પ્રેમભર્યો હાથ લંબાવવા આગળ આવે છે. આપણે ત્યાં વિપરિત પરિસ્થિતિ જોવાય છે. તેથી દાન દેનારના ભાવ તૂટી જાય છે. મારે તો એજ વાત કહેવી છે કે પરિગ્રહના મેલથી મનને ધોઈ સ્વચ્છ કરો અને નિશ્ચિંત બનો તેમાં જ ખરો આનંદ અને શાંતિ છે.

મહારાષ્ટ્ર વિધાન સભાના અધ્યક્ષ શ્રી ભારદેએ વિદ્વતા પૂર્ણ અને રમૂજ ઉપજાવે તેવું ટૂંક પ્રવચન કર્યું હતું. આ ઐતિહાસિક સભા પ્રસન્નતા અને ઉદારતાના વાતાવરણ વચ્ચે પૂર્ણ થઈ હતી.

ખેતવાડી સાતમી ગલીમાં ત્યાંના ભાઇ બહેનોની વિનંતિથી રસ્તા પર તા. ૨૩-૫-૬૫ના રોજ "જીવનના

નિયમો" ઉપર મુનિશ્રીએ મનનીય પ્રવચન આપ્યું હતું. જેમાં દશેક હજાર માણસોએ લાભ લીધો હતો. પારસી એસોસીએશનની વિનંતિથી મુનિશ્રીનું પ્રવચન તા. ૨૪–૫–૬૫ ના રોજ સાંજના ૬ થી ૭ કોટમાં કામાહોલમાં યોજવામાં આવ્યું હતું. પારસી કોમના અગ્રગણ્ય નર નારીઓથી હોલ ભરાઈ ગયો હતો. મુનિશ્રીનું સ્વાગત કરતાં મેજર શ્રી રુસ્તમજી બામજીએ કહ્યું. આપણી વિનંતિને માન આપી મુનિશ્રી પધાર્યા તે માટે હું તેઓશ્રીનો આભાર માનું છું. તેઓશ્રી જૈન ધર્મમાં જ નહિ, વિશ્વ ભરમાં મશહૂર થયા છે. એમના પ્રવચનો વારંવાર સાંભળવાથી મને પ્રેરણા થઇ કે મુનિશ્રીનું પ્રવચન અમારા પારસી ભાઇ બહેનો સાંભળે તો ઘણી ઘણી પ્રેરણા મળે.

આપણને આત્મિક વિકાસ માટે સાચું જ્ઞાન મળવું મુશ્કેલ હોય છે. મેં મુનિશ્રી જેવો ત્યાગ કયાંય જોયો નથી. આપણી જ ગાથામાં અહિંસા અને આત્માના વિકાસ માટે તેઓશ્રી આપણને સમજાવવાના છે. સર્વ ધર્મશાસ્ત્રોના એઓશ્રી ઊંડા અભ્યાસી છે."

મુનિશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે: અહિંસાનો પ્રકાશ તમારી ગાથામાં છે. મહાપુરુષોએ બતાવેલા પ્રકાશને માનવજાત ભૂલી જાય છે ત્યારે અહિંસાને બદલે હિંસા અને ભૌતિક સુખો તરફ દોડે છે.

સાચા મહાપુરુષ તો સાચો જ રસ્તો બતાવશે. તે રસ્તે જવાનું આપણું કર્તવ્ય છે. પહેલી ગાથામાં 'ઇનસાનની જિંદગીનો નેમ જગતભરમાં ખુશાલી ફેલાવવાનો છે' વિચારો. ખુશાલી કેમ ફેલાવી શકાય? દારૂ પીને, નાચના



જલસા કરીને? જાનવરોની કત્તલ કરીને? નહિ જ, ક્ષણિક ખુશીમાં સાચું સુખ નથી, દુઃખ જ છે.

જે સાધન મળ્યાં છે તેમાં પણ સ્વર્ગ માણી શકાય છે. બીજાની સારી ગાડી–બ્લોક કે ફરનીચર જોઇ ઇર્ષ્યા ન થવી જોઇએ, જે મળ્યું છે તે ભોગવો તો ઘણું છે.

ગાથામાં હુમન, હુખ્ત અને હુદસ્તનો અર્થ છે ભલા વિચાર, ભલી વાણી અને ભલું વર્તન. આ ત્રણ સોનેરી વાકયો છે. તે સાચું ધન છે પછી શું જોઇએ? જગતને સુખ આપો તો તમને સામેથી સુખ મળશે. તમારા ધર્મમાં 'બહમન' મહિનો અહિંસા માટે નક્કી કર્યો છે તેનો અર્થ તો એ છે કે એક એક મહિનો અહિંસા પાળતાં પાળતાં સંપૂર્ણ અહિંસા તરફ જવ. પેગંબરની પ્રાર્થનામાં પણ કહ્યું છે કે 'હે પ્રભુ! હું નિર્દોષ પ્રાણીઓને રક્ષણ આપું, તેમનું પાલન કરું'.

પેગંબરની વાણી સમજો. એ પવિત્ર વાણીનાં પાણીથી મન–વચન–કર્મોને ધૂઓ તો જીવન ઉજ્જવલ બનશે. પારસી ભાઇ બહેનોના જીવનમાં જે મીઠાશ છે તે સર્વત્ર જાણીતી છે. 'તમારી કોમના દાતાઓએ કોમ માટે તો મોટાં દાન કર્યાં છે. પણ સાર્વજનિક દાનો પણ ઘણાં છે. સાથે સાથે અહિંસા અને આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ મેળવો તો જગત ભરમાં ખુશાલી ફેલાવનારું તમારું જીવન બને.

શ્રી જહાંગીર શ્રોફ અને શ્રી બરજોરજી દારુવાળાએ મુનિશ્રીનો આભાર માન્યો હતો.

★

## તિમિરમાં તેજ–૬૫

૨૫૦૦ વર્ષ પહેલાની વાત છે. ભગવાન મહાવીર અને ભગવાન બુધ્ધના સમયની આ પ્રેમ કથા છે. મગધમાં વાસવદત્તાને કોણ નથી જાણતું ? એની આંખની અમી નજર ખાતર મગધના રાજપુત્રો, ધનપતિઓના દીકરાઓ એને ત્યાં ચક્કર મારે છે.

એક અમાસની કાળી રાત્રિએ વાસવદત્તા ઉતાવળી ઉતાવળી અભિસાર પર જાય છે. એના મનમાં કામ છે. કામને વશ બનેલી વાસવદત્તાને વિચારવાનો કે જોવાનો સમય નથી.

રસ્તામાં ઝાડના નીચે જેણે આત્મ કલ્યાણનો માર્ગ લીધો છે એવો એક નવયુવાન, તેજસ્વી અને પ્રતિભાશાળી ઉપગુપ્ત સાધુ સૂતો છે.

કેવી સૌમ્ય મૂર્તિ ! પૂછ્યું; 'તું કોણ છે?' 'હું ઉપગુપ્ત !' 'આ જંગલમાં આવી ખડબચડી ધરતી ઉપર તું શું કરવા પડયો છે? ચાલ, મારા મહેલમાં ચાલ.' આ સાંભળી ઉપગુપ્ત હસી પડયો. માનવીને ઘણી વાર થાય છે આ બધી વસ્તુઓ મેળવવામાં જ ધન્યતા છે. એમાં વ્યથા છે તે તો ઉપગુપ્ત જેવા જ જાણે.

ઉપગુપ્તે કહ્યું: 'તું જોતી નથી? અત્યારે અમાસ છે. હું તારે ત્યાં પૂનમને દિવસે આવીશ.'



વાસવદત્તાએ કહ્યું, 'તું ગમાર માણસ લાગે છે. તને તો હું આમંત્રણ આપું છું, હું પૈસા નથી માંગતી પણ આદર અને પ્રેમથી મારા મહેલમાં લઈ જવા માગું છું.' ના, ઉપગુપ્ત ન ગયો. એ વાતને પચ્ચીસ વર્ષ વીતી ગયાં. વાસવદત્તા પચીસ વર્ષમાં નિસ્તેજ થઈ ગઈ. અતિ ભોગ, અતિ રોગ, વાસવદત્તાનું શરીર જીર્ણ થઇ ગયું. ચામડીના રોગો ફુટી નીકળ્યા.

વાસવદત્તા એક ઝૂંપડીમાં વેદનામાં એકલી જ તરફડી રહી છે.

એ વખતે પૂનમની રાત હતી. ઉપગુપ્ત એની પાસે આવ્યો. પૂછ્યું 'કોણ?' 'હું ઉપગુપ્ત, રે, મને ભૂલી ગઈ? મેં કહ્યું હતું ને કે પૂનમને દિવસે આવીશ.' 'તું ? આજે! હવે મારામાં શું છે?' ઉપગુપ્તે કહ્યું: 'આજ જ તારામાં છે એ વખતે તો ધગધગતો કામ હતો, અઘેજ અંધારું હતું એ વખતે કામના અંધારાની અમાસ હતી. આજ તને આત્માનું અજવાળું મળ્યું છે.

ઉપગુપ્તે એ રોગીની સેવા કરી. વાસવદત્તા બુદ્ધના ચરણોમાં સમર્પિત થઇ.

કાળ વ્યતીત થાય છે, સમય બદલાય છે. પણ માનવીના અંતરમાં રહેલી કરુણાની ભાવના તો આજે પણ પ્રોજ્જ્વળ અને અમર છે.

પૂ. મુનિશ્રીનું એક પ્રવચન તા. ૩૦–૫–૬૫ના રોજ નળબજાર પાસે ભંડારી સ્ટ્રીટમાં 'જીવનમાં કરુણા' એ વિષય પર ગોઠવવામાં આવ્યું હતું.

આત્મ કલ્યાણના માર્ગે નીકળનારાને સ્થળની મહત્તા નથી, માત્ર પિપાસુઓ જોઇએ. એમનાં પગલાં ગમે તેવા સ્થળને ધર્મ સ્થાન બનાવી દે છે.

પૂ. ગુરુદેવના વ્યાખ્યાનમાં આ વાત ચાલતી હતી. એક આત્માને એ વાત સ્પર્શી ગઇ. આજે પણ સમાજમાં ઘણીય કમનશીબ વાસવદત્તાઓ છે. એક હતભાગી બહેને ગુરુદેવનાં દર્શન થઈ શકે કે, એ એક રાજસ્થાની ભાઇ પાસે પૂછાવ્યું. સંત દ્વાર તો બધાં માટે ખુલ્લાં હોય. એમને મન નીચ કોણ, ઉચ્ચ કોણ?

બહેનના મનમાં આશાનું બીજ રોપાયું. પૂ. ગુરુદેવ પાસે આવીને પશ્ચાતાપનાં આંસુ સાર્યાં. પ્રાયશ્ચિતનાં આંસુ એ જીવનના મળને ધોનાર પવિત્ર ગંગાજળ છે.

પૂ. ગુરુદેવનું અંતર દ્રવી ગયું. બાઇમાં જાગેલો જાગૃતિનો દીપક પૂ. મુનિશ્રીએ જોયો. અધમ માર્ગ છોડી નવું ઉચ્ચ જીવન જીવવાની તમન્ના જોઇ. પૂ. ગુરુદેવે એક રાજસ્થાનના ભાઇ દ્વારા બાઇને આજીવિકા માટે રેંટિયો અને તે કાંતે તેના વેચાણ માટે ખાદી ભંડારને ભલામણ કરી. આ બાઇને નવું જીવન પ્રાપ્ત થયું.

આ રૂપક નથી, હજારો વર્ષ પૂર્વની કથા નથી પણ પ્રત્યક્ષ બનેલો તિમિરમાં તેજનો એક બહેનના જીવન પરિવર્તનનો આ પ્રસંગ છે.

આવા જ્ઞાની મહાત્યાગી સંતની વાણી અને કરુણાથી કેટલાએ મુંઝાતા અથડાતા આત્માઓને જીવનમાં પૂનમનો પ્રકાશ લાધ્યો હશે!

★

## સૂત્રનો મર્મ-૯૬

જેઠ સુદ ૪ તા. ૩-૬-૬૫ના સવારના આઠ વાગે મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ તથા મુનિશ્રી બલભદ્ર સાગરજી ચાતુર્માસ પ્રવેશ માટે લોંકાગચ્છના ઉપાશ્રય પાસે પધારતાં બ્રહદ્ મુંબઈ સંઘના અને શ્રી કોટ જૈન સંઘના ટ્રસ્ટીઓ તથા આગેવાનોએ સંઘ તથા સ્વયંસેવક બેન્ડ સહિત સ્વાગત કર્યું હતું. અહીંથી સામૈયું શરુ થયું અને વિશાળ રાજમાર્ગ પર સ્થળે સ્થળે ગહુંલીઓ અને સોના રૂપાનાં ફૂલથી વધામણાં થયાં હતાં. આ વખતે જનતાનો ઉલ્લાસ અને આનંદ અવર્ણનીય હતો. શ્રી શાન્તિનાથ પ્રભુના દર્શન કરી મુનિશ્રીએ નવ વાગે મંગલ પ્રવચન કર્યું હતું. પ્રવચનના અંતે લાડુની પ્રભાવના થઈ હતી.

મુનિશ્રીએ ઉત્તરાધ્યયન સૂત્ર વાચનનો પ્રારંભ કર્યો. આગળના ચાતુર્માસ દરમ્યાન દશ અધ્યાય થઇ ગયા હતા તેથી અગિયારમાં અધ્યયનથી શરૂઆત થઇ હતી. મુનિશ્રી સૂત્રના એક એક શ્લોક પર ઝીણવટથી સુંદર વિવેચન કરી શ્રોતાઓના હૃદયના તારને ઝણઝણાવી મૂકે છે.

★

## પ્રજાનો પોકાર-૯૭

દેવનારના સૂચિત કતલખાનાના ટેન્ડરો માગવાની વાત આવી અને મુનિશ્રી ચિંતાતુર બની ગયા. તેમના કરુણાભીના હૃદયમાં ભારે ખળભળાટ થવા લાગ્યો. અહિંસાના હ્રુતે આ માટે કાર્યવાહી આરંભી. અખિલ ભારત અહિંસા પ્રચાર સમિતિનું એક પ્રતિનિધિમંડળ મુંબઈના મેયર શ્રી. એમ માધવનને મળે અને એક આવેદન પત્ર સુપ્રત કરી પ્રજાની લાગણી કોર્પોરેશન સમક્ષ આગળ ધરવા નિર્ણય થયો.

તા. ૨૩-૯-૬૫ના રોજ બપોરના ૨-૧૫ વાગે મેયરની રીસેપ્શન ઓફીસમાં મુનિશ્રી ચિત્રભાનુજી, ગોસ્વામીશ્રી દીક્ષિતજી, શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ જીવતલાલ પ્રતાપશી, શ્રી માનકર, મેજર સોરાબ બામજી બરાબર અઢી વાગે આમંત્રવામાં આવ્યા. જ્યાં શ્રી મેયર ઉપરાંત સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન શ્રી જીવરાજ ભાણજી, ઇમ્પ્રુવમેન્ટ કમીટીના ચેરમેન અન્ય પક્ષના નેતા, તથા કોંગ્રેસ પક્ષના કોર્પોરેટરો પણ હાજર હતા.

પ્રારંભમાં મુનિશ્રીએ ધીર ગંભીર સ્વરે મેયરશ્રીને ઉદ્દેશીને જણાવ્યું કે જંગી યંત્રોની સહાયથી કતલખાનાંઓને વિકસાવવામાં આવે અને પ્રાણીઓનો મોટા પ્રમાણમાં વધ થાય એ ખરેખર દુઃખદ પરિસ્થિતિ છે આવી યોજના



તમારે પડતી મૂકવી જોઇએ. ઉત્તરમાં મેયરે જણાવ્યું કે અમે તો મધ્યસ્થ સરકારની નીતિને અનુસરીએ છીએ, એટલે ખરી ફરિયાદ તો ત્યાં કરવી જોઇએ.

છેલ્લે શ્રી મેયરે આ બાબતમાં પોતાનાથી બનતું કરવાની ખાત્રી આપી હતી.

મુનીશ્રીના સાનિધ્યમાં સમિતિ મળી તેમાં નીર્ણય થયા પ્રમાણે બે પ્રતિનિધિઓને આ સબંધમાં વધુ વાતચીત કરવા વડા પ્રધાન શ્રી શાસ્ત્રીજીને મળવા મોકલવામાં આવ્યા. બે પ્રતિનિધિઓ શ્રી શાસ્ત્રીજીને મળ્યા. મેમોરેન્ડમ પણ આપ્યું અને વડા પ્રધાન શ્રી શાસ્ત્રીજીએ શાન્તિથી સાંભળી બનતું બધું કરવા વચન આપ્યું હતું.

★

### કલાનું મૂલ્ય

કલાને સમજી, એને પચાવનાર કરતાં, કલાના કલાધર પર મોહિત થનાર અનેકઘણા છે; અને તેથી જ કલા આજે વિલાસનું સાધન બન્યું છે; બજારુ ચીજ બનતી જાય છે; એનાં પ્રદર્શનો ભરાય છે; પણ ખરી કલાનું મૂલ્ય તો કલા જ હોય.

## વિશ્વશાંતિ પરિષદ–૯૮

સર્વધર્મ વિશ્વશાંતિ પરિષદમાં શ્રી ભૂલાભાઈ ઑડીટોરીયમમાં તા. ૨૬–૯–૬૫ના રોજના મુનિશ્રીનું પ્રવચન યોજવામાં આવ્યું. મુનિશ્રીએ જણાવ્યું કે આત્માનો મૂળ સ્વભાવ સત્-ચિત્ અને આનંદ છે. ભારતની સંસ્કૃતિ તો અહિંસા, અપરિગ્રહ અને શાંતિ છે. ભારતના સંતોએ Live and let live જીવો અને જીવવા દો નો મંત્ર આપ્યો છે. આપણે એ જીવનમંત્ર ન ભૂલીએ." એ પછી બીજા વકતાઓએ પ્રવચન કર્યાં હતાં.

શ્રી ભારત સાધુ સમાજના આશ્રયે રવિવાર તા. ૧૦–૧૦–૬૫ના રોજ સાંજના છ વાગતાં ચોપાટીના સાગર તટે એક જંગી સભા મળી હતી. આ સભામાં મુંબઈના રાજ્યપાલ શ્રી ચેરિયન, નાયબ પ્રધાન શ્રી કૈલાસ, મુનિશ્રી ચિત્રભાનુજી, સર્વધર્મના મુખ્ય ધર્માચાર્યો, સંત તુકડોજી આદિને નિમંત્રવામાં આવ્યા હતા.

મુનિશ્રી પધાર્યા અને જયના પોકારો અને તાળીયોના ગડગડાટથી તેમને સત્કાર્યા.

મુનિશ્રીએ આ વિરાટ સભાને સંબોધતાં જણાવ્યું કેઃ– 'આપણો ભારતદેશ શાંતિપ્રિય છે. અને 'અહિંસા પરમો ધર્મ' એ આપણા દેશનો મુદ્રા લેખ છે. એ પ્રાણી માત્રના



કલ્યાણમાં આનંદ અનુભવે છે. આ દેશની એ જ મંગળ ભાવના છે. તેમ છતાં જ્યારે બીજા દેશ તરફથી આક્રમણ સામેથી આવી પડયું છે, ત્યારે આપણા શૂરવીર યુવાનોએ રક્ષણાત્મક સામનો કરી પોતાની દેશ ભકિત સાબિત કરી છે.

ભારતના યુવાનોએ એ બતાવી આપ્યું છે. કર્તવ્યની વેદી પર પ્રાણોને ન્યોચ્છાવર કર્યા છે. એ યુવાનો માટે આપણે સૌ પ્રાર્થના કરીએ કે એ આત્માઓને ચિર શાન્તિ મળે. પણ પ્રાર્થના માત્રથી આપણું કર્તવ્ય પૂરું થતું નથી. એ જુવાન શૂરવીરોનાં માતા–પિતા–બાળકોને, કુટુંબને સહાય કરી એમના દુઃખના સહભાગી બનીએ.

અને તે માટે કોટના ઉપાશ્રયમાં રૂપિયા એકતાલીસ હજાર પોતે એકત્રિત કર્યા છે, તેની જાહેરાત મુનિશ્રીએ એ વિરાટ સભામાં કરી, ત્યારે બધા આશ્ચર્યમુગ્ધ થઈ ગયા હતા અને મુનિશ્રીની કરુણા અને દેશપ્રેમની પૂરિપૂરિ પ્રશંસા કરી હતી.

★

### ક્રોધનો દાવાનળ

ભયંકર ઝંઝાવાતથી જેમ રમણીય ઉપવન નષ્ટ થઈ જાય છે, ધરતીકંપથી જેમ મનોહર મહેલાતોથી શોભતી નગરી બિહામણા ખંડેરમાં પલટાઈ જાય છે, તેમ ક્રોધના દાવાનળથી હજારો વર્ષની તપસ્યાઓ, એક ક્ષણ માત્રમાં બળીને ખાખ થઈ જાય છે.

## વિદ્વાન સર્વત્ર પૂજ્યતે-૯૯

મુંબઇના રાજ્યપાલ શ્રી ચેરિયન અને શ્રીમતી ચેરિયને મુનિશ્રીને રાજભવનમાં પગલાં કરવા હાર્દિક આમંત્રણ આપ્યું હતું. મુનિશ્રી સંઘના આગેવાનો સાથે બુધવારના પ્રથમ પ્રહરે રાજભવનમાં પધાર્યા હતા. મુનિશ્રી પધારવાના હોઇ ખાસ ગવર્નર માટેજ વપરાતો માર્ગ ખુલ્લો રાખવામાં આવ્યો હતો.

રાજભવન નજીક આવતાં શ્રીમતી તારાબહેન ચેરિયન પોતાના પરિવાર સહિત સામે આવી મુનિશ્રી અને સાથે આવેલા સૌનો સત્કાર કર્યો. તેમણે કહ્યું, "અમારા ઉપર અનુગ્રહ કરી આપ અહીં સુધી પગપાળા પધાર્યા તે માટે અમે વંદન સિવાય શું કરી શકીએ?"

ગવર્નરશ્રીએ કેટલાક પ્રશ્નો જીજ્ઞાસાપૂર્વક પૂછ્યા અને મુનિશ્રીએ પોતાની લાક્ષણિક શૈલિથી અંગ્રેજીમાં જવાબ આપ્યા. એક કલાકના વાર્તાલાપ પછી રાજ્યપાલે પૂજ્યશ્રીને બે દિવસ માટે રહેવા આવવા અને જ્ઞાનગોષ્ટિનો લાભ આપવા વિનંતિ કરી અને બાજુના સાગર તટ પરના કોટેજમાં વ્યવસ્થા કરવા જણાવ્યું. વિશેષમાં કહ્યું કે 'આપની પ્રાર્થનાના પરમાણુઓથી વાતાવરણને મંગળમય કરવા જરૂર જરૂર પધારો.'



શ્રીમતી ચેરિયને ભક્તિપૂર્વક સંતરાનો રસ વહોરાવ્યો અને મુનિશ્રી તથા મુનિ બલભદ્રસાગર બાજુમાં આવેલ જુદા ખંડમાં જઇ વાપરી આવ્યા. સાથે આવેલા અમારું સૌનું દૂધ અને ફ્રૂટથી સન્માન કર્યું.

તાપમાં પોતે દૂર સુધી અમને વળાવવા આવ્યાં. મુંબઇના ઇતિહાસમાં જૈન મુનિનું આવું ભક્તિભર્યું સન્માન કરવાનો આ પહેલો જ બનાવ છે.

★

### અમૃત ઝરણું

કલહ અને સંતાપ ભરેલા આ જીવનવનમાં પણ માણસ ઝઝૂમતો જીવે છે, કારણ કે એના જીવનમાં કોઇ અજાણ્યા ખૂણામાં પ્રેમનું કોઈ અમૃત-ઝરણું છૂપું છૂપું વહેતું હોય છે.

# ભાવનાની જ્યોત-૧૦૦

દેશભરમાં અહિંસા અને અભયદાનનો દિવ્ય સંદેશ ગુંજતો કરવા માટે જાણીતા મુનિપ્રવરશ્રી ચિત્રભાનુજીના ચાતુર્માસ પરિવર્તન નિમિત્તે ૯-૧૧-૬૫ના રોજ ભવ્ય સ્વાગતયાત્રા કોટના જૈન મંદિરેથી નીકળીને મરીનડ્રાઈવ પર આવેલા જ્યોતિ સદનમાં ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી નાથાલાલ ડી. પરીખના નિવાસ સ્થાને ગઇ હતી. અહીં મેં, નીતિનભાઈ, મારા ત્રણે પુત્રવધૂઓ અને અમારાં સ્વજનોએ પૂ. ગુરુદેવ અને તે સમયે પધારેલા મહેમાનોનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

સ્વાગતયાત્રામાં મુંબઇના નામાંકિત નાગરિકો સેંકડોની સંખ્યામાં જોડાયા હતા. માર્ગમાં ઠેર ઠેર મહારાજશ્રીને ગહુંલીઓ દ્વારા વધાવાતા હતા. જ્યોતિ સદનના દ્વારે ગીનીના સાથિયાથી સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગતયાત્રા બાદ અગાસીમાં સુંદર મંડપમાં મુનિશ્રીનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. આ પ્રવચનમાં મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગવર્નર શ્રી મંગળદાસ પકવાસા, રીઝર્વ બેન્કના ભૂતપૂર્વ ડે. ગવર્નર સર મણીલાલ નાણાવટી, બી. પી. સી. સી. ના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ભાનુશંકર યાજ્ઞિક, નાયબ આરોગ્ય પ્રધાન ડો. કૈલાસ, પાલણપુર નવાબના બેગમ સાહેબા, ભૂતપૂર્વ મેયર ડો. દીવગી, ભૂતપૂર્વ પ્રધાનશ્રી



સાલેહભાઈ અબદુલ કાદર, દિવ્ય જ્ઞાન સંઘના માન્યવર પ્રમુખશ્રી માણેકલાલ ચુનિલાલ, નાણાવટી હોસ્પીટલના સંચાલક શ્રી રતિલાલ નાણાવટી, મ્યુનીસીપલ કોર્પોરેશનના સભ્ય શ્રી જમીયતરામ જોષી, શ્રી મુક્તિલાલ વીરવાડીયા, કોટ શ્રી સંઘનું સમગ્ર ટ્રસ્ટી મંડળ, દેવીદયાળ કેબલ્સના માલિક શ્રી હરકિશનદાસ અગ્રવાલ તથા સેંકડો જૈન જૈનેતર પ્રતિષ્ઠિત સજ્જનો અને સન્નારીઓથી જ્યોતિ સદનની અગાસી ઊભરાઈ ગઈ હતી.

આ પુનિત પ્રસંગે શ્રી નીતિનભાઈ નાથાલાલ પરીખે મુનિશ્રીનું સ્વાગત કરી, પુષ્પાંજલિ રૂપે લોક કલ્યાણ માટે પચાસ હજારની પોલીસી ચરણે ધરી હતી અને નિવેદન કરતાં જણાવ્યું કે જે પ્રસંગની રાહ છેલ્લા પાંચ વર્ષથી જોતા હતા તે પ્રસંગ અમારે આંગણે આવ્યો તેથી અમે ધન્ય ધન્ય બની ગયા. અમને જે માર્ગદર્શન, જ્ઞાન, ઉપદેશ, અને સલાહ સૂચન આપ્યાં છે અને અમારા પર અસીમ કૃપા વરસાવી છે તે માટે અમે જીવનભર ઋણી રહીશું. પૉલીસી ઉપર વાસક્ષેપ છાંટીને શ્રી માણેકલાલ શેઠને સ્વીકારવા સૂચવ્યું.

મુનિશ્રીએ પ્રવચનનો પ્રારંભ કરતાં જણાવ્યું કે, આજનો કાર્તકી પૂર્ણીમાનો દિન ત્યાગીઓના વિહારનો દિન છે. આજે હજારો ભાગ્યશાળીઓ શ્રી સિધ્ધક્ષેત્ર પાલિતાણાના મંદિરોના નગર સમા શ્રી શત્રુંજ્ય તીર્થની યાત્રા કરીને પાવન થતા હશે. તેમજ ભારતભરમાં અહિંસાની જ્યોતને

પ્રજ્જવલિત રાખનાર કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મ દિવસ છે.

આ ત્રિવેણી સંગમ જેવા પવિત્ર દિવસે આપણે વિચાર કરવાનો છે: જીવનનો હેતુ શો છે? જો જીવનમાં શાંતિ ન મળે, સંતોષ ન મળે, આનંદ અને સુખની પ્રાપ્તિ ન થાય તો જીવનનો શો અર્થ છે? એ મેળવવા તપ-ત્યાગ સંયમ અને સેવાને જીવનમાં વણી લેતા શીખવું જોઇએ. મેં સાંભળ્યું છે કે આજના છાપામાં છે કે વડાપ્રધાન શ્રી શાસ્ત્રીજીએ મૂંગા જીવોની કતલ દ્વારા હુંડિયામણ મેળવવાની યોજના ખોરંભે પાડી છે, તે સાચું હોય તો ધન્યવાદ છે.'

મુનિશ્રીનું પ્રવચન પૂર્ણ થતાં શ્રી સકલ સંઘની કેશરિયા દૂધથી ભકિત કરી દરેકને નમી નમીને એક એક રૂપિયો તથા શ્રીફળની પ્રભાવના કરી. મધ્યાને રાગ રાગણીઓ સાથે પંચકલ્યાણક પૂજા ભણાવી. મુનિશ્રીએ પણ બે પૂજાઓ ભણાવી. આખો દિવસ ધાર્મિક ક્રિયા, ઉત્સવ અને ભકિતમાં પૂર્ણ થયો. રાત્રે ભાવનામાં પ્રભુ ભકિતનાં ગીતોના ગુંજનથી પરમ આનંદ વ્યાપી રહ્યો.

જ્યોતિ સદનની જ્યોત પવિત્ર ભાવનાથી જળહળી રહી.

બીજે દિવસે ૧૦-૧૧-૬૫ના રોજ તારા ચેરિયન મુનિશ્રીનાં દર્શનાર્થે આવ્યાં હતાં. શ્રીમતી ચેરિયન મુનિશ્રીનો આ મધુર પ્રેરણાત્મક વાર્તાલાપ સાંભળી ખૂબ પ્રસન્ન થયાં. પાછા ફર્યા ત્યારે મેં તેમનું હારતોરાથી



સ્વાગત કર્યું અને શ્રીફળ અને એક રૂપિયાની ભેટ ધરી. ત્યારે શ્રી તારાબહેને કહ્યું કે આ તો ભક્તિના ભાવની ભેટ છે, એટલે હું કાયમ માટે સાચવી રાખીશ. ત્યાર બાદ શ્રીમતી તારાબહેન ચેરિયને પૂ. મુનિશ્રી પાસે વાસક્ષેપ નંખાવી નમન કરીને રજા લીધી. બીજે દિવસે ગુરુદેવે વિહાર કર્યો અને ભકત કુટુંબે અશ્રુભીની આંખડીએ ભાવભરી વિદાય આપી.

★

## ખરો કોંગ્રેસી

એણે કહ્યું : 'અમે જૈન ધર્મ નથી પાળતા પણ એ ધર્મમાં રહેલા શુધ્ધિથી ભરેલા ત્યાગને માનીએ છીએ. અમારી તો એ માન્યતા છે કે ખરો જૈન તે જ હોઇ શકે જે ત્યાગ, તપ અને અહિંસાનું સાચા દિલથી સન્માન કરે.'

## શ્રદ્ધાંજલિ-૧૦૧

તા. ૨૭-૧૧-૬૫ના દિવસે ગોઝારો કરુણ પ્રસંગ બની ગયો. ઊગતા પ્રભાતે તપસ્વીની પૂ. સાધ્વીશ્રી વસંતશ્રીજી મ. શ્રી શાંતિનાથ પાયધુનીના ઉપાશ્રયેથી નીકળી માટુંગા પધારતાં હતાં. રસ્તામાં ભાયખલા પાસે કોઇ ટેક્સીએ પૂરજોસમાં આવીને પૂ. સાધ્વી વસંતશ્રીજીને પાડી નાખ્યાં. તેમના શિષ્યાએ આ અકસ્માત થયાના સમાચાર માટે મુનિશ્રી ચિત્રભાનુ મહારાજને ફોન કરાવ્યો. ત્યાં તો એક જ કલાકમાં એ તપસ્વીની સાધ્વી શ્રી વસંતશ્રીજીનું પ્રાણપંખેરું ઊડી ગયું. તુરત જ મુનિશ્રી શાંતિનાથના દહેરાસરમાં મૃતદેહની અંતિમ ક્રિયા કરવા માટે અને શ્રદ્ધાંજલિ અર્પવા આવી પહોંચ્યા.

બીજે દિવસે ૨૮-૧૧-૬૫ના રોજ કોટના ઉપાશ્રયે પ્રવચન શરુ કરતાં પહેલાં મુનિશ્રીએ તપસ્વી સાધ્વીશ્રીને શ્રદ્ધાંજલિ આપી, અને સારીય સભા ભાવ અને અભિવાદનમાં એ સ્વર્ગગત આત્માને નમી રહી.

કાળ અને સ્થળની વિચિત્રતા તે આનું નામ જે કાળ અને સ્થળમાં દેહ છોડવાનું ઋણાનુબંધ હોય તે પ્રમાણે જ બને છે. એમનો દેહ પડયો પણ આત્મા તો અપૂર્વ સાધના કરતો કરતો સીધાવી ગયો.

સાધ્વીજીએ પોતાના સાધ્વીજીવનમાં ખૂબ તપશ્ચર્યાઓ કરી અને જીવનને તપમય અને જ્ઞાનમય બનાવ્યું હતું. આપણે પણ શ્રદ્ધાંજલિ આપતાં તેમના તપસ્વી પુણ્યરાશિ આત્માની ચિર શાંતિ માટે પરમાત્માને પ્રાર્થના કરીએ.

★

## કાન્તા ને કનકનું દાન-૧૦૨

ભારતીય વિદ્યાભવનમાં શ્રી ગીતા જયન્તી અને સર્વ ધર્મ સંમેલનના ૩-૧૨-૬૫થી ૮-૧૨-૬૫ સુધી ચાલનારા સમારંભમાં હાજરી આપવા મુનિશ્રી કોટમાંથી ચોપાટીના ઉપાશ્રયે પધાર્યા. અહીં જાહેર પ્રવચન આપી ચોપાટી પાછા ફર્યા હતા.

શ્રી જૈન રાષ્ટ્રીય સહકારી સમિતિના ઉપક્રમે શ્રી ગોડીજી ઉપાશ્રયમાં યોજાયેલ સભામાં પ્રવચન આપવા મુનિશ્રી પધાર્યા હતા. આ પ્રસંગ સાહિત્યરસિક મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજની પ્રેરણાથી યોજાયો હતો.

પૂ. આચાર્ય પ્રવરો, મુનિવરો શ્રી નંદાજી તથા જાણીતા આગેવાનો ઉપસ્થિત હતા. પ્રેરણાનો પ્રકાશ પાડતા મુનિશ્રીએ પોતાની લાક્ષણિક શૈલીમાં જણાવ્યું કે: 'આ જગતને બાંધનાર તત્ત્વો બે છે. એક કાન્તા અને બીજું કનક. આજની સભામાં કાન્તાઓ કનકનું દાન કરીને ભાઇઓને મુક્ત કરી રહી છે તે આનંદની વાત કહેવાયને!

આ દેશમાં આજ રાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણન જેવા ફિલસૂફ છે. શ્રી શાસ્ત્રીજી વડાપ્રધાન છે, તે નાનકડા પણ વિરાટ પુરુષ છે. અને આજના અતિથિ વિશેષ શ્રી નન્દાજી છે. જેઓ આ દેશના ગૃહ પ્રધાન છે. આ દેશની

સંસ્કૃતિને શોભાવે તેવા આ સાત્ત્વિક પુરુષ છે. સંતોના ચરણમાં પોતાના મસ્તકને નમાવવામાં જીવનની ધન્યતા માને છે. શ્રી નન્દાજીનો જીવનનો એક પ્રસંગ જાણવા જેવો છે. એક વાર હજારો માણસો વચ્ચે સ્ટેશનના પ્લેટફોર્મ પર સાધુને દંડવત પ્રણામ કરતા મેં જોયા છે. આ છે તેમનાં વિનય અને ભક્તિ.

હું તો શ્રી નન્દાજીને એક ખાસ વાત કરવા ઈચ્છું છું કે ઔન્ડમાં ભરાતા આ સુવર્ણથી ભારતની સંસ્કૃતિને ન શોભે એવાં હિંસક યાંત્રિક કતલખાના એક્ષચેઈન્જમાં આયાત ન થાય તે માટે ખાસ ધ્યાન રાખે. એમ થશે તો ભારતની સંસ્કૃતિ અને અહિંસા બંને ધોવાઈ જશે. આ બાબતમાં શ્રી શાસ્ત્રીજી અને શ્રી નન્દાજી જાગૃત છે તે આનંદની વાત છે.

★

### વિચાર ને વર્તન

જેમ પોપટ 'રામ રામ' બોલીને બીજાને ઉપદેશ આપે છે, પણ 'રામ'ના રહસ્યને એ પોતે સમજતો નથી, એમ આજના ગુરુઓ ઉપદેશ આપે છે ખરા પણ એના રહસ્યને જીવનમાં ઉતારતા નથી. વિચાર સાથે જો વર્તન ન કેળવાય તો એનો અર્થ શો?

## વિદેશીઓનો વિસામો–૧૦૩

જ્ઞાનની પ્યાસ માણસને કેવી પ્રેરણા આપે છે! દૂર દૂરના પ્રદેશોથી પ્રવાસ ખેડવાનું અદ્ભુત સાહસ પણ એ જ આપે છે ને! એવા એક જ્ઞાન પ્યાસી બહેન આ અઠવાડિયામાં મુનિશ્રીનાં દર્શને આવ્યાં. ડૉ. ઇયા પોલન્ડના વતની છે. બેતાલીસ વર્ષની ઉંમરના છે. તેઓ લોડઝ (Lodz) વિદ્યાપીઠનાં પ્રાધ્યાપિકા છે. સમાજશાસ્ત્ર લઈને એમ. એ. થયા પછી નીતિશાસ્ત્ર લઈને ડૉકટરેટ (PH.D.) થયાં છે. એમણે Ethics of Gandhi નામનું સંશોધનાત્મક એક પુસ્તક પોલીશ ભાષામાં લખ્યું છે. જેની એટલી બધી કોપી ખપી કે લેખિકાને પોતાને પણ આશ્ચર્ય થયું. તેઓ ગવર્નરનાં મહેમાન હતાં.

તેમને શ્રીમતી ચેરિયને મુનિશ્રી ચિત્રભાનુના નામનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે: 'મને તેમના ઊંડા જ્ઞાનનો લાભ મળ્યો છે, મને શ્રદ્ધા છે કે તેઓ તમારી અહિંસા વિષયની જિજ્ઞાસાને જરૂર સંતોષશે. અને તરત જ ગવર્નરના મંત્રીએ દિવ્ય જ્ઞાન સંઘના મંત્રી પાસે મુનિશ્રીની મુલાકાતનો સમય મેળવ્યો.

કાર્યક્રમ પ્રમાણે મુનિશ્રી સાથે એક કલાક અને પંદર મિનિટ સુધી 'જૈન ધર્મ અને અહિંસા' પર વાર્તાલાપ થયો. એટલેથી તૃપ્તિ ન થઇ તેથી ફરી સોમવારે આવી

અહિંસાના સૂક્ષ્મ પાલન માટે એમના મનમાં કેટલાક પ્રશ્નો હતા તેનું સમાધાન મેળવ્યું. આ જ્ઞાન યાત્રિઓ સત્યને શોધવા કેટલા આતુર હોય છે! તેઓ આપણને પણ પ્રેરણા આપી જાય છે. વાસક્ષેપ લઈ નમન કરી હર્ષ પ્રગટ કરતાં વિદાય થયાં.

ડૉ. પોલ જર્મનીમાં મ્યૂન્ચેનમાં દાંત અને ગળાના અગ્રણી નિષ્ણાત છે. તેઓ તેમના પત્ની શ્રીમતી ઇડીથ સાથે સીલોન સરકારના અતિથિ થઇને આવ્યા હતા. સીલોનથી તેઓ મુનિશ્રીનું નામ સાંભળી ભારત આવ્યા હતા. ત્રણ દિવસ મુનિશ્રીના સાનિધ્યમાં રહી તેમણે જ્ઞાનનો પ્રકાશ મેળવ્યો. યોગ એ એમનો પ્રિય વિષય હતો. તેમણે યોગના નિષ્ણાત એવા ઘણા માણસોની મુલાકાત લીધેલી અને પોતે પણ યોગના અભ્યાસી હતા. શ્રમણ સંસ્કૃતિમાં ચાલતી યોગની પ્રણાલિકા અંગે પૂજ્યશ્રી પાસેથી એમણે ઘણું ઘણું મેળવ્યું.

દિવ્ય જ્ઞાન સંઘની સ્થાપના પછી યુરોપભરમાં જૈન સાહિત્યનો પ્રચાર જોરદાર રીતે થઈ રહ્યો છે. પુસ્તકો, પત્રવ્યવહાર, પ્રશ્નોત્તરી એમ વિવિધ રીતે આ પ્રવૃત્તિ થઇ રહી છે. "Fountain of Inspiration" વાંચીને મુનિશ્રી ચિત્રભાનુને મળવા યૂરોપથી લંડન યુનીવર્સિટીનાં યુવક યુવતીઓ આવી ગયાં. તેમાં મિસ કેલર, મિસ ડેનીશ, મિ. જારર, મિ. આલ્સે, મિ. આલ્સટ મુખ્ય હતા. તેઓએ મુનિશ્રીને વિધવિધ પ્રશ્નો પૂછ્યા હતા અને મુનિશ્રીએ



તે પ્રશ્નોના જૈન તત્ત્વજ્ઞાન અને અનેકાન્તના સિદ્ધાંતોની દૃષ્ટિએ સુંદર જવાબો આપ્યા ત્યારે સૌ મુગ્ધ થતા હતા.


જ્ઞાન અને સત્યની પ્યાસ માટે કોઈ ઉંમર કે દેશવેશનાં બંધન નડતાં નથી, શ્રી મનવેલ નામનો એક ધનાઢ્ય યુવાન સ્પેનથી ભારત આવ્યો હતો. તે સત્યની ખોજમાં નીકળ્યો હતો, સાત વર્ષ થયાં સતત પ્રવાસ કરતો પૂ. ગુરુદેવની પાસે આવી ચડયો. એનું મન અહીં ઠર્યું મુનિશ્રીની છાયામાં તે વીશ દિવસ રહ્યો. ખૂબ ખૂબ સાંભળ્યું, જાણ્યુ અને મનને શીતળતા મળી. ભાવભીના આશીર્વાદ લઇ દેશ પાછો ગયો અને આવતા વર્ષે ફરી ભારત આવવા મહેચ્છા દર્શાવી.

ગોરિંગન વિદ્યાપીઠના પ્રાધ્યાપક અને જૈન ધર્મના ઊંડા અભ્યાસી ડૉ. ગુસ્તવ રોથના નેતૃત્વ નીચે સ્વીટ્ઝરલેન્ડ અને જર્મનીથી આવેલ વિદ્વાનોનું પ્રતિનિધિ મંડળ મુનિશ્રીના દર્શનાર્થે આવ્યું હતું. એમાં ડૉ. રોથના મિત્ર ડૉ. જોસેફ તો વિજ્ઞાનશાસ્ત્રના નિષ્ણાત હોઈ જૈન ધર્મના અણુવિજ્ઞાનની અને સૂક્ષ્મતાની ખૂબ ખૂબ પ્રશંસા કરતા હતા. તેમણે કહ્યું કે જર્મનીમાં જૈન ધર્મ માટે જે માન અને આદર છે તે ભાગ્યે જ બીજા કોઈ પશ્ચિમના દેશોમાં હશે. આશ્ચર્ય તો એ કે સંસ્કૃત ભાષા આ દેશમાં ભૂલાતી જાય છે ત્યારે ડૉ. રોથે તો આવીને મુનિશ્રી સાથે સંસ્કૃતમાં જ વાર્તાલાપ શરુ કર્યો. એક જર્મન વિદ્વાનને સંસ્કૃતમાં બોલતાં સાંભળવા એ પણ એક આનંદ છે ને?

★

ચૈત્ર સુદ તેરશનો દિવસ પાસે આવી રહ્યો હતો. તે માટેની તૈયારી ચાલી રહી હતી, સમારંભ સમિતિ કામ કરી રહી હતી, કેટલાક મુસ્લિમ ભાઈઓએ 'બકરી ઈદ' નો પ્રશ્ન લઈને અમારી ધાર્મિક લાગણી દુભાય છે, કરીને કતલખાના મહાવીર જયંતિના દિવસે બંધ ન રાખવા ઝૂંબેશ ઉપાડી. મુનિશ્રીએ અભયદાનને માટે જે જબ્બર પ્રયાસો આજ સુધી કરીને મુંબઈની નગરપાલિકાના આ કાર્યને ભારતભરમાં સુપ્રસિદ્ધ બનાવી દીધું હતું તેમાં 'બકરી ઈદ'ની ઝૂંબેશથી ઘણાને ભારે આઘાત થયો. તે માટે મેં પ્રયત્નો આદર્યા. મારા નાના ભાઈ જયંતિલાલ અને તેના એક ક્રીશ્ચયન મિત્રને લઈને અધિકારીને મળ્યા. પહેલાના ઠરાવોની ફાઈલ રજૂ કરી. આ માટે બે ત્રણ દિવસ ખૂબ દોડાદોડ કરી છેવટે શ્રી બાલા સાહેબે કતલખાનાં બંધ રખાવવા હુકમ આપ્યો અને લાખો લોકોને શાંતિ થઈ. આમાં પણ ગુરુદેવના આશીર્વાદ કામ કરી ગયા તેમ લાગ્યું.

ચૈત્ર સુદ તેરશનું પ્રભાત ઊગ્યું અને જૈન જનતા ભગવાન મહાવીરના જન્મ દિનને વધાવી રહી આજે વાતાવરણમાં અપૂર્વ ઉલ્લાસ છવાઈ રહ્યો હતો. રવિવાર તા. ૩–૪–૬૬ના સાંજના ૫–૪૫ વાગતા મુંબઈના અગ્રગણ્ય સર્વ ધર્મ અને સર્વ કોમના આગેવાનોની બનેલી નાગરિક સમિતિએ ચોપાટીના સાગર તટે એક વિરાટ સભા યોજી હતી.



અમૃતવાણીનું પાન કરવા મળેલ ઉત્સુક હૃદયો, તૃષાતુર નયનો.

મહાવીર જયંતી પ્રસંગે




અધિકારનો ઉપયોગ સત્કાર; નહિ કે ધિક્કાર.

વીરના જન્મદિને પૂજ્યશ્રી પાસે આશીર્વાદ લેતાં કૉંગ્રેસ પ્રમુખ શ્રી નિજલિંગાપ્પા.—૧૯૬૮.

ચાર ચાર વર્ષના અનુભવને કારણે સભા માનવમેદનીથી ઊભરાતી જતી હતી. પણ આવી શિસ્તબદ્ધ સભા ભાગ્યે જ બીજે જોવા મળે.

સભાના અતિથિવિશેષ એ વખતના રેલ્વે પ્રધાન શ્રી એસ. કે. પાટીલ હતા.

પૂ. મુનિશ્રીએ રાષ્ટ્રભાષામાં આ સભાને પ્રેરણાદાયી વાણીમાં સંબોધી હતી. તે પછી મુંબઈના મેયર શ્રી એમ. માધવને અંગ્રેજીમાં પોતાના વિચારો દર્શાવતા કહ્યું: 'મારું અહોભાગ્ય છે કે ભગવાન મહાનીરનો જન્મોત્સવ ઉજવવાની મને ગઈસાલ અને આ સાલ તક મળી. તે પૂ. મહારાજશ્રીની કૃપા દૃષ્ટિને આભારી છે.' પ્રભુના જન્મોત્સવ પ્રસંગે માનવ કલ્યાણની ભાવનાથી રૂા. ૫૦૦૦૦ પચાસ હજારનો ચેક અને સુવર્ણની બંગડીઓ રાજ્યપાલ શ્રી ચેરિયન તથા શ્રીમતી તારા ચેરિયનને અર્પણ કરવામાં આવ્યાં. આ રકમ શાંતિનાથજી જૈન ઉપાશ્રય, કોટમાં મુનિશ્રી ચિત્રભાનુજીએ આપણા જુવાનો માટે એકઠી કરાવી હતી. આ રકમ ઘવાયેલા યુવાનોની સારવાર, પુનર્વસવાટ, મૃત્યુ પામેલા વીર સૈનિકોના બાળકો અને વિધવાઓ માટે વાપરવાની રહેશે.

ભેટનો સ્વીકાર કરતાં ડૉ. શ્રી ચેરિયને જણાવ્યુ કે: 'ધર્મનું મૂળ કરુણા છે. ભગવાન મહાવીર કરુણાના અવતાર હતા. એમનાં પ્રતિપાદિત અહિંસા, અસ્તેય અને અપરિગ્રહના પાલનમાં જ માનવનું શ્રેય છે. આજના પવિત્ર દિવસે માનવ કલ્યાણ માટે આવી સારી રકમ ભેટ ધરીને આ ભાવનાને વધારે પ્રકાશ આપ્યો છે.'

શ્રીમતી તારા ચેરિયને દાની જૈન સમુદાય પ્રતિ આભાર વ્યકત કરતાં જણાવ્યું જો આપણે બધા જ જીવો અને માનવો પ્રત્યે સહાનુભૂતિ અને કરુણા વર્ષાવી શકીએ તો એ સર્વોત્તમ ધાર્મિક કાર્ય ગણાશે તમે ભેટ આપેલી રકમનો ઉપયોગ એ

વ્યથિત ઘાયલ થયેલા સૈનિકોના બાળકોના શિક્ષણ અને સંસ્કાર માટે જ વપરાશે.' રાષ્ટ્રગીતના શ્રવણ સાથે વિરાટ સભા પ્રભુવીરના જયનાદ સાથે વિખરાઈ હતી.

મહાવીર જન્મ કલ્યાણકના સમારોહ પ્રસંગે વડાપ્રધાન ઇંદિરા ગાંધીનો તાર આવ્યો હતોઃ આમંત્રણ મળ્યું. એ જ દિવસે મોડી રાત્રિએ હું પરદેશથી આવી છું તેથી હું ઉત્સવમાં ભાગ લઇ શકીશ નહિ. આપની વાણી સાંભળવા ભાગ્યશાળી બની શકતી નથી. ભગવાન મહાવીરનો સંદેશ તો સર્વ જીવો માટે શ્રેય સાધક છે. તે સર્વત્ર પ્રસરે એવી હું હાર્દિક શુભેચ્છા પાઠવું છું. આ ઉપરાંત બીજા ઘણા સંદેશા મુનિશ્રીના અભયદાનના મહાન કાર્ય માટેના તથા જન્મ કલ્યાણક સમારોહની સફળતાના મળ્યા હતા.

* * * *

પૂર્વાર્ધ પૂરો થતાં મન સંતોષ અને આનન્દની મિશ્ર લાગણીથી સહેજે હળવું બને છે. ઉત્તરાર્ધ કોના હાથે નિર્માણ થશે તે તો વિધિદેવતા જ જાણે, પણ મને મુનિશ્રીનો માર્ગ પ્રકાશથી મઢેલો અને સુવાસથી મહેકતો દેખાય છે. જેના પ્રારંભે જ આટલો ઉદય થયો તો પ્રૌઢતાએ તો કેટલો ઉદય થશે તે કલ્પના જ કરવી રહી.

એમણે માનવોને જે આપ્યું છે તે અદ્દભુત છે. પણ માનવજાત એમની પાસેથી ઘણી ઘણી આશા રાખે છે. આજની સળગતી માનવતાને આવા સમર્થ્સ મયત્ન અને સ્વપ્ન દ્રષ્ટાઓનો જ સહારો છે. આવી વિભૂતિઓ જ અહિંસા, સંયમ અને મૈત્રી દ્વારા માનવને વિનાશના મુખમાં જતી રોકશે. હું તો એટલું જ પ્રાર્થું કે આ ચિત્રભાનુ–સૂર્ય–ચિરકાળ સુધી પ્રકાશ આપતો રહે અને તેનો આ લાભ, મોડું થાય તે પહેલાં, સૌ લે અને પોતાના જીવનને સાર્થક કરે. ★

Smt. HANSA MEHTA LIBRARY,
BARODA

This book may be kept 15 days.

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

GT 3360
B.F.B

BL
1335
.C3P2

GT 3360